


ગૌરવવંતું વાર્ધક્ય
શ્રી રસિકલાલ પરીખનો
એક પેન ઍન્ડ ઈંક સ્કેચ

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૪૮મું · અંક ૨જો
ફેબ્રુઆરી · ૧૯૭૧
સળંગ અંક
૫૬૬

તંત્રી · બચુભાઈ રાવત

વાચકો લખે છે

ડિસેમ્બરના 'કુમાર'માં સુલતાન હૈદરઅલી શાહને જમાદાર ફતેહમહંમદના પુત્ર તરીકે ઓળખાવેલ છે, એમાં દોષ જણાય છે. જમાદાર ફતેહમહંમદ સુલતાન ટીપુના સમકાલીન હતા અને તેમણે અંગ્રેજોને દાદ આપી નહોતી. તે યે નિરક્ષર હતા અને સામાન્ય ગોવાળી કરતાં કચ્છના ક્રૉમવેલ ગણાયા. તેઓ નોતિઆર જાતિના મુસ્લિમ રાજપૂત હતા. તેમના વંશજો હજી કચ્છ અને મોરબીમાં છે.

કચ્છના ઇતિહાસમાં ક્યાં ય એવો નિર્દેશ નથી કે તેમનો પુત્ર હૈદરઅલી હોય અને તે મૈસુરનો સુલતાન બન્યો હોય.

(જૂનાગઢ) —કાસિમશાહ દર્દ

[*ફતેહમોહમ્મદ જમાદાર એકમાત્ર કચ્છનો જ ન હોય ને ? આ ફતેહમોહમ્મદની હકીકત (વિન્સેન્ટ સ્મિથના 'ભારતનો ઇતિહાસ' તથા પં. સુંદરલાલ કૃત 'ભારત મેં અંગ્રેજી રાજ્ય'માંથી તારવેલી) નીચે મુજબ છે: પ્રસિદ્ધ મુસલમાન સંત હઝરત બંદાનવાઝ ગેસૂદરાજની દરગાહમાં રહેતા એક પાક ફકીર વલી મોહમ્મદને શેખ મોહમ્મદઅલી નામે એક પુત્ર હતો, જે પિતાની પેઠે જ બહુ જ સાદગીથી અને પવિત્રતાથી રહેતો. લોકો તેને શેખ અલી કહેતા. થોડો સમય બિજાપુરમાં રહી શેખ અલી કર્ણાટકમાં કોલાર જઈ વસ્યા. કોલારના હાકેમ શાહ મોહમ્મદ દક્ષિણીને તેનામાં ઘણી આસ્થા હતી. જે મળે તેમાં જ સંતોષથી જીવતા શેખ અલીના ચાર પુત્રોએ કુટુંબમાં ભારરૂપ ન બનતાં બીજે જવા રજા માગી ત્યારે શેખ અલીએ એમને સંતોષથી માનભેર જીવવા બોધ આપેલો ને એમને રોકેલા. શેખ અલીના મૃત્યુ પછી તેનો મોટો પુત્ર શેખ ઇલિયાસ પિતાનો ઉત્તરાધિકારી બન્યો. જ્યારે સૌથી નાનો મોટા ભાઈની ઇચ્છા વિરુદ્ધ અર્કાટના નવાબ સઆદતઉલ્લાખાંની સેનામાં જોડાયો. તાંજોરના ફકીર પીરઝાદા બુરહાનુદ્દીનની પુત્રી સાથે એ પરણેલો. આ નાનો ભાઈ તે સેનામાં જમાદારપદે પહોંચેલો ફતેહમોહમ્મદ. એના બે પુત્ર: શાહબાઝ અને હૈદરઅલી. હૈદરઅલીની જન્મકુંડળી હિંદુ જ્યોતિષીઓએ બનાવી હોવાનું કહેવાય છે, અને એ સિંહરાશિમાં જન્મેલો હોઈ તથા એનું ભાવિ ઘણુ ઉજ્જવળ જોઇ તેઓએ એનું નામ હૈદર (શેર=સિંહ) અલી રાખવાનું સૂચવેલું. આગળ જતાં હૈદરે હિંદુસ્તાનના ઇતિહાસમાં પોતાનું નામ સાર્થક કરી બતાવ્યું.]

હમણાં ફેબ્રુઆરી '૭૦નો અંક હાથમાં આવ્યો. તેમાં 'વાચકો લખે છે' વિભાગમાં શ્રી શિરીષભાઈ માંકડનો શતરંજ વિષેનો અભિપ્રાય તેમજ આપની તે પરની ટીકા વાંચી. ટીકા વાંચી થોડું દુઃખ થયું. એક શતરંજને આખી દુનિયા માન આપે છે માટે તે સારી જ રમત છે તે બચાવ પાંગળો છે. એ રમત બુદ્ધિ વિલાસને પ્રેરનારી અને બેઠાડુઓ માટે છે તે સ્વીકારવું જ રહ્યું. જો આખી દુનિયા તે સ્વીકારે તો એમ માનવું રહ્યું કે દુનિયાને બેઠાડુપણું ને આળસ ગમે છે. એટલે તમારો અભિપ્રાય થોડો ભૂલભરેલો છે. બીજા કોઈ પણ માણસને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે. તે ગમે તે જાતનો અભિપ્રાય આપી શકે છે. શ્રી માંકડના અભિપ્રાયને આપે 'ચોખલિયો' કહ્યો તેમાં મને આપનો સ્વતંત્ર વિચાર પ્રત્યે અણગમો દેખાય છે.

(ભૂજ-કચ્છ) —હરેશ સી. ધોળકિયા

[*ઉત્તરમાં નીચેનું અવતરણ પ્રસ્તુત લાગે છે:]

"શ્રી વિનોબાજી અને બાલુભાઈ મહેતા હમણાં પવનારમાં વિદ્યામંદિરમાં રહેતા. તેઓ સફાઈ કરતાં થાકે ત્યારે શતરંજ રમે છે એમ ભૂમિપુત્રમાં વાંચીને અસહકારના જમાનાના ઈ. ૧૯૨૧ના મારા સાથી બાલુભાઈ મહેતાને આ વિષે પુછાવ્યું. વિનોબાજીને ૭૬મું વર્ષ ચાલે છે ને બાલુભાઇને ૮૧ વર્ષ થયાં છે. બાલુભાઇએ મને નીચે પ્રમાણે કાગળ લખ્યો છે:

'મારી વૃદ્ધાવસ્થા થઈ છતાં મને શતરંજ રમતાં આવડતું ન હતું તેથી વિનોબાજીએ મને રમતાં શીખવ્યું ને તે પછી માત્ર એક કલાક રમે છે.

શતરંજ રમતના લાભ તે નીચે પ્રમાણે વર્ણવે છે: (૧) આ ખેલમાં રાજા, વજીર, હાથી, ઊંટ, ઘોડાં એ બધાં લાકડાનાં હોય છે. એ જેમ મિથ્યા હોય તે પ્રમાણે સૃષ્ટિનું મિથ્યાત્વ સમજવું. (૨) ગણિત કે વિજ્ઞાનનો અભ્યાસ કરતી વખતે જેમ મનમાં રાગ, દ્વેષ ઊઠતા નથી તે પ્રમાણે આ ખેલમાં મનથી ઉપર ઊઠવાનું શિક્ષણ મળે છે. (૩) બુદ્ધિબળ વધે છે. (મહારાષ્ટ્રમાં શતરંજની રમતને બુદ્ધિબળની રમત કહે છે.) (૪) રમનારાઓમાં બંધુભાવ, સહકાર્યની વૃદ્ધિ થાય છે. (૫) આનંદમાં વધારો થાય છે.

વિનોબાજી ઋષિ રહ્યા એટલે જે કોઈ કામ તેઓ હાથમાં લ્યે છે તેની ખ્યાતિ થયા વગર રહેતી નથી. (રાજકોટ)—છગનલાલ ન. જોષી"

હું ઘણાં વર્ષોથી 'કુમાર'નો ગ્રાહક છું. દરેક વર્ષે હું એમ આશામાં હતો કે કાંઈ નહિ, આવતે વર્ષે 'કુમાર'માં કૈંક પ્રગતિ થશે. પણ હવે એમ લાગે છે કે તમારા પ્રમાણે જ ચાલશે તો તે બાબતમાં હું અસંમત છું. તો આવતા વર્ષથી મારું નામ ગ્રાહક તરીકે કમી કરવા મે. કરશો.

મુખ્ય કારણો: ૧) અનિયમિતતા ૨) જેમાં વધુ પાનાં આપવાનાં હોય તેમાં કાપ. ૩) કેટલીક ચીજો જૂના પ્રમાણે ચાલ્યા જ કરે છે. ૪) જે એક વાર્તા દરેક વખતે આવતી તે બંધ કરી. ૫) જીવનચરિત્રને વધુ પાનાંમાં વિસ્તારથી અપાય છે અને છેલ્લે ૬) વારંવાર એક જ જાતનું હોવા છતાં કિંમતમાં ભારે વધારો. આ સિવાય પણ ઘણું છે. આ બધું ઘણી સારી રીતે સુધરી શકે છે. ભૂલચૂક ક્ષમા કરશો.

(અમદાવાદ) —એચ. સી. મહેતા

હમણાં 'કુમાર'માં સરસ લેખમાળાઓ ચાલે છે. સરળ ભાષામાં, માહિતીપૂર્ણ અને જ્ઞાનને રસમય રીતે રજૂ કરતી લેખમાળાઓ ખરેખર સમાજની અમૂલ્ય સેવા કરી રહી છે. તારુણ્યની તકલીફો, કાકાસાહેબની લેખમાળા, ચન્દ્રવદન મહેતાની અંતરગડરિયાં અને રવિભાઇનાં સ્મૃતિપટનાં ચિત્રો; તદુપરાંત ગઝલકાર, આ બધું એકસાથે સરસ રીતે આવી રહ્યું છે. ખેર 'કુમારે' ગુજરાતમાં જ્ઞાન અને સંસ્કાર સમૃદ્ધ કર્યાં છે અને કરી રહ્યું છે.

(વારાણસી) —વાસુદેવ રમાર્ત

મારા ખયાલ પ્રમાણે 'કુમાર'નો આદર્શ ઊગતી પેઢીને શિષ્ટ સાહિત્ય આપવાનો હતો–છે. છેલ્લાં થોડાં વર્ષથી કેટલીક સામગ્રી એવી હોય છે જે અમુક વયે બરાબર સમજી કે માણી ન શકાય. લેખો વગેરેમાં સાહિત્યનો ઝોક વધારે પડતો હોય છે. એ દૃષ્ટિએ સામગ્રી વધુ ઊંચા પ્રકારની જરૂર ગણાય; પણ જેમને માટે આ માસિક છે તે વયનાં કિશોર-કિશોરીઓ એનો ઉપભોગ ઓછો કરી શકે. Informative Literatureનું પ્રમાણ વધે તો મારી સમક્ષ જે 'કુમાર'નો આદર્શ છે તે ફળદાયી નીવડે.

પશ્ચિમનાં આવાં પત્રો માટે ૧-૨-૩ વર્ષનું સામટું લવાજમ ભરી શકાય એવી યોજના તમે અમલમાં મૂકો એવું મારું સૂચન છે. ૧ વર્ષનું લવાજમ રૂ. ૧૭), બે વર્ષનું રૂ. ૩૨), ત્રણ વર્ષનું રૂ. ૪૫. એમાં કાર્યાલય ને વાચકો બંનેને લાભ થવા સંભવ છે. તે જ પ્રમાણે વાચકો પહેલું ભેટ લવાજમ પોતાના મિત્રો-સંબંધીઓ માટે ભરે તો તેમાં પણ પહેલા વર્ષ પૂરતું થોડું ઓછું લવાજમ થાય ને 'કુમાર'નો પ્રચાર પણ વધે.

(મુંબાઇ) —રમણ વકીલ

આપનું માસિક 'કુમાર' અમારા આખા ઘર-નું ઘણું જ પ્રિય માસિક છે. મને તો નાનપણ-થી જ તેનું એક અદ્દભુત આકર્ષણ છે. આપનું માસિક વસાવવાની મારી સ્થિતિ નહોતી ત્યારે પણ અમારી શાળામાં હું દરેક મહિને કાગડોળે રાહ જોતો. મારી ત્રણે દીકરીઓ–અમી, સ્વાતિ શૈલા હજી આ માસિક માટે પૂરતાં લાયક ન ગણાય, છતાં મેં એ લોકોમાં એક અનેરો રસ કેળવ્યો છે ને અવારનવાર હું વાર્તા, ટુચકાઓ, ગણિતગમ્મત વગેરે જેવા લેખો સમજાવું છું.

આપના માસિકની હજી ઉત્તરોત્તર પ્રગતિ થાય એ જ શુભેચ્છા.

(સૂરત) —વસંત નાણાવટી

'કુમાર'ના આવવાની રાહ જોઈએ, ને છેવટે અંક હાથમાં આવતાં નિરાશ થવું પડે તેવું હવે બને છે. એના એ જ જૂના પીળા કાગળો, ઝીણા ટાઈપ, અનુસંધાનની પરંપરાઓ અને કલાપ્રેમી માટે તો બિલકુલ શુષ્ક બનતું 'કુમાર' હવે ક્યારે સુધરશે? એનાં એ જ જૂનાં ચિત્રો–કનૈયાલાલ યાદવ, રસિકભાઈ, વિસામો (સોમાલાલ શાહ) ચંદ્રશંકર રાવળ—કોઈકના સૌજન્ય વડે લેવા-એલાં—'કુમાર'ની કફોડી દશા બતાવે છે.

અંક ૫૬૪માં આવેલ દિવાળી કાર્ડનો ખી-ચડો બિલકુલ બેહૂદો લાગે છે. તે જ જગ્યાએ નાનામાં નાની ટિકિટોના દિલ્હીમાં યોજાએલ પ્રદર્શનના પોસ્ટર 'Inpex'નું કોઈ પણ પોસ્ટ ઑફિસમાં જોઈ સુંદર આયોજનની રજૂઆત દિવાળી કાર્ડ સુયોગ્ય રીતે મૂકીને ન કરી શકાય? હું આશા રાખું કે કુમાર સારી દિશામાં પ્રગતિ કરે અને નવા વર્ષે સુંદર અંકો પ્રગટ કરે.

—એક શુભેચ્છક વાચક

પૂર્ણરંગી ચિત્રો આજ-કાલ કુમારમાં બરા-બર છપાતાં નથી. ક્યારેક તો તદ્દન ગંદાં લાગે છે.

કથાનક શૈલીના લેખો કંઈક વધુપડતા થઈ ગયા છે. શ્રી રાવળ અને શ્રી ચં. ચી. મહેતા લખે છે તે ઘણું છે. આ બાબતમાં 'કુમાર'ને જાહેર અખાડો ન બનાવો તો સારું. નવા ગગન નીચેથી માંડ જૂના ગગન નીચે આવ્યા, ત્યાં વળી કાકાસાહેબનું 'મનોમંથન' ચાલુ થઇ ગયું–આમાં ખરેખર મનોમંથન જેવું કશું દેખાતું નથી. ઓમકારનાથનું બગાસું પણ આલાપ થઈ જાય, એવું આ બાબતમાં લાગે છે.

પહેલાં આવતો વિભાગ 'ઘરગથ્થુ ઔષધ' ફરીથી ચાલુ થાય તો હજુ ઘણા વાચકો તેને આવકારશે. અડતાલીસમા વર્ષમાં પ્રવેશતા 'કુમાર'ને અને તેની અત્યંત કાળજીભરીપ્રભાવ-જત માટે આપશ્રીને હાર્દિક અભિનંદન.

(મુંબાઇ-૨૭) —મધુસૂદન ત્રિવેદી

નાની દસ વર્ષની હતી ત્યારે પહેલું 'કુમાર' વાંચ્યું હશે. મારા કાકાને ત્યાં જાઉં ત્યારે 'કુમાર' વાંચવા હું તૂટી પડતી. પછી તો છંદ લાગ્યો. 'કુમાર' સ્વજન સમું બની ગયું. અને ઘરે મારા નામે આવવા લાગ્યું–સંતાનમાં રસ ધરાવતા વિચારશીલ પિતાની પુત્રીને ભેટ તરીકે.

આ પત્ર હું ઘર અને દેશથી હજારો માઇલ દૂર અમેરિકાના મુંબાઈ સમા ન્યૂ યૉર્કથી લખું છું. અમેરિકા આવ્યા પછી પણ એક મિત્રને ત્યાંથી 'કુમાર' લઈ વાંચી જાઉં છું. સપ્ટેમ્બર અંકમાં આપના અમેરિકા-પ્રવાસની વાત વાંચી. ત્યારે હું કદાચ અમેરિકામાં પગ જ મૂકતી હતી તેમ કહી શકાય. આપનું પ્રવાસવર્ણન વાંચીને એમ લાગ્યું કે જાણે મારું કોઈક સ્વજન જ અહીં ન આવ્યું હોય! ઇચ્છા થાય છે કે આપને મળી શકી હોત તો કેવું સારું થાત!

'કુમાર' આવતી કાલનાં નાગરિકોનું નથી એમ કોણે કહ્યું? એ અમારા જેવાં જુવાનીને આરે ઊભેલાંઓ માટે ઉત્તમ ગણી શકાય. મારામાં રહેલા કલાપ્રેમી જીવને જાગતો રાખવામાં એનો ફાળો અમૂલ્ય છે. ફાધર વાલેસ ને ચંદ્ર-વદન મહેતાને મારા તરફથી ખૂબ અભિનંદન આપશો. તમારા 'કુમારે' મને ઘડવામાં એટલી મદદ કરી છે કે એનું ઋણ અદા કરી શકું તેમ નથી. આ મારી એકલીની જ નહિ, મારા મિત્ર મંડળમાં બધાની જ લાગણીને વાચા આપતો પત્ર છે. કુમારપ્રેમીઓના બહોળા સમુદાયને ખાત્રી થાય કે દેશથી હજારો માઈલ દૂર પણ તેમની જમાતમાં ઘણાં ઘણાં પડ્યાં છે.

(ન્યૂ યૉર્ક) —કૈલાસ મહેતા

* ધન્યવાદ! આ તકે આપને તેમજ ન્યૂ યૉર્કવાસી સૌ 'કુમાર' વાચકોને એક વિનતિ કરવાની છે: ન્યૂ યૉર્ક હવાઈ મથકે હું ઊતર્યો ત્યારે અણીની પળે મને સહાય-ભૂત થનાર શ્રી અરુણ ભણસાળીના સર-નામાની મને જરૂર છે. કોઈ શોધીને મને મોકલશે તો ઘણો આભાર થશે. –બ. રા.

'કુમાર'ના પાઠકો અને તંત્રી વચ્ચેની કોઈ-કોઈ વાર થતી 'આપ-લે' આનંદ તેમજ આશ્ચર્ય ઊપજાવે છે. ફાધર વાલેસની ભાષા તેમજ વિ-ચારપ્રવાહ જોઇને તેમને માટે અત્યંત માન ઊપજે છે. 'ચાંદામામા'નાં લખાણો કાયમ પ્રિય રહ્યાં છે. ગઝલકારોની પરિચયમાળા વાંચીને આનંદ થાય છે. મુસ્લિમ બિરાદરોનો ગુજરાતી સાહિત્યમાં કેવો સુંદર ફાળો! ગુજરાતી ગુના-શોધન લખાણોમાં 'બહુરૂપી' જેવો ફાળો બીજે કોઇ નહિ. 'બહુરૂપી'ના જૂના અંકોમાંથી વાર્તા-ઓ પસંદ કરી તેને સજીવન કરવા જેવી ખરી.

(પર્થ એમ્બૉય-અમેરિકા) —કનક રાવળ

અંક ૫૬૪ના છેલ્લે પાને આપેલ કહેવતાર્થ ('ભેંશનાં શીંગડાં ભેંશને ભારી')ના ખુલાસામાં કંઈ ગેરસમજ થઈ ગઈ લાગે છે. અન્યના અવગુણોની ઉપેક્ષા નહિ, પણ પોતાનો જ કોઈ અવગુણ કે દોષ, પ્રસંગોપાત્ત પોતાને જ નડે કે ભારે પડે તે દર્શાવવા ઉપર્યુક્ત કહેવતનો ઉપયોગ થાય છે એમ મારું માનવું છે.

એક અન્ય વાત: તાજેતરમાં જ કાગળ, શાહી, છાપકામ વગેરેમાં સારો એવો ભાવ વધારો થયો છે. કુમારમાં આવતી સામગ્રીનું ધોરણ દેખીતી રીતે જ જાળવી રાખવું મુશ્કેલ છે, અને થશે. સહૃદયી વાચક-ગ્રાહકબંધુઓ જ 'કુમાર'નું લવાજમ રૂા. ૧૭ પરથી રૂા. ૨૦ પર વધારવાનું દબાણ 'કુમાર' પર કેમ ન લાવે? મોંઘવારીનો બોજ આટલા હાથોમાં વહેંચાઈ જઈ એટલે અંશે હળવો તો થશે જ, પણ નચિંત મને 'કુમાર' જે વધુ સારી સામગ્રી આપશે તેથી વધુ લાભ તો કુમારના વાચકોને જ થશે. ઉપરાંત નવા ગ્રાહકો તથા વધુ જાહેરખબરો મેળવી આપીને પણ 'કુમાર'ના ગ્રાહકો તેને સુયોગ્ય સહકાર આપી શકે. પેલા લોકપ્રિય ગીતની પંક્તિઓ યાદ આવે છે! 'સાથી હાથ બઢાના...'

(મુંબાઇ) —જવાહીરલાલ ઝવેરી

ડિસેમ્બર અંકમાં શ્રી મણીભાઈ વોરાનો પાળિયા વિષેનો લેખ અભ્યસનીય છે. તેમાં સતીના પાળિયાનો ઉલ્લેખ છે તે વિષે મારી સ્કેચ નોંધમાં વિશેષ નોંધ આ પ્રમાણે છે.

સતીના પાળિયા ચાર પ્રકારના જોવા મળે છે. પતિ પાછળ સતી થએલીના પાળિયામાં હાથ પાસે જ્યોત જેવો આકાર કોતરેલો હોય છે. કેટલાક પાળિયામાં તેના હાથ આગળ વાવની આકૃતિ અથવા બેડું મૂકેલું હોય છે, તે કૂવે પડી ને મરણ થએલું સૂચવે છે, એવું અનુમાન થાય. સાપના દંશથી મૃત્યુ થએલું હોય તો તેમાં તો સર્પનું આલેખન હોય જ.

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

થોડા મહિના પહેલાં 'કુમાર'માં બિહારના શ્રી ટાંકના માથાના તેલ તથા પાઉડર વિષે વાંચેલું અને એ મંગાવી વાપર્યા. હવે લગભગ છ મહિનાના અનુભવ પછી એટલું તો નક્કી કહી શકાય કે તેલથી વાળ ઊતરતા બંધ થાય છે, ધોળા ઓછા થાય છે, ખોડો પણ ઓછો થાય છે અને વાળ વધે છે. આમ તો તેલ ઉપરાંત દરેક વ્યક્તિના વાળનો આધાર તેની સામાન્ય તંદુરસ્તી, ખોરાક તેમજ માનસિક સ્વસ્થતા ઉપર છે; પણ આ તેલ જેને ઇચ્છા થાય તે જરૂર મંગાવી પ્રયોગ કરી શકે છે. સરનામું: (અંગ્રેજીમાં) નાનજીભાઈ ટાંક, એન્જિનીઅર્સ, યુરોપિયન ક્વાર્ટર્સ, ચાઈબાસા ડિ. સિંગભૂમ, બિહાર.

(કલ્યાણ) —સુમનબેન મશરૂવાળા

My attention was drawn to the publication regarding the achievements from the oil in your esteemed journal for January '70 by a very respectable Gujarati client hailing from Jamshedpur.

I myself, a patient of hair-fall accompanied with dandruff, have used various costly Indo-European products (oils and liquids) having tall claims with hardly any results. I was induced to try this Adivasi oil and hair-washing powder, which I have been using for the last 9 months with satisfactory results.

Our indigenous preparations, I have a firm belief, have wonderful effects in various cases. In the border areas of Bihar & Orissa the tribal people have been using their own methods and herbs for birth-control (contraceptive) with satisfactory results from centuries back with no care for publicity or mind to divulge the secret. It is time that the Government should make sustained efforts with research in the indigenous methods of treatments still in practice of different tribes.

I may further emphasise with personal experience that the Tribal Hair Oil, marketted by Shri Hirji Nanji Taunk, Contractor, P. O. Chaibasa (Bihar), after his son was cured of premature baldness, can be safely relied upon for cases of hair troubles such as falling, thinning, dandruff, premature baldness and or greying. I would only wish that this Tribal oil was marketted with modern sophistication in packing and excluding the not very happy odour of the oil. —G. C. Mahanta

(P. O. Chaibas-Bihar)

સાંકળિયું

ફેબ્રુઆરી ૧૯૭૧ • અંક ૫૬૬

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫.

રાગસારણી

(ગયા અંકના અનુસંધાને ચાલુ) આ સારણીમાં આપેલા આરોહાવરોહ સ્વરૂપ સંગ્રાહકે પ્રાપ્ય સામગ્રી પરથી ઉદ્ધૃત કરેલાં હોઈ તેમાં મતમતાંતરને અવકાશ છે. વર્જ્ય સ્વરોમાં જે સ્વરો કૌંસમાં મૂક્યા છે તે એ રાગમાં લેવા વિષે બે મત દર્શાવે છે. સંગીતની સ્વરલિપિને તેની કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓને કારણે અહીં છાપકામમાં ઉતારવી અગવડભરી હોઈ આ સારણીમાં કોમળ સ્વરોને 'બ્લૅક' (ઘેરા) ટાઈપમાં લીધા છે. તારષડજ તથા તીવ્ર મધ્યમ અને તાર સપ્તકના સ્વરોને તેની પાસે લોપકચિહ્ન મૂકીને (આ રીતે સા' અને મ'), કોમળ સ્વરો આમ, રે ગ ધ નિ; મંદ સ્વરો સ્વરની ઉપર મીંડું મૂકીને આમ, નિ (કોમળ મંદ્ર નિ) દર્શાવેલ છે.

પ્રેષક: કનૈયાલાલ રામાનુજ-'પર્ણ'

ક્રમ	રાગનું નામ	થાટ	જાતિ	વાદી	સંવાદી	કોમળ-તીવ્ર	વર્જિત સ્વરો આરોહ	વર્જિત સ્વરો અવરોહ	આરોહ	અવરોહ	ગાવાનો સમય
૧૧૬	ભૈરવ	ભૈરવ	સંપૂર્ણ	ધ	રે	રે ધ	०	०	સારેગમ પધ નિસા'	સા' નિધપ મગરેસા	પ્રાતઃકાળ
૧૧૭	ભૈરવી	ભૈરવી	સંપૂર્ણ	મ	સા	રે ગ ધ નિ	०	०	સા રેગમ પધ નિસા'	સા' નિધપ મગ રેસા	પ્રાતઃકાળ
૧૧૮	ભંખાર	મારવા	સંપૂર્ણ	પ	સા	રે અને બન્ને મ	०	०	સારેસા ગમપમ પગમ'ધસા'	સા' નિધપમ'ધ મ'ગ પગરેસા	રાત્રે છેલ્લો પ્રહર
૧૧૯	મનોહર	પૂર્વી	ષાડવ	ગ	ધ	રે ધ મ'	પ	०	સા રે ગ મ' ધ સા'	રે'સા'રેનિધપગમ'ગરેસા	રાત્રીનો છેલ્લો પ્રહર
૧૨૦	મધ્યમાદ સારંગ	કાફી	ઔડવ	રે	પ	નિ	ધ ગ	ધ ગ	સારે મપ નિસા'	સા' નિપ મપરેસા	દિવસનો બીજો પ્રહર
૧૨૧	મલુહા કેદાર	બિલાવલ	ઔડવ સંપૂર્ણ	સા	મ	०	રે ધ	०	નિસા ગમપ નિસા'	સા' નિધ પમગ મરેસા	રાત્રીનો બીજો પ્રહર
૧૨૨	મધુવંતી	તોડી	ઔડવ સંપૂર્ણ	પ	સા	ગ મ'	રે ધ	०	નિસા ગમ'પ નિસા'	સા'નિધ પમ'ગ રેસા	દિવસનો ત્રીજો પ્રહર
૧૨૩	મારવા	મારવા	ષાડવ	રે	ધ	રે મ	પ	પ	સારે ગ મ'ધ નિધસા'	સા'નિધ મ'ગરેસા	દિવસનો છેલ્લો પ્રહર
૧૨૪	મારુ બિહાગ	કલ્યાણ	ઔડવ સંપૂર્ણ	ગ	નિ	મ'	રે ધ	०	પંનિસાગ મ'પ નિસા'	નિરે'નિધ પ મ'ગ રેસા	દિવસનો છેલ્લો પ્રહર
૧૨૫	માંડ	બિલાવલ	સંપૂર્ણ	સા	પ	०	०	०	સાગરે મગપમ ધપનિધ સા'	સા'ધનિપ ધ મપગ મસા	સર્વકાલિક
૧૨૬	માલકૌંસ	ભૈરવી	ઔડવ	મ	સા	ગ ધ નિ	રે પ	રે પ	નિ સા ગમ ધ નિ સા'	સા'નિધ મગમગસા	રાત્રીનો ત્રીજો પ્રહર
૧૨૭	માલવી	પૂર્વી	ષાડવ સંપૂર્ણ	રે	પ	રે ધ મ'	નિ	(ધ)	સારેગમ'પ મ'ધસા,	સા'નિપમ' ગરેસા	સાયંકાળ
૧૨૮	માલશ્રી	કલ્યાણ	ઔડવ	પ	સા	મ'	રે ધ	રે ધ	સા ગપ પનિસાં	સા' નિપ મગ પગસા	સાયંકાળ
૧૨૯	માલગુંજી	કાફી	ષાડવ સંપૂર્ણ	મ	સા	ગ નિ બન્ને	પ(રે)	०	સાગ મધ નિસા'	સા' નિધપ મ ગ રે સા	રાત્રીકાળ
૧૩૦	માલારાણી	કલ્યાણ	ઔડવ	પ	રે	મ'	ગ ધ	મનિ	સા રે મ'પ નિસા'	નિસા'ધપ રેમ'ધ ગરેસા	રાત્રીનો પહેલો પ્રહર
૧૩૧	માળણ	મારવા	ઔડવ ષાડવ	ગ	નિ	રે	રે મ	મ	નિસાગપ પનિધસા'	સા' નિધપગપગ રેસા	સાયંકાળ
૧૩૨	માળીગૌરા	મારવા	સંપૂર્ણ	રે	પ	રે મ' અને બંને ધ	०	०	સા રેગમ'પધનિસા'	સા'નિધપ મ'ધનિધમ' રેસા	સાયંકાળ
૧૩૩	મિયાં સારંગ	કાફી	ષાડવ	રે	પ	નિ બન્ને	ગ	ગ	ધનિસા રે પધ નિસા'	સાનિધ સા' નિપ મરેસા	દિવસનો બીજો પ્રહર
૧૩૪	મિયાં મલ્હાર	કાફી	સંપૂર્ણ ષાડવ	મ	સા	ગ અને બન્ને નિ	०	ધ	રે'મરેસા મરેપનિધનિસા'	સા' નિપ મપગપ રેસા	મધ્ય રાત
૧૩૫	મીરાં મલ્હાર	કાફી	સંપૂર્ણ	મ	સા	ગ ધ નિ બન્ને	०	०	નિસા રેગમપ નિધનિસા'	સા'ધનિપ મપગમ રેનિસા	મધ્ય રાત
૧૩૬	મુલતાની	તોડી	ઔડવ સંપૂર્ણ	પ	સા	રે ગ ધ મ'	રે ધ	०	નિસા ગમ'પ નિસા	સા'નિધપ મ'ગ રે સા	દિવસનો ચોથો પ્રહર
૧૩૭	મેઘરંજની	ભૈરવ	ઔડવ	મ	સા	રે	પ ધ	પ ધ	નિરેગમ નિસા'	રે'સા' નિમ ગ મરેગરેસા	રાત્રીનો ચોથો પ્રહર
૧૩૮	મેઘમલ્લાર	કાફી	ઔડવ	સા	પ	બન્ને નિ	ધ ગ	ધ ગ	સા મરે મપ નિનિસા'	સા'નિપ મરે મનિ રેસા	વર્ષાઋતુ
૧૩૯	યમન	કલ્યાણ	સંપૂર્ણ	ગ	નિ	મ'	०	०	સા રેગ મ'પ ધ નિસા'	સા'નિધ પ મ'ગ રેસા	રાત્રીનો પ્રથમ પહર
૧૪૦	યમની બિલાવલ	બિલાવલ	સંપૂર્ણ	સા	પ	બંને મ'	०	०	સા રેગ મગ પમ'ધ નિસા'	સા' નિધપગ મગરે ગરેસા	પ્રાતઃકાળ
૧૪૧	રસરંજની	બિલાવલ	ઔડવ	મ	સા	०	ગ પ	ગ પ	સા રે મ ધ નિસા'	સા' નિધમ ધમરેસા	મધ્ય રાત્રી
૧૪૨	રસચંદ્ર	બિલાવલ	ઔડવ	મ	સા	બન્ને મ	નિપ	નિપ	સારેસા ગમગ' મ'ધમ'સા	રે'સા' ધમ'ગ ગમરેસા	પ્રાતઃકાળ
૧૪૩	રાજકલ્યાણ	કલ્યાણ	ઔડવ ષાડવ	ગ	નિ	મ'	પ(રે)	પ	નિસાગમ'ધમ'ગ મ'ધસા'	સા' નિરે' નિધ મ'ગરેસા	સાયંકાળ
૧૪૪	રાજેશ્વરી	કાફી	ઔડવ	મ	સા	ગ	પરે	પરે	નિસા મગમ મધ નિસા'	સા' નિધ મગ મગ સા	મધ્ય રાત્રી



નર્તકી
રસિકલાલ પરીખ



ઢીંગલી · રસિકલાલ પરીખ

વાત્સલ્ય



પુત્રવિદાય / રાજેન્દ્ર શાહ

· હરિણી સૉનેટ ·

નિરખું હજી હું: બાડી તારી જણાય હવે નહિ.
ગગનમહીં આઘે ધૂવાંની લકીર ચડી શમે,
તુટક ચીખ બે નાખી છિન્ની વહાયની પીસવે,
વિજન વગડો, હૈયું, ખાલી વ્યથાથી વીંધી વહીં.

ડગ ન ઊપડે, નીચેની આ ધરા સરકચ જતી,
ઘડી-બ-ઘડીની મૂર્છા મૂકી ગઈ ઘર-આંગણે;
સ્વપન સરખી કન્યા આવી પડોશની ત્યાં કરે
બાતર જઇને ગોખે ઘીનો દીવો કરી મેલતી.

નિરખી રહું છું હું ત્યાં મારું સ્વરૂપ બીજું અને
તવ જનકની આ ખોળામાં દીધી તુજ-થાપણ.
હજી હજી ય તે હોઠે તારા લહું મુજ ધાવણ,
પણ...તવ પ્રયાણે તો...

એની અદા નવ જોવને.

જલથી તુલસી તોહું, દીવો ધરું સમી સાંજનો,
ગહન ઘરનાં એકાન્તોમાં સુણું રવ શ્વાસનો.

હવે... / ભાનુપ્રસાદ પંડ્યા

· હરિણી સૉનેટ ·

દિવસ પગ લંબાવી સૂતો, ઉજાયલ [illegible]
ત્વરિત તનુને સંકોચાવી સવેગ ધસે [illegible]!
ફરીથી જળની આજુબાજુ થઈ રમતી [illegible]
(ઘડીક કરીને 'કિટ્ટા' થોડી હતી થઈ [illegible]

મળી ગઈ સહુ છાયાઓને અહીં નિજ રેચલ
(અબલ તડકા ઝાંખાપાંખા હતા લઈ જે ગયા!)
ઊઘડી ગઈ સૌ ભીંતે ભીંતે ફટોફટ ફૂલ શી
અભિનવ રૂપે બારી; ભાગ્યું બિલાયલ ભીતર!

અવ અડકીએ તે અંગુલિ નહિ પણ પાંખડી!
વળી ઉચરીએ તે તે ગુંજારવો થઈ આથડે!
વસન ધરું આછાં કે લ્હેરી લઉં મલયાનિલ!
સુરભિ લીલીનો શ્વાસે શ્વાસે અડે જઈ અંચલ!

વિકલ દિસતાં શેરી-પોળો હવે નહિ એકલાં!
રજની ગજવી વાતે વાતે ભર્યાં ઘર-ઓટલા!

કોઇ બપોરવેળા / મહેશ જોશી

· મિશ્રોપજાતિ ·

અડાબીડ હિમવને વિહંગમ
બની ઊડું ડાળથી ડાળ નીરવ
વર્ષો લઈ સાથ અનેક એકલો,

હજુ તમે કોઈ બપોરવેળા
વાધકય-સ્નેહાર્દ્ર દગે મને રહો
હૈયે ધરી, હું ય શિશુ ઉતાવળો
દોડું હવે શ્રાન્ત તમારી ગોદમાં.

હજુ તમે પાસ અમારી એકલાં
આવો કહી, કંકણના મૃદુ રવે
હજુ' સુહે ચૈત્ર બપોરવેળા;
ડોલે જરી ખાટ, દબાય પાંગથે.
સ્પર્શે મૃદુ હાથ હજુ ય પાનીને.
એકાંત ત્યાં કુંકુમની સુવાસથી
ગ્હેકી રહે સ્નાત તનુ–હજુ ય:
વાર્ધકયમાં યૌવનનો પ્રવેશ.

અડાબીડ હિમવને વિહંગમ
ઊડું ઊડું ડાળથી ડાળ નીરવ
ઊડું ઊડું ડાળથી ડાળ એકલો.

હાઇકુ / ગીતા પરીખ

કાળી સૌખડે
રણકંત ઝાંઝરી
શી ચાંદની!

પ્રભાત સૂર્યમાં / ઉશનસ્

આપણું પ્રાતના તાપમાં ચાલવું.

કેન્દ્ર લૈ ચરણમાં
ઇન્દ્રધનુ વરણમાં
કો અનાવરણમાં
વ્યોમના વ્યાસના વ્યાપમાં ચાલવું!

તેજ-છાયા-વણી
બિંબ-બિંબોતણી
ચો-ભણી ગૂંથણી,
આપણું કો મહાખાપમાં ચાલવું!

રેખનું ખરી જવું,
રૂપનું ગળી જવું,
આપમાં મળી જવું,
આપણું આપણા આપમાં ચાલવું!
આપણું પ્રાતના તાપમાં ચાલવું.

નથી / હરિકૃષ્ણ પાઠક

· ગઝલ ·

હજી આમ તો ફૂલ ખીલ્યા કરે,
હવે આંખમાં રંગ વસતા નથી.

હજારો ચહેરા કરે આવ-જા,
નજર માંડતાં કોઈ હસતા નથી.

અજાણ્યાં સ્થળોમાં ભટકતો ફરું,
અરે શ્વાન પણ ક્યાંય ભસતા નથી.

દિવસ ઊગતો કે ઢળ્યો: શી ખબર,
ચરણ કાળના લેશ ખસતા નથી.

જુઓ પ્હાડના પ્હાડ તૂટી પડે–
વલય તોય જળમાં ઊપસતા નથી!

ત્યારે / પીયૂષ પારાશર્ય

· કટાવ ·

સાંજ પડે ને આરતી ટાણે
મૂર્તિ સામે પ્રગટાવેલી
જયોત અચાનક
ઝાલરના ઝણકાર સાંભળી
થર થર થર થર કમ્પે.

નહિ કલ્પેલા પ્રસંગ ટાણે
ધોધમાર રોતી આંખોમાં
ઠરી ગએલું એક આંસુ યે
પ્રસંગને સંભારે ત્યારે—
સ્મરણ તણા ઉત્કંપ હિલોળે
થર થર થર થર કમ્પે.

આંગળીઓના છેડા પરથી
સરી પડેલો સ્પર્શ અટૂલો
ઘેરી બેઠા ખાલીખમ
અવકાશ વચાળે સરી પડેલા
અતીતને ઢૂંઢે સંભારે ત્યારે—
લીલા સુક્કા દિવસો ગણતી
આંગળીઓ પણ
થર થર થર થર કમ્પે.

ઝાંઝવીઆળી બની ગએલી
આંખ બ્હાવરી હરણાં પાછળ
રઝળી ભટકી થાકે ત્યારે—
નિષ્ફળતાના આભ આંબતા
ડુંગર પાસે અટકી મારી
નસીબની રેખાઓ...ઊંડે સુધી
થર થર થર થર કમ્પે.

સ્વભાવે મૂગા, ટેવોમાં સ્વાશ્રયી અને રહેણીમાં સાદા રસિકલાલ જીવનની પળેપળ પ્રગાઢ અને પ્રસન્ન પરિશ્રમમાં ગાળી કોઈ પણ વિદ્યાવિષયના સાધકનો આદર્શ બન્યા છે.

ગુજરાતના લોકજીવનમાં પરાપૂર્વથી કંઈક કલાસ્વરૂપો વિકસતાં આવ્યાં છે. પરંતુ વીસમી સદીના પ્રારંભે બ્રિટિશોના પરદેશી શાસનકાળમાં ભૂમિજાત સંસ્કૃતિ અને કલાસમૃદ્ધિ તરફ કોઈનું લક્ષ ગયું નહોતું. શિક્ષણમાં અને સંસ્કારમાં યુરોપી ધોરણે જે સારું કહેવાય તેને જ શિક્ષિત નાગરિકો અભિનંદતા. દેશના કલાત્મક ઉદ્યોગો, ઉત્સવો અને શણગારો તથા વસ્ત્રોને ગામઠી અથવા અસરકારી કહી વગોવવામાં આવતા. એવા સમયમાં નવી પ્રજાને અંગ્રેજ રાજ્યકર્તાઓએ સ્થાપેલી શિક્ષણ અને કલાની સસ્થામાં એમણે ઠરાવેલાં શિક્ષણ અને કલાસંસ્કારોનાં ધોરણોને માન્ય રાખવાં પડતાં.

દેશને પોતાની પ્રતિભા પ્રતિ સન્માન અને પ્રેમ ઊપજે અને નવા યુગની કલાભાવના તેમનામાં જાગૃત થાય એવા પ્રયત્નો કરનારમાં સ્વ. હાજીમહમ્મદનું નામ હમેશાં અવિસ્મરણીય રહેશે. ઈ. ૧૯૧૬માં તેમણે 'વીસમી સદી' પ્રકટ કર્યું તેના પ્રથમ અંકથી જ કલાકારની કારકિર્દીનું સન્માન શરૂ થયું. તે પછી તરત જ સ્વ. રણજિતરામે ગુજરાતી સાહિત્ય પરિષદની સાથે જ લલિત કલાનું પ્રદર્શન યોજવાનો રવેયો પાડ્યો.

આ સૈકાની પહેલી વીસીમાં સર્વત્ર માન્યતા હતી કે ગુજરાત માત્ર શ્રીમંત ઉદ્યોગપતિઓનો દેશ છે. ત્યાં કલા કે વિદ્યાવિલાસનો સંભવ હોઈ શકે નહિ. 'વીસમી સદી' દ્વારા ગુજરાતે પ્રથમ ગુજરાતી ચિત્રકાર રવિશંકર રાવળનું નામ જાણ્યું. ઈ. ૧૯૧૭માં બૉમ્બે આર્ટ સોસાએટીએ શ્રેષ્ઠ ચિત્ર માટે તેમને સુવર્ણચંદ્રક આપ્યો. ત્યાર પછી પોતાના દેશના જીવનની સાથે આત્મસાત્ થવા તેમણે અમદાવાદને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું અને કેટલાંક મન્થનો પછી 'વીસમી સદી'ના અભાવે ગુજરાતને કલા-સંસ્કારના ક્ષેત્રે સભાન કરવા 'કુમાર' માસિકનો પ્રારંભ કર્યો.

કલાનું ગુરુકુળ

થોડા જ વખતમાં કેટલાક પ્રતિભાવાન તરુણો કલાની દીક્ષા પામવા તેમને આવી મળ્યા અને કુમાર કાર્યાલય કલાની સાધનાનું એક મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું. પ્રારંભમાં કનુ દેસાઈ, કૃષ્ણલાલ ભટ્ટ, છગનલાલ જાદવ અને બીજા તરુણોની વચ્ચે રસિકલાલ પરીખ એ આગલી હરોળના એક સંનિષ્ઠ કલાસાધક બની ગયા, એ દરેકની જીવનકથા ભાવિ પેઢીઓને દૃષ્ટાંત રૂપ થાય એવી છે.



કલાના વિદ્યાર્થી રસિકલાલે ઈ. ૧૯૨૯માં કરેલો પોતાનો સ્કેચ

રવિશંકર રાવળને સૌ રવિભાઈના સંબોધનથી વડીલની જેમ અનુસરતા. એક પત્રકારની જવાબદારી, ચિંતા અને અર્થસંકટો હોવા છતાં કુમાર કાર્યાલયના જ મેડા પરના એક મોટા ખંડમાં કલાની સાચી તન્મયતાથી ચાલતું આ ગુરુકુળ કોઈ શ્રીમાન કે સંસ્થાના સહકાર કે મ્યુનિસિપલિટીના આશ્રય વિના સ્વપ્રયાસ ઉપર જ નિર્ભર હતું. એમાં પ્રવેશ મેળવનાર માટે કોઈ ફી, વય કે અભ્યાસની મર્યાદા નહોતી. શરત માત્ર એટલી જ હતી કે ત્યાં જે સગવડ મળે તેનાથી નિભાવી લેવું ને રવિભાઈની ફુરસદ કે અનુકૂળતાએ પાઠ મેળવી પૂરી નિષ્ઠાથી તે સંપન્ન કરવો. રાત્રે, સાંજે કે સવારે કલાગૃહનો ખંડ અભ્યાસમાં મશગુલ દેખાતો. રવિભાઈનું પોતાનું ચિત્રકાર્ય પણ પ્રારંભથી અંત સુધી સૌની નજર સમક્ષ જ ચાલતું રહેતું. તેમનાં પુસ્તકો, સંગ્રહો, સાધનો પણ સૌને સુપ્રાપ્ય રહેતાં.

આ કલાર્થીઓમાંના ઘણાનાં ઘરકુટુંબ દૂર હતાં. તેમને કાર્યાલયમાં જ સૂવા-બેસવાનું, નાહવા-ધોવાનું અને જરૂર પડયે કાર્યાલયના કોઈ પણ મહેનતકાર્યમાં વિનાસંકોચે સહકાર આપવાનું રહેતું, અને એ સૌના વ્યક્તિગત વિકાસ અને પાઠો માટે રવિભાઈની જાગૃતિ તેમને નિષ્ઠા, વ્યવસ્થા અને સિદ્ધિના અચૂક પંથે દોરી જતી, એટલું જ નહિ પણ યોગ્યતા વધતી જાય તેમ તેમનાં શ્રેય માટે યથાયોગ્ય પ્રયત્નો થતા. અહીં કોઈ શાળાશિક્ષણની બાધાઓ કે અભ્યાસક્રમનો રેખાબંધ નહોતો.

પ્રવેશ

રસિકલાલનું વતન તો રાજપીપળા—ગુજરાતને એક ખૂણે આવેલું એવું દેશી રાજ્ય કે જ્યાંથી ભાગ્યે જ કોઈ વાર મહાન પ્રસંગ કે વિભૂતિના સમાચાર બહાર આવ્યા હોય. એ રાજપીપળા સ્ટેટના વાલિયા ગામમાં ઈ. ૧૯૧૦માં તેમનો જન્મ થયો. ત્યાં તેમના પિતા નરસીદાસ પરીખ મામલતદાર હતા એટલે ગામઠી શાળામાં જ ભણતર શરૂ કર્યું. તે દિવસો યાદ કરતાં રસિકલાલ કહે છે: 'અમે નિશાળની રજાને દિવસે નજીકના તળાવ પર જઈ ભીની માટી ખોદી તેમાંથી ગાડું, બળદ, ઢીંગલા વગેરે બનાવતા. નજીકના મંદિરની છાયામાં માટીના આવા ઘાટ કરવાની મજા કંઈક દિવસો માણી હતી. તળાવમાંથી કમળકાકડી કાઢીને ખાવી, પાણી પાવાને બહાને ઘોડું લઈ ચક્કર લગાવવાં વગેરે પ્રવૃત્તિઓથી કુદરતે બાળપણનું જીવન આશીર્વાદભર્યું બનાવ્યું હતું.' એ બધાંનો અજાણે પણ તેમના જીવનઘડતરમાં ફાળો હશે જ.

પિતા નોકરીમાંથી નિવૃત્ત થતાં રસિકલાલ રાજપીપળા આવી રહ્યા અને ત્યાં હાઈસ્કૂલના ચોથા ધોરણમાં આવ્યા ત્યારે એમને ડ્રૉઇંગ ક્લાસ (ચિત્રવર્ગ)નાં દર્શન થયાં. આકૃતિ પર નાનપણથી જ આંખ ઠરેલી એટલે ચિત્રવર્ગમાં ઠીક ફાવતું. ચિત્રશિક્ષક ચંદુભાઈની તેમના પર મમતા હતી. એમણે એલિમેન્ટરી ગ્રેઇડની પરીક્ષા માટે તૈયારી કરવા કહ્યું, પણ ઠપકાની બીકે એ વાત ઘેર કહી શકતા નહોતા. વડીલો માનતા કે ચિત્રકામ શીખ્યે કશો શુક્રવાર વળવાનો નથી.

ચિત્રની પરીક્ષા તો આપી, પણ ચાલુ ધોરણમાં પાસ ન થઈ શક્યા એટલે ખૂબ ઠપકો ખમવો પડ્યો અને ગ્લાનિ અનુભવવી પડી. બીજે વર્ષે મહેનત કરી ચોથું પાસ કરી પાંચમું ધોરણ શરૂ કર્યું. તેમાં ઇન્ટરમીડિયેટ ડ્રૉઇંગની પરીક્ષા આપી એટલે ઘરનાંને ઠસી ગયું કે છોકરો વાંચવા-લખવાનું મૂકી ચિત્રકામની લતે ચડી ગયો છે. હવે આગળ ભણશે નહિ.

એવામાં ગાંધી-કાર્યક્રમમાં ઓતપ્રોત બનેલા રસિકલાલના મોટા ભાઈ નવીનદાસ સત્યાગ્રહઆશ્રમમાં કાંતણ-પીંજણ સાથે સીવણની

તાલીમ આપવા અમદાવાદ આવેલા; તે એક વાર કુમાર કાર્યાલયમાં રવિભાઈને મળ્યા ત્યારે તેમની આસપાસ ચિત્રકામ શીખતા વિદ્યાર્થીઓને જોઈ તેમણે રસિકલાલને લાવવાનો ઇરાદો કર્યો અને રસિકલાલને લખી નાખ્યું. રસિકલાલને તો સોનાનું ઝાડ હાથ લાગવા જેવો આનંદ થયો. તેણે ખૂબ મહેનત કરી સુવર્ણમાળામાંથી શ્રી ધુરંધરનાં ચિત્રો પરથી સુંદર પેન્સિલ-નકલો કરી જોવા મોકલી. એ હતી તો માત્ર નકલો, પણ આલેખન ખૂણ સ્વચ્છ રાખીને મુખભાવો સમજણપૂર્વક સંભાળીને કરેલા હતા. એ જોઈને રવિભાઈ એ તેને પોતાના વર્તુલમાં સમાવી લેવા મંજૂરી આપી.


નગીનભાઈ માબાપને સમજાવી રસિકલાલને તા. ૭મી ઑગસ્ટ ૧૯૨૬ના રોજ કુમાર કાર્યાલયમાં મૂકી ગયા અને અઠવાડિયામાં તો તે સ્વસ્થ થઈ કાર્યાલય ઉપરના સ્ટુડિયોમાં જ વાસો કરી રહેવા લાગ્યા અને શિક્ષણનો મારંભ કર્યો. રવિભાઈ દરેક વિદ્યાર્થી પાસે કાર્યમાં એકાગ્રતા અને બિનચૂક શુદ્ધ આલેખન માટે ખૂબ આગ્રહી રહેતા. તેમાં રસિકલાલે પરિશ્રમ, ખંત અને નિષ્ઠાથી પૂરા આંક આપ્યો. સ્વભાવે મૂંગા, ટેવોમાં સ્વાશ્રયી અને રહેણીમાં સાદા હોવાથી સર્વને તે એકસરખા પ્રિય થઈ પડ્યા. સામાન્યતઃ અલ્પભાષી છતાં એમનો સંગીતપ્રિય આત્મા એ બંસીના સૂર છેડે ત્યારે છતો થઈ જતો.

એ ગામથી આવ્યા ત્યારે બે જોડી કપડાં સાથે લાવેલા અને એટલાથી એ રોજ ચલાવી લેતા. છતાં શરીરસ્વાસ્થ્ય જાળવવામાં તેમનો નંબર છેવટ સુધી પ્રથમ રહ્યો હતો. ચિત્ર-ખંડની સાફસૂફીથી માંડી રવિભાઈનાં સર્વ ચિત્રકામમાં અને જરૂર પડે તો કાર્યાલયના શ્રમકાર્યમાં સહાય કરવા તે હમેશાં તત્પર જણાતા. આ વખતે એમને કનુ દેસાઈ શાન્તિનિકેતન જવાની તૈયારી કરતા હતા તેમનો તથા ગુરુકુલના અન્ય સહાધ્યાયીઓ—કૃષ્ણલાલ ભટ્ટ, રવિશંકર પંડિત, યજ્ઞેશ્વર શુક્લ, છગનલાલ જાદવ, જયંતીલાલ ઝવેરી, જગન મહેતા વગેરે સાથે મૈત્રી-સમાગમ થયો. સોમાલાલ શાહ પણ ક્વચિત્ અહીં આવી મળતા.

અહીંના બહુવિધ કલાસંસ્કારવાળા મંડળ વચ્ચે રસિકલાલ આદર્શોનું સ્પષ્ટ ઘડતર લેતા ગયા. કલાચર્ચા, નિરૂપણ-નિદર્શન તથા પુસ્તકોનો પ્રભાવ પણ ઓછો નહોતો. એવામાં સાબરમતી આશ્રમમાં એક કલાશિક્ષકની જરૂર પડી, એટલે રવિભાઈની સંમતિ લઈ તેમના ભાઈ નગીનદાસે તેમની ત્યાં ગોઠવણ કરી એથી આર્થિક ટેકો મળ્યો. કુમાર કાર્યાલય તરફથી પણ શ્રમકાર્ય બદલ બનતી સહાય મળતી એટલે ઘર પર એમના ખર્ચનો ભાર પડ્યો નહિ.

આશ્રમ જતાંઆવતાં, હવે નવી પ્રાપ્ત થએલી દૃષ્ટિથી નિસર્ગચિત્રો અવલોકતાં તેમને બહુ આનંદ થતો, અને ઘણી વાર ચોટદાર દશ્યોનાં આલેખો કરી લાવતા. તેમાંથી ચિત્ર કેમ સર્જાય તેના પાઠ રૂપ પહેલું ચિત્ર 'માનાં હેત' તૈયાર થયું. ત્યાર પછી રાયપુર દરવાજા બહારનો એક ખંડિયેર કૂવો આલેખ્યો તે પરથી 'શુષ્ક ભૂમિનો અતિથિ' ચીતરાયું. તે પણ 'કુમાર'માં પ્રકટ થયું અને પછીથી મદ્રાસ પ્રદર્શનમાં મોકલાયું ત્યાં વેચાઈ ગયું. એ ખબર તે રજામાં રાજપીપળા ગયા હતા ત્યાં મળેલા એટલે ઘરનાંને ખાતરી થઈ કે ચિત્રકળામાં કંઈક કિંમત છે ખરી! એવી રીતે બીજાં ત્રણેક મૌલિક ચિત્રો સર્જાયાં, અને કેટલીક ભારતીય પરિપાટીનાં ચિત્રોની નકલો કરી તે પણ અસલના ગુણભારવાળી આબેહૂબ થઈ હતી.

આ અરસામાં સર ચીનુભાઈના પરિવાર સાથે રવિભાઈનો દક્ષિણ ભારતમાં પ્રવાસ થયો અને મદ્રાસના પ્રસિદ્ધ કલાપ્રેમી શ્રી રામસ્વામી મુદલિયારને ત્યાં તરતમાં જ મદ્રાસ સરકારી કલાશાળાના પ્રિન્સિપલ નિમાએલા ખ્યાતનામ ચિત્રકાર દેવીપ્રસાદ રાયચૌધરીનો એમને સમાગમ થયો તેમનામાં ભાવવાહી રંગપૂરણી અને મનોરમ પાત્રકલ્પના હતી, તેમજ આવેગ અને લાઘવપૂર્ણ શિલ્પકામ પણ તે જાણતા. એમની આવી પ્રતિભાનો પ્રસાદ ગુજરાતને અપાવવાના ઉદ્દેશથી રવિભાઈ એ યોગ્ય વિ-



રસિકલાલ પરીખ

એટલે નિશ્ચલ સાધના
તપસ્યાની ઠંડી તાકાત
પ્રગાઢ પ્રસન્ન પરિશ્રમ
ઉમદા આભિજાત્ય
નિર્વ્યાજ અને નિઃસ્પૃહ જીવન

અને

તાલીમબદ્ધ પાકી હથોટી
લલિત-પ્રમાણ ચિત્રમાંડણી
અર્થવાહી સ્પષ્ટ રેખાંકન
સરળ સાદા સુખી અને સંતોષી
વાસ્તવિક જીવનનાં માર્દવ માધુર્ય એટલે

એમનાં કલાસર્જન



ઈ. ૧૯૪૫માં

ધાર્થી તરીકે રસિકલાલની વાત તેમને કરી અને તેમણે તે તરત આવકારી લીધી. એટલે અમદાવાદ આવીને રવિભાઈએ પહેલું કામ રસિકલાલને મદ્રાસ જવા માટે સમજાવી, સર ચીનુભાઈ પાસેથી માસિક રૂ. પચીસની છાત્રવૃત્તિ મેળવી આપીને મદ્રાસ રવાના કરી દેવાનું કર્યું. ત્યાં સર ચીનુભાઈના સંબંધી અને રવિભાઈના મિત્ર શ્રી રત્નમણિરાવ ભીમરાવ, જેમને સૌ કુટુંબનાતે ભાણાભાઈ કહી બોલાવતા તેમણે રસિકલાલનાં સર્વ સુખસગવડ સંભાળી લીધાં. તેમની મારફત તેઓ કવિશ્રી અરદેશર ફરામજી ખબરદારનો પરિચય પણ પામ્યા.

બીજું સીમાચિહ્ન

> **પોતાના પુરુષાર્થ-પ્રવાસ–મદ્રાસ–ના બીજા સોપાનમાં રસિકલાલે પોતાની એકાગ્રતા, નિષ્ઠા અને અવિરત સાધનાથી ત્યાંના કલાગુરુને એવા તો પ્રસન્ન કરી દીધા કે તે પછી એમણે એક પ્રસંગે કહેલું 'મેં આજ સુધી રસિકલાલની બરાબરીનો વિદ્યાર્થી જોયો નથી.'**

મદ્રાસ એ રસિકલાલના પુરુષાર્થ-પ્રવાસનું બીજું સીમાચિહ્ન હતું. ત્યાં દેવીપ્રસાદ રાયચૌધરી પાસેના કલાના અભ્યાસમાં તેમણે પોતાની એકાગ્રતા, નિષ્ઠા અને અવિરત સાધનાથી એમને એવા પ્રસન્ન કરી દીધા કે એમણે તેમને ખાસ હાથ પર લીધા. રાયચૌધરી ત્યારે કલકત્તા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર આશુતોષ મુખરજીની આદમ-કદ પ્રતિમાના કામમાં પ્રવૃત્ત હતા. એ મહત્ત્વના કામમાં એમણે રસિકલાલને સાથે રાખી શિલ્પમાં પણ અધિકાર પ્રાપ્ત કરાવ્યો. એ ઉપરાંત ખૂબ સ્કેચિંગ, વૉટર કલર (જળરંગી) ચિત્રાલેખન, વૂડકટ (કાષ્ઠખુદાઈ)નાં ચિત્રો, લીનોકટ વગેરે વિવિધ પ્રકારમાં પણ એમણે ક્રમશઃ પ્રગતિ કરી શ્રી દેવીપ્રસાદના પ્રેમ જીતી લીધો. એ પછી એક વાર રાયચૌધરી રવિભાઈને મળ્યા ત્યારે મુક્ત કંઠે બોલેલા કે 'મેં આજ સુધી રસિકલાલની બરાબરનો બીજો વિદ્યાર્થી મેળવ્યો નથી.'

મદ્રાસમાં તેમના ઉત્કર્ષમાં રસ લેનાર સ્વ. શ્રી રત્નમણિરાવ, સ્વ. રામસ્વામી મુદલિયાર, એક મિ. કૉટન અને કવિ શ્રી ખબરદાર હતા. રામસ્વામી તો તેમને દક્ષિણ હિંદની એક આર્ટ સ્કૂલમાં હેડમાસ્તર તરીકે રોકવાની પેરવી કરતા હતા; અને દેવીપ્રસાદે તેમને ત્યાં અભ્યાસ માટે ચોથું વર્ષ રોકાવા કહ્યું. પરંતુ આ તબક્કે રવિભાઈએ તેમને હવે મુંબાઈનો પણ થોડો અનુભવ લેવા સલાહ આપી. રવિભાઈ ઉપર તેમની શ્રદ્ધા અનન્ય હતી, એટલે મદ્રાસના કામના નમૂના અને રવિભાઈનો ભલામણપત્ર સાથે રાખી તે મુંબાઈની આર્ટ સ્કૂલના વાઈસ પ્રિન્સિપલ તેમજ રવિભાઈના મિત્ર શ્રી લાલકાકાને મળ્યા, જેમણે તેમને પ્રિન્સિપલ સૉલૉમન પાસે રજૂ કર્યા, તેમનું કામ જોઈને તરત પ્રિન્સિપલે તેમને એમના ડિપ્લોમા ક્લાસમાં બેસવા અનુમતિ આપી. સામાન્યતઃ એ કાળે અંગ્રેજ અધિકારી જ્યારે ગુણને પિછાની ઉપરનો વર્ગ આપવા તૈયાર હોય ત્યારે આપણા પરીક્ષા-માનસવાળા નોકરિયાતો સર્ટિફિકેટ અને બીજાના અભિપ્રાયો પર મદાર બાંધતા. પણ સુભાગ્યે રસિકલાલ પર તેમનો પંજો ન પડ્યો.

ત્રીજે તબક્કે

> **ત્યારે વર્ગ શિક્ષક ભાગ્યે જ કંઈ શીખવતા, પણ રસિકલાલે સ્વાશ્રયને તો સાથી બનાવ્યો હતો, અને તપસ્યાથી તે કદી થાકતા નહિ. મૂગી તાકાત અને નિશ્ચય સાધનાથી એમણે એ ત્રીજા તબક્કાના અભ્યાસને પણ ટોચે પહોંચાડ્યો અને પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા.**

મદ્રાસમાં તેમણે ઑઈલ-પેઇન્ટિંગ જૂજ કરેલું તેમજ મોટી આકૃતિઓ ખાસ કરેલી નહિ. મુંબાઈ જતાંવેંત તેમણે ઉદ્યમથી બીજાઓનું જોઈને એ કામ સમજી લીધું. ડિપ્લોમા શ્રેણીમાં વર્ગશિક્ષક ભાગ્યે જ કંઈ શીખવતા. પણ રસિકલાલે સ્વાશ્રયને તો સાથી બનાવ્યો હતો અને તપસ્યાથી તે કદી થાક્તા ન હતા. એ જ મૂગી તાકાત ને નિશ્ચલ સાધનાથી એમણે આ ત્રીજા તબક્કાના અભ્યાસને પણ ટોચે પહોંચાડ્યો. ત્યાં એ ઉપરાંત એમણે શ્રી અધિવાસીના હાથ નીચે ચાલતા હિંદી શૈલીના કલા-વર્ગમાં પણ હાજરી આપી ચિત્રો કરેલાં. તેમાં મદ્રાસની હથોટીનો પ્રભાવ હતો. મંગલ કળશ, ઢીંગલી, નજૂમી, સિદ્ધાર્થનો ગૃહત્યાગ વગેરે ચિત્રો એ વખતે તૈયાર થયાં.

વર્ષ આખરે પરીક્ષા માટે ફી ભરવાનો વખત આવ્યો ત્યારે હેડમાસ્તરે એમને નીચેના ઍડવાન્સ ક્લાસ માટે ફી ભરવા જણાવીને કહ્યું કે એ ક્લાસની પરીક્ષા આપ્યા વિના પરબારા ડિપ્લોમા પરીક્ષામાં તમારાથી નહિ બેસાય. આ નાનમ બરદાસ્ત ન કરતાં રસિકલાલે કહી દીધું કે તો મારે કોઈ પરીક્ષા જ આપવી નથી! બે દિવસ પછી લાલકાકાને આ હકીકતની જાણ થઈ એટલે તેમણે પ્રિન્સિપલ સૉલૉમનને વાત કરી. પ્રિન્સિપલે એમનું આખા વર્ષનું કામ જોઈને સીધા ડિપ્લોમા પરીક્ષામાં બેસવા રજા આપી દીધી. આ રીતે કોઈ લાયકાત ધરાવતા ઉમેદવારને સીધા ડિપ્લોમા પરીક્ષા આપવાનો પ્રશ્ન અગાઉ આવ્યો જ નહોતો.

પરીક્ષામાં આપેલો વિષય 'ઉત્સવયાત્રા' (Festival Procession) રસિકલાલને મનગમતો પ્રસંગ હતો. તે માટે ૬×૩ ફૂટના માપનું મોટું ચિત્ર તેમણે એક માસમાં તૈયાર કર્યું. ચિત્ર થતું હતું ત્યારે પ્રિન્સિપલ વખતોવખત જોઈ જતા. સૌની નવાઈ વચ્ચે રસિકલાલ એ પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ (પ્રથમ વર્ગમાં પણ પ્રથમ) પાસ થઈ ગયા. પરીક્ષામાં બેસવાની જ જ્યાં મુશ્કેલી મુકાઈ હતી ત્યાં આટલું શ્રેષ્ઠ પરિણામ આવતાં સર્વ શુભેચ્છકો હર્ષિત થયા. આવી રીતે ધારાધોરણની આડમાં કેટલા પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓ અન્યાય પામતાં દેશને ખોટ પડી હશે તેનો દોષ કેળવણીવિધાયકો ક્યારે વિચારશે?



દિવાસ્વપ્ન

આ પરીક્ષા પછી એ અમદાવાદ આવ્યા ત્યારે રવિભાઈએ તેમને હવે શાન્તિનિકેતનની પણ તાલીમ મળે એ ઉદ્દેશથી નંદબાબુને લખી ત્યાંના પ્રવેશની મંજૂરી મંગાવી; પણ ત્યાં તો પ્રિન્સિપલ સૉલૉમનનો તાર આવ્યો કે તમને સ્કૂલ તરફથી માસિક રૂ. ૩૦ની છાત્રવૃત્તિ ભીંતચિત્ર-કામ (મ્યુરલ ડેકોરેશન) માટે મળે છે માટે તરત આવી જાઓ. એટલે શાન્તિનિકેતનનો વિચાર માંડી વાળી એમણે ફરી મુંબાઈમાં વાસ કર્યો.

એ વર્ષમાં મુંબાઈમાં કોઈ મોટું કામ થયું નહિ. માત્ર થોડા સ્કેચ અને તે પરથી આગળ જતાં 'નર્તકી', 'નવધાન્ય', 'માછીમાર' વગેરે મોટાં ચિત્રો કર્યાં, જેમાંનાં કેટલાંક તો પ્રિ. સૉલૉમને પોતાના અંગત સંગ્રહ માટે રાખી લીધાં! એ વર્ષ પૂરું કરી મુંબાઈને રામરામ કરી તે અમદાવાદ આવી ગયા; અને રવિભાઈનું વચન તેમને શિરોધાર્ય હતું એટલે પૂર્વસંકેત પ્રમાણે રવિભાઈએ શરૂ કરેલી 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'-માં સહાયક શિક્ષક તરીકે જોડાઈ ગયા.

પ્રારંભનું અધ્યાપન

ઈ. સ. ૧૯૩૬માં ગુજરાત કલાસંઘમાંથી વિદ્યાર્થીઓનાં શ્રેષ્ઠ ચિત્રો સાથે તેમનાં ચિત્રો પણ મુંબાઈ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં એક-જથ્થે મોકલાયાં. તેમાં રસિકલાલનું 'નર્તકી' ચિત્ર સુવર્ણચંદ્રક પામ્યું. આમ વીસે વર્ષે (ઈ. ૧૯૧૬માં રવિભાઈને મળેલો તે પછી) બીજા ગુજરાતીને મુંબાઈનો આર્ટ સોસાએટીનો પ્રતિષ્ઠાસંપન્ન સુવર્ણચંદ્રક મળ્યાનું ગૌરવ પ્રાપ્ત થયું. એ ચિત્ર તો પ્રદર્શનમાંથી જ વેચાઈ ગયું. એ કાળે સમસ્ત ભારતમાં આ ચંદ્રક શ્રેષ્ઠ ગણાતો. એ જ પ્રદર્શનમાં શ્રી છગનલાલ જાદવને ગવર્નરનું ઈનામ મળ્યું, તેથી ગુજરાત કલાસંઘ ચિત્રશાળાની પ્રતિષ્ઠા ભારતમાં વધી ગઈ.

દરમિયાન સૌરાષ્ટ્રમાં ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ પ્રખ્યાત પ્રતિમાકાર વિનાયકરાવ કરમારકરને પોતાના નગરમાં આમંત્રી રાજ્ય માટે પોતાની આદમ-કદ પ્રતિમાઓ પ્રત્યક્ષ પંડ ઉપરથી કરાવી, ત્યારે અનુભવ લેવા રસિકલાલ અને સોમાલાલ શાહ અમદાવાદથી ત્યાં ગયા. ત્યારે રવિશંકર પંડિત પણ ગોંડલમાં હતા. કરમારકરે ખુલ્લા દિલથી પોતાની કલા-ક્રિયાનું દર્શન એમને કરાવ્યું. રજાના પચીસ દિવસમાં તેઓ ઘણું શીખ્યા. કરમારકર તેમને કદી ભૂલ્યા નહોતા. મુંબાઈ ગયા પછી તેમનાં પરિચિત શ્રીમતી લીલા રાવને પોતાના નૃત્યના પુસ્તક માટે વિવિધ અંગમરોડ અને મુદ્રાઓ દર્શાવતાં ચિત્રોની જરૂર પડી ત્યારે મુંબાઈમાં તે કામ માટે કોઈ યોગ્ય કલાકાર નહિ મળતાં રવિભાઈ મારફત રસિકલાલને તે કામ સોંપાયું. રસિકલાલે મુંબાઈ જઈ શ્રીમતી રાવ જેમ-જેમ અંગનાં નૃત્યરૂપો બદલતાં ગયાં તેમતેમ તેના સ્કેચો કરી લઈ તેનાં સુરેખ આલેખનો કરી આપ્યાં, તે તેમના પુસ્તકમાં પ્રસિદ્ધ થયાં છે.

આ જ સમયમાં રવિભાઈના અંતેવાસી વિદ્યાર્થી જગન મહેતા જે ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં ચિત્રકામ શીખવતા હતા, તેમને ભાવનગર રાજ્યની સ્કૉલરશિપથી ચીએના જવાનું થયું, એટલે એ જગ્યાએ અરધો સમય કામ આપવા રવિભાઈએ રસિકલાલની યોજના કરી; અને તે જ અરસામાં કર્વે મહિલા વિદ્યાલયને પણ ચિત્રકારની જરૂર પડી ત્યારે ગુજરાત કલાસંઘ તરફથી રસિકલાલે તે કામ પણ સંભાળી લીધું. પછી જ્યારે ચી. ન. વિદ્યાલયના સર્વ વર્ગોની હાઇસ્કૂલ શરૂ થઈ ત્યારે બીજાં કામ છોડી આખા સમય માટે રસિકલાલ ત્યાં જોડાયા અને તેના વિસ્તારમાં જ નિવાસસ્થાન મેળવ્યું.

અહીં નોંધવું જરૂરી છે કે રસિકલાલે કદી ચિત્રશિક્ષકનો વર્ગ ભરી તેનું પ્રમાણપત્ર મેળવ્યું નહોતું, એટલે કેળવણી ખાતું અન્ય શિક્ષકોના પગારની પેઠે તેમની નોકરી માન્ય રાખતું નહોતું અને ગ્રાન્ટમાં તેમની



ઘરનો પોપટ

ત્રણતરી કરતું નહિ; છતાં ચી. ન. વિદ્યાલયનાં સંસ્થાપક શ્રી ઇન્દુમતીબહેન શેઠ અને આચાર્ય ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહ-રશ્મિ' રસિકભાઈની યોગ્યતા સમજી તેમને રાખવા મક્કમ રહ્યાં હતાં. પછીથી ખાતાને સમજાવવા પૂરતા પ્રમાણપત્ર ધરાવતા એક મદદનીશ શિક્ષકને રાખ્યા હતા, પરંતુ રસિકભાઈની કલા-શક્તિનો લાભ લઈ શકે એવા વિદ્યાર્થીઓ માટે એમણે એક વિશેષ વર્ગની સગવડ કરી હતી. તેનાથી ઘણાં કુટુંબો તેમનાં બાળકોને ચી. ન. વિદ્યાલયમાં મોકલવા આગ્રહ રાખતાં અને રસિકભાઈ તેમને ગુજરાત કલાસંઘની રીતે સ્વૈર રીતિઓમાં ચિત્રો કરવાનું શીખવતા. આ વર્ગમાંથી તરી આવેલા શાંતિ શાહ, બાબુભાઈ શાહ, દલસુખ શાહ, દશરથ પટેલ, મફતલાલ, અનુપ શાહ વગેરે વિદ્યાર્થીઓને વિશેષ રૂપે ચિત્રકલાશિક્ષણ લેવા ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં તેઓ સવિશેષ કલાકૌશલ્ય પામ્યા હતા.

ચિત્રશિક્ષક મંડળ

ઈ. ૧૯૪૮માં સરકારે કડક હુકમ કાઢ્યો કે દરેક હાઇસ્કૂલમાં ટ્રેઇન્ડ ચિત્રશિક્ષક જોઈએ. તેથી ઈ. ૧૯૫૦-૫૧માં અમદાવાદના ચિત્રશિક્ષકોએ ભેગા મળી એક ડ્રૉઇંગ ટીચર્સ એસોસીએશન સ્થાપ્યું. રસિકભાઈ તેના પ્રમુખ, કાલિદાસ શાહ ઉપપ્રમુખ તથા છેલશંકર વ્યાસ અને નારણભાઈ ગાંધી મંત્રી હતા. એ વખતે ચિત્રશિક્ષકોએ મુંબાઈ જઈ પરીક્ષા આપવી પડતી. એ હાડમારી નિવારવા મંડળે ૧૯૫૧ની ૩૧મી ઑગસ્ટે ચિત્રશિક્ષકોનો વર્ગ શરૂ કર્યો. જેમાં ઉપર્યુક્ત હોદ્દેદારો વગેરે વિના વેતને કામ કરતા. પછી ઘણી મથામણ કરી પરીક્ષા પણ અમદાવાદમાં જ લેવાય તેમ કરાવ્યું. જેમાં ઠીક સંખ્યા પાસ થઈ અને તેમને નોકરીઓ પણ મળી.

પરંતુ બીજે વર્ષે આ વર્ગ ચલાવવાની મનાઈ થઈ, કારણ કે વર્ગની જવાબદારી છૂટક વ્યક્તિઓ પર હતી; એટલે કોઈ સંસ્થા વર્ગ ચલાવવાનું સ્વીકારે તો જ વર્ગ અને પરીક્ષાની સંમતિ મુંબાઈ સરકાર આપવા તૈયાર હતી. પરિસ્થિતિ વિચારી ચી. ન. વિદ્યાલયના આચાર્ય શ્રી સ્નેહ-રશ્મિએ એ બીડું ઝડપ્યું, પણ તે સાથે રસિકલાલ પાસેથી એ વર્ગની જવાબદારી સ્વીકારવાનું વચન લીધું. રસિકલાલ પાસે ચિત્રશિક્ષકનું પ્રમાણપત્ર ન હોઈ સરકાર તેમની ગ્રાન્ટમાં તેમનો ખર્ચ મંજૂર રાખે તેમ ન હોવા છતાં શ્રી સ્નેહરશ્મિએ તે બાબત સંસ્થા સહી લેશે કહી ચિત્રશિક્ષક-તાલીમવર્ગના પ્રિન્સિપલ તરીકે રસિકલાલની નિમણૂક કરી અને કલાશાળાના ઇતર વર્ગના કામ ઉપરાંત તે કામ પણ એમણે હાથમાં લઈ પોતાની નિતાન્ત ઉદ્યમશીલતા, ખંત અને નિષ્ઠાપૂર્વક તેને દીપાવ્યું.

તે પછી ઈ. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં ત્યાં ચિત્ર, શિલ્પ આદિ લલિતકલા સાથે વ્યવસાયી કલાના વર્ગો પણ ચાલુ થઈ ગયા. રાજ્યનાં શિક્ષણપ્રધાન ઇન્દુમતીબહેન જે ચી. ન. વિદ્યાવિહારનાં અ-ધિષ્ઠાત્રી છે તેઓ આ કલાસંસ્થાને ખીલવવા બહુ જ ઉત્સુક હતાં. તેમણે ગંજાવર રકમો ખર્ચી કલાવિદ્યાલય માટે ભારતીય શૈલીનું સુંદર મકાન શાંતિનિકેતનના સ્થપતિ સુરેન્દ્રનાથ કાર પાસે તૈયાર કરાવ્યું. આજ સુધીમાં ત્યાં સેંકડો વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની કલાદીક્ષા લઈ બહાર પડ્યા છે અને રસિકભાઈનાં સૌજન્ય, નિષ્ઠા અને નિર્મળ દૃષ્ટિવાળા કલા-કાર્યનું દૃષ્ટાંત સાથે લઈ ગયા છે.

પ્રાચાર્ય

ઈ. ૧૯૫૨માં વડોદરા યુનિવર્સિટી સ્થપાઈ. ત્યાંનાં વાઈસ ચાન્સેલર

ફૂંકની તૈયારી



...સંસ્થા સાથે પોતાની તન્મયતા અને લગની એટલી પ્રગાઢ હતી કે પોતે એ સંસ્થા છોડવાથી તેનું તેજ હણાઈ જશે અને એક સુંદર કલાકેન્દ્રનું સ્વપ્ન રોળાઈ જશે એમ લાગ્યું એટલે તરત જ સામે આવેલી માતબર જગ્યાનો મોહ જતો કરી તેઓ એ સંસ્થામાં જ સમાઈ ગયા.

શ્રીમતી હંસાબહેન મહેતાની અનન્ય કલાપ્રીતિના કારણે ભારતમાં પહેલી જ વાર યુનિવર્સિટી કક્ષાએ કલાના અભ્યાસ માટે 'ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સ'ની ખાસ ફૅકલ્ટી ત્યાં સ્થપાઈ અને તેના ડીન (સર્વાધ્યક્ષ) તરીકે રસિકભાઈના વિદ્યાર્થીકાળના સહાધ્યાયી અને સહવાસી શ્રી માર્કંડ ભટ્ટ નીમાયા. રવિભાઈ તેમાં ફૅકલ્ટી-મેમ્બર તથા સૅનેટ-મેમ્બર હતા. તેમણે સ્ટડી-બોર્ડમાં રસિકભાઈની લોકપ્રિયતા, સૌજન્ય અને કલાનિષ્ઠાને ધ્યાનમાં લઈ શિલ્પવિભાગના વડા તરીકે તેમનું નામ સૂચવેલું, પણ પરદેશનાં ઉચ્ચ પ્રમાણપત્રો લઈ આવેલા શ્રી દાસગુપ્તનો નંબર આગળ રહ્યો એટલે પ્રથમ વર્ષે તેમણે એ જગ્યા સંભાળી. પણ તરત એમને બીજી જગ્યા મળતાં છોડી ગયા એટલે સ્વાભાવિક જ રસિકભાઈ તે જગ્યા માટે યોગ્ય ઉમેદવાર ઠર્યા અને તેમને ત્યાં જોડાવાનો ઑર્ડર મળ્યો.

પરંતુ ચી. ન. વિદ્યાલય સાથે એમની તન્મયતા અને લગની એવી પ્રગાઢ હતી કે એ જગ્યા છોડતાં સંસ્થાનું તેજ હણાઈ જશે અને એક સુંદર કલાકેન્દ્રનું સ્વપ્ન અધૂરું રહી જશે એમ તેના સંસ્થાપકોને લાગ્યું. રસિકભાઈ એ સમજી શક્યા અને યુનિવર્સિટીના શિલ્પ વિભાગના વડાની માતબર જગ્યાનો મોહ જતો કર્યો. એ બન્યું હોત તો વળી ગુજરાતની ચિત્ર-શિલ્પકળાનો ઇતિહાસ જુદો જ હોત.

આજે ચી. ન. કલાવિદ્યાલયે આખા દેશમાં તેના સંસ્કાર અને શિક્ષણથી જે કીર્તિ મેળવી છે તેમાં રસિકભાઇનો પ્રમુખ ફાળો છે. સદા યે પડદા પાછળ રહી પોતાની શાન્ત ઉપાસના, પ્રશિષ્ટ સર્જનો, નિષ્ઠાપૂર્વકના અધ્યાપન અને વિદ્યાર્થીઓ પ્રત્યેની મીઠી વત્સલતાથી રસિકલાલે ગુજરાતની કલાસૃષ્ટિમાં મૂલ્યવાન ફાળો આપ્યો છે. એમનાં ચિત્રો જ્યાં જ્યાં પ્રદર્શિત થયાં છે ત્યાં ત્યાં આદરપાત્ર બન્યાં છે ને ભાગ્યે જ ખરીદાયા વિના રહ્યાં છે. મ્હૈસૂર, ત્રિવેન્દ્રમ, મુંબાઈ અને બીજાં શહેરોનાં મહાલયો અને ચિત્રાલયોમાં એમનાં ચિત્રો માનવંતું સ્થાન પામ્યાં છે.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી નોંધપાત્ર કલાસેવા આપનારી વ્યક્તિને દર વરસે અપાતો રૂ. ૧૦૦૦નો સત્કાર-પુરસ્કાર તથા તામ્રપત્ર અને શાલ સરપાવ ઈ. ૧૯૭૦માં યોગ્ય રીતે જ તેમને અપાયાં છે.

જેવી ભદ્રતા એમણે કલાક્ષેત્રે બતાવી છે તેવી જ તેમના સંસારમાં અને ગૃહજીવનમાં મીઠાશ અને સુવાસ પ્રકટી છે. તેમનાં સહધર્મચારિણી વિદ્યાબહેન અને પુત્રીઓમાં તેમના સદ્દગુણો ને ભાવના પ્રકટ્યાં છે. સૌથી નાની પુત્રી ઊર્મિ પિતાનો કલાવારસો દીપાવે એવી નીવડી છે.

રસિકભાઈનું જીવન કલાનાં જ સ્વરૂપો વિકસાવવા પ્રતિ એકનિષ્ઠ રહ્યું છે. તેમણે કદી ધંધાની લાલસા રાખી નથી તેમજ સ્પર્ધા કે ઈર્ષાને સમીપ આવવા દીધાં નથી. એમનાં ચિત્રનિર્માણોમાં પણ તેમણે સરળ, સાદા, વાસ્તવિક જીવનનાં માર્દવ, સુખ, સંતોષ અને શ્રમ-દોલન પ્રકટ કરવા આગ્રહ રાખ્યો છે. માનવપાત્રની હૂબહૂ ચિત્રણા, ચહેરા પર ઊપસતી આત્માની લીલા કે પ્રકૃતિનાં સરળ દૃશ્યોનાં ચિત્રોમાં તેમણે આનંદ પ્રકટાવ્યો છે.

એમના નિવૃત્તિકાળમાં એમની પરિપક્વ કલાનાં અનેક સુંદર ફળો ગુજરાતને સુપ્રાપ્ય હો એ જ શુભેચ્છા.

'ભર્ગ'

રિસામણાં







લલિત માતૃત્વ

જેમ ચિત્રાલેખનમાં તેમ શિલ્પસર્જનમાં શ્રી રસિકલાલ પરીખનું કલાકૌશલ આગવું અને મનોરમ છે. તેની પ્રતીતિ કરાવતી એમની આ બે મધુર કૃતિનાં સંયોજનમાં માતા અને બાળકને અને તેના દ્વારા એમ પ્રેમભાવને કેન્દ્રસ્થ કરતી વલયરેખા જુઓ. પહેલી કૃતિમાં એ વીંટળાએલા હાથ દ્વારા, તથા બીજીમાં કેશ સમારતા હાથ દ્વારા દોરવાઈ માતાના ખોળામાં થઈ ને બાળકની આસપાસ રચાય છે. બંનેમાં બાળક કેન્દ્ર અને માતાના મધુર મુખભાવ એના પ્રતિના વાત્સલ્યને મૂર્તિમંત કરે છે. બંને કૃતિમાં સ્ત્રીદેહની લાવણ્યમય ભંગિ શિલ્પકારની કલાદષ્ટિની દ્યોતક બનવા સાથે આ માધ્યમ પરની એમની સિદ્ધિ પણ સ્ફૂટ કરે

સત્ત્વશીલ ભારતીય સંસ્કારપરંપરાનાં ઉચ્ચ જીવનમૂલ્યોને આચરી ગએલી વ્યક્તિઓની

સત્યકથાઓના આલેખક મુકુંદરાય પારાશર્ય

આ અંકથી એવાં વ્યક્તિચિત્રો ફરી શરૂ કરે છે

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર

કવિ કલાપી (ઈ. સ. ૧૮૭૫-૧૯૦૦)ના અવસાનને બાર વર્ષ ગયા પછી 'કલાપીનો વિરહ' નામે કાવ્યગ્રંથ છપાયો તેની પ્રસ્તાવનામાં કવિ ન્હાનાલાલે લખ્યું: 'સ્વરૂપપુષ્પાંજલિ'નામનો રહસ્ય-ભર્યો ભજનસંગ્રહ છપાયા પછી આ ત્હેમનો(મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર-નો) ત્રીજો ને આત્માનાં પૂરથી ઊભરાતો ગ્રંથ છે. કવિ પોતે સંસારી સાધુ જેવા છે, અને જીવનભર કાવ્યમસ્તીમાં જ ઉત્તમ રહ્યા છે. યોગમાર્ગના યે કવિ પ્રવાસી છે. અનન્તતાના આકાશમાં ઊંચે-ઘણે ઊંચે વલખાં મારતા એ ગરુડરાજ છે....પગની પાનીને અડકે એવો લાંબો અંચળો, વિશાલ અને ઊપસેલા મકના માતંગ જેવા કુંભસ્થળ, તેજની જ્વાળાઓ ઝબકતાં ત્હેમનાં લોલવિલોલ નેત્રબિમ્બ, મેઘગર્જના સમોવડ ઘેરો શબ્દટંકાર, સત્ય કાજેના રણસંગ્રામમાં ચ્હડાવેલા પિનાકયુગલ સમા ભ્રૂકુટિચાપ, બાંધી દડીનો કઠણ ને સ્નાયુબદ્ધ ખડક સમોવડો દેહદુર્ગ, એ સહુ શરીરસમૃદ્ધિ તે મસ્તકવિની આત્મવિભૂતિઓ ગણાવતાં મંત્રો જ છે. આજ તો એ કેર રીને કાળજે વજ્રબાણ વાગ્યું છે, ને કહાડનાર કોઈ નથી.'

'અમે રે વિયોગી યોગીઓ, બેઠા ધૂણી ધખાવી' એવું ગાનાર મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકરની કવિતા પરત્વે અહીં કશું કહેવું નથી. અહીં તો કવિ પરત્વે કિંચિત્ કહેવું છે.

હાલના ભાવનગર જિલ્લામાં અક્ષાંશ ૨૧-૦૫ ને રેખાંશ ૭૧.૪૫ ઉપર આવેલા મહુવા બંદરમાં, ઘણી સામાન્ય આર્થિક સ્થિતિવાળા પ્રેમ-શંકર ભાણજી ત્રિવેદીનાં પત્ની અમૃતબાઈની કૂખે સં. ૧૯૨૧ના ત્રીજે નોરતે, તા. ૨૩-૯-૬૫ના રોજ ત્રિભુવન કવિનો જન્મ થએલો. પિતાનું સ્મરણ આ પુત્રને એટલું હતું કે ક્ષયની એક વર્ષની બીમારીમાં પિતાનું અવસાન થયું તેના છેલ્લા દિવસોમાં ત્રણેય બાળક દીકરાઓને રાત્રે ગોદમાં લઈ તે રોઈ પડતા. માતાનું સ્મરણ એ સમયનું પણ કવિને વધુ સ્પષ્ટ હતું. સ્ત્રી-સંતાનને ગરીબીમાં નિરાધાર મૂકીને પોતે અવસાન પામે છે એ પ્રકારના પતિના અસહ્ય સંતાપને નિવારવા એ સ્ત્રીએ પતિને વચન આપેલું: 'કોઈ એક સુખી બાપ પોતાના સાત ખોટના એકના એક દીકરાને જે રીતે રાખે તે રીતે આ ત્રણે ય દીકરાઓને રાખીશ.' (જુઓ 'કુમાર' અંક ૪૬૩માં 'મસ્ત કવિની જનેતા' નામે લેખ.)

મસ્ત કવિને આ પ્રસંગ વારંવાર તાજો થતો: પિતા અવસાન પામ્યા તે રાત્રે બાળકો ઊંઘમાંથી ઝબકીને જુએ તો મા ઘંટી દળતી હોય ત્યાંથી ઊઠીને પંપાળીને છોકરાઓને સુવડાવે, વળી દળવા બેસે. આખી રાત એમ દળ્યું હશે. સવારે છોકરાઓએ નાહીધોઈ લીધું એટલે એ આઠેક વર્ષના ત્રિભુવનને બોલાવી લોટની સૂંડલી આપતાં કહ્યું: 'આ સૂંડલી ...ભાઈને ત્યાં આપી આવ, ને કે'જે કે અમૃતબાઈએ દળણું મગાવ્યું છે, ક્યારે લઈ જઉં? એ કહે ત્યારે જઈને લઈ આવજે.'

પતિને આપેલું વચન પાળવા પતિના અવસાનની રાતથી આ બાઈએ દળણાં દળ્યાં, ધાન ઓધાવ્યાં, સૂતર કાંત્યાં, સીમનાં ખડ વાઢ્યાં; છોકરાઓને લોટ માગવા જવા ન દીધા. કોઈ જમવા નોતરે ત્યારે પણ બીજા છોકરાઓ જમવા જતા હોય તો જ જવા દે. વિનાકારણ સીધું પણ ન સ્વીકારે. આવી ટેકવાળી માતા પ્રત્યે ત્રિભુવનને ભક્તિ હતી.

માતાને પ્રાચીન પદો ઘણાં કંઠસ્થ હતાં ને તે મધુર સ્વરે ગાયા જ કરતાં. રોજ દેવમંદિરે જતાં, વ્રતો કરતાં, સંતમહાત્માને મળી વાતો કરતાં ત્યારે સંગાથે ત્રિભુવન હોય. મહુવાના કાશીવિશ્વેશ્વર મઠના સા-હિત્યવિલાસી મહંત રામવનજીના નિત્ય સંસર્ગની ત્રિભુવન પર અસર થઈ. મોડી રાત સુધી બાળ વયે પણ સાધુસંતોની વચમાં બેસી તે ભજનો સાંભળતા. ત્યાંથી જ તેને પદરચનાની ટેવ પડી. નવી કવિતા-ઓમાં બાલાશંકરની કવિતા તેમને ગમતી ને કંઠે કરેલી.

આના પરિણામ રૂપે, કે ઘરની સ્થિતિની સમજના કારણે ત્રિભુવને અંગ્રેજી પહેલા ધોરણમાં આવતાં શાળાનો અભ્યાસ છોડ્યો. સાધુ-સંતો સાથેની બેઠક વધી. આ ઉમરે જ યોગીઓ પાસેથી ધ્યાનમાં બેસવાની પ્રક્રિયા શીખી શરૂ કરી ને આજીવન સેવી. બાળ વયે તેનું લગ્ન થયું ને પ્રથમ પત્ની દિવાળીબાઈના આગ્રહને માન આપી શાળા છોડ્યા પછી પાંચ વર્ષે ઘેર અભ્યાસ કરી અંગ્રેજી પાંચમા ધોરણની પરીક્ષા આપી પાસ કરી. પછી અભ્યાસ છોડ્યો તે છોડ્યો.

ત્રિભુવનની સત્યનિષ્ઠા, નિખાલસતા, પરગજુપણું, ધાર્મિક ગ્રંથો તથા કાવ્યોનું પરિશીલન અને કવિત્વશક્તિના કારણે યુવાનીમાં આવતાં રસિક જનો તેના પરિચયમાં આવવા લાગ્યા. કવિ હરિ હર્ષદ ધ્રુવ એ વખતે અમરેલી હતા. તેણે સામે ચાલી વડોદરા રાજ્યના દીવાન મણિ-ભાઈ જશભાઈને ભલામણ કરી. દીવાન તેને મળી ખુશ થયા, સ્કૉલર-શિપ આપીને ભાવનગરમાં જીવનરામ લક્ષ્મીરામ દવે પાસે છ માસ તાલીમ લેવડાવી અને જૂના શિલાલેખોની નકલ કરવાના કામ પર અમ-રેલીમાં પુરાતત્ત્વખાતામાં રાખ્યા. તેના સ્વતંત્ર મનને નોકરીમાં ગોઠતું નહિ. કામ સબબ ઓખા જઈ ત્યાંથી પાછા ફરતાં ઊંટ પર રાતની મુસા-ફરી કરતાં ઝોકું આવવાથી કવિ નીચે પડ્યા. એ પાછા ઊંટ પર ન બેઠા. પછડાટથી વાગેલું છતાં ત્યાંથી એકલા ચાલતા મહુવા જવા નીકળ્યા. મહુવે આવી દીવાન મણિભાઈ પર 'મારે આવી નોકરી નથી કરવી' એમ લખી નાખ્યું. મણિભાઈએ નોકરી ન છોડવા શિખામણ લખી ને છોડવી જ હોય તો ખાતા મારફત ધોરણસર રાજીનામું મોકલવા સૂચવ્યું. ઉત્તર-માં મસ્ત કવિએ એવું લખ્યું કે નોકરીએ તમે રાખ્યો'તો તેથી તમને લખ્યું. હું બીજે ક્યાંય લખવાનો નથી ને મારે હવે કોઈની નોકરી કરવી નથી. જીવનમાં કવિએ આટલી જ નોકરી કરી. સારો પગાર મળવા છતાં કોઈ નોકરી સ્વીકારી નહિ તેમ કોઇની ઇચ્છાને માન આપી ધનના બદલામાં કવિતા લખી નહિ.

ઊંટ ઉપરથી પછડાઈ મહુવા જતાં વચમાં લાઠીમાં સ્નેહી અંબા-શંકર શુક્લને ત્યાં કવિ ઊતર્યા ને તેમના આગ્રહથી બાલ કવિ કલાપી-ને મળ્યા. તત્કાલ એવો સંબંધ બંધાયો કે કલાપી તેડાવે ત્યારે ત્રિભુવન હાજર થઈ જાય. ગાદીએ આવતાં કલાપીએ કવિને માસિક રૂ. ૧૦)નું ને તેના મિત્ર વડિયાદરબારે માસિક રૂા. ૫)નું પેન્શન કરી આપ્યું.

પોતાને સત્ય લાગે તે વગરપૂછ્યે ને પરિણામની પરવા વગર નીડર-પણે કહી દેનાર મસ્તકવિનું કલાપી ઘણું માન જાળવતા. કલાપીની 'હૃદય ત્રિપુટી'ની વાત જાહેર છે. કલાપીનાં લગ્ન કચ્છનાં કુંવરી રમાબા સાથે થએલાં. એ રમાબા સાથે દાસી તરીકે આવેલી છોકરી મોંઘી પ્રત્યે કલાપી-ને આસક્તિ બંધાઈ. કલાપીએ તેનું મોંઘીમાંથી શોભના નામકરણ કર્યું. ઈ. ૧૮૯૪માં તેનું કોઈ સાથે લગ્ન પણ થયું. તેને સાસરે દુઃખી જોઈ પ્રેમની પરવશતાને કારણે કલાપીએ તેની સાથે લગ્ન કરવા ઇચ્છ્યું. તે પ્રસંગે 'આ રસ્તે ચડવા જેવું નથી' એમ કડક શબ્દોમાં એકમાત્ર મસ્ત કવિએ કલાપીને કહેલું. તો યે છેવટ તા. ૧૧-૭-૧૮૯૮ના રોજ કલાપી-એ શોભના સાથે લગ્ન કર્યાં, ત્યારે નારાજ થઈ મસ્ત કવિએ સંબંધ તોડી નાખ્યા જેટલું કડક વર્તન બતાવ્યું. કલાપીએ કહ્યું: 'મારે અત્યારે સહુથી વધુ જરૂર સ્નેહની છે ત્યારે જ, ભાઈ, તમે મને પાટુ મારીને જશો?'

આ વાક્ય પૂરુ કરતાં કલાપી ઢીલા થઈ ગયા ને મસ્ત કવિ રોકાઈ ગયા.

શોભના સાથે લગ્ન કરી કલાપી તેને લઈ મહાબળેશ્વર કે માથેરાન ગએલા. દામ્પત્યના સૂક્ષ્મ ભાવોનો પરિચય કરાવવાના ઇરાદાથી કલાપીએ ગોઠવણ કરેલી કે પોતાના ગુરુ શાસ્ત્રી પ્રભુલાલ પ્રભાશંકર (સં. ૧૯૨૪થી ૧૯૭૦) ઉત્તર રામચરિત તથા અભિજ્ઞાન શાકુંતલ શોભનાને ભણાવે. પણ શાસ્ત્રીજી ન કરી શક્યા તેથી એ કામ મસ્ત કવિ પર આવ્યું.

મસ્ત કવિ ગાદીતકીએ કે આરામખુરશીમાં બેસે ત્યારે જો પાસે કોઈ ન હોય તો ટેવ એવી કે ડંગોરાને બાજુમાં મૂકી, ફેંટાનું ઓશીકું કરી, પગ લંબાવી બંધ આંખે પડ્યા રહે. એક દિવસ સવારે મસ્ત કવિ આ રીતે સામે ટીપૉઈ પર પગ લંબાવી આરામખુરશીમાં પડ્યા હતા. કલાપી નાહવા ગયા હતા. તે વખતે દાસીના દરજ્જામાંથી લબ્ધપ્રતિષ્ઠ રાજાનાં એકાએક માનીતાં રાણી થએલ શોભના હાથમાં ઉત્તરરામચરિત લઈને 'આવી છું' કહી ઊભાં રહ્યાં. મસ્ત કવિએ આંખો ઉઘાડી ત્યાં શોભનાએ પૂછ્યું: 'ગુરુજી! હું કેવી લાગું છું?'

ને ક્રોધથી ગુરુ ખુરશી પરથી બેઠા થઈ ગયા. ટીપૉઈ ઊથલી પડી. ગાલ પર થપ્પડ મારી દેવા હાથ ઉગામી તાડૂક્યા: 'કહું, કેવી લાગ છ?' ને તે સાથે બૂમ મારી: 'ઠાકોર!'

બૂમ સાંભળી કલાપી બાથરૂમમાંથી તત્કાલ ભીને શરીરે ટુવાલ વીંટી દોડતા આવ્યા. તે જોતાં જ કવિ ગાજી ઊઠ્યા: 'ઠાકોર, હું જાઉં છું.'

આશ્ચર્યમૂઢ બની કલાપીએ પૂછ્યું 'કેમ?'

'પૂછ તારી બાયડીને. હું એનો ગુરુ છું, મોટેરો છું, એ કાંઈ જોતી નથી ને નવાં કપડાં પૅરી આવીને સામે ઊભી મને પૂછે છે કે કેવી લાગું છું! આ થોંટ મારીને બતાવત કે કેવી લાગે છે. મારે એવીને કાંઈ ભણાવવું નથી ને એવીના ધણી હારે રે'વું નથી.' કહી, ફેંટા-ડંગોરો લઈ, સામાન પડ્યો રહેવા દઈ કવિ તત્કાલ ચાલી નીકળ્યા. કલાપી ભીને શરીરે મનાવતા રહ્યા પણ પાછું વળી જોયું યે નહિ.

એ મહુવા આવ્યા ને પાછળ કલાપી તરફથી રૂા. ૨૫/–નો મની ઑર્ડર ને કાગળ આવ્યો. પત્રમાં જણાવેલું: 'તમે મારા કામે સાથે આવેલા તેથી જવાઆવવાનો ખર્ચ મારે આપવો જોઈએ. તો મનીઑર્ડર ભલા થઈને સ્વીકારી લેશો. ગુરુજીએ (શાસ્ત્રી પ્રભુલાલે) આપણને ઘણી વાર એ શ્લોક કહ્યો છે કે મિત્રે મિત્રને સન્માર્ગે દોરવો જોઈએ, ખોટું કાય કરવામાંથી બચાવવો જોઈએ, તેને છોડી ન દેવો જોઈએ. તમે તો શોભનાની ભૂલ જોઈ નાસી આવ્યા! એવું ન હોય. તમને સંતોષ થ.ય એવાં અમને બંનેને બનાવવા માટે તમારે અમારી સાથે રહેવું જોઈએ. તમારી પરીક્ષા કરું છું...' ને પાછા કવિ લાઠી જઈને કલાપીને ભેટી પડ્યા!

શોભના સાથેના લગ્ન પછી બે વર્ષના ગાળામાં લાઠીમાં જ કલાપી બે વાર અચાનક સખત બીમાર પડી ગએલા. ડૉક્ટરી દવાથી ઠીક ન થયું ત્યારે ઝંડુ ભટ્ટજીના સાળાના દીકરા ને કલાપીના ગુરુ પ્રભુલાલ વૈદ્યના ઉપચારથી બચી ગએલા. એ બીમારી શારીરિક દોષથી નહિ પણ વિષ ખવાવાના પરિણામે હોવાનું પ્રભુલાલ વૈદ્યનું કહેવું હતું. આથી મસ્ત કવિએ રમાબાને ઠપકો આપતાં કહેલું: 'તમે જ મુખ્ય રાણી છો ને ઠાકોર તમને વશ વર્તે છે. ઠાકોરને આવું કાંઈ થાય એ તમારો જ વાંક કહેવાય. એ છે વેમાં તમારુ સૌભાગ્ય છે, એ જોવાની તમારી ફરજ છે. તમે ધર્મ ચૂક્યાં એટલે ઠાકોરને બીમારી આવી. તેની તમને શરમ થવી જોઈએ.'

આ આકરા શબ્દો રમાબાએ ત્યારે સહી લીધા, પણ કલાપીના છેવટના ભયંકર મંદવાડના ખબર દઈ વૈદ્ય પ્રભુલાલે મસ્ત કવિને તાર કરી તેડાવ્યા ને ભાવનગરથી એ લાઠી પહોંચે ત પહેલાં કલાપી દેવ થઈ ગએલા ત્યારે રાજકુટુંબને મળવા કવિ ભાંગેલે હૃદયે ક્રોધાવેશમાં રાજદરબારમાં ગયા ત્યારે તેમને રમાબાએ કહેવડાવી દીધું: 'ઠાકોર ગયા તેની સાથે તેનો સંબંધ પણ ગયો.' રમાબા તેમને ત્યારે કે તે પછી કદી યે મળ્યાં નહિ.

મસ્ત કવિએ ભાવનગર આવી કપડાં બદલાવી નાખ્યાં. મિત્રના વિરહીએ પગની પાનીને અડકે એટલી લાંબી કફની આજીવન ધારણ કરી. ઠાકોર ગયા, મસ્તકવિ યે ગયા, પણ એ સંબંધ ન ગયો–રહી ગયો.

મસ્ત કવિ વચેટ ભાઈ હતા. દેહે ત્રણ ભાઈ ઓ હતા, પણ વ્યક્તિત્વથી એક હતા. મહુવા ભાવનગર વચ્ચે સાઠ માઈલનું અંતર છે. એ વખતે ટ્રેઇન ન હતી. ભાવનગરથી મહુવા કે મહુવાથી ભાવનગર જવા એક ભાઈ નીકળે તો બીજા તેને વળાવવા સાથે નીકળે. ભાવનગરથી ૩૬ માઈલને અંતરે આવેલા તળાજામાં આવી સાથે રાત ગાળે, વહેલી સવારે એકાબીજાને ભેટી વળાવીને વિખૂટા પડે.

આવા ભાઈ ઓમાંથી મોટા ભાઈ મણિશંકર, ભાવનગરમાં વિઠ્ઠલદાસ ગીરજાશંકરના મકાનનો અમુક ખંડેર જેવો ભાગ તોડી ત્યાં નવેસરથી બાંધકામ થતું હતું તે પર દેખભાળ માટે રહેલા, એ અરસામાં ગામમાં મરકીનો ભયંકર રોગ ફાટી નીકળેલો. પચીસત્રીસ હજારની વસ્તીવાળા ગામમાં રોજ પંદરથી વીસ મરણ મરકીથી થતાં. જૂના અવાવરુ મકાનના કાટમાળની વચમાં રહેવું ને ત્યાં જ રાતે સૂવું એ જોખમકારક મરકીને ને મોતને નોતરવા જેવું છે એમ સમજાવી ઘેર આવવા મસ્ત કવિએ વારંવાર તેને વિનંતી કરી પણ મોટા ભાઇએ નોકરીની નિષ્ઠાને કારણે એ માની નહિ. ચાર છ દિવસમાં મણિશંકરના સાથળે મરકીની ગાંઠ નીકળી ને સખત તાવમાં ઝડપાયા. પછી ઘેર આવ્યા.

મરકીના તાવની ગરમી અસહ્ય હોય છે. એ કાળે બરફનું સાધન ન હતું. મોટા ભાઈની તાવની વેદના જોઈ ન શકવાથી ત્રિભુવન દિ'રાતમાં ત્રીસ ચાળીસ વખત ઠંડે પાણીએ નાહતા. પાણી ઠંડું કરવા ત્રણ નાંદ ખરીદેલી. એમ નાહીને લંગોટી જેવડું પંચિયું પહેરી, ભાઈના શરીરને ઠંડક થાય તે માટે ખુલ્લે શરીરે ભાઈને બથ ભરીને સૂતા રહેતા. ઘડી આ બાજુ, ઘડી તે બાજુ, એમ બેઉનાં અંગ બદલતા. ગાંઠ ફાટીને મોટા ભાઈનું અવસાન થઈ ગયું તો યે ત્રિભુવને બથ છોડી ન હતી.

કલાપીની ભલામણથી ભાવનગર મહારાજાએ મસ્ત કવિને પેન્શન બાંધી આપેલું ને આગ્રહથી ભાવનગરમાં વસાવેલા. મહારાજા ભાવસિંહજીનું વ્યક્તિત્વ વિરલ પ્રભાવશાળી દીવાન પ્રભાશંકર તળે દબાઈ ગયું. પણ એ એવા નીતિપરાયણ, ગુણજ્ઞ, પ્રજાવત્સલ રાજા હતા કે પ્રભાશંકર તેને સન્માનથી વળગી રહેલ, ને તેના બાળકુંવર કૃષ્ણકુમારના ઉછેર પાછળ પોતાની આર્થિક સામાજિક ઉન્નતિની તકો જવા દીધેલી. મહારાજાનું જીવનચરિત્ર લખાવવા તેમણે ચન્દ્રશંકર પંડ્યાને રોકેલા, જે થયું નહિ.

એ મહારાજાને સાશક અંગ્રેજો પ્રત્યે સૂગ હતી. સરકારમાંથી ભલામણ હોય તો યે કોઈ અંગ્રેજને રાજમાં નોકરી ન આપતા, તેમ જ અંગ્રેજ અમલદારને વિનાકારણ મુલાકાતે આવવા ન દેતા. આમ છતાં ફિટ્ઝજિરાલ્ડ નામે એક અમલદાર રાજકોટથી મુલાકાતે આવેલા, ત્યારે તેણે ખાણા ઉપર એક અમલદારનું અપમાન કર્યું. એ ખબર મળતાં જ મહારાજાએ ફોન પર ફિટ્ઝજિરાલ્ડને બોલાવી કહી દીધું: 'મારા મહેમાન થઈ મારા અમલદારનું તમે અપમાન કર્યું તે મારુ જ અપમાન છે. તે કારણે સવાર પહેલાં ભાવનગર છોડી જાઓ અગર લેખિત માફી માગો. નહિ તો તમારી સામે ધોરણસર પગલાં લેવાં પડશે.' ને તે અંગ્રેજ મૌખિક માફી માગી રાતોરાત ભાવનગર છોડી ગયો.

આ રીતે કડક થઈ શકનાર રાજવી મસ્ત કવિ તથા કાન્ત પ્રત્યે વિનયથી જ વર્તતા. આ કવિયુગલને સરિયામ રસ્તા પર પણ વચ્ચે ચાલવાની આદત હતી. બન્ને સાથે હોય તો રસ્તો ભરેલો લાગે. એ વખતે સામેથી મહારાજા નીકળે તો પોતાની ગાડી એક બાજુ તારવીને થોભાવે તથા કવિને જ્યાં જવું હોય ત્યાં પોતે મૂકી જવા તત્પરતા દાખવે. અને કવિ પણ એવા કે એ રીતે કદી યે ગાડીમાં બેઠા નહિ. મહારાજા ઘણી

વાર જાતે મસ્ત કવિને ત્યાં તેમને તેડવા જતા ત્યારે નોકરને અંદર ન મોકલતા, જાતે જતા; અને કવિ મેડીએ હોય તો બટ્ટ ઉતારી હળવે પગલે દાદરો ચડતા. કવિ ગાદીતકીએ આંખ બંધ કરી પડયા હોય તો મૂંગા-મૂંગા રાહ જોતા ઊભા રહેતા ને કવિ આંખ ખોલે પછી પૂછતા: 'લેવા આવ્યો છું; પધારશો?'

પ્રથમ રાણી દેવકુંવરબાના અવસાન પછી આ મહારાજાએ નંદકુંવરબા સાથે લગ્ન કરેલું. એ રાણીસાહેબ રાજકારણમાં રસ લેતાં. પ્રભાશંકર પટ્ટણીએ એ કારણે ભાવનગર છોડેલું. ઈ. ૧૯૧૪-૧૮ના મહાવિશ્વ-યુદ્ધ વખતે મિત્રરાજ્યોની કાર્યપ્રશંસા માટે રાણીસાહેબે પોતાના તંત્રી-પદે 'બ્રિટિશ અને હિંદી વિક્રમ' નામે સામયિક શરૂ કરેલું. એ નંદકુંવરબા-એ મસ્ત કવિને બોલાવીને એ સામયિક માટે કાવ્યો લખી આપવા કહ્યું. કવિએ લાગલી ના કહી. દીવાન તન્નાસાહેબે કહ્યું: 'ના ન કહેવાય. મણિ-શંકર કવિ છે ને તે લખી જ દે છે ને? તમે રાજના પેન્શનર છો. તેથી લખી જ દેવું જોઇએ, ને રાણીસાહેબને ના કહેવાય જ નહિ.'

સાંભળતાં જ બેઠેલા કવિ ઊભા થઈ ગયા ને ડંગોરો ઠોકી તાડૂક્યા: 'કોણ થા છ તું? આંચકી લે પેન્શન, નથી જો'તું. મણિશંકર ઠીક પડે તે કરે; મારે શું કરવું તે મારે જોવાનું. કોઈના કે'વાથી હું કાંઈ ન લખું.' કહી તેમણે ચાલતી પકડી. વળતાં માર્ગમાં કાળુભા રાણા મળ્યા. તેમણે કવિ-ને ઉતાવળે આવેશમાં ચાલતા જોઈ રોકીને પૂછ્યું. ત્યારે કવિએ હકી-કત કહીને ઉમેર્યું: 'કે'જો રાણીને કે ત્રિભુવન કેઇનો નોકર નથી.સાહિત્ય-ની, નીતિની, ધર્મની વાત સાંભળીને આચરવી હોય તો મોટાઈ ભૂલીને બોલાવે, નહિતર બોલાવે નહિ. ભલે પેન્શન ખૂંચવી લે.'

સાંજે મહારાજા મસ્ત કવિને ત્યાં ગયા ત્યારે કવિએ કહ્યું: 'શું મોઢું લઇને આવો છો?' મહારાજાએ કહ્યું: 'આજ સવારની બીના જાણી એટલે માફી માગવા આવ્યો છું. આપને એ કામ માટે બોલાવશે તે ખબર ન હતી. તન્નાસાહેબે રાણીસાહેબને સલાહ આપેલી.'

'શું ખબર નો'તી?' કવિએ કહ્યું: 'તમને ખબર ન હોય તેમ રાણીએ માથું ન મારવું જોઇએ; ને યાદ રાખો કે દીવાને રાજાને સલાહ દેવાય, રાણીને સીધી નહિ. એવું થાય તે પાયાની ભૂલ.'

મહારાજાએ વાત સ્વીકારી લીધી ને બન્ને ફરવા નીકળ્યા.

મસ્ત કવિ અને કવિ 'કાન્ત'ની મૈત્રી બાલ્યકાળથી હતી. કાન્તના મોટા ભાઈ માધવજી રતનજી ભટ્ટ મહુવા તાલુકાશાળામાં હેડમાસ્તર હતા, ત્યાં વૅકેશનમાં કાન્તને જવાનું થતું. મસ્ત કવિ સાથે 'કાન્ત'ની ને માધવજીના પુત્ર હરિલાલ સાથે મસ્ત કવિના નાના ભાઈ હરગોવિંદની મૈત્રીનાં બીજ સાથે જ નંખાયાં. તેમાં કલાપી ભળતાં મૈત્રી પાંગરી. કાન્ત ભાવનગર આવી સ્થિર થયા પછી મૈત્રીસુખ બન્નેએ ભોગવ્યું. સ્વીડનબોર્ગની અ-સર તળે આવી કાન્તે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો તેને અંગે બ. ક. ઠાકોર જેવાની મૈત્રી તૂટેલી, પણ આ સત્યનિષ્ઠ, નિઃસ્પૃહી અકિંચન, શુદ્ધ બ્રાહ્મણ પરંપરાના અવશેષ જેવા મસ્ત કવિ સાથે એ ઘનિષ્ઠ બનતી ગઈ.

કવિ કાન્તને ક્યારેક ક્યારેક ઉન્માદનો આવેશ થઈ આવતો, ને ત્યારે કાન્તનાં પત્ની સૌ. નર્મદા મસ્ત કવિને બોલાવતાં. તેને જોતાં કાન્તનો ઊભરો શમી જતો. મસ્ત કવિને પણ વગર બોલાવ્યે જવાનું કોઈ સ્થાન હોય તો તે કાન્તનું ઘર. રોજ રાત્રે મસ્ત કવિ કાન્તને ત્યાં જાય ને મોડી રાત્રે પાછા ફરે. મધરાતે મસ્ત કવિ ધ્યાનમાં બેસતા અને ક્યારેક લાગટ ચારપાંચ કલાક ધ્યાનમાં જતા.

ઈ. સ. ૧૯૧૮ના ચોમાસામાં સૌ. નર્મદાનું અવસાન થતાં કાન્ત ઘરમાં એકલા પડી ગયા. જ્યેષ્ઠ પુત્ર મુનિકુમારથી તે અસંતુષ્ટ રહેતા. ત્યારે મસ્ત કવિ ઓથ રૂપ હતા. છેવટ ઈ. સ. ૧૯૨૨માં પુત્રી હૃદયલક્ષ્મીના અવસાનના આઘાતથી વ્યથિત હૃદયે, કેવળ એક ટ્રંક લઈ કવિ કાન્ત

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩

મોં આવવું

મોંને પેટની આરસી કહે છે. પેટમાં કબજિયાત, અપચા કે આફરા જેવું થાય ત્યારે મોં આવી જાય છે. આયુર્વેદમાં તેને **મુખપાક** અને આધુનિક વિજ્ઞાનમાં **Stomatitiasis કહે છે.**

મુખપાક પિત્તનો રોગ છે. મોંમાં આવેલી શ્લેષ્મિક કળામાં પિત્તને લઇને ચાંદાં પડી જાય છે. આનું કારણ ખોરાકમાં ગરમ અને તીખા પદાર્થોની અધિકતા પણ ક્વચિત હોય છે. મુખપાક-માં મોંનાં ચાંદાં સાથે ખોરાક ઘસાતાં બળતરા અને વેદના થઈ ખાવામાં ખૂબ મુશ્કેલી જણાય છે ને પૂરું ખાઈ શકાતું નથી.

ચિકિત્સા: (૧) હરડે કે ત્રિફલા ચૂર્ણનો રોજ રાત્રે જુલાબ લઈ પેટ સાફ કરી નાખવું. (૨) તીખા અને ખારા પદાર્થો ખાવા બંધ કરવા; હલકો અને મોળો ખોરાક ખાવો. આ માટે દૂધભાત ઉત્તમ છે. (૩) લીંબુનું શરબત દિવસમાં બેત્રણ વાર પીવું. (૪) મોળી છાશ જીરું-મીઠું નાખીને પીવાથી પણ ખૂબ રાહત થાય છે. (૫) ત્રિફલા, સોનાગેરુ અને ફટકડીના મિશ્રણનો ઉકાળો કરી તેનાથી વારંવાર કોગળા કરવા. (૬) બહેડાની છાલ કે ખદિરાદિ વટી મોંમાં રાખી ચૂસવી. (૭) ઝડપી ફાયદો મેળવવા માટે ઇરિમેદાદિ તેલ અને જાત્યાદિ તેલ દિવસમાં પાંચ-છ વખત પાથી અરધો કલાક મોંમાં ભરી રાખવાં.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

ઉપર્યુક્ત ઉપચાર ઉપરાંત દાડમની છાલ (તાજી ન મળે તો ગાંધીને ત્યાં સૂકી પણ મળે છે) ચાવવી અને લાળ નીતરતી મૂકવી. એનાથી બળતરા તો થશે, પણ ચાંદાંમાં તરત રાહત થઈ જશે. (સં.)

ભાવનગરથી દસ માઈલ દૂર ખોડિયાર મંદિરની ધર્મશાળામાં જઈ રહ્યા. તે વખતે એક વાર મસ્ત કવિ ઓસરતી રાતે ધ્યાનમાંથી ઊઠી ચાલતા-ચાલતા કાન્તને મળવા ખોડિયાર ગએલા. ચાલીને આવવાનું કારણ પૂછતાં મસ્ત કવિએ કહ્યું: 'મને રાતમાં ધ્યાનમાં એવો ભાસ થયો કે હવે આપણે વધુ વખત સાથે નથી.' એ પછી થોડા દિવસે ભાવનગર એક રાત આવી કવિ કાન્ત કાશ્મીરની મુસાફરીએ ગયા ને વળતાં ટ્રેઇન-માં તા. ૧૬-૬-૨૩ના રોજ તેમનું અવસાન થવાના તારથી સમાચાર આવ્યા. એનો આઘાત મસ્ત કવિ માટે અસહ્ય હતો. તેનો દુહો છે:

'પે'લાં બે પાંખો ગઈ, શીશ ગયું છે આજ;
મસ્ત કવિ ત્રિભુવન થયો હવે કાળનું ખાજ.'

શીશ એટલે કવિ કાન્ત. મસ્ત કવિને છાતીનો દુઃખાવો થઈ આવ્યો. પોતે હવે જીવી નહિ શકે એમ નાના ભાઈ હરગોવિંદને જણાવી દીધું. અને એ વિચારે, કલાપીના જમાઈ રાજકોટના ઠાકોર લાખાજીરાજનો ઘણા વખતથી તેડાવવા માટેનો આગ્રહ હતો તેથી જઈ આવવા માટે ગયા. તા. ૨૭-૭-૨૩ના રોજ સવારે રાજકોટ પહોંચ્યા ને ગેસ્ટહાઉસમાં ઊતર્યા. ત્યાં લાખાજીરાજનું પુછાણ આવ્યું કે કવિ રાજમહેલે આવે છે કે પોતે કવિ પાસે આવે? કવિએ 'આવું છું' એમ કહેવડાવ્યું અને માણસને કૉફી બનાવવા કહ્યું. તે તૈયાર થઈને આવે તે પહેલાં મસ્ત કવિ હૃદ્રોગના હુમલાથી અવસાન પામી ગયા! તેમના મૃતદેહ ઉપર ફૂલહાર મૂકતાં કલાપીનાં પુત્રી રાણી રમણીયકુંવરબા રડી પડયાં.

ઈ.સ. ૧૯૨૫ તથા ૧૯૨૭માં રાજકોટમાં પ્લેગ ફાટી નીકળતાં ઘેર ઘેર દરદીની જાતે તપાસ કરવા નીકળનાર લાખાજીરાજ ત્યારે મસ્ત કવિ-ની મોટા ભાઈની પરિચર્યા વારંવાર યાદ કરી સહુને કહેતા. □

ક્હોંત સી બાતેં ઐસી હી હોતી હૈ જિસકા

ન સર-ન પૈર

એવી એક વાર્તા....કલહંસ જોષી

રાજાશાહીના વખતમાં મને મારા વીમાના કામ અંગે કાઠિયાવાડને ખૂણે આવેલા ધ્રોળ ગામે જવાનું થયું. વીમો રાજકુટુંબનો લેવાનો હતો, પણ ત્યાં પહોંચતાં જાણ્યું કે રાજાસાહેબ એમના ગરડિયા નામના ગામે તળાવ ઉપરના ગીચ વનશ્રીથી વિંટળાએલા બંગલામાં મુકામ કરે છે, એટલે બે ઘોડા જોડેલી ભાડૂતી ખુલ્લી ગાડી, જેને ત્યાં માજોલી કહેતા તેને સીધી ગરડિયા લેવા મેં ગાડીવાનને કહ્યું.

રાત પડવા આવી હતી અને ગરડિયા ગામ અઢી-ત્રણ ગાઉ દૂર હતું, એટલે બેએક માઈલ જતાં તો બિલકુલ અંધારું થઈ ગયું. ગાડીવાન રસ્તાનો અજાણ્યો હતો, અને હું પણ આ તરફ પહેલી જ વાર આવતો હતો, એટલે હવે આગળ વધવું સલામત ન હતું; તેથી બની શકે તો ક્યાંક નજીકમાં જ રાત ગાળી સવારે આગળ વધવા વિચાર કર્યો. ત્યાં તો નજીકના એક મંદિરના પૂજારીનો રસ્તે મેળાપ થયો અને ત્યાં જ રાતવાસો કરવાનો નિશ્ચય કરી અમે એની સાથે ચાલ્યા.

રહ્યાસહ્યા ઝાંખા પ્રકાશમાં મેં જોયું કે અમારા માર્ગની બંને તરફ નજર પહોંચે તેટલે સુધી પુરાતન ખાંભીઓ-પાળિયાઓનું લગભગ વન જ હતું. બધી જ ખાંભીઓ ટાઢ તાપ અને વરસાદને અંગે કાળી પડી ગએલી, ઝાંખા પ્રકાશમાં ભયાનક લાગતી હતી. મેં પૂછ્યું: 'મહારાજ! આ જગ્યા કઈ છે? અને આટલા બધા આ પાળિયા શાના છે?'

'વો તો હમેં માલુમ નહિ, મગર યહાઁ ભૂતકાલ મેં એક બડા ભારી યુદ્ધ ખેલા ગયા થા. યે ઈસ તરફકી પ્રખ્યાત યુદ્ધભૂમિ ભૂચડ મોરી હૈ.'

'હેં? શું આ જ ભૂચર મોરી! લડાઈ વિષે તો મેં ઘણી વાતો સાંભળી છે. ચાલો સારું થયું. અહીં હવે એ નજરે જોવાશે.'

ત્યાં તો અમે એક કોટબંધવિશાળ વંડા પાસે આવી પહોંચ્યા. ગાડીવાને ત્યાં ઘોડા છોડી ચારો નાખ્યો અને તે ત્યાં જ રોકાઈ રહ્યો.

મેં કમાડબંધ ડેલીમાં પ્રવેશ કરી જોયું તો સામે જ છાતી સમા ઊંચા ઓટલા ઉપર બે મધ્યમ કદનાં શિખરબંધ શિવમંદિર હતાં. ઓટલાની નજીક ઉત્તર તરફ એકઢાળિયા જેવી લાંબી પરસાળ હતી, ત્યાં મારો સામાન મૂકવામાં આવ્યો અને સૂવાની વ્યવસ્થા ત્યાં જ લાકડાની ઊંચી પાટ ઉપર નાની બારી પાસે કરી. પાટ પાસે નાગડા વજીરની અને સતીઓની મોટી ખાંભીઓ હતી જેનાં પર તાજો સિંદુર ચડાવેલો હતો. વંડાની અંદરની બાકીની જમીન ખુલ્લી હતી પણ તે ઝાડ-ઝાંખરા તથા કાંટા ઊગી નીકળતાં અવાવરુ જણાતી હતી.

પૂજારી ઉત્તર ભારતનો બ્રાહ્મણ હતો. તે આ તરફ વતન છોડી પોતાની સ્ત્રી, ઘરભંગ નાનો ભાઈ અને ભાઈની છોકરી સાથે આવ્યો હતો અને ઠીકઠીક સમય થયાં અહીં રહી ભૂતનાથ મહાદેવની પૂજા કરતો હતો.

સંધ્યા આરતી થઈ રહ્યા બાદ હું દર્શનપ્રદક્ષિણા કરી ઓટલાનાં પગથિયાં પાસે બેઠો, એટલે પૂજારી પાણીનો લોટો પ્યાલો લઈ આવ્યો. મેં પૂછ્યું: 'શંકરની પૂજા કરો છો તો બાવાજી હશો. તમારું નામ શું?'

'નહિ જી, હમ બ્રહ્મન હૈ-મૈં ગનપત પાન્ડે ઔર મેરા છોટા ભાઈ લાલા, લાલા કી ભૌજી જાનકી,-મેરી ઔરત—ઔર ભતીજી, લાલા કી લડકી સુખિયાં; વો લોગ ગડરિયા કેરે હૈં.'

'ત્યારે હાલમાં જમવા-કરવાનું હાથે જ કરતા હશો?

'જી હા, હમ સ્વયંપાકી હૈં. અચ્છા આપ કુછ ભોજન કરોગે?'

મેં કહ્યું: 'જુઓ ગણપત પાન્ડે! આટલો રાતભરનો તમે આશરો આપ્યો તે ઘણું છે. તમને વધુ તકલીફ આપવી નથી. અમે ચલાવી લેશું.' મારી નજર સામે સાથે લીધેલા બિસ્કિટનાં પડીકાં હતાં.

'ઐસા કૈસે ચલે? ભૂક સે નાન ભી ક્યો કટે? કહિયે ક્યા બનાઉં આપકે લિયે?' થોડી રકઝકને અંતે મેં જે કાંઈ હશે તે ચાલશે એમ કહ્યું અને એ મારા તથા ગાડીવાન માટે રસોઈને કામે લાગ્યો.

થોડી વારે તે ઘઉંના બે જાડા રોટલા જેને તે ખુરક પરોઠા કહેતો હતો તે પર દેશી ગોળનું મોટું દડબું મૂકી લાવ્યો. લસણની ચટણી, ડુંગળીની કાતરેલી કચુંબર અને ચોખ્ખા ઘીની મિશ્ર-માદક સુગંધે મારી ભૂખ બમણી વધી ગઈ. અને મેં તેને ન્યાય આપવાનું શરૂ કર્યું.

જમતાં જમતાં મેં જાણી લીધું કે વંડાની દક્ષિણે આમલી, પીપળા જેવાં ઝાડોની ઘેરી ઘટા જેવું હતું એ જૂનું કબ્રસ્તાન હતું, જેમાં સુલતાનના માર્યા ગએલા માણસોની કબરો હતી. અને પાછળના વાડામાં જામ અજાજી અને તેની સતીઓની ડેરીએ તથા ખાંભીઓ હતી.

જમવાનું પૂરું થતાં થોડી વારે એ તરફ અમે લટાર મારી આવ્યા, અને પાછળથી ઊગતા આવતા પૂનમના ઝાંખા પ્રકાશમાં ફક્ત ઓળા અને આકૃતિઓ સ્વરૂપે એ બધું જોયું. મારું મન ખિન્ન બની રહ્યું. વળી, આજે મેં આઠદસ ગાઉ દૂરના એક રેલવે સ્ટેશને ઊતરી ટપ્પાની મુસાફરી કરી હતી તેમાં ઠીકઠીક હાડકાં ખોખરાં થયાં હતાં તેનો થાક પણ હતો. એટલે અમે તરત પાછા ફર્યા.

બેમાંથી એક મંદિર ઉપરની સાંકડી અગાશી એ પૂજારીનું શયનગૃહ હતું. હું પણ પરસાળમાં સૂવા ગયો, નજીકની નાની બારીમાંથી પૂનમના ચંદ્રનો પ્રકાશ મારા મુખ ઉપર પડતો હતો તે અને અહીંનું શાંત વાતાવરણ આહ્લાદક લાગ્યું અને આંખો થાકને લઈ ઘેરાઈ ગઈ.

હું ક્યારે અને કેમ જાગી ગયો તે નથી જાણતો, પણ જાગ્યો ત્યારે નાની બારીમાંથી દેખાતો ચંદ્ર આકાશમાં સારી પેઠે ઊંચે ચડ્યો હતો. ફરી કોશિશ કરવા છતાં ઊંઘ આવતી ન હતી. થોડીવાર ચંદ્રને જોતો હું પથારીમાં પડ્યો રહ્યો, પણ આખરે કંટાળી પરસાળના દરવાજા ખોલી ફળિયામાં આવ્યો. મધુર ચાંદની, નિઃશબ્દ રાત્રિ ને આ એકાન્ત વગડાની રણભૂમિ! ખરેખર આ બધું વારંવાર માણવા જેવું લાગ્યું.

હું વંડાનાં કમાડ ખોલી બહાર આવ્યો. ત્યાં ગાડીવાન ગાડીની ગાદીઓ પર ભર ઊંઘમાં પડ્યો હતો. તેને જોઈ હું કેડી ઉપર આગળ વધ્યો અને કબ્રસ્તાન નજીક આવી પહોંચ્યો.

કબ્રસ્તાન ફરતી મેંદી અને બીજા કાંટાની લીલી ઘાટી વાડ હતી. તેમાં વળી થોડે થોડે દૂર લીમડા, બકાન અને આંમલીનાં મોટાં વૃક્ષો પણ હતાં. તેની લીલા રંગની રંજકતા અત્યારે દેખાતી ન હતી, અને તેના કાળા ઓળા જે પડતા હતા. તે ભયાનક જણાતા હતા. વાડમાં પ્રવેશવાનો માર્ગ સામે જ હતો. ત્યાં બાજુમાં તે બંધ કરવા કાંટાનું એક મોટું ઝરડું પડ્યું હતું, અત્યારે તે માર્ગ ખુલ્લો હતો અને એક ફકીર જેવો પાતળો વૃદ્ધ પુરુષ વચ્ચે ઊભો હતો. હું નજીક પહોંચ્યો એટલે તેણે કહ્યું: 'બચ્ચા! આ ગયા? મૈં તુમ્હારા હી ઇન્તઝાર કર રહા હૂઁ: આજ શામ યહાઁ ગાડી સે તુમ હી આયે?'

મેં કહ્યું: 'હા બાપુ! હજુ તમે સૂતા નથી'. મારી માફક જાગો છો? વગર પરિચયે નિકટતા સાધવા મેં કહ્યું. સાંઈએ કહ્યું: બહુત સોયે: અબ સોના ભી કહાં તક?' પવનની એક લહેરખી આવી એમાં એમની ધોળી દાઢી માથાના રૂપેરી ધોળા વાળ અને એમની ધોળી કફની-ધવલ ચાંદનીમાં ઓતપ્રોત થઈ જતાં લાગ્યાં.

મેં પૂછ્યું: 'આ ધૂપ-લોબાન અને અગરબત્તીની સુગંધ અહીં તાજી જ આવી રહી છે. એ કઈ તરફથી આવે છે?' હું ચોતરફ જોવા માંડ્યો.

'કહાઁ સે આતી હૈ વો મુઝે ભી માલમ નહિ કોઈ કોઈ બાતેં સમઝી નહિ જાતી, ઔર સમઝને કી કોશિશેં ભી બેકાર હોતી હૈં.'

વાતો કરતાં એઓ આગળ અને હું પાછળ કબ્રસ્તાનના મધ્ય સુધી જઈ પહોંચ્યા, હવે ઊંચા પડથારો ઉપર મોટી મોટી કબરો અમારી સામે હતી. સાંઈ કહે: 'યહ સુબા-એ-પાદશાહ કી મઝાર હૈ. વો બડે પાક-નેક થે, નમકહલાલ થે. યહાં પે નાગડા વઝીરને ઉન્હે બરછી માર દી. ખુદ ઘાયલ હો ગયા, ઔર ભાગ નિકલા...કહૉં? માલૂમ હૈ? ઉસ તરફ...વહૉં...વહૉં' એણે હાથ લાંબો કરી નાગડા વઝીરની ખાંભીની દિશા બતાવી. તે તરફ હું જોતો રહ્યો, અને થોડી વારે નજર વાળી સાંઈ તરફ જોયું તો તેઓ ત્યાં ન હતા. પણ તકિયાની ઊંચી કબરોની વચ્ચે જતા મારા જોવામાં આવ્યા—જાણે કે તેમાં સમાઈ જતા કે પીગળી જતા ન હોય! અને બીજી ક્ષણે લોબાન-ધૂપની જોરદાર સુગંધ મને ઘેરી વળી.

હું જે માર્ગે આવ્યો હતો તે જ માર્ગે મંદિરની દિશામાં પાછો વળ્યો, અને ઝડપથી એક બાજુએ સૂતેલા ગાડીવાન પાસે થઈ વંડાના દરવાજા પાસે આવી પહોંચ્યો, ત્યાં પાછળથી કોઈના ખાંસવાનો અવાજ આવ્યો. હું અટકી ઊભો. મારી પાછળ એક અતિવૃદ્ધ ગામડિયા જેવો ડોસો આવતો હતો. તેને ખભે ધાબળો હતો અને હાથમાં મોટી ડાંગ પકડેલી હતી. તે નજીક આવ્યો અને મને પૂછ્યું: 'કબ્રસ્તાન કોર ગ્યા' તા?' મેં હા કહી. તેણે કહ્યું 'આવે, કટાણે એકલા ઈ તરફ જાવું નો'તું'.

મેં પૂછ્યું: 'કેમ?' એણે જવાબ ન આપ્યો.

ફરી મેં કહ્યું: 'હું એવી શંકા રાખતો નથી, અને એવી વાતોમાં માનતો યે નથી. વળી ત્યાં તો કબ્રસ્તાનના રખેવાળ મુજાવર પણ છે.'

તેણે કહ્યું: 'ઈ જ વાત છે ને! ઈવડો ઈ આ કબ્રસ્તાનનો છપ્પનિયાકાળ મોરનો પણ છેલ્લો ફકીર: હવે કોઈ બીજો ફકીર આંહીં આવતો ય નથી અને રે'તો યે નથી. ઈ કયેંક કોકને દેખા દીએ ને વાતુ કરે; ને ધૂપ ધુંવાડાની ભભક છૂટે.' આ શબ્દોએ મને વિમાસણમાં મૂકી દીધો અને હું બાજુના પાળિયાને ઓટે વિચારતો બેઠો. તે વૃદ્ધ પણ મારી સામે એક ખાંભીને અઢેલી ઊભો રહ્યો. તેણે કહ્યું: 'આંઇ તો એવું ઘણું ય બને છે. રાતવાહો રહેનાર કોઈ કોઈને આ ધરતી ઉપર લડાઈની ધમધમતી અસ્વારી ય દેખાય છે. ગણી ન ગણાય એટલી મશાલું, દીવા-રૂશનાઈ, ઢોલ–નગારાં ને તૂરી-શરણાયુંની ત્રમઝટ; હાથી, ઘોડા ખચ્ચર ને ઊંટની હમચિયું—'

બાપાની વાત લંબાત, પણ મારે સવારે વહેલા નીકળી જવું હતું તે યાદ આવતાં ઊઠ્યો, અને વંડાને પગથિયે પહોંચ્યો. પ્રવેશતાં પહેલાં પાછળ ફરી જોયું તો પૂનમની ચાંદનીમાં એ વૃદ્ધ હજુ ત્યાં જ ઊભો હતો: જાણે કે આટલી બધી ખાંભીઓ પૈકીની એક ખાંભી!

હું જાગ્યો ત્યારે મંદિરની નાની ઘંટડીનો રણકાર આરતી થઈ રહી હોવાનું સૂચન કરતો હતો. મેં તુરત ઊઠીને જવા માટેની તૈયારી કરી લીધી, પણ પૂજારીને બક્ષિશ આપવી હતી તેથી રોકાયો. થોડી વારે પૂજારી આવ્યો. તેણે કહ્યું: 'બાબુજી! આપ કો નિંદ તો અચ્છી આયી? આરામ સે રાતભર સોયે ન?' અને મારા મોં સામે તાકી રહ્યો.

મેં કહ્યું: 'અરે હું તો રાત્રે ઊઠી કબ્રસ્તાન તરફ ફરી બધું જોઈ આવ્યો અને વળતાં એક ગામડિયા બાપાની વાતો યે સાંભળી. ગણપત પાન્ડે! ડોસાની એ બધી વાતો સાચી છે? તમોએ એવી સવારી જોવાનો ક્યારે ય અનુભવ કર્યો છે?'

તેણે કહ્યું: 'બ્હોત સે મૂસાફિર જો યહૉં રાત ઠેરતે હૈં ઉન કો વો બુડ્ઢા કાના બાપા યે સબ બાતેં સુનાયા કરતા હૈ. ઉન કો મરે કરીબ દસબાર સાલ હો ગયે. મગર છોડો યહ સબ બાતેં. બ્હોત સી બાતેં ઐસી હી હોતી હૈ જિસ કા ન સર—ન પૈર...'

મેં મહારાજને દક્ષિણા આપી અને ગરડિયાનો પંથ લીધો ત્યારે ગાડીમાં બેઠાંબેઠાં ફરી વાતોની તંદ્રામાં પડ્યો. □

અભ્યાસ કેમ કરવો

—ડાહ્યાભાઈ લ. પટેલ

એ મથાળા નીચેની લેખમાળાના અનુસંધાનમાં મારા અનુભવનાં કેટલાંક પાસાં જેણે સરસ પરિણામ આપેલું, તે વિદ્યાર્થીને જણાવવાનું મન થાય છે.

(અ) તારવણી: દરેક વિષયમાં કેટલીક બાબતો ચોક્કસ યાદ રાખવી જ પડે છે. જો એ ખોટું લખાઈ જાય કે યાદ ન રહે તો લગભગ આખો ઉત્તર ખોટો ગણાય. એટલે છેલ્લા દિવસોમાં તથા પરીક્ષાના સમયના ટકોરા વાગતાં પહેલાં પણ એ યાદ કરી જવું આવશ્યક બને છે. આવી અતિ સંક્ષિપ્ત નોંધને હું 'તારવણી' કહું છું.

દા. ત. આવી તારવણી રસાયણશાસ્ત્રમાં ખૂબ જ ઉપયોગી થઈ પડે. રસાયણશાસ્ત્રમાં, એસ. એસ. સી. કે મૅટ્રિકના અભ્યાસક્રમમાં કેટલીક પ્રતિક્રિયા છે. તે અમુક જ રીતે થાય છે ને તે ભૂલી જવાની ખૂબ શક્યતા છે. ખાસ કરીને જેમણે આખું વરસ સતત પૂરતું ધ્યાન ન આપ્યું હોય–ન અપાયું હોય, તેમને માટે આ ખૂબ આવશ્યક છે. દાખલા તરીકે

$$(NH_4)_2SO_4 + 2NaOH \rightarrow Na_2SO_4 + 2H_2O + 2NH_3$$

$$Cacl_2 + 2NaOH \rightarrow 2Nacl + Ca(OH)_2 \downarrow$$

એ જ પ્રમાણે ભૌતિકશાસ્ત્રમાં પણ જુદી જુદી ફૉર્મ્યુલા, સમીકરણો વગેરે સારા સ્વચ્છ અક્ષરે લખી શકાય ને તેની 'તારવણી (પૉકેટ) બુક' બનાવી શકાય. આવી તારવણી બુક ખિસ્સામાં રાખવી, અને મિત્રો સાથે વિવેચનમાં, એકલા રસ્તે ચાલતાં કંઇક યાદ ન આવે ત્યારે, કે કોઈક નવી બાબત ધ્યાનમાં રાખવા જેવી આવે ત્યારે, વાંચવામાં કે ટપકાવવામાં તેનો ઉપયોગ કરવો. શાળાએ જતાં કે મિત્રને ઘેર જતાં, જો રૂપ કે ફૉર્મ્યુલા અથવા એવું કંઈ યાદ ન રહેતું હોય, તે એક વાર ખિસ્સામાંથી તારવણી કાઢી જોઈ લઈ, ચાલતાં ચાલતાં, (બીજે સિનેમા વગેરેમાં દૃષ્ટિ પરોવવા કરતાં) સ્મૃતિબદ્ધ કરી શકાય. મને હાઇસ્કૂલે ચાલતાં જતાં એક કલાક લાગતો તેનો આ રીતે ઉપયોગ કરતો. થોડાક દાખલા:

૧ કિલોમીટર = ૦·૬૨ માઈલ

૧ લીટર પાણી = ૧ કિલોગ્રામ વજન – ૧૦૦૦ ઘન સેંટિમીટર ગુંજાશ.

દળ એ વજન નથી.

$\text{લોલકનો સમય} = \text{સ} = \text{૨} \times \pi \sqrt{\frac{\text{લ}}{\text{ગ}}}$

સ = સમય સૅકંડમાં, લ = લંબાઈ સે. મિ.માં, ગ = ગુરુત્વાકર્ષણ.

જો સમય મળે તો છેલ્લાં ત્રણ કે પાંચ વરસના દરેક વિષયના પ્રશ્નપત્રોમાંથી દરેક પેટા વિષયના સવાલોમાં કયી બાબત યાદ રાખવા જેવી સામાન્ય રીતે આવે છે, તે ટપકાવી લેવી. ગણિતના વિષયમાં ગ્રાફ દોરવાનું છેલ્લે શીખવાય છે, પણ તેનો એક પ્રશ્ન અચૂક આવે છે. તેમાં છેલ્લાં પાંચ વર્ષમાં કયા ગ્રાફ આવેલા, તેનું સમીકરણ અને નાની આકૃતિ દોરી રાખવાં ગ્રાફ ખરો પડ્યો કે દશ કે બાર માર્ક થોડી જ મિનિટમાં મળી જાય.

ભૂગોળમાં દરેક કટિબંધમાં અક્ષાંશ અને સાથે સાથે તેમાં થતી વનસ્પતિ, ખેતીની પેદાશ, હવામાન વગેરે ટૂંકમાં લખી શકાય. આ તારવણીમાં વાક્ય પૂરું કરવાની જરૂર નથી. કેટલીક વાર બે જ શબ્દો કે એક શબ્દ ને એક આંકડો જ બસ થશે. પણ જે લખો તે વિષયવાર બહુ જ સાફ અક્ષરે અને એક જ રીતે વંચાય (દ્વીઅર્થી કે સંદિગ્ધ નહિ) એવું જાતે જ લખવું. જાતે તારવણી બનાવનારને નકલ કરનાર કરતાં અનેકગણું યાદ રહેશે: ભલે બુદ્ધિ ઓછી હોય.

(બ) પરીક્ષાની દૃષ્ટિએ અભ્યાસ: વાર્ષિક પરીક્ષાનું વાંચતાં મુખ્ય વિચાર એ કરવાનો કે 'એ વાચન શાને માટે છે?' (અનુ. પૃ. ૬૬)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક · ૧૦૬

૫૩૩ ઉકળાટ અને આંધી

કૉંગ્રેસ અધિવેશન પતી ગયું તેને વળતે દિવસે રિટ્રીટ શાળા નિયમિત થતાં પહેલા જ સમાચાર જાણ્યા કે શિક્ષકમંડળમાંના યુવાન શિક્ષક શ્રી નાથાભાઈ દેસાઈભાઇએ ગાંધીજીની સત્યાગ્રહ-સેનામાં જોડાવા રાજીનામું આપ્યું છે. તે ઘણા દઢ ચારિત્ર્યના બુદ્ધિમાન જુવાન હતા. જ્યારે પણ નવરા પડે કે તરત હાથથેલીમાંથી રૂની પૂણી ને તકલી લઈ તાર કાઢતા બેસે ને તે દરમ્યાન વાતો કે અભ્યાસની ચર્ચા ચાલુ રાખે. તેમની હાસ્યમુદ્રા બધા પીઢ શિક્ષકોથી જુદી તરી આવતી. ચરોતરનું પાણી તેમનામાં ઝળકતું. બાળકોએ તેમને સત્યાગ્રહ માટે તેમ જ તેમના કુટુંબ માટે અનેક સવાલો પૂછ્યા, તેના તેમણે હસીને ખુલાસા આપ્યા અને પહેલી જાન્યુઆરીથી છૂટા થશે એ નિરધાર પણ જણાવી દીધો. એમની જગ્યા ઘણે ભાગે શ્રી છોટુભાઈ ભટ્ટે પૂરી.

ગાંધીજીએ કરેલી સત્યાગ્રહની હાકલથી અનેક આશાભર્યા યુવાનો સાહસ અને સ્વાર્પણની તમન્નાથી તેમને નામો મોકલવા લાગ્યા. મુંબાઈમાં સર્વ પક્ષના નેતાઓ અને પ્રતિનિધિઓએ તેમને સત્યાગ્રહ મોકૂફ રાખવા આગ્રહ કર્યો, પણ ગાંધીજી અણનમ રહ્યા અને બારડોલીની તાલુકા પરિષદમાં સામુદાયિક સવિનય ભંગની દરખાસ્ત પસાર થઈ.

બારડોલીની લડત શરૂ કરતાં પહેલાં ગાંધીજીએ વાઈસરૉયને પત્ર લખ્યો હતો, પણ તેનો જવાબ ન મળ્યો એટલે ગાંધીજીએ તે પત્ર પ્રસિદ્ધ કર્યો. તે પછી વાઈસરૉયે સામી જાહેરાત કરી કે સર્વ જવાબદારી સત્યાગ્રહીઓની ગણાશે. સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવા બધું કરશે.

એવામાં ઉત્તર પ્રદેશમાં ચૌરીચૌરા ખાતે આગ, લૂંટ અને હત્યાના બનાવો બન્યા. કોમી હુલ્લડો થયાં. તેના સમાચાર બારડોલીમાં મળતાં ગાંધીજીએ સત્યાગ્રહ મોકૂફ રાખી રચનાત્મક કાર્યક્રમ માટે આદેશ આપ્યો અને ચૌરીચૌરાના હત્યાકાંડ માટે પોતાને જવાબદાર ગણી ઉપવાસ ઉપર ઊતર્યા. ઉપવાસ પૂરા કરી દિલ્હી જઈ એ. આઈ. સી. સી. (ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી—મહાસમિતિ—માં મોકૂફીનો ઠરાવ બહાલ કરાવ્યો, પણ વ્યક્તિગત સવિનય ભંગની છૂટ આપી.

૫૩૪ અંગત કામગીરીઓ

આમ વાતાવરણમાં સમતોલપણું જોઈ મેં મુંબાઈ જઈ તૈયાર તસવીરો સોંપી આવવા વિચાર કર્યો. બચુભાઈ હાજીમહમ્મદ સ્મારક ગ્રંથનું છાપકામ સંભાળી રહ્યા હતા. તેમાંની આર્ટપ્લેટો મુંબાઈમાં છપાવી આપવાનું ભાઈ ગુલામહુસેનને સોંપ્યું હતું, તે પણ જો તૈયાર થઈ હોય તો લેતા આવવી એવી ગણતરીથી ફેબ્રુઆરીના અંત ભાગે હું મુંબાઈ ગયો. આ વખતે ઘણું કરી ભાઈ રવિશંકર પંડિતનો સાથ મળી ગયો હતો.

મુંબાઈમાં નવું કામ તો મારે લેવાનું નહોતું, પણ શ્રી કનૈયાલાલ મુનશી ચોપાટી ઉપર ફ્લૅટ રાખી રહેતા હતા તેમને મળવા ગયો ત્યારે તેઓ ગુજરાતી સાહિત્ય સંસદ સ્થાપીને 'ગુજરાત' નામનું માસિક શરૂ કરવાની તૈયારીમાં હતા તેમાં તેમની નવી નવલકથા 'રાજાધિરાજ'નાં ચિત્ર મારે હાથે જ થાય એવી ઇચ્છા બતાવી. એ વખતે તેમનાં માતુશ્રીનાં મને દર્શન થયાં. એમણે મારી સાથે ચિત્રોની વાતો કરી ને પોતે પણ તસવીરો કરતાં તે પણ કહ્યું. જૂના યુગની રૂઢ કાયાવાળાં માજીમાં આ યુગનું પ્રતાપી નારીગૌરવ જોઈ મને આશ્ચર્ય થયું. એ જ ફ્લૅટની નીચેના ફ્લૅટમાં શ્રીમતી લીલાવતી વસતાં હતાં. તેમને મેં અમદાવાદની સાહિત્ય સભાઓમાં ઘણી વાર જોએલાં, પણ અત્યારે તેઓ એકલાં અભ્યાસી જીવન ગાળતાં હતાં. તેમનું આકર્ષક સ્મિત મુલાકાતીને સન્માન રૂપ લાગતું. તેમણે શ્વેત સાડી પહેરી હતી અને ગળામાં રુદ્રાક્ષની માળા તથા હાથમાં ચોપડી હતી. હું નીકળતો હતો ત્યાં તેઓ જ ઉપર આવી ચડયાં અને સહેજ ઓળખાણની યાદ આપી મેં નમસ્કાર કર્યા એટલે નમસ્કાર ઝીલતાં 'કેમ, અમદાવાદમાં સૌ કુશળ છે ને?' કરી મુનશીની બેઠકમાં ગયાં.

હાજીના પુત્ર ગુલામહુસેનને મળી સ્મારકગ્રંથની પ્લેટોની પૃચ્છા કરી. તેણે હુલ્લડોના કારણસર ઢીલ થયાનું જણાવ્યું અને 'બચુભાઈને મોકલજો, એમની સાથે રવાના કરીશું' કહી મને સમજાવ્યો. તેનામાં પિતાની સર્વદેશી વ્યાવહારિકતાનો અભાવ જોયો. તે મુંબાઈના વિદ્વાનો અને લેખકોનો સહવાસ કે સહકાર પામ્યા નહોતા, છતાં 'વીસમી સદી'ને અઠવાડિક રૂપમાં કાઢવાનો પ્રયાસ કરતા હતા.

મુંબાઈમાં મુનશીની લાગવગ અને તૈયારીઓ જોઈ ને અમદાવાદ આવ્યા પછી કલકત્તા ખાતે શ્રી ચાંપશીભાઈ ને મારો પ્રામાણિક અભિપ્રાય લખી નાખ્યો : 'આજકાલ આર્થિક તંગી છે. સરકારનું દબાણ રહે છે. એટલે કલકત્તાથી 'નવચેતન' માસિક કાઢવાનો આગ્રહ મોકૂફ રાખો તો સારું.' એમને મારા આવા પત્રથી જરાય માઠું લાગ્યું નહિ; ઊલટું તેઓ તો હાજીના કાર્યને ધપાવવાનો દઢ નિશ્ચય અને પોતાના ભાવનાબળે ગમે તે ભોગે આગળ વધવાનો નિરધાર કરી ચૂક્યા હતા.

૫૩૫ રાજકીય ઉકળાટ

'નવજીવન'નું બીજું વર્ષ પૂરું થવા આવ્યું.* મૌલાના મહમદઅલી 'કૉમરેડ' નામનું છાપું ચલાવતા હતા તે તેમના જેલ જવાથી બંધ પડયું એટલે આખું છાપખાનું—સાંચા, એન્જિન, બીબાં, તેના ઘોડા વગેરે વિના કિંમતે નવજીવનને વાપરવા આપ્યુ. એ બધું લેવા સ્વામી આનંદ જાતે દિલ્હી ગયા અને ત્યાંથી સઘળું ઉખેડી અમદાવાદમાં સારંગપુર દરવાજા બહાર નેટિવ હાઈસ્કૂલનું સરકીગરાની વાડીનું ચોગાનવાળું મોટું મકાન ભાડે રાખી ત્યાં લાવી ગોઠવી દીધું, અને ઈ. ૧૯૨૨ની ૧૧ ફેબ્રુઆરીએ 'નવજીવન'નું સમગ્ર કામ ને કચેરી ત્યાં શરૂ થઈ ગયાં. ચોગાનના પાછળના ભાગમાં અંબુભાઈ પુરાણીએ અખાડો જમાવી શહેરમાં વ્યાયામનો પ્રચાર શરૂ કર્યો હતો.

અસહકારનો ઠરાવ થયા પછી હિંદની બ્રિટિશ સરકારે લોકોને દબાવી દેવા બેફામપણે ધરપકડો કરવા માંડી હતી, પણ ગુજરાત હજી મુક્ત હતું. ગાંધીજીએ સૌને શાંતિ રાખવાનું જણાવી યોગ્ય લાગશે તેને વ્યક્તિગત શાંત અસહકાર કરવા આદેશ અપાશે એમ કહ્યું. તેમની સ્પષ્ટ સૂચના હતી કે 'જો હું પકડાઉં તો કોઈ પણ જગ્યાએ હડતાલ પડવી ન જોઈએ. મારી પાછળ પ્રજા નમૂનેદાર શાંતિ જાળવે તો હું મારા દેશબંધુઓએ મને આપેલું મોટામાં મોટું માન સમજું.'

૫૩૬ સિંહનો શિકાર

પણ સરકારને હવે આ ચળવળ ધરમૂળથી દાબી દેવી હતી, એટલે ઈ. ૧૯૨૨ના માર્ચની ૧૦મીએ ગાંધીજીને અને સાથે 'નવજીવન યંગ ઇન્ડિયા'ના મુદ્રક-પ્રકાશક તરીકે શ્રી શંકરલાલ બૅંકરને રાજદ્રોહના આરોપસર પકડવામાં આવ્યા. ૧૧મી માર્ચે વલ્લભભાઈ પટેલે 'સિંહનો શિકાર' એ મથાળા નીચે લખ્યું : 'સ્વતંત્રતા મેળવવા અને ધર્મનું રક્ષણ કરવા ઇતિહાસમાં નવો અને ચમત્કારિક પ્રયોગ શરૂ કરનાર હિંદુસ્તાનના સરદારને સરકારે આખરે કેદ કરવાની હિંમત પણ કરી છે...પણ વહેલો મોડો આ મહાપુરુષના તપોબળ આગળ તે બકરી બની રહેવાનો છે.' ગાંધીજી અને બૅંકરે બચાવ કર્યો જ નહિ એટલે ૧૨મી માર્ચે મૅજિસ્ટ્રેટ બ્રાઉને તો માત્ર આરોપો ઘડી કાઢી તેમને સેશન્સ કોર્ટમાં મોકલી જ આપવાના હતા. નવા બંધાએલા સર્કિટ હાઉસના એક ખંડ-

* આ વિષે વિસ્તારથી જાણવા જુઓ 'નવજીવન વિકાસવાર્તા' પૃ. ૮૧થી.

માં કેસ ચલાવવાનો હતો. સ્થાનિક આગેવાનોએ ગાંધીજીની ઇચ્છાને માન આપી આખા શહેરમાં ચોપાનિયાં વહેંચી જાહેરાત કરી હતી તેથી કોઈ લોકો એ તરફ ફરકતા નહોતા, છતાં શહેરમાં કર્ફ્યુ જાહેર થઈ ગયો હતો અને સર્કિટ હાઉસની ચારે તરફ સખત ચોકીપહેરો હતો. માત્ર પાસવાળાને જ અંદર જવાની છૂટ હતી.

૫૩૭ અહોભાગ્ય!

એ ઐતિહાસિક મુકદ્દમો નજરે જોવા-સાંભળવાનું ભાગ્ય મને અંબાલાલભાઈની શાળાના સમાગમથી જ પ્રાપ્ત થયું. અંબાલાલભાઈ ને કલેક્ટર મિ. ચૅટફીલ્ડ સાથે સારો નાતો હતો એટલે તેમણે પોતાના સમગ્ર પરિવાર માટે ત્યાં હાજર રહેવાના પાસ મેળવ્યા, તેમાં અમારું શિક્ષકમંડળ પણ સમાઈ ગયું. સર્કિટ હાઉસના પાછલા દરવાજેથી અમે એ ખંડની અંદર જઈ ભીંત તરફની ખાલી ખુરશીઓમાં ગોઠવાઈ ગયા. મિ. સ્ટૅન્ડિંગ મારી બાજુમાં જ હતા, માત્ર અંબાલાલ શેઠ અને શ્રી સરલાદેવી આગળની હરોળમાં જઈ બેઠાં. લાંબા ખંડની એક બાજુની ભીંતને અડીને ચોરસ પીઠ પર ટેબલ-ખુરશી ગોઠવ્યાં હતાં.

બરાબર પોણા બાર વાગ્યે પોલીસ સુપરિન્ટેન્ડેન્ડ મિ. હીલી ગાંધીજી ને શંકરલાલ બૅંકરને સાબરમતી જેલમાંથી લઈ એક ખાસ એન્જિન જોડેલા ફર્સ્ટ ક્લાસના ડબામાં સાબરમતીથી શાહીબાગના ફાટક આગળ ઉતારી મોટરમાં લઈ આવ્યા. ગાંધીજી અંદર આવ્યા કે તરત સૌ સ્વાભાવિક માનપૂર્વક ઊભા થઈ ગયા. ગાંધીજી માત્ર પોતડીભેર ઉઘાડા હતા પણ સાધુતા તેજ કરતી હતી.

બારને ટકોરે મુંબાઈથી આ કેસ માટે સરકારે મોકલેલા સેશન્સ જજ મિ. બ્રુમફીલ્ડ આવ્યા ને ટેબલ પાછળની ખુરશી પર ગોઠવાયા. તરત રજિસ્ટ્રારે ગાંધીજી અને બૅંકર પરનું તહોમતનામું સંભળાવ્યું. રાજદ્રોહ અને અસંતોષ ફેલાયાનો અર્થ કહ્યો અને ગાંધીજીને પૂછ્યું; 'તમે આરોપો કબૂલ કરો છો કે મુકદ્દમો ચલાવવા માગો છો?'

ગાંધીજી ઊભા થયા અને નીરવ શાંતિમાં શાંત અવાજે બોલ્યા: 'મારી સામેના દરેક તહોમતનો હું સ્વીકાર કરું છું.' બૅંકરે પણ એમ જ કહ્યું. સરકારી વકીલ તરીકે મુંબાઈથી ઍડવોકેટ જનરલ મિ. આર્મસ્ટ્રૉંગ આવ્યા હતા. તેમણે કહ્યું: 'ગુનો પુરવાર કરવા નહિ પણ સજા કેટલી ઠરાવવી તે નક્કી કરવા મુકદ્દમો ચલાવવો જોઇએ.' એમની દલીલો સાંભળ્યા પછી પણ ન્યાયાધીશે મુકદ્દમો આગળ ન ચલાવવાનો પોતાનો નિશ્ચય ન ફેરવ્યો અને કહ્યું: 'હવે સજા ફરમાવવાની બાકી રહે છે; પણ તે પહેલાં તહોમતદારને સજા વિષે કંઈ કહેવું હોય તો તે મારે સાંભળવું છે.'

આ વખતે મારા મનમાં પ્રેરણા જાગી કે અત્યારે આ ઐતિહાસિક પ્રસંગનું દર્શન-ચિત્ર લેવા કોઈ કૅમેરા હાજર નથી. પોલીસનો જાપ્તો છે. કેટલાક પત્રકારો નોંધ લેતા હતા. મારા મિત્ર સ્ટૅન્ડિંગ કે કે ટપકાવી લેતા હતા. તો હું શું માત્ર સ્મૃતિને જ પંપાળીશ? મારી સ્કેચ લેવાની શક્તિ શા કામની? મેં તરત મારી પાસેની સ્કેચબુક ઉપર હાથ રાખી કોઈ ન જુએ તેમ ઉઘાડી ગાંધીજી અને કસ્તુરબાની મુખમુદ્રાઓ હૂબહૂ દોરી લીધી, અને પછી આખા ય પ્રસંગનાં મુખ્ય પાત્રો ને બેઠકોની રચના આળેખી લીધી. મારું મન અધીર હતું: કદાચ કોઈ પોલીસની નજર પડે અને મારી સ્કેચબુક ઝડપાઈ જાય! પણ મુકદ્દમો બહુ લંબાયો નહિ.

ગાંધીજીએ ઉત્તરમાં પોતાનું નિવેદન વાંચવાની ઇચ્છા દર્શાવી. અદાલતમાં ચોમેર શાંતિ પથરાઈ હતી. ગાંધીજીનો એ લાંબો એકરાર તો હવે ઇતિહાસ-પ્રસિદ્ધ વચનો બની ગયાં છે. એમાંનાં કેટલાંક નોંધું છું: 'જો મને છૂટો કરવામાં આવે તો હું હજી તેમ જ કરું'. 'કાયદાની દૃષ્ટિએ જે ઇરાદાપૂર્વક ગુનો ગણાય પણ મારે મન તો જે દરેક નાગરિકની એક ઊંચામાં ઊંચી ફરજ છે તે માટે સખતમાં સખત સજા માગી લેવા અને તેને તાબે થવા હું અહીં બેઠો છું.' 'કોઈ પણ અમલદાર કે

કારભારી સામે મારે અંગત કે વ્યક્તિગત એવું વેર નથી, તો રાજાની સામે તો મારે અપ્રીતિ હોઈ જ ન શકે. પણ જે સરકારે અગાઉના બીજા કોઈ પણ રાજતંત્ર કરતાં સરવાળે હિંદનું અહિત જ કર્યું છે તેની સામે અપ્રીતિ થવી એને હું સદ્‌ગુણ સમજું છું.'

ગાંધીજીનો એકરાર બ્રિટિશ સલ્તનત પર આકરામાં આકરું અને તળિયાઝાટક તહોમતનામું હતું. હજારો વર્ષ પૂર્વે ઍથેન્સમાં સદાગ્રહી સૉક્રેટીસે આવી જ રીતે શિક્ષા સ્વીકારી ઝેરનો પ્યાલો પીધો હતો. ઇસુ ખ્રિસ્ત પોતાના વિચારો નહિ બદલવા માટે વધસ્તંભ પર બલિ બન્યા હતા.

એમનો એકરાર વંચાઈ ગયા પછી ન્યાયાધીશે લોકમાન્ય સદ્‌ગત તિલક મહારાજના મુકદ્દમાની યાદ કરી, એ જ કલમની રૂએ ગાંધીજીને છ વરસની કેદની સજા ફરમાવી, પણ સાથે કહ્યું: 'સરકાર જો વહેલી તમને છોડી મેલી શકે તે દિવસે મારા જેટલો આનંદ કોઇને નહિ થાય.' ગાંધીજીએ ફેંસલો આવકારી લીધો.

ફેંસલો જાહેર કરી ન્યાયાધીશ અને સરકારી માણસો બહાર ચાલ્યા ગયા. પોલીસ ઑફિસર ધીરજ રાખી ઊભા રહ્યા અને આશ્રમવાસીઓ તથા અન્ય ચાહકો ગાંધીજીને વંદન કરતાં ગળગળા થઈ ગયા. અમને ઇશારો થયો એટલે અમે અમારી મંડળી સાથે બહાર નીકળી ગયા. જાણવા મળ્યું કે શાહીબાગના રેલવે ફાટક આગળ હજી એન્જિન સાથે બે-ત્રણ ડબા જોડેલા હાજર જ હતા. તેમાં બેસાડી ગાંધીજીને પરભાર્યા પૂના પાસેની યરવડા સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા હતા. અમદાવાદમાં જાણે સૂનકાર વ્યાપી ગયો.

તે દિવસે જ કરેલી મારી ડાયરીમાં નોંધ છે: 'હિંદના પ્રાણસ્વરૂપ મહાત્મા ગાંધીજીને બ્રિટિશ સરકારે છ વર્ષની જેલની સજા કરી. ન્યાયાસને બિરાજેલા બ્રૂમફીલ્ડ તથા ઍડવોકેટ જનરલ આર્મસ્ટ્રૉંગ બધા જ આ નરસિંહ આગળ પામર જણાતા હતા. આવી સ્થિતિ સરજાઈ તેમાં ઈશ્વર ભારત માટે આશાનાં ચિહ્ન પ્રકટ કરતા હોય એવું લાગે છે. હજારો વર્ષથી જગતનું કુતૂહલ અને દયાનું પાત્ર બનેલા ભારતવર્ષનો ઇતિહાસ નવેસરથી વિધાતા ઘડી રહ્યો છે એવું લાગે છે. આ એક જ વ્યક્તિના ચારિત્ર્યથી ભારતીય નરનારીઓનાં ચારિત્ર્યનો પાયો નંખાયો છે. ઇતિહાસ-પ્રસિદ્ધ આદર્શો, તેની આગળ ઊતરતા અને ફીકા લાગે છે. ઇતિહાસના અનેરા દૃષ્ટાંત રૂપ આ વ્યક્તિને જીવતી આંખે નિહાળવા જેવું બીજું ભાગ્ય કયું હોય?'

૫૩૮ પછીની ઘટનાઓ

ગાંધીજીને જેલમાં બેસાડી દીધા પછી સરકારને લાગ્યું હશે કે સમગ્ર ચળવળ હવે બેસી જશે. પણ કોને ખબર હતી કે તેમાંથી ભારતની આઝાદીનો નવો યુગ આરંભાશે? બીજે દિવસે રિટ્રીટમાં શાળાના સમયે મિ. સ્ટૅન્ડિંગ મળ્યા ત્યારે તેમણે ખૂબ જિજ્ઞાસાથી મારા ગઈ કાલના સ્કેચ (શીઘ્ર આલેખનો) જોવા માગ્યા. મારી સ્કેચબુક સાથે જ હતી. તેમાંના આલેખો જોઈ તે એટલા પ્રભાવિત થઈ ગયા કે ઇંગ્લૅંડના સુપ્રસિદ્ધ પત્ર 'માન્ચેસ્ટર ગાર્ડિયન' માટે તેમણે આ પ્રસંગનો નજરે જોએલો હેવાલ લખી કાઢેલો તે સાથે મારા સ્કેચ પણ પ્રકટ કરવા માગી લીધા. આમ અચાનક મારા સ્કેચનું મહત્ત્વ સ્થપાતાં મને પણ આનંદ થયો, એટલે મેં પાનાં કાઢી તેમને સોંપી દીધાં અને આશ્ચર્યની વાત



ઈ. ૧૯૨૨માં અમદાવાદના સર્કિટ હાઉસમાં ચાલેલો ગાંધીજીનો મુકદ્દમો (રવિશંકર રાવળે તત્ક્ષણ કરેલા સ્કેચ ઉપરથી)

એ બની કે એકાદ માસ પછી તો તેમણે ઇંગ્લૅન્ડથી આવેલા તા. ૮મી એપ્રિલના 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ની નકલ મારા હાથમાં મૂકી. તેમાં પાનું ભરીને તેમનો લેખ અને મથાળે બધાં કૉલમ આવરી લેતી લંબાઈમાં મારા સ્કેચ મૂળ કદમાં જ છપાએલા જોયા. સ્કેચ માત્ર પેન્સિલથી કરેલા હતા છતાં દરેક રેખા સ્વચ્છ ઊપડી હતી અને સાથે મારું નામ પણ છપાયું હતું. વિશેષમાં તેણે મારા હાથમાં રૂ. ૧૦ની નોટ મૂકી કહ્યું કે મને અને તમને તંત્રી તરફથી પ્રકાશન ફી તરીકે આ રકમ મોકલાઈ છે. (એ વખતના રૂ. ૧૦નું મૂલ્ય આજે રૂ. ૧૦૦ જેટલું ગણાય.) ભારતમાં મને કદી કોઈ વાર પણ સ્કેચ પ્રકટ થાય તેની ફી મળ્યાનું યાદ નહોતું; તેમજ દરિયાપારનું પત્ર મારા સ્કેચ ને નામ છાપે એ એક મોટી નવાઈ હતી.

એવામાં બીજા આશ્ચર્યદાયક ખબર મળ્યા. આગ્રાની જેલમાં પડેલા મહાદેવભાઈ દેસાઈના હાથમાં તે છાપું ગએલું, તેમાં ગાંધીજી અને કસ્તૂરબાની આકૃતિઓ જોઈ તે એટલા બધા ખુશ થએલા કે જુગતરામ-ભાઈ પરના એક પત્રમાં તેનો નીચે મુજબ ખાસ ઉલ્લેખ કર્યો હતો.

'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં થોડા વખત ઉપર બાપુના પહેલા ટ્રાયલ-નો એક સુંદર હેવાલ આપ્યો હતો. તેની વર્ણનશૈલી ચમત્કારિક હતી. તેનું ભાષાન્તર 'નવજીવન'માં આવવું જ જોઈતું હતું. મદ્રાસના 'સ્વરાજ'એ તેની નકલ કીધી હતી. પણ વધારે મૂલ્યવાન તો તે હેવાલની ઉપર બાપુ, બા, ગિરધરલાલ શાહ (પ્રોસીક્યૂટિંગ વકીલ)ના રવિશંકર રાવળના સ્કેચ હતા. એ સ્કેચ તો અમર રહેશે. રાવળ આવા સુંદર આર્ટિસ્ટ હશે એ મને ખબર ન હતી. સૌથી સરસ સ્કેચ બાનો છે. બા તો મેડોનાની યાદ આપે છે. તેની ઉપર કાંઈક અવર્ણનીય શાંતિ, કરુણા અને મુદા છે. એ સ્કેચની કૉપી 'નવજીવન'ના વાચકોને આપી શક્યા હોત તમે.–પણ આપણે ત્યાં જર્નલિઝમની કળા હજી ક્યાં ખીલી છે? નહિ તો રાવળનો સ્કેચ 'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં આવે અને 'નવજીવન'માં ન આવે?

આજે હવે પચાસ વર્ષ પછી તો એ સર્કિટ હાઉસ એ મુકદ્દમાની સ્મૃતિ રૂપે ગાંધી-સ્મારક બન્યું છે અને તેમાં એ પ્રસંગના માત્ર વર્તમાન પત્રોના હેવાલો ફ્રેમ કરી મૂકવામાં આવ્યા છે. સુભાગ્યે મિ. સ્ટૅન્ડિંગનો પણ આ દરમિયાન મને પત્તો લાગ્યો હતો. તેમણે પોતાના અહીંના નિવાસ અંગે ઘેર લખેલા પત્રોનો સંગ્રહ 'Letters from India'ના નામથી તૈયાર કર્યો હતો, તેમાં વર્ણવેલા કેટલાક સ્થાનિક પ્રસંગોનાં રેખા-ચિત્રો તેમણે મારી પાસે કરાવી મંગાવેલાં, ત્યારે મેં મારા એ સ્કેચ પાછા મંગાવેલા, પણ તે મોકલી શક્યા નહોતા. આખરે 'માન્ચેસ્ટર ગાર્ડિયન'-ના તંત્રી પાસે ઈંગ્લૅન્ડમાં વસતા મારા યુવાન ચિત્રકાર-મિત્ર વિનાયક પંડ્યા ગયા અને એ પ્રસંગનાં તારીખવાર બતાવી એ પાનાની ફોટોસ્ટૅટ નકલ માગી. તેમણે ચાર જ દિવસમાં પૂરા માપની ફોટોસ્ટૅટ નકલ તેમની મારફત મને મોકલી. એટલે પછી મેં તેના આધારે મુકદ્દમાના પ્રસંગનું ચિત્ર ઉઠાવ્યું. અને તે સર્કિટ હાઉસના સ્મારક ખંડમાં મૂકવા રાજ્ય પાસે પ્રસ્તાવ મૂક્યો. પણ કોઈને તેનું મહત્ત્વ જણાયું નહિ. એવામાં તે વખતના ગુજરાત હાઇકોર્ટના વડા ન્યાયમૂર્તિ શ્રી શેલતે જૂનાં દફતરો ફંફોળતાં એ આખો મુકદ્દમો મિ. બ્રૂમફીલ્ડના હસ્તાક્ષરોમાં લખાએલો શોધી કાઢ્યો અને તેનો દસ્તાવેજી ગ્રંથ તૈયાર કર્યો. એમણે મારા એ ચિત્ર તથા મૂળ સ્કેચને અદલ તવારીખી ગણીને પોતાના ઉપર્યુ-ક્ત ગ્રંથમાં સ્થાન આપ્યું. ત્યાર પછી દિલ્હીના 'મહાત્મા ગાંધી લેખસંગ્રહ પ્રકાશન સંસ્થા'એ તથા ગુજરાત રાજ્યે (કૅલેન્ડરમાં) તે પ્રસિદ્ધ કર્યું છે.

સ્વામી આનંદે નવજીવન-યંગ ઇંડિયાનો બધો વહીવટ કડેધડે ઉપાડી લીધો હતો. નવજીવનના ઉપતંત્રી કાકાસાહેબ કાલેલકરના સાથમાં તે તનતોડ મહેનત કરી ગાંધીજીના અણસાર પ્રમાણે જ સરકાર સામે મોરચો માંડ્યે જતા હતા. યંગ ઇંડિયાનું તંત્રીપદ સંભાળવા અલ્લાહા-બાદથી શ્રી શ્વેબ કુરેશી આવી પહોંચ્યા હતા. આ સુશિક્ષિત ને પડછંદ કાયાના સુંદર યુવાનમાં મુસ્લિમ અમીરાત અને મીઠાશ હતી. મુસ્લિમ કોમના એવા યુવાનો આ તરફ ભાગ્યે જ જોવા મળે. (ચાલુ)

શ્રેષ્ઠ ગ્રીક નાટકકાર સોફોક્લિસની સર્વોત્તમ ગણાએલી બે 'ટ્રૅજેડીઓ' પૈકીની એક

ઍન્ટિગોની

વાર્તારૂપ

પ્રા. કનુભાઇ જાની

ગયા અંકમાં આપેલી આ નાટ્યભાગની પૂર્વકથા અનુસાર, ભાવિ જાણતા છતાં પિતાની હત્યા અને માતાને પરણવાનાં ઘોર પાતકનો ભોગ બનેલો રાજા ઇડિપસ પોતાની આંખો ફોડી સ્વેચ્છાએ લીધેલા અજ્ઞાત દેશવટામાં અવસાન પામ્યો, અને પાછળ એના સાળા ક્રિયોનની નિશ્રામાં ગાદી માટે ઝઘડતા તેના બે પુત્રો એકબીજાને હાથે હણાતાં રાજ્ય તેઓના મામા ક્રિયોનના હાથમાં આવ્યું ત્યાંથી શરૂ થતા એ નાટકનું કથારૂપ હવે વાંચો:

'પણ શું છે તે તો કહે—' એટલું ય એ પૂરું કરે તે પહેલાં તો એણે એને મોઢે હાથ દઈ, બોલતી બંધ કરી. પછી આર્જવભરી વાણીમાં ધીમેથી કહે: 'બહેન, ભલી થઈને ચૂપચાપ ઊઠ. ચાલ થોડી વાત કરવી છે.' અને પથારીમાંથી એને ઉઠાડી, એ એને છેક અહીં લઈ આવી! આવા ભેંકાર વગડામાં. સૈનિકોનાં રઝળતાં પડેલાં શબો પર ગીધો ઝઝૂમતાં હતાં ને શિયાળાની લાળી સૂનકારમાં ઉમેરો કરતી હતી. હજી પ્હો પણ ફાટ્યો નહોતો. થીબ્સ નગર આખું સૂતું હતું. હજી ગઈ કાલે જ યુદ્ધ પૂરું થયું, એનો થાક આજે સૌ ઉતારતાં હતાં, ત્યારે, ઍન્ટિગોની એને અહીં સુધી કેમ તાણી લાવી?

'કહેને બહેન, કાંઈ માઠા સમાચાર છે?'

'તેં સાંભળ્યું નથી?'

'વળી શું સાંભળવાનું બાકી છે? કાલે તો આપણા બે ય ભાઈઓએ એકબીજાને કાપી નાખ્યા.'

'એ જ વાત છે ને! એમાંથી એકને, ક્રિયોને, આપણા નવા રાજાએ સન્માનપૂર્વક દાટ્યો; બીજાની લાશને રવડતી રાખી. ઇટિયોકલ્સને શહીદી ને પ્રતિષ્ઠા; પૉલિનીસસને બદનામી!'

'એમ કેમ?' ઇઝ્મિનીએ પૂછ્યું.

ઍન્ટિગોનીએ ફોડ પાડ્યો: 'એનું ફરમાન છે: થીબ્સમાંથી કોઈએ પૉલિનીસસના શબને અડવાનું નથી. કોઈ ક્રિયા કરવાની નથી. આંસુ સારવાની પણ મનાઈ છે. એના શબને શિયાળવાં ને ગીધડાં છો ફોલી ખાય. આ છે રાજાજ્ઞા! શાને માટે એ છે, જાણે છે?'

'ઊહું.' ઇઝ્મિનીએ પોતાનું અજ્ઞાન જાહેર કર્યું. ઍન્ટિગોની ભારપૂર્વક બોલી, 'મને તો ખાતરી છે કે એ તારે માટે ને મારે માટે જ છે. એમ જ હોય.' 'કેમ?'

'બીજા કોને પડી હોય? ગમે તેમ તો ય પૉલિનીસસ આપણો ભાઈ છે. આપણને એનું દાઝે એટલું કોઈને ન દાઝે.'

'એ તો ખરું...પણ...'

'અને રાજાએ જાહેર કર્યું છે કે એ ફરમાનનો ભંગ કરનારને પથરે ને પથરે ટીપી નાખવાની સજા થશે.'

'પણ એમાં આપણે શું કરીશું?'

ઇઝ્મિનીનો પ્રશ્ન સાંભળીને ઍન્ટિગોનીએ હોઠ પીસ્યા. એની આંખો ક્રોધથી સળગી ઊઠી: 'હું એને દાટવાની.'

ઇઝ્મિની એને વારવા મથી: 'રાજા સામે બાકરી ન બંધાય. એક શાસકની સામે સામાન્ય નારીનું શું ચાલે? તેમાં ય પૉલિનીસસે તો દેશને દગો દીધો છે. આપણા આખા કુટુમ્બની તારાજી પછી આપણે બે જ અવશેષ રહ્યાં છીએ; આપણે આ રસ્તો લઈએ તો કુટુમ્બ નામશેષ થઈ જાય. સત્તા આગળ શાણપણ શા કામનું? હાથે કરીને મોત વહોરવું?'

આવી એની દલીલોથી તો ઍન્ટિગોની ભભૂકી ઊઠી: 'જીવતાની દયા યાચવા કરતાં તો મરેલાંને ચાહવાં સારાં. મારા ભાઈને ખાતર મને મરવું ય મીઠું લાગશે. ને બહેન, આ મારો નિર્ણય તું જગજાહેર કરજે, હો. મને કોઈની બીક નથી.' કહીને, એક અક્ષરે ય સાંભળ્યા વિના, સડસડાટ એ ત્યાંથી ચાલતી થઈ ગઈ.

ઇઝ્મિની ચિંતાતુર ચહેરે મહેલમાં પેઠી. પોતાના ઓરડા ભણી વળી ત્યાં સામેથી ક્રિયોન આવતો હતો. એ માત્ર રાજા જ નહોતો, એનો મામો પણ હતો. છતાં એની સામે ન એ હસી શકી, ન વંદન કરી શકી. નીચે મોંએ એ ચાલી ગઈ. 'આમ કેમ?' ક્રિયોનને વિચાર આવ્યો. 'જે હોય તે.' એને ઝાઝું વિચારવાનો સમય નહોતો. આજે પ્રભાતે એણે નગરના વૃદ્ધોને બોલાવ્યા હતા. એ સૌ દરબારમાં એની રાહ જોતા હતા.

એને પ્રવેશતો જોઈને સૌ ઊભા થયા. એણે સૌનું અભિવાદન કર્યું. પછી પોતાનું દૃષ્ટિબિન્દુ સમજાવ્યું: 'આ ભૂમિનો દ્રોહી તે આપણો દુશ્મન, પછી ભલેને તે ગમે તે હ.ય. દેશના દુશ્મનને મિત્ર માની શકાય નહિ. દેશદાઝ હશે તો દેશ આબાદ થશે. માટે જ મેં ઇટિયોકલ્સને પૂરા રાષ્ટ્રીય દમામથી દફનાવ્યો છે; પણ પૉલિનીસસને તો, આમે ય, આપણે હદપાર કરેલો, ને વધારામાં આપણને ઘમરોળવા એ પરદેશી લશ્કર સાથે ત્રાટક્યો! આપણી ભૂમિને ગુલામ કરવા આવ્યો! એના સગા ભાઈને હણવા આવ્યો! એના શબને દફનાવવાનું ન હોય. મારું ફરમાન છે, જે એને દફનાવશે તે જાન ખોશે...'

સૌને એની વાત સાચી લાગી. 'પણ આમાં અમારે કરવાનું છે શું? શબ પાસે...' 'ના. શબ પાસે તો મેં માણસો મૂક્યા છે. તમારે તો આ ફરમાનની વિરુદ્ધ કોઈ હવા ન ફેલાય તેની તકેદારી રાખવી...'

અને સૌ કુર્નિસ કરીને ઊઠતા હતા ત્યાં એક અડબંગ ચોકીદાર હાંફતો હાંફતો દરબારમાં ધસી આવ્યો અને લાગલો જ બોલવા માંડ્યો: 'ઝડપથી આયો તેથી નથી હાંફતો, હો અન્નદાતા! એમ તો રસ્તે કંઈ કેટલી યે વાર અટક્તો, વિચારતો આયો. દે જાણે, કંઈ કેટલી ય વાર પાછો વળ્યો. મારો માંહ્યલો મને ટપારતો'તો બાપા, કે 'લ્યા મૂરખા, મરવા આટલો અધીરો થા મા. પણ પાછું અંતર અમળો ખાતું: અલ્યા ગમાર, આ સમાચાર જો રાજા કોઈ ત્રાહિતને મોઢે સાંભળશે તો તારી શી વલે થશે. હેં? આ, એટલે આમ આયો છું ભઈશાબ, ગોકળગાયની ગતિએ. આ ટૂંકો રસ્તો ય લાં...બો લાગ્યો મને તો. પણ છેવટે પહોંચ્યો ખરો, હેં! પણ...મારે ખાસ કાંઈ નથી કહેવાનું, હોં! છતાં, કહ્યા વિના ચાલશે ય નહિ, હું જાણું છું. ભાગ્યમાં લખેલું ભોગવ્યા વિના છૂટકો છે કાંઈ?'

રાજા ત્રાડૂકી ઊઠ્યા: 'પણ તારે કહેવું છે શું? જલ્દી ભસી મરને!'

છતાં એણે તો પોતાની જ ઢબે વાત કહી. સમાચાર અકળાવનારા હતા. શબ પર કોઈ સંસ્કાર કરી ગયું હતું—માટી ભભરાવીને. છતાં નવાઈની વાત તો એ હતી કે ત્યાં માટી ખોદાયાનાં, કોઈ ગાલ્લીમાં માટી લાવ્યું હોય તો એનાં પૈડાંનાં, કોઈનાં પગલાંનાં કોઈ જાતનાં ચિહ્ન નહોતાં! ચોકીદારોમાંથી પણ દરેક નિર્દોષ હતો. રાજાને કહેવા ય આવવાની કોણ હિંમત કરે? આખરે ચિઠ્ઠીઓ નાખી. એમાં આ બિ-

લ ઘુ ક થા

તાજમહલ

પુરુરાજ જોષી

અપૂર્વાએ આખરે એક પ્રલંબ ફૂંકથી એકવીસ મીણબત્તીઓ બૂઝવી નાખી અને રડી હસતે ચહેરે કેક કાપી. વાતાવરણમાં આનંદ પડઘાઈ રહ્યો: 'હૅપ્પી બર્થ ડે ટુ યૂ...!' 'હૅપ્પી લાઈફ ટુ યૂ...!' અને પછી એની એકવીસમી વર્ષગાંઠ અને સૌપ્રથમ લગ્ન-ગાંઠની પાર્ટીમાં આવેલાં એનાં મિત્રો-સંબંધીઓ તરફથી ઉમળકાભર્યા અભિનંદનો અને ભેટ-સોગાદો...

પણ અપૂર્વાને લાગ્યું કે ક્ષણે ક્ષણે એનો કંટાળો વધતો જતો હતો. આ બધાં લોકો હવે પોતાને એકલી છોડી દે તો સારું. જેમ જેમ અભિનંદનો અને ભેટોનો ભાર વધતો ચાલ્યો તેમ તેમ એની મન મૂકીને રડી નાખવાની, ફરફરી રહેલાં તોરણોને એક હિંસ્ર આવેગથી તોડી નાખવાની, છત સાથે માથાં પટકતા ગૅસ ભરેલા દિશાશૂન્ય ફુગ્ગાઓને ક્રૂરતાથી કચડી નાખવાની, બધી લાઈટ બૂઝવી દઈ ઊંડા અંધકારમાં વિલીન થઈ જવાની ઇચ્છા પ્રબળ બનતી જતી હતી. એમ છતાં આમાંનું કશું જ પોતે કરી શકતી ન હતી એની અકળામણ પણ અસહ્ય બનતી જતી હતી. ચહેરા પર મરેલા પતંગિયા જેવું સ્મિત ચોંટાડીને એને યંત્રવત્ બોલવું પડતું હતું: 'થૅંક્સ...! થૅંક્યુ વેરી મચ...! ઓહ! વૈષ્ણવ સાહેબ, આપ?...ગળ્યું મોઢું તો કરો મીનાબેન...'

અને 'વ્હેર ઈઝ મિસ્ટર અપૂર્વ?' જેવા મજાકિયા પ્રશ્નોના જવાબમાં વારંવાર 'હમણાં જ આવવા જોઈએ, એ' બોલતાંબોલતાં તો એને ઊબકો આવવા જેવું થતું હતું. વારંવાર એની નજર બારણા તરફ જતી હતી અને બારણું સમજીને ભીંત સાથે અથડાનાર માણસની જેમ ચૂરચૂર થઈને પાછી ફરતી હતી. 'અઠ્ઠાવીસમીએ તો ઍની હાઉ આવી જઈશ.' કહીને દૂરમાં ગયેલો પુરંદર હજી યે દેખાતો ન હતો.

એકાએક ડૉર-બેલ બજી ઊઠયો.

'પુરંદર સિવાય કોણ આવી શરારત કરે? સરસ પ્રાઈઝ આપવાની એની આદત, હું જાણુંને...!' એમ મનોમન બબડીને એ દોડી. બારણું ખોલ્યું. બહાર આંગડિયાનો માણસ ઊભો હતો–એક મોટું પારસલ અને એક પત્ર લઈને.

પત્ર ખોલવાની એને જરૂર ન લાગી. આંગડિયો કહેતો હતો: 'બહેનજી, પારસલ ખોલ કર દેખ લો. કુછ તોડફોડ...'

આંગડિયાના સંતોષ ખાતર એણે પાર્સલ ખોલ્યું..અંદરથી સફેદ આરસમાંથી કોતરી કાઢેલી તાજમહલની અખંડિત કલાકૃતિ નીકળી.

'ઓહ! વૉટ અ બ્યૂટીફુલ પ્રેઝન્ટ ફ્રૉમ મિસ્ટર અપૂર્વ!' કહીને એની બહેનપણીએ એના બરડામાં ધબ્બો માર્યો. આંગડિયો ચાલ્યો ગયો. પણ શૂન્ય દૃષ્ટિથી તાજને તાકી રહેલી અપૂર્વાને લાગ્યું કે તાજમહલ ક્યાંક અથડાયો હતો...એમાં એક ઝીણી તિરાડ...

ચારાનું નામ નીકળ્યું, એટલે એને આવવું પડયું. એની વાત સાંભળી એક વડીલને શંકા ગઈ, એટલે એમણે બોલી નાખ્યું: 'હે મહારાજ, આમાં કદાચ દેવી હાથ કેમ ન હોય?' ને હજી બીજાએ તો આટલું જ કહ્યું: 'મને તો એવી શંકા પહેલેથી જ ગઈ હતી—' ત્યાં રાજા તાડૂકી ઊઠયો: 'તમારી તો સાઠે નાઠી લાગે છે! કેવી વાહિયાત વાત કરો છો? દેવોને વળી આવાં મડદાંની શી પડી હોય? એણે એમની કઈ સેવા કરી'તી? એમનાં આરસમંદિરો ને ભંડારો લૂંટવા ને એમના નિયમો તોડવા તો આ ત્રાટકયો હતો. પાપીઓને કદી દેવો દાદ દેતા નથી... આ તો કોઈ વિઘ્નસંતોષીનું કારસ્તાન છે. પૈસાની લાલચે કોક એનો હાથો બન્યું છે. એ લાંચિયાને તો હું સીધો કરીશ. પણ 'ચ્યાચોકી-દાર, એને શોધવાનું કામ તો તારું છે. તું જો એને નથી શોધી લાવ્યો તો તારું માથું સલામત નથી.'

ચોકીદાર જરા જુદી માટીનો લાગ્યો. એ ધીમેથી હાથ જોડીને બોલ્યો: 'મહારાજ, આપની આજ્ઞા હોય તો થોડું કહું...' રાજા, વળી તાડૂકયો: 'તારાં વેણ તો મને ઊંડે સુધી ખૂંચી ગયાં છે.'

'ખૂંચી ગયાં!! ક્યાં? કાનમાં કે હૈયામાં?'

'ગમાર! બકબક ના કર.'

'અનદાતા! મારું તો આટલું જ કહેવું છે: મારાં વેણ આપનાં કાનમાં ખૂંચે એ ખરું; પણ હૈયામાં ખુંચાડવાનો ગુનો તો પેલા મડદાની વિધિ કરનારે જ કર્યો ગણાય.'

રાજા પાછો વિફર્યો: 'લાંચિયા, તેં પૈસા ખાતર તારી જાત વેચી છે. જો આ કામ કરનારને તું નથી પકડી લાવ્યો તો તું ય જોશે કે અનીતિનું નાણું કેવી આફતો નોતરે છે! હવે ટળ અહીંથી.'

અને પેલો તો જાન બચ્યા બદલ ઇશ્વરનો પાડ માનતો ત્યાંથી પલાયન થયો. એણે મનોમન ગાંઠ વાળી લીધી કે 'પાછો ફરે એ જ બીજો.'

'પણ માનવીના નિશ્ચયો નિયતિને ક્યાં મંજૂર હોય છે? છતાં માણસ જ દુનિયાની મોટામાં મોટી અજાયબી નથી? ઊંડા જળનાં માછલાં હોય કે ભયંકર જંગલી પશુઓ, સૌને જાળમાં ફસાવવાની એની પાસે કરામત છે! વાયુવેગી વિચારોને પકડવા એણે ભાષા શોધી! પ્રકૃતિએ વાવાઝોડાં ને હિમવર્ષા કરી, તો આણે દીવાલો ને છાપરાં કર્યાં. વિધિએ દર્દો કર્યાં, તો આણે ઓષધો શોધ્યાં. એક માત્ર મૃત્યુનો કોઈ ઉપાય હજી એને હાથ લાગ્યો નથી! બાકી, નગરો, ને નિયમો, ને ઉપાયો, ને...ઓ હો હો હો...' આવા, નગરજનો પાસેથી સાંભળેલા વિચારોને મમળાવતો એ પોતાને સ્થાને પહોંચ્યો. સૌ ચોકીદારો એને વીંટળાઈ વળ્યા. 'શું થયું લ્યા?' 'શું થયું?' સૌ જાણવા ઉત્સુક હતા. પણ એણે જે વાત કરી તે સાંભળીને સૌ ફફડી ઊઠયા. આ કામ કરનાર હવે પકડાય શી રીતે?

'અલ્યા, પણ આ મડદાને તો પાછું હતું એવું કરી દો.' એકે સૂચવ્યું. 'હા હા, ધૂળ ખંખેરી નાખો.' બીજાએ કહ્યું. ને સૌએ એના પરથી ધૂળ ખંખેરી નાખી. મડદું ગદગદી ઊઠયું હતું. મહીંથી અસહ્ય દુર્ગંધ છૂટતી હતી. પવનની દિશામાં તો ઊભું યે રહેવાય એમ નહોતું. એટલે સૌ એથી વિરુદ્ધની દિશામાં, જરા છેટે, સહેજ ઊંચાણે મડદા પર બરાબર ધ્યાન રાખી શકાય એમ બેઠા. હૈયામાં ફફડાટ એવો હતો કે બીજી કોઈ વાતે ય એમને સૂઝતી નહોતી; નજર વળી વળીને મડદાને જ તાકતી! એમ કરતાં સૂરજ માથે આવ્યો. તાપ અસહ્ય બન્યો.

એ ટાણે એકાએક આખું આકાશ ખળભળી ઊઠયું. અવકાશનાં ઊંડાણોમાંથી હતા તેટલા પવનો એકસામટા એકઠા થઈને પ્રચંડ વેગે ફૂંકાવા લાગ્યા. જબ્બર આંધી ઊઠી. તોતિંગ ધીંગાં વૃક્ષો મૂળમાંથી જ ઊખડી ઊખડીને ફંગોળાવા લાગ્યાં. ધરાની ધૂળથી આકાશ આખું છવાઈ ગયું. દિનકર જાણે બુઝાઈ ગયો. પેલા ચોકીદારો બાપડા આંખે હાથ દઈને બેઠા રહ્યા.

આખરે આંધી શમી. ને એમણે જોયું તો મડદાને ખુલ્લું જોઇને એક સ્ત્રી હૈયાફાટ રુદન કરતી હતી: જાણે માળો વિંખાયો હોય ને બચલાં ગુમાવ્યાં હોય, એવી કોઈ પંખિણી! વિલાપ કરતી ગઈ અને આ કાળું કામ કરનારને શાપ દેતી ગઈ. ઊભી થઈ પાવડે પાવડે ત્રણ વાર એ શબ પર ધૂળ છાંટી. એ જ વખત ચોકીદારોએ દોડી જઈ, એને પકડી લીધી.

'બોલ, આ પહેલાં તેં જ આની ઉત્તરક્રિયા કરેલી ને?' પહેલા ચોકિયાતે પૂછ્યું. 'હા.' એણે સ્પષ્ટ જવાબ વાળ્યો.

'તું રાજાજીનો હુકમ જાણે છે?' 'હા; સારી પેઠે'.

પહેલાં ચૉકિયાતે ઉપર જોઈ, બે હાથ જોડ્યા. પછી પોતાના સાથીઓને કહેવા લાગ્યો: 'હા...શ. હું તો છૂટ્યો. પણ દોસ્ત, જાણે છે આ કોણ છે? રાજકુમારી. એના તરફ મને અનહદ માન છે. મારું ચાલે તો એને છોડી દઉં. પણ મજબૂર છું! અરરરર! બિચારી આ મારે હાથે ઝલાઈ!'

એના સાથીએ જવાબ વાળ્યો: 'અને છે ય કેટલી સરળ! નથી સામે થતી, નથી ના પાડતી.'

એ હતી ઍન્ટિગોની. ચોકીદારો એને ક્રિયોન પાસે લઈ આવ્યા ત્યારે ય એણે ક્રિયોન સમક્ષ ગુનાનો ખુલ્લો એકરાર કર્યો. એના ફરમાનની પોતાને પહેલેથી જાણ હતી એ ય ચોખવટ કરી. ત્યારે ક્રિયોનના ક્રોધનો પાર ન રહ્યો. પણ એની તુમાખીભરી વાણીની સામે પ્રગટતા ઍન્ટિગોનીના વાક્પ્રવાહમાં જાણે તેજ ઝરતું હતું.

'મારા હુકમનો આવો સરિયામ વિરોધ!' એ ગર્જ્યો. ત્યારે એ મક્કમપણે બોલી: 'એ કાંઈ દેવવચનો નથી. એમાં ન્યાય નથી; દેવના અચલ આદેશોનો ઉચ્છેદ છે. એ અણલખ્યા શાશ્વત દૈવી આદેશો જ મને માન્ય છે, તમારાં રોજ-રોજ ફરતાં રહેતાં ફરમાનો નહિ. કોઈની ધાકધમકીથી હું મારા અંતરના અવાજને રૂંધીશ નહિ. આફતોથી હું ડરતી નથી; મારા ઉપર આફતો પર આફતો ખડકાતી જ ગઈ છે. હવે હું મોતથી ય બીતી નથી. મેં આ આંખે મારું આખું કુળ ડૂબતું જોયું છે. મારા કૃત્ય બદલ મને કોઈ દુ:ખ, કોઈ પસ્તાવો થવાનું કારણ નથી. હા, મને પારાવાર દુ:ખ થાત, મેં તમારા ફરમાનથી ભય પામીને જો મારા વહાલા બાંધવના શબને અંત્યેષ્ટિસંસ્કારવિહોણું રહેવા દીધું હોત તો.'

'તું તો અક્કલ વિનાની છે.'

'કોઈ મૂર્ખ મારા કૃત્યને મૂર્ખામી લેખે તેની મને પરવા ન હોય.'

ઍન્ટિગોનીનાં વચનોને મૂંગે મોઢે સાંભળી રહેલા વૃદ્ધોમાંથી એકે એને જરાક ટપારી: 'બાપુ તુંય તારા બાપ જેવી છો હોં,–અક્કડ, એલી, એઈ તારા વિરુદ્ધમાં બધું જ હોય ત્યારે જરા નમતું જોખવામાં તારું જાય છે શું?' પણ ક્રિયોન તો તરત બરાડી ઊઠ્યો, 'અક્કડ હોય તે ઊખડી પડે. અક્કડ લોઢું આગમાં પડતાં કરચ-કરચ થઈ જાય છે. ભલભલો કદશ્વ એક નાનકડી રાશથી પાંશરો થઈ જાય છે તે જાણો છો ને? એક તો તેં કાયદો તોડ્યો, ઉપરથી પાછો તારો બચાવ કરે છે ને મને ખોટો પાડવા મથે છે. છોકરી...તું મારી સગ્ગી બહેનની દીકરી છે. મને ઓછી વહાલી નથી. પણ જરા રાજ્યની બાબતમાં હું અંગત સંબંધોને ગણતરીમાં લઉં એવો નથી. રાજ્યના ધારાનો ભંગ કરનાર તું હો કે તારી બહેન...હા, એનો પણ આમાં હાથ હોવો જ જોઈએ.'

અને એને યાદ આવ્યું. પ્રભાતના પ્હોરમાં ઇઝ્મિની મળેલી ત્યારે એનો ચહેરો જાણે કે કંઈક છુપાવવા મથતો હોય તેવો હતો. પોતે સામે જોએલું, છતાં વંદન કરવા જેટલો વિવેક પણ ચૂકી ગએલી. એને ખાતરી થઈ ગઈ. ઇઝ્મિનીનો પણ આમાં હાથ હોવો જ જોઈએ. એણે ઇઝ્મિનીને હાજર કરવાનો પ્રતિહારીને હુકમ કર્યો, ને વડીલો સામે જોઈ બોલ્યો: 'સવારે મેં એને જોઈ ત્યારે એનું મોઢું જ ચાડી ખાતું'તું. કાળાં કામ ચહેરા પર તો તરત છપાઈ જાય છે.'

'તમે જેને કાળું માનો છો એને હું ઊજળું માનું છું. આ બધા પણ મારા કામને ઊજળું માને છે; પણ તમારી ધાકે એમની જીભ સીવાઈ ગઈ છે એટલું જ. તમે જે કાંઈ બોલો તે ફરમાન બની જાય, કેમ? તે બધા કાયદા થઈ જાય?'

'હજી ય તું તારું ગાણું મૂકતી નથી! તને શરમ નથી?'

'શાની શરમ? ભાઇને સન્માનવામાં વળી શરમ કેવી?'

'ને એની જોડે મરનાર એનો વેરી તારો ભાઈ નહોતો કે?'

'હતો, હતો, સગ્ગો માજણ્યો.' ઍન્ટિગોનીએ ભારપૂર્વક કહ્યું.

વારતા
૭

વૈતાળ પચ્ચાસી

વિનોદ ભટ્ટ

પંદરમું રત્ન

અને મડાને વડ પરથી ઉતારી, ખાંધે નાખી, પોતાના મહેલ તરફ ચાલવા માંડતા રાજા વિક્રમને શબમાં પ્રવેશેલા વેતાળે આ વારતા કહી:

અમરત્વ પ્રાપ્ત કરવા દેવ-દાનવોએ 'ભવ્ય જોડાણ' કરીને, ક્ષીરસાગરનું મંથન કરી તેમાંથી અમૃત પ્રાપ્ત કરવાને મેરુ પર્વતનો રવૈયો બનાવી મંથન કરવા લાગ્યા.

આ પ્રમાણે એક હજાર વર્ષ સુધી સમુદ્રમંથન કરતાં, તેમાંથી 'હલાહલ' નામનું મહાભયંકર વિષ, ધન્વંતરિ, અપ્સરાઓ, સુરા, કામધેનુ, ઉચ્ચૈ:શ્રવા નામનો અશ્વ, કૌસ્તુભમણિ વગેરે તેર રત્નો બહાર આવ્યાં, પણ હજુ સુધી અમૃત બહાર આવ્યું નહિ, દેવોએ અંદરઅંદર નક્કી કર્યું હતું કે સમુદ્રમાંથી અમૃત સિવાયની બીજી કોઈ પણ લોભાવનાર વસ્તુ નીકળે તેની સામે દૃષ્ટિ સુધ્ધાં કરવી નહિ.

અંતે અમૃત નીકળ્યું, પણ તે સાથે એક કૌતુક થયું. અમૃતની સાથોસાથ બીજી એક વસ્તુ પણ નીકળી. દેવોએ તો નિરધાર કર્યા પ્રમાણે પોતાની આંખો મીંચી દીધી. પણ દાનવો એ વસ્તુ પર તૂટી પડ્યા ને એ મેળવવા અંદરોઅંદર યુદ્ધ કરવા લાગી ગયા. આ તકનો લાભ લઈ દેવો સમુદ્રમાંથી અમૃત પીને અમર થઈ ગયા.

અને પેલી વસ્તુ કબજામાં લેવા માટે દાનવો યુગો સુધી માંહોમાંહે લડતા જ રહ્યા. આજે પણ એ વસ્તુ માટે જીવ સટોસટનું યુદ્ધ ચાલે છે.'

વારતાને અહીં અટકાવતાં વેતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ, સમુદ્રમંથનમાં નીકળેલી જે વસ્તુ માટે દાનવો આ ક્ષણે પણ અંદરોઅંદર યુદ્ધ કરી રહ્યા છે એનું નામ તને આવડતું હોય છતાં તું ન કહે તો તારા મસ્તકના સહસ્ર ટુકડા થઈ જશે...'

'ખુરશી...' વિક્રમે સદ્ય ઉત્તર આપ્યો; એટલે, 'તું તો ખરો ઇન્ટેલિજન્ટઇડિયટ છે' કહીને, હસતુંહસતું મડું ઝાડ પર લટકી ગયું.

ક્રિયોને સામી દલીલ કરી: 'તો એકના દુશ્મનને સન્માનીને બીજાનું તું અપમાન નથી કરતી?'

'મરેલાંને અપમાન ન હોય. ને બીજો જે મર્યો એ ય પારકો નહોતો, એનો સહોદર જ હતો. ને અમરનું ય મોતની અદબ જાળવવી જોઈએ. મોતમાં ભેદભાવ ન હોય.' પણ ઍન્ટિગોનીનું આ ડહાપણ ક્રિયોનને મંજૂર નહોતું. એણે ભારપૂર્વક કહ્યું. 'મર્યા પછી યે વેરી તો વેરી જ રહે; સ્નેહમાં સહભાગી ન બની જાય.'

'તમને એ સિદ્ધાંત મુબારક હો. હું તો સદા યે સ્નેહની ભાગીદારીમાં જ માનું છું, ધિક્કારમાં સહભાગી થવામાં નહિ.'

ક્રિયોને ધાર્યું નહોતું કે આટલી અમથી છોકરડી આવાં વેણ નગરજનોના દેખતાં એને સંભળાવશે. એણે પોતાનો નિશ્ચય એને કહી સંભળાવ્યો: 'તો ભલે. તું થા એના મોતમાં ભાગીદાર. મારામાં પ્રાણ છે ત્યાં સુધી એક સ્ત્રીનાં વચનને હું કાયદો બનવા દઈ શકું નહિ.'

એ એની જાહેરાતથી નગરનાયકો પણ ઘડીભર સ્તબ્ધ બની ગયા. એ જ વખતે સંત્રીઓ ઇઝ્મિનીને પકડીને લઈ આવ્યા. એની આંખો રડીરડીને સૂઝી ગઈ હતી. મોં પડી ગયું હતું. હોઠ ફિક્કા હતા. ક્રિયોને એને સીધો જ સવાલ કર્યો: 'બોલ, આમાં તારો પણ હાથ તું કબૂલે છે ને?'

ત્યારે એણે અચકાતાં કહ્યું: 'હા...પણ...જો ઍન્ટિગોની એ કબૂલ રાખતી હોય તો.'

કે તરત ઍન્ટિગોનીની આંખ ચમકી: 'કબૂલ રાખું? વર્તનમાં ન ઊતરે, ખાલી વાણીમાં જ રહી જાય એવું વહાલ મને મંજૂર નથી. જે

કામમાં તેં આંગળી યે અડાડી નથી એમાં તારો ભાગ હું કેમ કબૂલું?'

ક્રિયોનને બંને બહેનો પાગલ લાગી. એણે ઇસ્મિનીને સીધી સટ વાત કરી: 'તારી બહેન તો મરી ચૂકી છે એમ માન. તું તારી જ વાત કર.'

પણ એમ બહેનની વાત ઇસ્મિની થોડી છોડી દે? એણે તરત પૂછ્યું: 'પણ તમે—સસરા ઊઠીને તમારી ભાવિ પુત્રવધૂનો જાન લઈ શકો જ કેમ?' ક્રિયોનનો ઉત્તર સ્પષ્ટ હતો: 'એને તો એક કહેતાં એક-વીસ મળશે. આના પર શું મહોર મારી છે?' છતાં ઇસ્મિનીએ કહ્યું?'

'પણ એ બંનેની પ્રીત અતૂટ છે એ તમે ક્યાં નથી જાણતા?'

પણ ક્રિયોન કોઈ બાંધછોડ માટે તૈયાર નહોતો: 'એમની પ્રીત હું નથી તોડતો, મોત તોડે છે.' કહીને, ચર્ચા સહેજ પણ લંબાય તે પહેલાં તો, એણે સંત્રીઓને આ બંને બહેનોને કારાગારમાં લઈ જવા આજ્ઞા કરી.

સંત્રીઓ એમને લઈને ચાલ્યા. રસ્તામાં હીમને આ દૃશ્ય જોયું. એ નગરમાંથી જ આવતો હતો. ત્યાં સાંભળેલું એને સાચું પડતું લાગ્યું. પિતા શું પાગલ થયા હતા? એમને વારવા જ જોઈએ. એ તાબડતોબ દરબારમાં પહોંચ્યો. પિતાને સમજાવવા મથ્યો. પણ એ તો ઊલટું પોતાની વાતને વધારે ને વધારે વળગતા જ ગયા. ક્રિયોનને આજે સૌમાં શંકા જાગતી હતી. ઍન્ટિગોનીને કોઈએ ચડાવી છે. ઇસ્મિનીનો એમાં સાથ છે. પેલો ચોકીદાર પણ પહેલાં તો નામક્કર ગયો ને પછી જ એને પકડી લાવ્યો. અરે પોતાનો પ્રિય પુત્ર પણ જાણે એની પ્રેયસીનો પક્ષ લઈને વકાલત કરવા આવ્યો છે!

પણ હીમન મિજાજ ખોયા વિના દલીલો કર્યે જ ગયો: 'બાપુજી, તમે તો જાણો જ છો, વિવેક એ માણસને મળેલું મોટામાં મોટું દૈવી વરદાન છે. પોતે વિચારે એ જ પ્રમાણે સૌ વિચારે એવો આગ્રહ કોઈએ રાખવો ન જોઈએ. તમારી પાછળ લોકો ધુસપુસ કરે છે, પણ મોઢામોઢ બોલી શકતા નથી. આ સ્ત્રીએ જાનને જોખમે જે ભ્રાતૃપ્રેમ બતાવ્યો છે તેને સૌ બિરદાવે છે; એક તમે જ એને ગુનો ગણો છો! છતાં હોય; પહેલાં એવો એક વિચાર આવી ગયો હોય. પણ પહેલો વિચાર તે આખરી નિર્ણય ગણાવો ન જોઈએ. ફેરવિચાર એ વિવેકનું લક્ષણ છે. તમારું ધાર્યું થાય, તમારો પડતો બોલ ઝિલાય, તમે કહો તે બધું વિના દલીલે સ્વીકારાય, તમારી જ ઇચ્છાને સૌ મૂગે મોઢે અનુસરે, એ તો સંકુચિતતા છે. છીછરા મનની નિશાની. ડાહ્યો માણસ તો પોતાની ભૂલમાંથી પણ પાઠ લે, બાંધછોડને નબળાઈ ન ગણે. જલપ્રવાહના પ્રચંડ પૂરમાં સપડાએલાં જે વૃક્ષો અક્કડ રહે છે તે સ-મૂળાં ઊખડીને ક્યાંય તણાઈ જાય છે; વળે છે તે જીવી જાય છે. સાગરના ઝંઝાવાતમાં ફસાએલા વહાણના શઢ સંકેલવા જ પડે, નહિ તો એના ફુરચે ફુરચા ઊડી જાય',

નાને મોઢે આવી મોટી વાતો, ને તે ય નગરનાયકોની ઉપસ્થિતિમાં, એક છોકરો, એના પિતાને—રાજાને સંભળાવે, એ કેમ સાંખી શકાય? છોકરાની સલાહથી રાજ્ય ચાલતાં હશે? ને આ તો વહુનો જ પક્ષ લે ને? ક્રિયોનને હીમનનો એકે શબ્દ ગળે ન ઊતર્યો. એણે ચોખ્ખેચોખ્ખું સંભળાવી દીધું: 'તું એનો ખુલ્લી રીતે પક્ષ લે છે, પણ ખાતરી રાખજે, તું એના જીવતાં તો એને નહિ જ પરણી શકે.'

હીમને પણ એટલી જ મક્કમતાથી સંભળાવ્યું: 'તો તમે ય ખાતરી રાખજો, એ મોતમાં એકલી નહિ હોય.'

'નાલાયક! તું મને ધમકી આપે છે?'

'તમારા જક્કી વલણની સામે દલીલો કરવી એ શું ધમકી ગણાય?'

"જક્કી વલણ'?...શું મારું?... છોકરા, હું ઈશ્વરના સોગંદ ખાઇને કહું છું, તારા તુંડમિજાજ બદલ તારે પણ સહન કરવું પડશે.' અને તરત જ એણે ઍન્ટિગોનીને હાજર કરવા હુકમ કર્યો, ને ઉમેર્યું: 'એનો અહીં જ, આની નજર સામે વધ કરવાનો છે.'

'આ આંખો એ નહિ જ જુએ; ને તમારી નજરે હું પણ કદી હવે પડવાનો નથી. અહીં જે હાજર છે તે તમારા અપકૃત્યના મૂક સાક્ષી છો થતા.' એટલું બોલતોક ને, આવેશમાં એ ઝડપી ચાલ્યો ગયો.

'ઊછળતું લોહી આવેશમાં કંઈ કરી ન બેસે' એવી ચિંતા વૃદ્ધ નગર-નાયકોને થઈ. પણ રાજાને લાગ્યું કે ભલે ટળ્યો; હવે આ વાતનો ઝટ અંત લાવવો જોઈએ. વૃદ્ધોએ જરા અચકાતાં પૂછી નાખ્યું; 'શું બેય બહેનોને મોતની સજા કરવા ધારો છો?' ત્યારે એને પણ લાગ્યું કે ઇસ્મિનીને મુક્ત કરી શકાય. એણે એ જાહેર પણ કર્યું. અને ઍન્ટિગોનીના રક્તપાતથી થતા પાતકમાંથી રાજ્યને બચાવવાનો રસ્તો પણ એણે શોધી કાઢ્યો. એને દૂરના વેરાનમાં, જ્યાં કોઈની અવરજવર ન હોય એવા એકાન્તમાં ગુફામાં પૂરી દઈ, ગુફા ચણી લેવી. અંદર થોડોક ખોરાક પણ મૂકવો જેથી રક્તપાત ન ગણાય ને છતાં એ ગૂંગળાઈ મરે. એ નિશ્ચય સાથે એ રાજમહેલમાં ગયો.

એના ફરમાન મુજબ ચોકીદારો ઍન્ટિગોનીને એની જીવતી કબર તરફ લઈ ચાલ્યા. આશા-અરમાનોથી છલકતું યૌવન, લગ્નમંડપે જવાને લાયક, મૃત્યુને માંડવે ચાલ્યું. એને આંસુ છલકતી આંખે જોતાં ને નમન કરતાં લોકને જોઇને એણે હાથ જોડયા. બોલી; 'આવજો હોં! હું જાઉં છું મારા શાશ્વત શયનગૃહમાં. ત્યાંથી જીવતેજીવત મને મોત દોરી જશે શાન્ત સરિતાની પારના પ્રેતલોકમાં...રડો નહિ...હું જાણું છું, મારે માટે ન ઊગ્યો લગ્નનો દિવસ, ન ગવાઈ સાંઝીઓ.'

ટોળામાંથી એક કહે: 'પણ બહેન આ ય કાંઈ નાનીસૂની વાત નથી.' બીજું બોલ્યું: 'અરે ગૌરવપ્રદ ગણાય.' ત્રીજું કોક બોલ્યું: 'તમારા શરીરની કાંતિને કોઈ માંદગી ઝાંખવી શકી નહિ.' કોકે વળી ઉમેર્યું: 'ન કોઈ તલવાર કે શસ્ત્ર એને અડી શક્યું.' એ જ વિચારમાં કોકે ટાપશી પૂરી, 'આટલાં મુક્ત, આટલાં જોમવાળાં! આવું મોત પણ ક્યાં કોઈના ભાગ્યમાં હોય છે?' વેદનાભર્યું હાસ્ય કરીને ઍન્ટિગોની બોલી: 'ટૅન્ટિ-લસની પેલી પુત્રી નિયોબ. એની વાત જાણો છો ને? પોતાનાં બારે-બાર સંતાનોને એક પછી એક આંખો સામે જ વિંધાતાં જોઈને એ કલ્પાંત કરતાં કરતાં જાતે જ વેદનાઝરતી શિલા બની ગઈ. એવો જ શાશ્વત વિલાપ મારે લલાટે પણ લખ્યો છે શું?'

એનો જવાબે ય કોકે આપ્યો: 'પણ એ દૈવી અવતારોની બરોબરીનું મોત મૃત્યુલોકના માનવીને પણ મળે એ ઓછા ગૌરવની વાત છે!'

ઍન્ટિગોનીના અવાજમાં હવે વેદના સાથે થોડો ક્રોધ પણ ભળ્યો: 'આવી મશ્કરી, આવી ક્રૂર! હું હજી તો જીવતી છું! હું જાઉં પછી કહેવું હોય તે કહેજો.' ત્યાં તો એક વૃદ્ધ બોલ્યો: 'પણ દીકરી, કોઈ શું કરે? ખરેખર તો તને તારા પિતાનું પાતક નડ્યું.' એણે જાણે રૂઝાએલો ઘા ઉખેળ્યો.

ઍન્ટિગોની કકળી ઊઠી: 'હા...હા, પિતાનું પાતક! ઘોર પાતક! સગ્ગી મા સાથે લગ્ન! ઘૃણાજનક. અત્યંત નિંદ્ય. એ લગ્નના બીજમાંથી ઊગેલો આખો વેલો બળી ન જાય તો જ નવાઈ. પરણનારાં વેદનામાં બૂઝાઈ ને રાખ થઈ ગયાં. ભાઈ઼ઓ પણ કમોતે એકબીજાને હાથે મૂઆ. એમને જ રસ્તે મારે ય આજ જવાનું છે–એકલી અટૂલી, શાપિત, પ્રેમવંચિત.'

ત્યાં ક્રિયોને જાણ્યું કે ચોકીદારો તો હજી વાતો કરવા રોકાયા છે. એ તરત ત્યાં આવી પહોંચ્યો. લોકોમાં ફફડાટ ફેલાયો. કેટલાક તો ત્યાંથી પલાયન કરી ગયા. કેટલાક હાથ જોડીને છેટે જતા રહ્યા. 'આટલો વિ-લાપ કરવો'તો તો મરવાનું પસંદ કેમ કર્યું?' ક્રિયોને ઍન્ટિગોનીને સંભળાવ્યું. પછી ચોકીદારોનો ઊધડો લીધો: 'શું કરો છો તમે અહીં? આ અબળાના વિલાપનો અંત આવે એની રાહ જુઓ છો? જેટલી ઢીલ કરશો એટલા તમારા જાનને જોખમમાં મૂકશો, જાણો છો? જાવ જલ્દી.'

દૂર ઊભેલા વૃદ્ધોએ માથાં ઢાળી દીધાં. ઍન્ટિગોનીએ એ જોયું·



રસિકલાલ પરીખ

સાગરખાળ (પેન ઍન્ડ ઈંક)



ચરખ
વૂડકટ
રસિકલાલ પરીખ

નર્મદાતીરનું ગામ
પેન ઍન્ડ ઇંક : રસિકલાલ પરીખ





ગામડાની શેરી (પેન ઍન્ડ ઇંક) રસિકલાલ પરીખ

કલા-રવિ ટ્રસ્ટ તરફથી

આની પાછળના પાને છાપેલા રેખાચિત્રની

રંગપૂરણી હરીફાઇ

ભારત કલા મંડળ (અમદાવાદ) તરફથી કલા-રવિ ટ્રસ્ટને કલાના શૉખ તથા શિક્ષણના પ્રચાર અર્થે અમુક રકમ સોંપવામાં આવી છે. તેમાંથી 'કુમાર'ના વાચકો માટે નીચે મુજબની રંગપૂરણી હરીફાઈ 'કલા-રવિ' ટ્રસ્ટ તરફથી જાહેર કરવામાં આવે છે:

હરીફાઈના નિયમો

૧) આની પાછળ છાપેલા રેખા-ચિત્રમાં પોતાની સૂઝ પ્રમાણે રંગ પૂરીને 'કુમાર'ના તંત્રીને સરનામે બુકપોસ્ટ-થી ૩૧ માર્ચ સુધીમાં પહોંચે તે રીતે ચિત્રની પાછળ જ પોતાનું પૂરું નામ-સરનામું, વિદ્યાલયનું નામ વગેરે લખીને મોકલવાનું છે.

૨) રંગપૂરણી માટે આ પાનું જ 'કુમાર'માંથી કાઢી લઇને વાપરવાનું છે કોઈ જુદા કાગળ પર ચિત્ર ઉતારીને નહિ.

૩) રંગ જળરંગના હોવા જોઈએ; ક્રેયૉન કે તૈલરંગ નહિ.

૪) હરીફાઈ બે કક્ષાના હરીફો માટે છેઃ (अ) ૧૨ થી ૧૮ વર્ષની વય સુધીના વિદ્યાર્થીઓ; અને (ब) ૧૯ થી ૨૪ ની વય સુધીના મોટા વિદ્યાર્થીઓ તેમજ ચિત્રશિક્ષકો.


૫) પ્રત્યેક કક્ષામાં શ્રેષ્ઠ નીવડનાર માટે બબ્બે પારિતોષિકો છે : अ માટે પહેલું ઈનામ રૂ. ૧૦, બીજું ઈનામ રૂ. ૭; ब માટે પહેલું ઈનામ રૂ. ૧૫, બીજું ઈનામ રૂ. ૧૦.

૬) નિર્ણાયકો તરીકે શ્રી રવિશંકર રાવળ તથા 'કુમાર'ના તંત્રી રહેશે.

૭) પારિતોષિકને પાત્ર ઠરેલી કૃતિઓ દફતરી દાખલા માટે અત્રે રાખી લેવામાં આવશે. તે સિવાયની કૃતિઓ પાછી મેળવવા ઇચ્છનારે પોતાનું પૂરું નામ-સરનામું લખેલું તેમજ ટિકિટ ચોડેલું કવર ચિત્રની સાથે જ મોકલવાનું રહેશે; પાછળથી નહિ જ. અને છૂટી ટિકિટ પણ નહિ જ. એવી ટિકિટો માટે અમારી જવાબદારી રહેશે નહિ.

૮) હરીફાઈ અંગે કશો પત્રવ્યવહાર કરવામાં નહિ આવે.

૯) આવી બીજી હરીફાઈ ઑગસ્ટ અંકમાં જાહેર થશે.



'કુમાર'– રંગપૂરણી હરીફાઈ માટેનું રેખાચિત્ર

પગલાં ઉપાડતી, એમને વંદન કરતી એ બોલી: 'પ્રણામ વડીલો, તમારી આખરી વિદાય લઉં છું. હું જાઉં છું મારા મોતના મંડપે. બીજું કંઈ નહિ તો ય ત્યાં તો મારાં સ્વજનો મારી વાટ જોતાં ઊભાં હશે. મારા પિતા મને ભેટશે. મારી મા તો મને વળગી જ પડશે. મારો ભાઈ ઇટિયોકલ્સ પણ રાજી થશે. ને પૉલિનીસસનો આનંદ તો હું કલ્પી શકું છું...એને અંજલિ આપતાં મને મોત મળે છે! હા, હા, હા, હા.'

એ આંસુ સાથે હસી કે રડી? એકાએક એ અટકી. ઊંચી આંખ કરી ક્રિયોન સામે જોયું. ને જરા ઊંચે સાદે બોલી: 'એવું તે મેં શું પાપ કર્યું છે કે મને તમે સજા કરો છો, તે કહેશો?...ના, ના. મેં જો દેવોને દુભવ્યા હોય તો એનું પાતક શતગણું મારા શિર પર હજો; પણ મને સજા દેનાર જો સદંતર જુઠ્ઠો હોય તો, હે ભગવાન, મારા કરતાં સહસ્રગણી આકરી એની વલે થજો!... હું તો આ ચાલી.' અને એ ગઈ.

ક્રિયોન રાજમહેલમાં પાછો ફર્યો. ત્યારે એણે, એક છોકરાને ખભે હાથ મૂકીને, લાકડીને ટેકેટેકે આવતા વૃદ્ધ પ્રજ્ઞાચક્ષુ ટાયરેશિયસને જોયો. સમગ્ર પ્રજા પર કે એમના નેતા પર આફત આવવાની હોય ત્યારે આ આર્ષદ્રષ્ટા એમને ચેતવતો. ભાવિ દર્શનની એની પાસે અજબ શક્તિ હતી. ક્રિયોને એની ચરણરજ લીધી: 'દાદા, આપ...?'

ક્રિયોન હજી વાક્ય પૂરું કરે તે પહેલાં તો એ બોલ્યો: 'તું ખાંડાની ધાર ઉપર ઊભો છે, બેટા.' અને પોતાને અમંગળનાં એંધાણ જે વરતાયાં તેનો આખો અનુભવ એણે ટૂંકમાં કહ્યો:

'અમસ્તો તો હું મારા આસને બેસું ત્યારે પંખીઓની વાણી પણ ઉકેલી શકું છું, પણ હમણાં જુદો જ અનુભવ થયો. મેં સાંભળ્યો નખોરિયાંનો ખરવરાટ, પાંખોની પરસ્પર થતી ઝાપટ, ઝપાઝપી ને ચીસાચીસ. પંખીઓ વચ્ચે આવો કલહ ને એમની આવી બૂમાબૂમ મને અસ્વાભાવિક લાગ્યાં. અમંગળ એંધાણ મને દેખાયાં. એનું પારખું કરવા અગ્નિકુંડમાં મેં બલિ પધરાવ્યો; તો એમાંથી યે જ્વાળા ન પ્રગટી! ઊલટું મેં પધરાવેલા આમિષમાંથી ગંધાતું પ્રવાહી ફદફદીને, ધૂંધવાતું ને બડબડિયાં કરતું રાખમાં ટપકવા લાગ્યું. કલેજાનો પિત્તરસ તો એક ધૂમ્રગોટો બનીને અલોપ થઈ ગયો. ચરબી નીચે સરી ગઈ. કેડનો ભાગ સાવ ઉઘાડો થઈ ગયો. હું જાતે તો થોડો જોઈ શકું છું? પણ આ જુવાન મિત્ર મારે માટે આ બધું જુએ છે, ને હું વળી કોઈ બીજા માટે કાંઈ બીજું જોઉં છું. પણ એ તો આડવાત. મારો બલિ એળે ગયો એ આફતનું એંધાણ. એ મેં પારખી લીધું છે. આ બધાંનું કારણ જાણે છે? તારું કરતૂત. કાગડાં-કૂતરાં-ગીધડાં-જાનવરોએ જે ચાટ્યું, ને પછી જેનાથી આપણા અગ્નિકુંડો અભડાયાં, એ લોહી બીજા કોઈનું નથી પણ દુર્ભાગી ઇડિપસનું જ છે: એના પુત્રની નાડીઓમાંથી વહેલું એ લોહી. એના મડદાને તેં રવડતું રાખ્યું એનું આ પરિણામ. આપણાં આ તીર્થો એથી અભડાયાં છે. પાપ તો માનવીમાત્રથી થઈ જાય, બેટા. પણ એમાંથી પાછાં વળે, પસ્તાય, એ ઊગરે; એને વળગી રહે એ તો એમાં આખાં ને આખાં એવાં ખૂંપી જાય કે પછી એમનું હાડકું ય હાથ ન લાગે.

ને મૃત્યુનો અનાદર ન હોય. શબનો તિરસ્કાર ન હોય. એક વાર જે હણાયું એને ફરીથી હણવાનું ન હોય. તારા ને આ ભૂમિના ભલા માટે કહું છું. હજી વખત છે. પાછો વળ.'

ક્રિયોનને ખાતરી થઈ ગઈ કે ડોસે પૈસા ખાધા છે. જ્યાંત્યાં આજકાલ એને લાંચની જ શંકા જતી. એટલે એણે ટાઇરેશિયસનો ઊધડો લીધો. અરે, દેવથી યે પોતે ડરતો નથી. 'પૉલિનીસસના મડદાને ખુદ ગરુડ ભલેને દેવાધિદેવના દરબારમાં તાણી જતું!' એણે ટાઇરેશિયસને સ્વાર્થી, ધંધાદારી ધુતારો કહ્યો. લોભી ને લાલચુ કહ્યો. લાંચિયો કહ્યો. અપ્રામાણિક ને ઉદ્ધત કહ્યો. ત્યારે ટાઇરેશિયસથી ન રહેવાયું. એનો પ્રકોપ પ્રજ્વળી ઊઠ્યો. એણે આખરી વેણ સંભળાવ્યાં:

'તો સાંભળી લે. આ સૂર્યનો એકાદ ફેરો પૂરો થાય એટલામાં જ તું તારા પુત્રનું મડદું જોશે. તેં લીધેલા જાનના બદલામાં એનો જાન જશે. તારે તો બે દાપાં ચૂકવવાનાં છે ને?—એક, પેલીને જીવતી ચણી છે એનું, અને બીજું પેલું મડદું સડતું રાખ્યું છે એનું. એ બે ય દેવાં ભરપાઈ કર્યા વિના નહિ ચાલે... તારું આખું ઘર રુદનથી ઊભરાશે. તારા ને આસપાસનાં નગરોમાં જ્યાં જ્યાં જાનવરો ને પંખીઓથી આ અપવિત્ર રક્ત ફેલાયું ત્યાં ત્યાં કાળો કકળાટ મચવાનો. લોકો તારા પર થૂંકશે. મને તેં જે શર ભોંક્યાં છે તે તને જ વીંધશે...' ડોસે છોકરાનો ખભો ઝાલી લીધો. એનું આખું શરીર ધ્રૂજતું હતું. 'ચાલ ભાઈ, મને અહીંથી ઝટ લઈ ચાલ'. કહીને એણે વિદાય લીધી.

એનાં આખરી વચનોએ ક્રિયોનનું હૈયું કોરાયું. મહીં ફફડાટ ઊઠ્યો. એણે નગરનાયકોની સલાહ લીધી. એમને પણ લાગ્યું કે આ આગાહી ભયંકર છે, હજી પાછા હઠો. 'ભલે.' ક્રિયોને નિર્ણય ફેરવ્યો.

'તો ઝડપ કરો. પાપનો બદલો લેવામાં દેવ બહુ ઝડપી હોય છે.' વૃદ્ધોએ ચેતવ્યો. એણે સેવકોને બોલાવ્યા. કોદાળી પાવડા સાથે સૌ ઊપડ્યા. રણાંગણ પર ગયા. મડદાના અવશેષો ચારે પા વેરાએલા હતા ને શબ ફેંદાયેલી હાલતમાં ગદગદતું હતું. એને એમણે પવિત્ર જળથી સાફ કર્યું. અવશેષોને એકઠા કર્યા. શબની દહનક્રિયા કરી. રાખ ને ફૂલ એકઠાં કરી, એને વિધિસર ભૂમિમાં પધરાવ્યાં. ઉપર કબર વાળી.

ત્યાંથી ઍન્ટિગોનીની ગુફા ભણી વળ્યા. પહોંચ્યા, તો અંદરથી કોઈનું છાતીફાટ રુદન સંભળાતું હતું. ક્રિયોન અવાજ પારખી ગયો: 'અરે, દોડો દોડો, ઝટ કરો, ગુફા ખોલી દો. આ તો હીમન લાગે છે.' અને પાસે જઈને જોયું તો પોતાનાં જ કપડાંનો ફાંસો ખાધેલી હાલતમાં ઍન્ટિગોનીનું શબ લટકતું હતું. એને વળગીને હીમન હૈયાફાટ વિલાપ કરતો હતો.

ક્રિયોને એને વાર્યો: 'બેટા, થવાનું હતું તે થઈ ગયું. હવે રડ્યે શું વળશે? બધું ભૂલી જા, ભાઈ. બહાર આવ. ગાંડપણ છોડ, દીકરા.' એક આગઝરતી નજરે હીમને બાપ સામે જોયું. એના મોં પર એ થૂંક્યો ને એક અક્ષરે ય બોલ્યા વિના, ઝડપથી, તલવાર ખેંચીને જોરથી રાજા પર વીંઝી. પણ ક્રિયોન સરકી ગયો. ત્યારે ક્રોધશોકમગ્ન હીમને એ તલવાર પર પોતાના જ આખા દેહને ઝુકાવી દીધો ને આંખો મીચીને એણે ઍન્ટિગોનીને આખરી આલિંગન આપ્યું. એમ જ એ ઢળી પડ્યો.

એ સમાચાર આપવા એક દૂત રાજમહેલ ભણી દોડી ગયો.

રાજાની વેદનાનો પાર નહોતો. પુત્રની ઉત્તરક્રિયા એણે પોતાને જ હાથે કરવાની! પોતાને જ કારણે એ ગયો! ક્રિયોને એક શબવાહિની મંગાવી. એના પર બન્ને મૃતદેહોને રખાવ્યા ને એ મહેલ ભણી ચાલ્યો.

પણ...'આ શું? મહેલમાંથી પણ રુદન સંભળાય છે!' એ ઝડપથી ત્યાં પહોંચ્યો. ત્યારે જાણ્યું કે પુત્રના નિધનના સમાચાર મળતાં જ રાણી યૂરીડાઇસે પણ આત્મહત્યા કરી હતી. મરતાં મરતાં એ રાજાને શાપ આપતી ગઈ હતી કે 'આ બે મોતનો ભાર જીવો ત્યાં સુધી વેંઢારજો.'

'ઓ મોત, મને હવે તો છોડ. મારો પણ અંત આણ.' કહેતો ક્રિયોન, પછી તો, પોકેપોકે રડે કે પારાવાર પશ્ચાત્તાપ કરે તે શા કામનું? સુખની આધારશિલા છે વિવેક. એ ચૂકે તેનો શતમુખ વિનિપાત જ નિર્માય.

'મૅન ઍન્ડ એ વૂમન'ની નાયિકા અનુક આઇમી→



ઍર પોર્ટ પર મને લેવા રૉબર્ટ હાજર હતા. ન સમજાય એવી અટપટી રચનાવાળી મોટી મોટર તૈયાર હતી. સીધા હોટેલ પર ને ત્યાંથી હૉલ ઉપર જવાનું હતું. એણે મને અરધા કલાકમાં તૈયાર થઈ જવાશે?–એમ પૂછ્યું, અને ધીમે રહી ડ્રેસ-સૂટ, ટેઈલ કોટ વિષે પણ પૂછ્યું અને સૂચવ્યું કે ન લાવ્યા હો તો પા કલાકમાં આપણે અહીંના એક સ્ટોરમાંથી તમારા માપનો આખો સૂટ મેળવી શકીશું. અમે ઘણા માટે અહીં એમ જ કરીએ છીએ.

અરે તારું ભલું થાય, ભલા ભાઈ! ધીમે રહીને મેં એને પૂછ્યું કે હિન્દી ધોતી-કુડતું નહિ ચાલે? તો એ કૂદી પડ્યો, 'બેસ્ટ! વન્ડરફૂલ! ઓ કે! તમે સાથે લાવ્યા છો? ગો અ હેડ. ઈટ વિલ ઍડ કલર! હું નીચે બારમાં બેઠો છું. તમે આવો. ટેઈક યૉર ઓન ટાઈમ!' કેડે ધોતિયું વીંટાળતાં અને ઉપર પહેરણ જાકીટ સજતાં વળી વાર શી? પાંચ મિનિટમાં કપડાં

ઑસ્કર-અર્પણનો રંગમેળો

ચન્દ્રવદન મહેતાની અંતરગઠરી - ૩૭

ઉતારવાનાં, બીજી પાંચમાં વાઘા સજવાના, બે મિનિટ ધોતિયાની પાટલી, કવિ દયારામ ચીપતા તેમ અક્કડ ફક્કડ રાખવા ચીપી, અને એક મિનિટમાં બાબરી ઠેકાણે પાડી. એમ તેર મિનિટમાં—૧૯૬૭નો એપ્રિલ મહિનો એટલે ત્યાં ઠંડક નહિ, એથી નવી નક્કોર ફૂમતાવાળી ચૂં ચૂં બોલે એવી કોલ્હાપુરી ચંપલ પહેરી બંદા બહાર! પંદર મિનિટમાં નીચે બાર પર, અને એકાદ નાનકડું ઠંડું પીણું પીને સવારી ઊપડી.

ખાદી સિલ્કની કફની જોઈ રૉબર્ટ તો ખુશ ખુશ: 'આજે તો તમે જ ચીફ ઍટ્રૅક્શન' એ કહે છે. હું થૅંક યૂ કરતો મનમાં ગણગણું છું; કોના બાપની દીવાળી? શબ્દોની ક્યાં ખોટ છે! સિત્તેરની નજીક પહોંચનારો હું, ત્યાંની અઢાર-અઠ્યાવીસની કિશોરીઓમાં, સૂટેડ બૂટેડ સેંકડો નવજુવાનોમાં અને છટપટાટ તાજગીભર્યા જોબનના મેળામાં કઈક જગવિખ્યાત વ્યક્તિઓમાં હું, નહિ ત્રણમાં, નહિ તેરમાં કે નહિ છપ્પનના મેળમાં. ઠીક છે. વખાણ સાંભળી ફુલાવું નહિ. એટલું સૂત્ર ધ્યાનમાં રાખી, રોશનીદાર રસ્તામાંથી અને આલીશાન મકાનોમાંથી નીસરી, આ પવિત્ર ભોમને નામે જગવિખ્યાત થએલી ભોમકા જોતા અમે નીકળ્યા.

રસ્તો જરા લાંબો, પણ રળિયામણો હતો. લૉસ ઍન્જેલિસ શહેરમાં થઈ અમે હોલીવૂડ નીકળ્યા. રૉબર્ટ હાંકે અને મને સ્થળોનાં નામ કહેતા જાય. આમ ઉત્તર તરફ જઈ અમે ફરી દક્ષિણ તરફ વળ્યા. અમારે જવાનું હતું સાંતા મોનિકા, એટલે બીવરલી હિલ્સ તરફ ન ગયા. આ 'સાંતા'નો તો કંઈ આ બાજુ છેડો જ નથી. નીચે સાંતા આના પણ છે. સાંતાક્રુઝ તો આપણે જાણીએ છીએ. પણ અહીંના બે ખંડોમાં ચાર પાંચ સાંતાક્રુઝો છે? સાંતા ફે, સાંતા એલિના, સાંતા લુસિયા, સાંતા મરિયા, અને રૉબર્ટના કહેવા પ્રમાણે સાંતા રિટા અને સાંતા રોસા પણ અરધો ડઝન દક્ષિણ-ઉત્તર અમેરિકામાં ગોઠવાયાં છે. મેં પાસાડાનાની પ્રખ્યાત નાટકનિશાળ માટે પૂછ્યું તો કહે કે એ તો પૂર્વ તરફ રહી ગઈ, આપણે તો પશ્ચિમમાં સાગરકાંઠે પહોંચવાના. પાસાડાના ન જવાયું કે ન જોવાયું એ માટે મારો જીવ તો બળ્યો, પણ બધા જ લાડવા આપણાથી ઓછા જ ખવાય છે? વખત થોડો અને વેગ ઘણા. આમ સાંતા મોનિકા પહોંચ્યા અને પછી સીધા હૉલ તરફ વળ્યા.

રસ્તે રૉબર્ટે સત્તર સવાલો પૂછ્યા; અને અઢાર ઉપરાંત વિગતો આપી: જુલી ક્રિસ્ટી, માઈકલ કેઈન અને પોલ સ્કૉફીલ્ડ લંડનથી ત્રોડીને આવી પણ ગયા. જૉન ક્રૉફર્ડ પણ આવશે એવું અમે સાંભળ્યું છે. ડીટ્રિચ આવે, ન પણ આવે. જુલી એન્ડ્રુસ તો હાજર જ છે. ઉત્તમ નટનો ઍવૉર્ડ એ આપશે. વૉટ ઍન ઑકેશ્ઝન! જિંજર રોજર્સ અને ફ્રેડ એસ્ટેર પણ આજે પહેલી જ વાર આવવાના છે. કોણ નહિ આવે? હેં! ઓડ્રે હેપબર્ન ઉત્તમ ચિત્રનો ઍવૉર્ડ આપશે. કેવી મજા! કેટલું સારું! ઓડ્રે હેપબર્ન જેટલી સ્માર્ટ ન જ જોવા મળે. જાણો છો? અમારી ગણતરી પ્રમાણે આજે બસો મિલિયન લોક ટેલિવિઝન ઉપર ઝઝૂમતું બેઠું હશે. 'બસો મિલિયન?' મેં પૂછ્યું. તો કહે કે કદાચ વધારે પણ. ઈ. ૧૯૨૭થી આ ઑસ્કર શો શરૂ થયો છે. ચાળીસ વર્ષમાં તો આ શો જોવા બસો મિલિયન લોક તો શું, પણ દેશદેશાવર મેક્સિકો કૅનૅડા જ્યાં ટેલિવિઝન 'હૂક અપ્સ' હશે ત્યાં યે આ પ્રોગ્રામ જોવા લોકો બેસશે જ.

મેં પણ મારું જ્ઞાન વધારવા સવાલો પૂછ્યા. આ ઑસ્કર ઍવૉર્ડ મળ્યા થકી કંઈ ખાસ ફાયદો? ઘ ઘ ઘ—જવાબમાં આંકડાઓની ઝડી વરસી! ટૂંકમાં ફિલ્મને ફરી યા વધારે યા મુદતનાં બુકિંગ મળે અને કમાણીમાં લાખો ડૉલર વધી જાય: નટ યા નટીએ જો ચાર આંકડામાં કામ કર્યું હોય તો તેનો ભાવ છ કે સાત આંકડાઓ સુધી પહોંચી જાય. આમ બૅંકબૅલૅન્સમાં વધારો થાય. પ્રોડ્યુસર, ડાયરેક્ટર, નટ, રંગીન-આયોજક, પ્રયોજક-નિયોજક જે કંઈ કોઈ પણ પ્રકારના યોજકો હોય એના ત્યાર પછીની ફિલ્મમાં કામ કરવાના ભાવમાં વધારો થાય. કીર્તિ તો ખરી, પણ અહીં કીર્તિ પોતાની સંગાથે લક્ષ્મી પણ લાવી દે છે.

બૉબ હોપ એ તો આ જલસાના ઉપાધ્યાય કે યાજ્ઞિક તરીકે પ્રખ્યાત થઈ ચૂક્યા છે. એને હવે એ લોક 'ઈન્ટર્નલ' એમસી (જોડણી એમ સી ઈ ઈ.) એટલે કે માસ્ટર ઑવ સેરમનીઝ, આદિથી અંત સુધીનો કાર્યક્રમ પાર પાડનારી વ્યક્તિ તરીકે ઓળખે છે. આજે એ તેરમી વાર આ પ્રસંગને ઉદ્‌ઘાટશે. આ વખતે કોને કોને ઍવૉર્ડ મળશે એના જવાબમાં પણ રૉબર્ટે એક બીજું ભાષણ આપી દીધું. સીક્રેટ-ખાનગી! આ શહેરમાં જ્યાં કશું સીક્રેટ કે સેક્રેડ નથી—બધું જ ઉઘાડે છોગ—ત્યાં આ મતો આપવાની ક્રિયા તદ્દન ખાનગી રાખવામાં આવે છે. એટલે એની ખબર કોઈને પડતી નથી. એક દાખલો આપું. ૧૯૬૨માં કોઈએ સોફિયા લૉરેનને ફોન કરી પૂછ્યું કે 'ઑસ્કર'માં આવશો ને? તો સોફિયા સામેથી પૂછે છે કે 'મને ઍવૉર્ડ મળવાનો છે, એવી તમે ખાત્રી આપો તો આવું.' ખાત્રી તો કેમ અપાય? એટલે એ ન પધાર્યાં. પણ

ઍવૉર્ડ એને આપવાનો જાહેર થયો હતો! કેટલાકને ઍવૉર્ડ ન મળે તો ભય લાગે છે, કેટલાક નર્વસ થઈ જાય છે, કેટલાકને શરમ લાગે છે માટે નથી પણ આવતા; તો કેટલાક બહાદુર આવે પણ છે. આ વખત જુઓને ઉત્તમ નટ માટે ઍલન આર્કિન, રિચર્ડ બર્ટન, માઈકલ કેઈન અને સ્કૉફિલ્ડનાં નામો સૂચવાયાં છે. નટી માટે અમુક: એમિલી રેડગ્રેવ, વાનેસા રેડગ્રેવ, ઇલિઝાબેથ ટેલર, ઈડા કામિન્સ્કાનાં નામો સૂચવાયાં છે, પણ એમાંથી કોને મળશે તે તો કોણ કહી શકે? પછી તો ઉત્તમ ફિલ્મ, ઉત્તમ ડાયરેક્ટર, ઉત્તમ મદદનીશ નટનટી અને પછી ગીતો. એમાં પણ ચાર-પાંચ નામો છે, એટલે એ તો જે હશે તે હવે જણાશે.

બીજે પક્ષે આ ઍવૉર્ડ જીતનારાંઓમાં થોડાં એવાં પણ છે કે જેઓને ઍવૉર્ડ મળ્યા, છતાં એ પ્રત્યે એમની રીતે રમૂજે પણ કરી છે. ફ્રેડરિક માર્ચે આ ઍવૉર્ડને પોતાનાં કપડાંના કબાટના બારણામાં જડી એનો હાથો બનાવ્યો હતો! ઑર્સન વેલ્સે ઍવૉર્ડને મૉડર્ન આર્ટના મ્યૂઝિયમમાં મોકલી આપ્યો હતો. તેમ ‘સેપરેટ ટેબલ્સ’ની ફિલ્મ માટે વેન્ડી હિલરને ઍવૉર્ડ મળ્યો કે તરત જ એણે જાહેર કર્યું હતું કે ‘આ થકી હવે મને કંઈ વધારે દોલત મળવી જોઈએ, મળશે?’ એટલે આ બાબતમાં પણ કોઠે કોઠે જુદી મતિ હોઈ શકે છે. ‘ઈન્ફૉર્મર’ નામની ફિલ્મમાં ખોટ ગઈ હતી, પણ એને ઑસ્કર મળતાં તે તરી ગઈ હતી. આપણા ફ્રૅન્ક સિનાત્રા ઑસ્કર મળ્યા બાદ જ જગવિખ્યાત થયા. એવા તો ઠીક દાખલાઓ મળી શકે.

આમ અમે હૉલમાં દાખલ થયા ત્યારે અરધા ઉપરાંતનો હૉલ તો ભરાઈ ગયો હતો. ઓળખાણો શરૂ થઈ. કોણ કોને મળે, અને કોણ કોનું નામ યાદ રાખે? અને જે જાણે તે ઓહો, હાઈ, હલો, હાહા, હાઉ ડુ યુ ડુ, હાઉ હેપી! કોઈક નવા, કોઈક જૂના, કેટલાક પોતાની ખુરશીઓ શોધવામાં, તો કેટલાક પોતાનાં નામબિલ્લા છાતી ઉપર ચોડવામાં, ઝાકઝમાટની અનોખી સૃષ્ટિમાં પોતપોતાનો પાઠ ભજવવામાં મશગૂલ હતા. હું બહુ આઘો નહોતો: ત્રીજી કે ચોથી હારમાં ગોઠવાયો હતો. ઘણા જણાએ પોતાના બે હાથ જોડી નમસ્તે વંદના કરી! એ વટ પેલા ખાદી સિલ્ક પહેરણ, ઉપર જાકીટ અને તે ઉપર એ જ રંગની રેશમી શાલનો હતો. કોઈક મને ‘આર યુ ફલાણા’ એમ પણ પૂછી ગયા! ભળતાં જ નામો! અહીં મને કિયા ભગાભાઈ ઓળખે? પણ એક જણ છેક બીજે છેડેથી દોડતો આવ્યો. ‘આલો આલો મૉરયૉર’ કરતો! તુ ઑલ્ડ મૅન! એ જ મીઠો લપસતો સાદ, એ જ રસીલું ફ્રેન્ચ ઉચ્ચારમાં બોલાતું અંગ્રેજી મોરિસ શેવાલિયે. નામ નોંધાવવા પૂરતી આ એક જૂની ઓળખાણ.

પછી તો ચારે કોર ટેલિવિઝનના અને સામાન્ય કૅમેરા ગોઠવવા લાગ્યા. સૂરીલું સંગીત શરૂ થયું. દીવાની અલગારી ઝાકમઝોળ પ્રગટી ઊઠી. રંગોની ભભક રહી. તખ્તાં ઉપર રોશની જ રોશની. નીચે સફેદ જાજમ. એક એક ખૂણામાં પેલાં પ્રતીકો—ઑસ્કર ઍવૉર્ડના ઢીંગલા. ન દેખાય એવાં માઇક્રૉફોન, શરીરની નસોને ખંખેરી નાખે એવા જોશીલા ભરાઉ અને તાજગીદાર ઑર્કેસ્ટ્રાના સંગીતના ખંડભેદી સૂરોની સમાપ્તિ થતાં એક બાજુથી આજ તેર વર્ષથી સૌના સહમતથી જાળવી રાખ્યો છે જેણે રંગમંચનો ઇજારો, એ બૉબ હૉપ નજાકત ભરી ચાલે પ્રવેશી પ્રારંભિક વકતવ્ય રજૂ કરી, દરેક વિજેતાને અગાઉના જુદાજુદા વિજેતાઓને હાથે ઍવૉર્ડ અપાવવા, એ બંને વિજેતા તથા પારિતોષિક દેનારના, ઘટિત ગૌરવ જાળવી, તેમજ હાસ્યની સચોટ છાલક સાથે પરિચય કરાવવાનું શરૂ કર્યું. બહુ વિકટભર્યું એ કામ જે આસાનીથી એણે પાર પાડ્યું એ માટે જ એને ઍવૉર્ડ આપવો ઘટે. બે થી ત્રણ વાક્યોમાં જ ઓળખાણ. આપણે ત્યાં કંટાળો આપતાં અને ભારોભાર મસ્કો ચોપડતાં લાંબાંલાંબાં ભાષણો અપાય છે, એવાં ભાષણો નહિ, ૪૦ થી ૪૫ શબ્દો તો બહુ થઈ ગયા. ઑડ્રે હૅપબર્નને હાથે ઉત્તમ નટનો ઍવૉર્ડ: પોલ સ્કૉફીલ્ડને અપાવતાં કોણ કહે છે ઑડ્રે સુંદર નથી, પણ સૌન્દર્ય સાથે તાજગીદાર ચકોરપણું ભળે ત્યારે શું થાય? ઑડ્રે હૅપબર્ન (તાળીઓ). એ હવે—જે ‘મૅન ફૉર ઑલ સીઝન્સ (ગમે તેવી ઋતુ હોય તો યે પોતાનું રંગીલું વ્યક્તિત્વ દાખવી શકે છે) એવા પોલ સ્કૉફીલ્ડને ઍવૉર્ડ આપશે.’

પૉલ તખ્તા પર જતાં તાળીઓ, સંગીત. એને ‘મૅન ફૉર ઑલ સીઝન્સ’માં પાઠ કરેલો એ માટે ઈનામ. ઈનામ લેનારે જવાબ આપવો હોય તો આપે, પણ તે એક જ વાક્યમાં. દોઢ તો હદ થઈ. ‘સૌન્દર્ય અને સલુકાઈવાળી વ્યક્તિને હાથે ઈનામ લેતાં આ ઍવૉર્ડ ‘ગુડ ફૉર ઑલ પાર્ટ્સ’—કોઈ પણ પાઠને લાયકનો બની ધન્ય બને છે!’ જુલી ક્રિસ્ટી, લી મારવિન, શેલી વિન્ટર્સ, ફ્રેડ ઍસ્ટેર, જિન્જર રૉજર્સ, પેટ્રિશિયા નીલ, એ બધાંને હાથે ઍવૉર્ડ અપાયા. વાનેસા રેડગ્રેવને ઍવૉર્ડ આપતી વખતે બૉબ કહે છે: જેમને મન ‘ઑલ વર્લ્ડ ઈઝ અ સ્ટેજ’ અથવા જ્યાં જ્યાં રંગભૂમિ છે ત્યાં ત્યાં એક એક, રેડગ્રેવ છે જ. રેડગ્રેવ પોતે મોટા નટ, અને એની દીકરીઓ પણ નાટકની સૃષ્ટિમાં મશહૂર એથી આ સ્તુતિસ્તોત્ર. એમ લાયકને લાયક માન આપવામાં બૉબે ફરી પોતાનો વિજયડંકો વગડાવ્યો. ઇલિઝાબેથ ટેલરને, ક્લૉડ લેલુશને ઍવૉર્ડ અપાયા બાદ વચ્ચે થોડું સંગીત રણક્યું. ટૂંકમાં આભારવિધિ પૂરો થયો.

ત્યાર બાદ તરત બહાર બીજા ખંડમાં આ બધા મહેમાનોનો ભોજનસમારંભ હતો. અગિયાર વાગી ગયા હતા. મારી બાજુમાં એક મારે મતે બહુ સુંદર બાઈ બેઠી હતી. એને મેં જલસો પૂરો થતાં પૂરા પ્રકાશમાં સામે મોઢે જોઈ, અને મારાથી આનંદની સિત્કારી પડાઈ ગઈ! મેં એને ફિલ્મમાં પણ જોઈ હતી. એ ફિલ્મ મેં બે કે ત્રણ વાર જોઈ હતી. એમાં બે ત્રણ વાર એની જે રીતે આંખો લાલ થાય છે એવી આંખો જોતાં જ મારા મનમાંથી ઝટપટ અનેક વિચારો પસાર થઈ ગયા. તરત તો મેં એને સાદા અંગ્રેજીમાં ભારોભાર ટ્રિબ્યુટ આપી. એ ફિલ્મના પ્રોડ્યુસરને ઍવૉર્ડ મળ્યો. એ ફિલ્મની આ નાયિકા. ઍવૉર્ડ માટે સૂચવાએલાં નામોની યાદીમાં એનું નામ પણ હતું. એનું નામ અનુ(ક)આઈમી. ‘મૅન ઍન્ડ અ વુમન’માં બહુ સુંદર પાઠ કરે છે તે. એ ફિલ્મના ડાયરેક્ટર ક્લૉડ લિલોશને ઈનામ મળ્યું. પણ એ તો હાજર હતી, છતાં ઉત્તમ નટીનો ઍવૉર્ડ ન મળ્યો, એટલે નિરાશા હતી, કદાચ રડી પણ હશે. કાર્યક્રમમાં રત હું આ પડોશમાં બેઠેલી નટીની નિરાશા ન સમજી શક્યો.

સૌથી પહેલાં તો મેં એના પાઠને માટે તારીફ કરી. એના અભિનયનાં ઝીણાંઝીણાં પાસાં વિગતવાર ઊપસાવી સંભળાવ્યાં. એ પછી એને દાયકા પહેલાં પારી(સ)માં હજી તો એ નાની ગભરુ બાલિકા હતી ત્યારે મળ્યાનો પ્રસંગ સંભારી આપ્યો. જોજો (અંક ૪૭૮માં) પારી(સ)ની પ્રથમ મુલાકાતની ગઠરિયામાંનાં વર્ણનો; ત્યાં આઇમી મળશે, યાદ છે ત્યાં સુધી ફોટો પણ છે. આંદ્રે જીદના નાટકમાં એણે નાની આંધળી છોકરીનો પાઠ કર્યો હતો એની મેં યાદ આપી. આ ૧૯૬૦ની વાત: આજે આઈમી બીજાં સાત વર્ષ મોટી. એમાં તો કેટકેટલા ફેરફાર! હેરસ્ટાઈલ તદ્દન બદલી નાખી છે. હવે તો લાંબા વાળ, એથી વધારે રૂપ સુન્દર. એને યાદ આવતાં તુરત મારો હાથ પકડ્યો. બેસી ગઈ. મેં એને ઔપચારિક આશ્વાસન તો ન આપ્યાં, પણ ‘મારા મનથી તો એ ઍવૉર્ડ તમને જ મળવો જોઈએ’ એમ કહ્યું. ને તરત એની આંખોમાં પાણી ભરાયાં. હતી એ કરતાં આંખો વધારે લાલ થઈ ગઈ, ‘હજી લાંબો છે ભવિષ્ય કાળ આઈમી! તને જરૂર એ ઍવૉર્ડ મળશે.’

આખરે એ સ્વસ્થ થઈ, અને અમે ભોજનખંડ તરફ દોરાયાં. દરમિયાન રૉબર્ટ મને શોધતા આવ્યા. એણે મારી આઈમી સાથે ઓળખાણ કરાવી, પણ અમે એકબીજાને ઓળખતાં જાણી એને ઘણી ખુશી થઈ. એ જમવાના ટેબલ માટેનો નંબર આપવા જ આવ્યા હતા. મેં કહ્યું ગમે ત્યાં બેસાડો. આઈમી અને મોરિસ શેવાલિયે અને હું, ત્રણે





ટિકિટસંગ્રહ: ભારતની બે નવી ટિકિટો. પહેલી ટિકિટ જીવનવીમા વ્યવસાયને એક સદી થયા નિમિત્તે ૧૧મી જાન્યુઆરીએ બહાર પડેલી (પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર, અમદાવાદ) ને બીજી આ ૧૨મી ફેબ્રુઆરીએ દીનબંધુ ઍન્ડ્રુઝની જન્મશતાબ્દી પ્રસંગે બહાર પડેલી છે.



આ અંકની ટપાલટિકિટની કથામાં ઉલ્લેખેલી 'મૉરિશ્યસ પોસ્ટઑફિસ' ટિકિટની અસલ આવૃત્તિનું અકસ્માત મૂળ બીબું મળી આવ્યા પછી તે દેશે છાપેલી એની નવી આવૃત્તિ. એમાં વચ્ચે એ મૂળ બે ટિકિટમાંની એકની છાપ છે. એક પેન્સની કિંમતની અસલ ટિકિટની છાપવાળી ટિકિટો પણ તેણે બહાર પાડેલી. (પ્રેષક: હીરુભાઈ જી. પટેલ, નારગોલ)

સામે બેસીશું; બીજા ગમે તે હોય. એટલે એ પાછા દોડયા. બિચારા, એને કેટલી તસ્દી આપવી. પણ હજી જમવાને વાર હતી. આખું ટોળું બાર તરફ ડ્રિંક્સ લેવા, કોઈનો 'ટેસ્ટ' પીવા, કોઈની 'હેલ્થ' પીવા, કોઈ ગમગીની દૂર કરવા, ધસ્યું એમાં અમે પણ ઘસડાયાં.

પછીના એક કલાકનું વર્ણન કરવું અશક્ય છે. અમેરિકન, અંગ્રેજ, ફ્રેન્ચ, ઈટાલિયન અને નૉર્વે-સ્વીડનનાં નાનાંમોટાં નટીનટોએ જે એક યુતીથી દુખિયારા નિરાશ થએલા નટોના જીવ બહેલાવવા હાહાઠીઠી કરી છે, હમદર્દી બતાવી છે, પીઠો થાબડી છે, હાથ મિલાવ્યા છે, હૂંફ આપી છે, આશા જન્માવી છે, એ શબ્દ-રમતોમાંથી આખા પ્રસંગને અનુરૂપ જે છે તે આ: 'આજની ઘડી, રળિયામણી જી રે', 'કલ કી બાત કલ જાને.' 'મળ્યા છો તો જીવ બહેલાવો.' જેને ઍવૉર્ડ મળ્યા છે, એને ઓર મહાલવા દો, એમના સંતોષને પ્રફુલ્લવા હવા ફેલાવો. નાચવું છે, તો નાચો. ગાવું છે તો ગાઓ. ઊંચામાં ઊંચા પ્રકારના ફ્રેન્ચ શેમ્પેઈનો અને અન્ય પીણાંઓનો ખટારો ભરી જતો જોઈએ. એ આખો ખટારો અહીં ઠલવાયો છે. એકેક બાટલીને એના માપની નાનકડી બરફ ભરેલી બાલદીમાં ડુબાડી રાખવામાં આવી છે. પીઓ જીવો!

ડેપબર્ન મળ્યા. ઘણાની સાથે મને ફેરવીને જૂના દોસ્ત મોરિસ શેવિલિયેએ ઓળખાણ કરાવી. 'હલો, ડોંચ યૂ પ્રોડ્યુસ ઍન ઇંડિયન ફિલ્મ વિથ અસ? જી. ઈન્દિઆ ઈઝ વૉન્ડરફૂલ, વેર ઈસ મા. રે?' આવશે. 'કમ કમ ટુ ફ્રાન્સ' જી. 'આઈ લાઈક યૉર ડ્રેસ' જી થૅંક્યું. 'આહા! યુ આર ઈન ધ સ્ટેટ્સ, મિશિગના?' જી. પછી તો આઈમી પણ ગેલમાં. સૌથી વધારે તોફાની બારક્સ બેઃ રિચાર્ડ બર્ટન અને ફ્રૅંક સિનાત્રા. બન્નેએ ડ્યુએટ ગાયાં. બર્ટનને વળી ગાતાં જ ક્યાં આવડે છે! ડૅની કે કહે. એટલે એ ઝળક્યો. પણ બંનેને ટપી જાય એવા કાવ્યમય ગદ્યમાં બર્ટને ને મીઠી સોલીલોક્વી સંભળાવી: ટૂંકી પણ અસરકારક. 'આઈમી! આ મેં તને સંબોધીને હમણાં જ રચી.' 'જયૉર્જી ગર્લ' ફિલ્મમાંના મેસને કંઈક ટુચકા કહ્યા.

પછી અમને અમારા ટેબલ ઉપર લઈ જવામાં આવ્યા. રૉબર્ટે મને કહ્યું કે તમારે જમીને પાછા હોટેલ ઉપર જ્યારે જવું હોય ત્યારે સૂચના કરજો. મેં કહ્યું જમ્યા બાદ, એટલે કે છેલ્લી મીઠાઈ ખાધા પછી, બરાબર એક કલાકમાં. તો એ કહે કે અહીંથી સીધા એરપોર્ટ ઉપર જવું હોય તો યે વ્યવસ્થા થશે. આ જલસો હવે જે રંગત પકડશે તે રાતના ક્યાં સુધી ચાલશે એનું ધોરણ નહિ. મારી ગણતરીએ સાડા બારે જમવાનું શરૂ થાય તો બરાબર ત્રણ વાગ્યે અહીંથી નીકળી હોટેલ પર જવું એમ મેં સૂચવ્યું. સવારે આઠ કે એમ કંઈક પ્લેન હતું. એટલે ત્રણેક કલાક તો ઊંઘવાના મળે એમ મારી ગણના હતી. જમવામાં અમુક આઈમી અને મોરિસ તો હતાં જ. બીજા ત્રણમાં 'બ્લો અપ' ફિલ્મનો ડીરેક્ટર માઈકલ ઍન્જેલો એન્ટોનીઓની, એક રૉબર્ટ જાતે, અને ત્રીજામાં લી માર્વિનની ફ્રેન્ડ માઈકલ ત્રિઓલા. એમ છ જણાંનું ટેબલ હતું. ત્રિઓલા નાની, એના પણ વાળ કાળા, ઑસ્કર-વિજેતા નટ લી મર્વિન-ની મિત્ર, ચબરાક, દેખાવડી, પણ આઈમીના મુખ ઉપરની કારુણિકા આગળ એના સૌન્દર્યની સરખામણી નકામી છે. આઈમી ફ્રેન્ચ છતાં ફ્રેન્ચનો છટપટાટ નહોતો. વાતમાં, જમવામાં, વર્તનમાં ભારોભાર મીઠાશ ઉપરાંત મૃદુતા, અને એના અભિનયને આજે ઍવૉર્ડ ન મળવા થકી મિત્રવર્ગની દિલસોજી એના મુખ ઉપર સવાર કરતી એના રૂપને એક નવો ઓપ આપી રહી હતી, તેથી વધારે આકર્ષક લાગતી હતી.

આ ભવ્ય ભભક, રંગરાગની મદીલી રાત, રોશની, ઝળકારની તેજ, લીલા, ઉત્તમ પ્રકારની ખાણીપીણીમાં જાતજાતની વાનગીઓ ઝગારા મારતાં હીરામોતી, હીરેમઢ્યાં કનક કંકણો, ગળાહારો ને આંતરરાષ્ટ્રીય નટનટીઓમાં મોટાભાગની પ્રદર્શન કરવામાં માનનારી વ્યક્તિઓના રંભુમેળામાંથી રૉબર્ટ મને ક્યારે હોટેલ પર લઈ ગયા, ક્યારે મને હોટેલ રિસેપ્શનની ટેલિફોન ઘંટડી થકી ઉઠાડી તૈયાર કરી સવારે એરપોર્ટ ઉપર લઈ ગયા, એની મને કશી પાકી સ્મૃતિ નથી. મારું પહેરણ અને ધોતિયું ઘડી કરી સવારે હોટેલ બૉયે બેગમાં મૂક્યું. આખી બેગ એણે જ તૈયાર કરી. એને ટિપ આપતી વખતે હોટેલમાં મારું કશું રહી ગયું નથી એની એણે પાકી ખાત્રી આપી એ કંઈક યાદ હતું. પણ બિચારો હોટેલ બૉય! સાંતા મોનિકામાં કેટકેટલી સ્મૃતિઓનો રંગભંડાર એમનો એમ રહી ગયો છે એની એને ક્યાંથી ખબર? રૉબર્ટ અને મેં લોસ એન્જેલિસના એરપોર્ટ ઉપર ફરી વાર ગરમાગરમ કૉફી પીધી. એનો આભાર માની વિદાય લેતાં ઘણું દુઃખ થયું તે યાદ છે. એણે મારો ટેલિફોન નંબર નોંધી લીધો તે યાદ છે. પ્લેનમાં મેં બ્રેકફાસ્ટ ખાધો ન ખાધો, પણ મોટે ભાગે તો ઝોકાં જ ખાતો હતો. શિકાગોમાં ઊતરી ડૉ. પ્રકાશને મળી, એની સાથે જમી, રાતે લૅન્સિંગની ટ્રેન પકડી ત્યાં સુધી એક મિનિટમાં દસ મિનિટની ઝડપે હું ત્યાંની વાતો કહેતાં થાકતો નહોતો.

બુધવારે સવારે ઈસ્ટ લૅન્સિંગમાં મારો વર્ગ લેવા જાઉં છું ત્યાં ફોન રણક્યો: 'ગુડ મોર્નિંગ! હું આઈમી! હું તમને તમારી દિલસોજી માટે યોગ્ય શબ્દોમાં ચોક્કસ માનવાનું તો ભૂલી જ ગઈ હતી. કેમ છો? હવે મારું મન તદ્દન સ્વસ્થ છે. બીજી ફિલ્મમાં તમારી સૂચના પ્રમાણે વધારે સારું કામ કરીશ. અને મને જ્યારે ઑસ્કર મળવાનો હોય ત્યારે તમારે હાજર રહેવાનું. વચન આપો કે હું આવીશ. આવીશ જ'. (ચાલુ)

અભ્યાસ કેમ કરવો (અનુસંધાન પૃષ્ઠ ૫૪થી)

અત્યાર પહેલાં, જ્ઞાન વધારવા માટે, દરેક વિષયના ઊંડાણમાં જઈ એનાં મૂળ તત્ત્વો ઓળખવા માટે, એનું કાર્યકારણ તપાસવા માટે, શાસ્ત્રીય ચકાસણી માટે વગેરે અનેક બાબતો માટેનું વાચન હતું. હવે એનો હેતુ પરીક્ષા પાસ કરવાનો છે. દા. ત. ભૌતિકશાસ્ત્રના વિષયમાં યાંત્રિક કામની ઉષ્ણતા ક્ષમતા. આ યાંત્રિક શક્તિનાં ઉષ્ણતા શક્તિમાં ને એથી ઊલટાં રૂપાંતર માટે બહુ જ અગત્યનો વિષય છે. પરંતુ જો અભ્યાસક્રમમાં એ ન હોય (તપાસી જોવું) તો એના ઉપર સમય વ્યતીત કરવો નહિ.

એ જ પ્રમાણે જે બાબતોને પરીક્ષાના પ્રશ્નપત્રોમાં દર વરસે ગૌણ સ્થાન આપવામાં આવે-એટલેકે 'ના-ઉપર ટૂંક નોંધ લખો' એમ આવતું હોય, તેના મુખ્ય મુદ્દા જ જોઈ જવા. તેમાં વધુ સમય આપવો નહિ. કેટલીક વાર શિક્ષકો અભ્યાસક્રમ બહારનું પણ ચલાવે છે. તે રીવિઝન વખતે વાંચવું નહિ. તેમાંથી જો અભ્યાસક્રમનો કોઈ વિષય સરળ થતો હોય તો ઉપર ઉપરથી જોઈ જવું. દરેક રીવિઝન શરૂ કરતી વખતે ત્રણથી પાંચ વર્ષના (કે પાંચ પરીક્ષાના) પ્રશ્નપત્રો અચૂક સાથે રાખવા.

(ક) દરેક વિષયને 'સરખો' નહિ પણ 'યોગ્ય' સમય આપો. મારા અનુભવ પ્રમાણે દરેક વિષયને સરખો સમય આપવો ન જોઇએ. દરેક વિષયમાં સરખું પ્રાવીણ્ય મેળવવા માટે જુદો જુદો સમય જોઇએ. દા. ત. ૫૦ માર્કનાં ભૂગોળના વિષયમાં ૭૫ ટકા પ્રાવીણ્ય મેળવવા ૪ દિવસ લાગે તો ગણિતમાં તેટલી જ પ્રવીણતા મેળવતાં ૬ કે વધુ દિવસ લાગે. ગણિતના વિષયમાં કાયમ ધ્યાન આપતા વિદ્યાર્થીને ભૂગોળમાં ઓછું ધ્યાન આપેલું હોય તો ઉપરના કરતાં ઊલટો સમય લાગે. ગુજરાતી જેવા વિષયમાં ઓછું વાંચવાથી પણ વધુ માર્ક પ્રાપ્ત થાય, જો ભાષામાં એની પ્રવીણતા વધુ હોય તો.

(ડ) અભ્યાસ કરવાનો દિવસનો ક્રમ: અભ્યાસ કરવા માટે વહેલી સવારે ઊંઘમાંથી ઊઠો ત્યારે ચિત્ત પ્રસન્ન હોય છે. વળી પરીક્ષાઓ ઉનાળામાં આવતી હોવાથી સવારે વાતાવરણ ઠંડુ ને આહ્લાદક હોય છે. તો ઊઠતાંવેંત પહેલો વિષય કયો વાંચવો? જો તમને અંગ્રેજી, ગુજરાતી, ભૂમિતિ, ભૂગોળ જેવા વિષયો પ્રમાણમાં સહેલા લાગતા હોય, અને બીજગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અઘરાં લાગતાં હોય તો-ટૂંકમાં જેમાં તમને વધુ એકાગ્રતા, ધ્યાન તથા બુદ્ધિનો ઉપયોગ જરૂરી હોય—તે વિષયો પ્રથમ લેવા. તેના ઉપર કલાક દોઢ કલાક અભ્યાસ કર્યા પછી મધ્યમ કક્ષાના વિષયો લેવા: જેવા કે સંસ્કૃત, ઇતિહાસ, આરોગ્યવિજ્ઞાન વગેરે; અને ત્યાર પછી તમે થાકી ગએલા જણાઓ ત્યારે એક લટાર મારી આવ્યા પછી સહેલા વિષયો લેવા. બપોર પછી મન સારું પ્રફુલ્લિત હોય તો થોડોક સમય એકાદ અઘરો વિષય લેવો. નહિ તો મધ્યમ કે સહેલા વિષયો—અભ્યાસક્રમમાં કેટલો ભાગ બાકી રહ્યો તેને ધ્યાનમાં લઈ-લેવા. ટૂંકમાં તમારો કાર્યક્રમ એવો હોવો જોઇએ કે પરીક્ષાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં, બધા વિષયોનું રીવિઝન થઈ જાય.

(ઇ) દરેક વિષયના પ્રકરણનો ક્રમ: મારા અનુભવની આ એક સુવર્ણ ચાવી છે. રીવિઝન કરતી વખતે લગભગ દરેક વિદ્યાર્થી પહેલા પ્રકરણથી રીવિઝન શરૂ કરે છે. પહેલાં ત્રિણ પ્રકરણો તદ્દન ટૂંકા સમયમાં વંચાઈ જાય, તેમાંના દાખલા પણ આવડી જાય, એટલે વિદ્યાર્થી આત્મસંતોષી થઈ જાય. અહીં જ મોટી ભૂલ થાય છે. જેમ જેમ આગળ જઇએ, તેમ તેમ વધુ ને વધુ કઠિન પ્રકરણો આવે છે; ને તેમાં ધાર્યા કરતાં ઘણો જ વધારે સમય લાગે છે. સરવાળે વિદ્યાર્થી પાછળ પડી જાય છે, યા વિષય કાચો રહી જાય છે. તે માટે મેં નીચેનો પ્રયોગ કરેલો.

રીવિઝનની શરૂઆત જ છેલ્લા પ્રકરણથી કરવી. જે ઘણું મુશ્કેલ હોય તે બરાબર પાકું કરતાં, અગાઉનાં ચાલેલાં પ્રકરણમાંની વિગત પાકી કરવી પડે તો તે પણ પાકી કરવી. છેલ્લા પ્રકરણ પછી એની પહેલાંનું (૧૦મા પછી ૯મું) અને એ ક્રમે પહેલા પ્રકરણ તરફ આવવું. જે વિદ્યાર્થીને આ રીતે પ્રગતિ થતી ન લાગે તેણે, છેલ્લું પ્રકરણ, પછી પહેલું પ્રકરણ પછી છેલ્લા પહેલાનું, પછી બીજું એમ લેવું. દા. ત. ૧ થી ૯ પ્રકરણ ચાલ્યાં હોય તો વાંચવાનો ક્રમ ૯–૧, ૮–૨, ૭–એમ રાખવો.

જો એક વિષયના સ્વતંત્ર જુદા જુદા વિભાગો હોય તો દરેક વિભાગને તે એક વિષય છે એ રીતે ગણી, ઉપર પ્રમાણે વાંચવું. દા. ત. ઇતિહાસ અને ભૂગોળ; અથવા પદાર્થવિજ્ઞાનમાં ચુંબકત્વ, ઉષ્ણતા, પ્રકાશ વગેરે.

(ફ) વિષય વાંચતી વેળા જૂના પ્રશ્નપત્રો ઉકેલતા જવા: તમારું પાઠ્યપુસ્તક કે વર્ગની નોંધ વાંચતાં વાંચતાં એક પ્રકરણ પૂરું થાય ત્યારે, તે વિષયનો દાખલો યા પ્રશ્ન, છેલ્લાં ત્રિણ વરસનાં પ્રશ્નપત્રોમાં જોઈ લેવો ને તેવો દાખલો કે પ્રશ્ન હોય તેને ઉકેલવો. જો સહેલાઈથી ઉકેલ આવી જાય તો રીવિઝન પાકું; થોડી મુશીબતથી આવડે તો રીવિઝન મધ્યમ; પણ ન જ આવડે તો તે ભાગ ફરી જોઈ જવો ને પાકો કરી લેવો. યાદ રાખો કે, 'જાતે ઉકેલેલી બાબત ભૂલી ભુલાતી જ નથી.' એટલે બને ત્યાં સુધી જાતે જ પ્રશ્નને ઉકેલવો. ન જ ઊકલે તો મિત્ર કે પ્રોફેસરને પૂછવા એક નોંધમાં લખી રાખવો. તરત જ પ્રોફેસર પાસે દોડી જવું નહિ. દિવસને અંતે જ બધી મુશ્કેલીઓ માટે મિત્ર કે પ્રોફેસર પાસે જવું. એ પણ યાદ રાખો કે આવી રીતે પ્રશ્ન ઉકેલતાં, તમને પેલી તારવણી બુક માટેની વસ્તુ પ્રાપ્ત થશે. તે ટપકાવી લો.

(ગ) પરીક્ષાખંડમાં: (૧) કોઈ વસ્તુ લેવા માટે ઘેર પાછા જવાનો અવકાશ ન રહે તે પહેલેથી, આગલે દિવસથી જોવું. ઘેરથી દરેક વસ્તુ પેન, પેન્સિલ, કંપાસ, ફૂટપટ્ટી, રંગ, શાહી ચૂસવાનો કટકો, રબર, ચપ્પુ વગેરે દરેક વસ્તુ બબ્બે લઇને એક થેલીમાં ભરી લઈ જવા.

(૨) તમારી આણેલી વસ્તુ બીજા મિત્રને કે કોઇને બને ત્યાં સુધી આપવી નહિ. આપવું જ હોય તો વધારાની (સ્પેર) પેન્સિલ કે રબર અરધું કાપીને આપવું. જે વિદ્યાર્થી ભૂલી જવાનો દોષ કરે, તેની શિક્ષા તમને (ન ભૂલે તેને) ન થવી જોઇએ.

(૩) ઘેરથી માથું ઓળ્યા પછી તમારા બન્ને હાથ બરાબર સાબુ લગાવી ધોઈ નાખવા, ને ત્યાર પછી માથા પર હાથ ફેરવવા નહિ. તેલવાળા હાથથી લખવામાં મુશ્કેલી પડે છે. કાગળ ઉપર તેલ લાગવાથી શાહી બરાબર જામતી નથી. કંપાસ, ફૂટપટ્ટી વગેરેને પણ તેલનો હાથ લાગેલો હોય તો તે સાબુથી ધોઇ લેવાં.

(૪) સૌથી વધુ ખાતરીથી આવડતો સવાલ પહેલો લખી નાખવો; કારણ કે તે હિંમતપૂર્વક, જલદીથી ને સાચો લખાશે, ભલે તેના માર્ક પ્રમાણમાં ઓછા હોય. આનાથી આત્મશ્રદ્ધા વધશે.

(૫) પ્રશ્નપત્ર બરાબર વાંચવો; અને દરેક જવાબ લખતી વખતે એ પ્રશ્નનો ઉત્તર આપી શકાય છે કે કેમ તે ચકાસવું. 'અથવા'વાળા બે સવાલો સાથે લખાઈ ન જાય તે જોવું. તે જ પ્રમાણે પાંચમાંથી ચારને બદલે પાંચ ઉત્તર લખવા નહિ.

(૬) ઘડિયાળ પર નજર રાખવી. એક પ્રશ્ન પર ખૂબ જ સમય જાય અને તે ન જ આવડે તો તે તજી દેવો. બીજો સવાલ લેવો.

(૭) ધ્યાન ને સમય બંનેને પરીક્ષાના ઉત્તર પર જ કેન્દ્રિત કરવાં. બીજા શું કરે છે, કોઇનો ખડિયો પડી જાય છે, કે કોઈ ચોરી કરતો પકડાય છે, તે તરફ ધ્યાન ન આપો. તમને કોઈ કનડગત કરતું હોય, સવાલ પૂછવું હોય, કે બેઠક પર મુશ્કેલી હોય, તો તરત સુપરવાઈઝરને કહો. વાત કરવાનો પ્રયત્ન કરવો નહિ—ધીમેથી પણ નહિ જ. □

કર્તૃત્વ સ્વીકાર

ડિસેમ્બર અંક (૫૬૪)ના પૃષ્ઠ ૫૧૬ ઉપર છપાએલો ડૉ. સુમંત તથા શારદાબહેન મહેતાનો ફોટોગ્રાફ શ્રી સુમનભાઈ ર. શેઠનો પાડેલો છે.


પચ્ચીસ વર્ષ પહેલાં



આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આઠ પાનાં ભરીને મબલખ ચિત્રો તથા આલેખ સાથે આવેલા જાણીતા પુરાવિદ શ્રી અમૃતલાલ વ. પંડયાના લેખમાંથી આસ્વાદરૂપ અવતરણ: પ્રાચીનતામાં ગંગા કરતાં યે પુરાતન અને પુનિતતામાં મૂળથી માંડીને મુખ સુધી સમગ્રતયા પાવનકારી એવી આ નદી ભારતવર્ષની સર્વ નદીઓમાં શ્રેષ્ઠ ગણાય છે—પ્રાકૃતિક-રીતે, ધાર્મિક દૃષ્ટિએ ઐતિહાસિક કે ભૌગોલિક નજરે તેમજ આર્થિક મહત્ત્વની ગણત્રીએ —કોઈ પણ નજરે જુઓ, નર્મદા અજોડ છે.

નર્મદાની વ્યુત્પત્તિ થાય છે 'નર્મ:દા' એટલે કે આનંદદાયિની. નિસર્ગશોભા અને ફળદ્રુપતાની દૃષ્ટિએ તે માનવજીવન માટે ખૂબ આનંદદાયિની હોવાથી આપણા પૂર્વજોએ તેને આ નામ આપ્યું છે. નર્મદાના આખા પ્રવાહ પર એટલા બધા ધોધ આવેલાં છે કે સાગર તરફ તેને લઈ જતા ભૂપૃષ્ઠ પર આ ધોધો દ્વારા જાણે કે તે ફૂદકા મારતી આગળ આવે છે. સંસ્કૃતમાં 'રેવ' ક્રિયાપદનો એક અર્થ 'ફૂદકા મારીને ચાલવું' થાય છે. નર્મદા આ રીતે ચાલતી હોવાથી તે 'રેવા' કહેવાઈ હોય એમ લાગે છે.

ઉત્તર તટે જ્યાંથી પ્રદક્ષિણા શરૂ કરી હોય ત્યાં સમાપ્ત થાય છે. આખી પ્રદક્ષિણા પગપાળા કરવાનો નિયમ છે, ને એ રીતે ચાલતાં માર્ગમાં નર્મદા દૃષ્ટિ સામેથી લોપ નહિ થવી જોઇએ. પ્રદક્ષિણા ઓછામાં ઓછાં બે વર્ષ લે છે. એના માટેનો એક નોંધપાત્ર નિયમ તો એ છે કે પ્રદક્ષિણા કરનાર માણસ ગમે તેવો શ્રીમંત હોય, પણ પ્રદક્ષિણા સમયે તેનાથી પાઈ પણ સાથે રાખી શકાય નહિ. અનાવશ્યક કે વધારાનાં વસ્ત્રો કે પથારી યા જોડે સીધું કે બીજી ખાદ્યસામગ્રી જરા યે રાખી શકાય નહિ. તેમ કરવાથી પરિક્રમાનું ફળ મળે નહિ. નર્મદાના બંને કાંઠે ચારચાર પાંચપાંચ માઇલના



ભરત ખંડની સપ્તપુનિત સરિતાઓમાં પાવનતાની દૃષ્ટિએ નર્મદા, ગંગા પછી બીજી ગણાઈ છે. પણ સ્કંદપુરાણમાં જણાવ્યું છે કે

गंगा कनखले पुण्य, कुरुक्षेत्र सरस्वती ।
ग्रामे वा यदि वाऽरण्ये, पुण्या सर्वत्र नर्मदा ॥

[કનખલ (હરદ્વાર આગળ)માં ગંગા પવિત્ર છે, સરસ્વતી કુરુક્ષેત્રમાં, પણ નર્મદા તો ગામો અને વનોમાં ગમે તે સ્થળે સર્વત્ર પાવનકારી છે.]

અને આ જ કારણે નર્મદાના તટે જેટલાં તીર્થસ્થાનો હાલ છે, તેટલાં ગંગા કે હિંદની બીજી કોઈ નદીના કાંઠે આવેલાં નથી. એક માત્ર ગુજરાતની સીમામાં નર્મદાતટે ૧૩૦ તીર્થસ્થાનો આવેલાં છે, અને તેમાં હાપેશ્વર, શૂલપાણ, ચાણોદ-કરનાળી, શુકદેવ-વ્યાસ, શુક્લતીર્થ અને ભરૂચ (દશાશ્વમેધતીર્થ-ભૃગુતીર્થ) પ્રમુખ છે.


નર્મદાની એક ધાર્મિક વિશેષતા છે તેની પ્રદક્ષિણા. સંખ્યાબંધ ભક્તજનો સતત તેની પ્રદક્ષિણા કર્યા કરે છે. એના તટવર્તી કોઈ પણ તીર્થથી એ યાત્રા શરૂ કરી શકાય છે. ઉત્તર તટના તીર્થથી શરૂ કરી હોય તો પહેલાં તેના ઉદ્‌ગમસ્થાને અમરકંટક તરફ જવાનું હોય છે અને અમરકંટકથી દક્ષિણ તટે આવી પછી રેવા-સમુદ્રસંગમ જઈ આવી ત્યાંથી

અંતરે સદાવ્રતનાં મથકો આવેલાં છે. ત્યાંથી સદાવ્રત લઈ, હાથે રસોઈ કરી દરેકે જમવાનો નિયમ છે. આ સદાવ્રતો જે જે પ્રદેશોમાંથી નર્મદા વહે છે તે તે રાજ્યો તરફથી અબાધિત અપાય છે.


આર્થિક દૃષ્ટિએ જોતાં પણ નર્મદાના જેવી મહત્ત્વશાળી નદી હિંદમાં બીજી ભાગ્યે જ હશે. નર્મદાના જલથી સંચિત થતા બીજા પ્રદેશોની વાત જવા દઈ ગુજરાતનો જ દાખલો લઇએ. હિંદમાં ભરૂચનો કપાસ સૌથી ઊંચો લેખાય છે અને તે નર્મદાની ખાણમાં જ નીપજે છે. ઉનાળામાં ગુજરાતની બધી નદીઓ લગભગ સુકાઈ જાય છે, એક માત્ર નર્મદા જ તેમાં અપવાદ રૂપ છે. બારે માસ નર્મદામાં મોટીમોટી હોડીઓ (પનઈઓ) ચાલ્યા જ કરે છે, જે ઉતારુઓ અને માલને રેલવે કરતાં ઘણા જ ઓછા ભાવે પહોંચાડે છે. વળી વિદ્યુત્‌બળના વિકાસના આ જમાનામાં ગુજરાતને સમૃદ્ધ બનાવવા નર્મદા જ ગુજરાતમાં આદર્શ સ્થળો ધરાવે છે. ગુજરાતના નર્મદાપ્રદેશ જંગલ અને ખનિજ દ્રવ્યોથી ભરપૂર છે. સિમેન્ટ, કાગળ, કાથો, ચીનાઈ માટી ઇત્યાદિનાં અનેક કારખાનાં આ પ્રદેશમાં ઊભાં થઈ શકે તેમ છે. લોખંડ માટે આ પ્રદેશ સમૃદ્ધ છે જ. લોખંડની પ્રાચીન ખાણો અને તેને ગાળવાની ભઠ્ઠીઓના અવશેષો ઠેક-

ઠેકાણે ગુજરાતમાં નર્મદાકાંઠે મળી આવે છે.

હિંદમાં નર્મદાનું ભૌગોલિક માહાત્મ્ય પણ અનેરું છે. આખા ભરત-ખંડને નર્મદા જ બે વિભાગોમાં વહેંચતી આવી છે: ઉત્તરાપથ અને દક્ષિણા-પથ. નર્મદાની ઉત્તરે ઉત્તરાપથની સંસ્કૃતિ, કળા, વેશભૂષા, ભાષા, રીત-રિવાજો કંઈક જુદા, અને તેની દક્ષિણે કંઈક જુદા. વળી ઉત્તર અને દક્ષિણ હિંદનાં પ્રાચીન સામ્રાજ્યોની સરહદ અનેક વાર નર્મદા બની જાય છે તે વિષેની નોંધ પ્રાચીન ઉત્કીર્ણ લેખોમાં મળી આવે છે. હિમાલયની દક્ષિણે તો આખા ભરતખંડમાં એક માત્ર નર્મદાના આંગણે જ નિસર્ગદેવી સોળે-સોળ શણગારમાં વિચરતી નજરે પડે છે.



પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્રની દૃષ્ટિએ પણ નર્મદા અદ્વિતીય માહાત્મ્ય ધરાવે છે. લાખો વર્ષ પૂર્વે રાજપુતાનાની દક્ષિણે આવેલું હિંદ જ્યારે ગોંડવાના લૅન્ડ નામનો ભૂખંડનો એક ભાગ હતો અને તેની ઉત્તરે ટેથીસ મહાસાગર ઘૂઘવતો હતો તે વખતે નર્મદા નદી અસ્તિત્વ ધરાવતી હતી એમ તેની ખીણમાં મળી આવતા ખડકો અને ફૉસિલો પરથી



સિદ્ધ થયું છે. આમ નર્મદા હિંદમાં જૂનામાં જૂની નદી છે.

નર્મદાનો આખો પ્રવાહ અમરકંટક પર તેના ઉદ્‌ગમસ્થાનથી માંડી સાગરસંગમ સુધી ૮૦૧ માઈલ લાંબો છે. એમાં ૪૯૩ માઈલ સુધી તો તે પાર્વત્ય ખડકો કાપતી વહે છે અને ૩૦૮ માઈલ ત્રણ કાંપ-પ્રદેશો પર પ્રવાહિત થાય છે.

નર્મદાના ઉદ્‌ગમસ્થાન અમરકંટકથી શરૂ કરીને વિમલેશ્વર નજીક સાગરસંગમ સુધીના તેના વિસ્તારમાં તેના કાંઠે નીચેનાં મોટાં તીર્થો આવે છે: અમરકંટક, મંડલા, બ્રહ્મણાઘાટ, ધાયડીકુંડ, ઓંકારેશ્વર (ઓંકારમાંધાતા) મહેશ્વર (પ્રાચીન મહિષ્મતી), હાપેશ્વર, શૂલપાણિ (સુરપાણ), ચાણોદ-કરનાળી, શુકદેવ વ્યાસ, અનસુયાજી, શુક્લતીર્થ, ભરૂચ, વિમલેશ્વર.

નર્મદા જે ધોધો માટે હિંદભરમાં પ્રખ્યાત છે તેમાંના મુખ્ય નીચે પ્રમાણે છે: કપિલધારા, સહસ્રધારા, ધુંવાધાર, ચાંદગઢ, ધાયડીકુંડ. સહસ્રધારા (બીજી), હરણફાલ અને મોખડી. મોખડી પછી નર્મદામાં છેક સાગર-સંગમ સુધી મહત્ત્વના ધોધ નથી, એટલે પનઈઓ મોખડીથી માંડી છેક વિમલેશ્વર સુધી વગર ફેરબદલીએ જાય-આવે છે.

સંસ્કૃતમાં નર્મદા પર વિપુલ સાહિત્ય લખાયેલું પડ્યું છે. વેદોમાં નર્મદાનો ક્યાંયે ઉલ્લેખ નથી, પણ ઇતર વૈદિક સાહિત્યમાં તેને લગતી આડકતરી નોંધો મળી આવે છે. શતપથ બ્રાહ્મણમાં 'રેવોત્તર' નામ અનેક વાર આવે છે. લગભગ બધાં પુરાણોમાં નર્મદાના ધાર્મિક અગર તો ઐતિહાસિક મહત્ત્વ વિષે કંઈક ને કંઈક નોંધો આપે છે; પરંતુ વાયુ, પદ્મ, નારદ અને સ્કંદ નામનાં પુરાણોમાં તો સેંકડો અધ્યાયો ધરાવતા ખાસ 'રેવાખંડો' જુદા જ સ્વરૂપે નર્મદા વિષે આપેલા છે. આ ખંડો નર્મદા-પ્રદેશના પ્રાચીન ઇતિહાસ અને ભૂગોળ પર પુષ્કળ પ્રકાશ પાથરે છે. કેટલાંક પુરાણોમાં તો નર્મદાના ઉદ્‌ગમસ્થાનથી માંડી તેના મુખ સુધીનાં બધાં સ્થળો, નદીઓ, પર્વતો અને તેની સાથે સંકળાએલા ધાર્મિક તેમજ ઐતિહાસિક પ્રસંગો સવિસ્તર આપેલા છે.



↑ મથાળે: માળવામાં નર્મદાતીરે ઓંકારેશ્વર તીર્થ
નીચે: મધ્યપ્રદેશમાં મંડલા પાસે સહસ્રધારા (પહેલી)નો ધોધ ↓

તારુણ્યની તકલીફો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

[૫] સ્ત્રી અને પુરુષનાં જાતીય અંગો તેની રચના અને કાર્ય

એ અંગોનો વિકાસ થયે કિશોરમાં વીર્યસ્રાવ અને કન્યામાં રજોદર્શનના પહેલવહેલા બનાવો ગભરાટ અને સંકોચભર્યા બને છે. કન્યાને કોઈ વિચિત્ર વેદના થાય છે. આથી ગભરાવાની જરૂર નથી. એ કોઈ રોગને લીધે નહિ પણ યૌવન ભણી કંડારાતા દેહની તૈયારીને લીધે છે.

આ પણે હવે સ્ત્રી અને પુરુષનાં જાતીય અંગો વિષે ટૂંકમાં જાણીએ. સ્ત્રીનાં જાતીય અંગો શરીરની અંદર આવેલાં છે, પણ પુરુષમાં તે શરીરની અંદર તેમજ બહાર પણ છે.

સ્ત્રીનાં જાતીય અંગોમાં બે બીજાશયો, બે બીજવાહક નલિકાઓ, ગર્ભાશય અને યોનિ છે. પેડુમાં બે પડખે આવેલાં બીજાશયોનો બાલ્યાવસ્થામાં ધીમો થતો વિકાસ યૌવનમાં ઝડપી બની વીસ વર્ષની ઉમરે પૂર્ણત્વને પામે છે. બીજાશયોમાં બીજકોષો (ગ્રાફિયન ફૉલિકલ્સ)માં અપક્વ અંડ કે બીજકણ હોય છે. યૌવનમાં પ્રવેશ થતાં ડાબા-જમણા આવેલા બીજાશયમાંથી દર મહિને એક બીજકોષ પક્વ થાય છે. આ પક્વ થએલો બીજકોષ ફાટતાં તેમાંથી બીજકણ બહાર પડે છે. જે બીજવાહક નલિકામાં પ્રવાસ કરી ગર્ભાશયમાં આવે છે. આ પ્રવાસ દરમિયાન જો શુક્રજંતુ સાથે તેનું સંમિલન થઈ જાય તો તે ફલિત થાય છે, જેને ગર્ભાધાન થયું કહેવાય છે. ફલિત થએલો બીજકણ ગર્ભાશયમાં સ્થિર થાય છે, ને પોષણ તથા રક્ષણ પામી નવ માસ સુધી વધે છે. ત્યાર બાદ યોનિ દ્વારા પ્રસવ થઈ નવા જીવ તરીકે તે દુનિયામાં પ્રવેશે છે. બીજ ફલિત ન થયું હોય તો ગર્ભાશયમાં જઈ નાશ પામી શરીર બહાર ફેંકાય છે.

જો બીજ ફલિત થાય તો તેને પોષણ આપવાની કાયમી કરામતમાં દર માસે ગર્ભાશયમાં લોહીની નળીઓનું એક પડ બંધાય છે. ગર્ભાધાન ન થાય તો તે તૂટી પડી તેનું લોહી શરીર બહાર ફેંકાઈ જાય છે. શરીરના આ વ્યાપારને રજોદર્શન કહે છે. એ વિષે હવે પછી.

પુરુષના જાતીય અંગોમાં શુક્રગ્રંથિઓ, શિશ્ન, શુક્રવાહિની નલિકાઓ, અને અષ્ઠીલા (પ્રોસ્ટેટ) ગ્રંથિ છે. વૃષણની કોથળીમાં આવેલી શુક્રગ્રંથિઓમાં પેદા થએલા એક કોષી શુક્રજંતુ (શુક્રકોષો કે નરકોષો) શુક્રવાહિની નળીઓ દ્વારા વીર્યાશયમાં જઈ વીર્યવાહિની નલિકા દ્વારા પ્રોસ્ટેટ ગ્રંથિમાંથી પસાર થઈ મૂત્રનળીના ઉપલા ભાગમાં ખૂલે છે. વીર્ય અને પેશાબ બંનેના વહન માટે મૂત્રનળી એક જ માર્ગ છે. માંસપેશીઓની સંકોચનક્રિયાથી વીર્ય શરીર બહાર પડે છે.


વીર્યમાં શુક્રકોષો ને શુક્રગ્રંથિઓના સ્રાવો ઉપરાંત એપીડિડિમિસ, વીર્યાશય, પ્રોસ્ટેટ અને કાઉપર ગ્રંથિઓના સ્રાવો પણ ભળેલા હોય છે.

વાદળી જેવી પેશીઓ અને અસંખ્ય લોહીની નળીઓનું બનેલું શિશ્ન લોહીનો ભરાવો થવાથી ઉત્તેજાય છે. શિરાઓ ઉપરના દબાણથી અશુદ્ધ લોહી આગળ જતું અટકી શિશ્નમાં તેનો ભરાવો થાય છે અને તેમાં શુદ્ધ લોહીના આગમનથી દબાણ થતાં શિશ્નનું ઉત્થાન થાય છે. આ ઉત્થાન જ્ઞાનરજ્જુના નીચેના ભાગમાં આવેલા કેન્દ્રની ક્રિયા અનુસાર થાય છે. આમાં વિચાર ને સ્પર્શ પણ મોટો ભાગ ભજવે છે. શિશ્ન દ્વારા યોનીમાં શુક્રકોષોયુક્ત વીર્યોત્સેક (ઇજેક્યુલેશન) થવાથી ગર્ભાધાન થાય છે.


આઠથી બાર વર્ષની વય દરમિયાન જનનેન્દ્રિયની વૃદ્ધિ ઝડપી થાય છે. તે પછી અઢારની ઉમર સુધી તેનો વિકાસ ધીમો પડી વીસની વયે વજન વધારાની સરખામણીમાં ઘણી વધારે હોય છે. પહેલવહેલો વીર્યસ્રાવ એ યૌવનારંભની નિશાની છે. એક જ વર્ષના ગાળામાં જો ભગસ્થાન ઉપર વાળ ઊગે અને પ્રથમ વીર્યસ્રાવ થાય, તો તે યૌવનારંભ ચોક્કસ લેખી શકાય.

તરુણવયની શરૂઆતથી જ કિશોરમાં હાથ ને પગ ઉપર વાળ ઊગવા માંડે છે. અઢાર-ઓગણીસની ઉમરે જાંઘ નિતંબ ને પેટ પર તે પૂરા આવી રહે છે. યૌવન દરમિયાન ભગસ્થાન ઉપર વાળ ઊગે એ ગૌણ જાતીય લાક્ષણિકતા છે. જનનેન્દ્રિયની વૃદ્ધિ શરૂ થયા પછી જ રુંવાટીની જગ્યાએ વાળ ઊગવા માંડે છે. ભગસ્થાન ઉપર વાળ આવ્યા બાદ બગલમાં વાળ દેખા દે છે.

તરુણવય દરમિયાન મૂછનો દોર ફૂટે છે. મૂછો વધે તે દરમિયાન ગાલ ઉપરની રુંવાટી ઘટ્ટ બને છે ને ગાલ અને હડપચી ઉપર દાઢી ઊગે છે. વહેલાં દાઢીમૂછ ઊગનારને સાફ કરવાની પીડા વળગે છે, તો તે મોડાં ઊગનારને પોતાના પુરુષત્વમાં કંઈ ખામી હોવાની આશંકા સતાવે છે. હકીકતે ઘટ્ટ ને ભરાવદાર દાઢીમૂછોને વધારે પુરુષત્વ સાથે સંબંધ નથી.



સ્ત્રીનાં જાતીય અંગો શરીરની અંદર હોય છે. લેખમાં વર્ણવેલાં એ અંગો બાજુમાં દર્શાવ્યાં છે. રજોદર્શન એ આ અંગોની અને સ્ત્રીત્વની પરિપક્વતાનું લક્ષણ છે. દર અઠ્ઠાવીસ દિવસે નિયમિત થતી આ પ્રક્રિયામાં બે અટકાવ વચ્ચેના ગાળામાં એક પક્વ સ્ત્રીબીજ બીજાશયમાંથી છૂટું પડી બીજવાહક નલિકાને માર્ગે આગળ વધે છે. આ માર્ગમાં જ જો પુરુષના શુક્રજંતુ સાથે તેનું મિલન થઈ જાય તો તે ફલિત થઈ ગર્ભાશયમાં આવી સ્થિર ગોઠવાય છે, જ્યાં એ દરમિયાન તેના પોષણને માટે એક આવરણ રચાયું હોય છે. જો બીજ ફલિત ન થાય તો આ આવરણ તૂટી પડી શરીર બહાર નીકળી જાય છે, જેને રજોદર્શન કહે છે.



પુરુષના જાતીય અંગો શરીર બહાર હોય છે. ઉપરની આકૃતિમાં તેની આંતરિક રચના દર્શાવી છે.

તરુણ અવસ્થા દરમિયાન ચામડીની રચનામાં અને ચામડીની ગ્રંથિઓની કામગીરીમાં ફેરફારો થાય છે. જાતીય પુખ્તતા પામવા સાથે બાળપણની સુંવાળી ને નાજુક ચામડી જાડી અને બરછટ બને છે. ને તેનાં છિદ્રો પહોળાં થાય છે, જેનાથી ચામડી ઉપર ડાઘા પડે છે.

ચામડીમાં મેરોક્રાઈન, એપોક્રાઈન પ્રસ્વેદગ્રંથિઓ ને મેદસ્ત્રાવીગ્રંથિઓ આવેલી છે. પહેલી આખા શરીર ઉપરની ચામડીમાં પથરાએલી છે તો બીજી બગલ, સ્તનપ્રદેશ, ગુહ્યાંગ અને ગુદાના ભાગમાં મર્યાદિત છે.

તરુણાવસ્થા દરમિયાન બગલના વાળ ઊગતાં અગાઉ મેરોક્રાઈન અને એપોક્રાઈન પ્રસ્વેદગ્રંથિઓ વધારે ક્રિયાશીલ બને છે. એપોક્રાઈન ગ્રંથિઓનો ચીકણો સ્રાવ ગંધયુક્ત હોય છે. કિશોરોમાં તરુણાવસ્થામાં બગલનો પરસેવો વધે છે તો કન્યાઓમાં રજોદર્શનના દિવસો દરમિયાન એ વધારો જોવામાં આવે છે. મેદસ્ત્રાવીગ્રંથિઓનાં કદ અને ક્રિયાશીલતા વચ્ચે પ્રમાણ ન જળવાવાથી, છિદ્રોમાં સ્રાવ ભરાઈ જઈને ઘણા કિશોર અને કન્યાઓના ચહેરાના સૌન્દર્યને બગાડનાર સંસ્કૃત સાહિત્યમાં તારુણ્યપિટીકાના નામે ઓળખાતા ખીલની તકલીફો ઊભી થાય છે.

કિશોરમાં વીર્યસ્રાવ અને કન્યામાં રજોદર્શનના પહેલાવહેલા બનાવો ગભરાટ અને સંકોચભર્યા બને છે. કન્યાને કોઈ વિચિત્ર સંવેદના—એક પ્રકારનો દુખાવો થાય છે. એ કોઈ રોગના કારણે નહિ પણ સ્ત્રીત્વ ભણી કંડારાતા તેના દેહની તૈયારીઓના કારણે થાય છે. થોડાં વરસોમાં એ બેચેની હઠી જાય છે અને સ્તનના ભરાવાથી સહજ ગોળાકૃતિ આવી રહે છે. પહેલા ઋતુસ્રાવથી કન્યા પોતે સ્ત્રી બની હોવાનું મનમાં સમજી લે છે. કોકને ઋતુસ્રાવ વખતે પુષ્કળ લોહી વહીને અતિશય બેચેની થાય છે. આમાં મનનું વલણ પણ થોડોવત્તો ભાગ ભજવે છે. વળી, વહેલો જાતીય વિકાસ પામેલી કન્યા એ જ ઉમરના કિશોર કરતાં પણ વધુ 'ઉમરલાયક' થઈ હોવાથી તેના છૂટથી હરવાફરવા ઉપર મર્યાદાઓ બંધાય છે. કોક કન્યા તેના અને કિશોર વચ્ચેના આ તફાવત માટે ચીડાય પણ છે. પણ માતૃત્વના ધર્મો પૂરા પાડવા શરીરમાં આ વ્યાપારો થવા જરૂરી છે, એવી સમજ પૂરી ન ખીલવાથી જ તે શરમ, ચીડ કે ફિકરનો ભોગ બને છે, આમાંથી મન અને લાગણીઓની સમસ્યાઓ ઊભી થાય છે. આ જ રીતે મંદ વેગે જાતીય પુખ્તતા પામતા કિશોરો ચિંતા, હતાશા અને લઘુતાગ્રંથિથી પીડાય છે. તો સ્વપ્નસ્રાવ અને કામેચ્છાની પ્રબળ અસર નીચે કિશોર હસ્તમૈથુન કે સજાતીય શરીરસંબંધોમાં લપટાય છે. તારુણ્યના આ તકલીફો વિષે આપણે પછી વિગતથી જોઈશું.

શતરંજના કોયડા નં. ૧૧ (નવેમ્બર ૧૯૭૦)નો ઉકેલ

સ્થિતિ: 8/1Q2NK1P/2rpp3/p3k 1B/1BPP1p2/2p1N3/8/3R4

કોયડો: સફેદે રમવાનું ને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું.

ચાવીની ચાલ: 1 N-N2! ૨ ગુણ

ધમકી: 2 N×R ch, K-k5; 3 R×B mate ૨ ગુણ

વિકલ્પો: 1..., B-Random; 2 B×BPch, B-Q5; 3 R-K1 mate અથવા 2..., K-K5; 3 Q-N1 mate— ૧ ગુણ

1..., B-N3; 2 B-B3, R-Random; 3 B×QP mate ૧ ગુણ

અને 2... ,R-B4; 3 B×BP mate ૧ ગુણ

1..., R-Random; 2 R-K1ch, B-K6; 3 B×BP mate ૧ ગુણ

1 R×P; 2 Q-B3, B-Randum; 3 B×QP mate ૧ ગુણ

અને 2..., B-B4; 3 N-B6 mate ૧ ગુણ

આપણે શ્રી પાર્થસારથીના કોયડા (નં ૯)માં correction Theme જોઈ હતી. આ કોયડામાં એ જ Themeનું અનુસંધાન છે. અહીં પહેલી ચાલમાં ઊંટ તેમજ હાથીની Randoni તેમજ correction વાળી ચાલ છે. પહેલી ચાલમાં ઊંટના correctionવાળી ચાલના વિકલ્પમાં બીજી ચાલે હાથીની Random તેમજ correctionવાળી ચાલના પેટા વિકલ્પ જોવા મળે છે. તેવી જ રીતે પહેલી ચાલમાં હાથીના correction વાળી ચાલવાળા વિકલ્પમાં બીજી ચાલે ઊંટની random તેમજ correctionવાળી ચાલના પેટા વિકલ્પો જોવા મળે છે. આને consecutive correction કહે છે. C. J. R. Samne liusનો આ સુંદર કોયડો પ્રથમ રજૂ થયો ત્યારે તેને પ્રથમ ઈનામ મળ્યું હતું.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ: (૧) દિલીપ આહલપારા, ભાવનગર-૧૦ ગુણ (૨) ગોપાલ તરૈયા, અમરેલી-૯ ગુણ (૩) કિરણ શાહ, નડિયાદ અને (૪) મહેન્દ્ર મહેતા, ભૂજ બન્નેને ૮ ગુણ (૫) લક્ષ્મણ હરિરામ, અમદાવાદ-૭½ ગુણ (૬) નટવરલાલ સોદેશિયા, અમદાવાદ અને (૭) કલ્યાણભાઈ મૂલિયા, વિરમગામ બન્નેના ૬ અને (૮) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ તથા (૯) એસ. ટી સોલંકી; અમદાવાદ બન્નેના ૫½ ગુણ (૧૦) બિપિન પટેલ, અમદાવાદ-૫ ગુણ (૧૧) અવિનાશ પટવર્ધન, અમરેલી-૨ ગુણ (૧૨) અશોક રાવલ, અમદાવાદ અને (૧૨) મહેન્દ્ર ત્રિવેદી, ક્લોલ બન્નેના ૦.

સુરેશ મોદી

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

પ્રાણીજગતનો સ્પર્શ

૧૦ ચકલી ને ખિસકોલી

નાનપણથી મને પશુ-પક્ષીઓનું ઘણું આકર્ષણ. એમને ધ્યાનથી જોઉં, એમના આકારો અને રંગોની ખૂબીઓ તપાસી કુદરતની કલાત્મકતાની કદર કરું. ખાસ કરીને પક્ષીઓના, એમનાં બચ્ચાં પ્રત્યેના પ્રેમની ખૂબીઓ તપાસતાં બચ્ચાંને કેળવવા તેઓ કેટલી ધીરજપૂર્વક પ્રયત્નો કરે છે એ બધું તપાસું. પણ કોઈ કાળે એમને પકડીને પોતાની પાસે રાખવાની ઇચ્છા થતી ન હતી. (છેક નાનપણમાં જ્યારે પ્રાણીઓ પ્રત્યે દયા, પ્રેમ વગેરે જાગ્યાં ન હતાં ત્યારે પતંગિયાં પકડીને હું સંઘરતો હતો તે બાદ કરવું જોઇએ.)

રોજ પ્રસંગમાં આવે કૂતરાં-બિલાડાં, ગાય-બળદ ને ભેંસ-પાડા. ગાય તો પવિત્ર પ્રાણી. એની જેટલી સેવા કરીએ એટલું પુણ્ય વધારે. પણ મેં જોયું કે ભેંસ તિરસ્કાર કરવા જેવું પ્રાણી નથી. માણસે ઘોડાની કદર કરતાં ગધેડાને હડધૂત પ્રાણી ઠરાવ્યું. તે જ રીતે ગાયની કદર કરવા જતાં ભેંસ અને પાડાની અવગણના કરી છે. મને એ ગમતું ન હતું. નાનપણની એક વાત ક્યાંક લખેલી છે કે નહિ તે યાદ નથી. પણ અહીં નોંધવા જેવી છે.

ધારવાડમાં પ્લેગને કારણે અમે શહેર બહાર ઝૂંપડાં બાંધીને—કેટલાયે અમલદારો અને બીજા—રહેતા હતા. ઘરના બધા લોકોને પૂરું પડે એટલું દૂધ તો ક્યાંથી આણીએ? બજાર પણ પાસે નહિ. એટલે એક દિવસ ઢોર-બજારમાં જઇને અમે એક ભેંસ લઈ આવ્યા. એ આવી અને તરત વિયાઈ. મા સમજાવે તે પ્રમાણે મેં ભેંસની અને રેડકાની સેવા શરૂ કરી.

માએ કહ્યું ભેંસને નાહવાનો ખાસ આનંદ. મેં અમારી ભેંસને એ આનંદ પૂરો પાડવાનું શરૂ કર્યું. જોતજોતાંમાં એ પ્રસન્ન મહિષીએ દૂધ વધાર્યું. મેં માને કહ્યું : 'આજ સુધી ભેંસ જેટલું દૂધ આપતી આવી છે તે બધું ઘરનું, હવે પછી જેટલું વધારે આપે તે મેં આપેલા સ્નાનાનંદનું ફળ હોવાથી એના ઉપર હક્ક મારો. એક વટલોઈ ભરીને દૂધ થતું. દોહનાર હું જ. એ બધું દૂધ ઘેર આપતો ને બીજા વાસણમાં બાકીનું દૂધ દોહીને કાચું અને તાજું, હું ત્યાં ને ત્યાં જ પી જતો. આવા દૂધને ધારોષ્ણ કહે છે. (ખરો નિયમ તો એ છે કે આંચળમાંથી દૂધ સીધું પોતાના મોઢામાં જ દહોવું જોઇએ. ત્યારે જ એ ધારોષ્ણ કહેવાય. મારી એટલી હિંમત નહિ, એટલે વાસણમાં દોહી પી જતો.)

ભેંસને માલિશ કરું, એને ચરવા લઈ જાઉં. પછી વળી ઝૂંપડી આગળ શાકનો બગીચો તૈયાર કર્યો. નિશાળે જવાનું હતું નહિ, એટલે અખંડ કામ કરતો. મારી તબિયત સુધરી. ગાલમાંથી ગુલાબ ડોકિયું કરવા લાગ્યાં. માએ એક દિવસ એ આનંદ પિતાજી આગળ વ્યક્ત કર્યો : 'દત્તુને મહેનત અને દૂધ સદ્યાં લાગે છે. કેવા લાલ ગાલ થયા છે એના!'

હું ફુલાયો અને વધુ કામ કરવા લાગ્યો. દૂધથી માતનાર મારી સાથે હરીફ હતું ભેંસનું રેડકું. ત્રણ આંચળનું દૂધ અમારું એક આંચળ રેડકાનું, એ સામાન્ય નિયમ, (લોભી લોકો આટલું બધું દૂધ છોડે નહિ; પણ અમે એને ભેગે વધુ દૂધ લેવા માગતા ન હતા.) મા કહે : 'મૂક પ્રાણીનો શાપ સારો નહિ.' દૂધ વધતું ગયું તેમ રેડકું જાડું થવા લાગ્યું.

હવે મહેનતથી શરીર કસવા માટે એ રેડકાને ઊચકીને હું ઝૂંપડીને એક-બે પ્રદક્ષિણા કરવા લાગ્યો. એમાં ઠીક ઠીક કસરત હતી. પણ મારે માટે ભારે ન હતી. ધીરે ધીરે મારી પ્રદક્ષિણાઓની સંખ્યા વધારવા લાગ્યો. થોડા દિવસ એની મઝા આવી, પણ રેડકું ઝડપભેર મોટું થવા લાગ્યું. એના પગ લાંબા થયા. ડોક જાડી થઈ. શરીર વધ્યું. હવે ઊચકવા જતાં જરા ભાર લાગવા માંડ્યો. મેં વિચાર્યું : 'ગઈ કાલ કરતાં આજે વજન વધી વધીને કેટલું વધવાનું હતું? કાલ ઊચકી શક્યો તો આજે કેમ નહિ?' દલીલ બરાબર હતી. ખાઈ-પીને રેડકું વધતું હતું તો હું પણ મનસોક્ત દૂધ પીને અને જુવારના રોટલા ને માખણ ખાઇને અલમસ્ત બનતો હતો. આમ ચાલ્યું હશે. થોડા દિવસ પણ પછી રેડકું ઊચકતાં થાક વધ્યો. એનો મોટો આકાર પણ ઊચકવા માટે હવે અનુકૂળ ન હતો. ઉપરાંત રેડકાને પોતાના ગમા-અણગમા ઊગ્યા. સ્વર્ગના દેવ જેવો બે પગો પોતાને ઊંચકી મંદિરની પ્રદક્ષિણાઓ કરે છે એનું ધન્ય ભાગ્ય એના ધ્યાનમાં ઊતર્યું નહિ. એણે પગ વતી તકરાર શરૂ કરી. 'મારે આટલા સરસ ચાર પગ છે, છતાં મને તમને ઊચકવા દઉં એ મારી શાનને શોભે નહિ.' એની તકરારનું લાંબું વર્ણન ન કરું. મારે એ પ્રયોગ છોડી દેવો પડ્યો.

જાનવરો પ્રત્યેની મારી ભક્તિ એળે ન ગઈ. જ્યારે જ્યારે હું બેળગુંદી જાઉં ત્યારે ત્યારે ઘરનાં વીસ-ત્રીસ જાનવરો હં...ભાં...કરીને મારું સ્વાગત કરે. પાસે જાઉં એટલે મારા હાથ ચાટે. એમાં એક બળદ મને ખાસ વહાલો (અથવા હું એનો વહાલો). તે તો ચરીને સાંજે ઘેર આવતાં સીધો ગોશાળામાં ન જતાં દોડીને ઘરમાં ધૂસે. મારી ઓરડીમાં દર્શન કરે–દર્શન દે; વહાલ મેળવે અને આપે. અને પછી જ ગો-શાળામાં જાય.

એની સ્મૃતિમાં એક કંડિકા અહીં ઉમેર્યે જ છૂટકો. ભાઈ સાહેબ મારી મુલાકાતે આવે, એટલામાં બીજાં બધાં જાનવરો ગૌશાળામાં જ્યાં જગ્યા મળે ત્યાં બંધાવા માટે ઊભાં રહે. મારો બળદ સુગાળવો. એને ગૌશાળામાં સૌથી પહેલા બંધાવાની ટેવ. (જૂના નોકરો એને 'બામણ બળદ' કહેતા.) ગૌશાળામાં બીજો જાનવરોને જોઇ એ અંદર જવાની ના જ પાડે. સમજાવો, ધમકાવો, મારો-ઝૂડો પણ નહિ એટલે નહિ. અંતે હારીને બધાં જાનવરોને બહાર કાઢી ગૌશાળા ખાલી કરે, એટલે 'બ્રાહ્મણ બલીવર્દ' રોફભેર અંદર જઇને પોતાનું સ્થાન લઈ લે. રોજની આ મથામણ જોઈ નોકરો એ બળદને જરા જલ્દી લાવતા. મારી મુલાકાત પૂરી કરી ભાઈસાહેબ પોતાનું સ્થાન લઈ લે એટલામાં બીજાં જાનવર આવી પહોંચે.

આ તો પશુ અને મારી વચ્ચેના પરસ્પર પ્રેમનો એક દાખલો આપ્યો.

કૉલેજમાં પહોંચ્યો અને જીવન આખું બદલાયું. ગામડું ગયું, શહેરી જીવન, અને તે પણ શહેર પાસેની કૉલેજમાં શરૂ થયું. છતાં કુદરતની કૃપા સાવ સુકાઈ ગઈ ન હતી.

મેડા ઉપરની મારી ઓરડીમાં ચકલીઓ આવતી. એમણે છાપરામાં એક બાજુ માળો કર્યો હશે, એમાંની એકનું નવજાત બચ્ચું નીચે પડ્યું. મેં તેને ખૂણામાં મૂક્યું. હું ચકલીઓને દાણા ખવડાવતો હતો એટલે દુષ્ટ 'માણસ' કરતાં હું કાંઈ નિરાળો છું એટલી એમને ખાત્રી થઈ ગઈ હતી. મા બચ્ચા પાસે બેસી, પોતાની ચાંચમાં ભાંગેલા દાણા એની ચાંચમાં નાખે. મારી પાસેથી રાતબ એને મળતી જ હતી. પછી એણે બચ્ચાંને ઓરડીમાં જ પોતાની પાછળ પાછળ કૂદવાનું શીખવ્યું. આમાં બચ્ચું તૈયાર થયું ત્યારે એણે જમીન પર મારી ટ્રંક હતી ત્યાં સુધી લઈ જઈ જમીન પરથી ટ્રંક જેટલું ઊડી જવાનું બતાવ્યું. બચ્ચું કેમ કર્યું સમજે નહિ, પણ માની ધીરજ અખૂટ. બચ્ચાની પડખેથી કૂદીને ટ્રંક પર બેસે. અવાજ કરીને બચ્ચાને ત્યાં બોલાવે. ફરી ઉપરથી કૂદીને બચ્ચા પાસે જાય. આમ નિયમિત ચાલ્યું.

અંતે બચ્ચાના ભેજામાં અને પાંખમાં સૂઝ ફૂટી. બચ્ચાએ ઊડવાનો પ્રયત્ન કર્યો. ટ્રંકની અર્ધી ઊંચાઈ ઊડીને નીચે પડી ગયું અને ચીખવા

લાગ્યું. માએ એની પાસે બેસી વહાલ કર્યું. (માના ચાંચના વહાલનું નિરીક્ષણ કરતાં મને ખૂબ મઝા પડી.) મા જાણે કહેતી હોય 'તું પડી ગયું એની ફિકર નહિ; પણ ઊડવાની સૂઝ તો જાગી. હવે ફરી ફરી પ્રયત્ન કર.' અંતે બચ્ચું ફાવીને ટ્રંક ઉપર પહોંચી ગયું, ત્યારે માનો આનંદ વધારે હતો કે મારો નિરીક્ષણનો આનંદ વધારે હતો એ કહેવું મુશ્કેલ છે.

પછી ટ્રંક પરથી પેટી ઉપર, ત્યાંથી ટેબલ ઉપર, ત્યાંથી ખીંટી ઉપર આમ પ્રગતિ ચાલી. માએ બચ્ચાંને બારીમાં લઈ જવાનો વિચાર કેમ ન કર્યો તે હું જાણતો નથી. પણ બંધ બારણે, બંધ બારીએ ઓરડીમાં હવા આવે એટલા માટે દીવાલમાં બારી પરની કમાનમાં કાણાંવાળા મોટા પથરા–વેન્ટિલેટર–ગોઠવેલા હોય છે, એમાંથી ચકલીઓને આવજા કરવી ફાવે. માએ બચ્ચાંને એ વેન્ટિલેટર સુધી ઊડવાનું શીખવ્યું.

હું માનું છું કે આટલામાં તો બચ્ચાની કૉલેજની કેળવણી પૂરી થઈ! મા આવે, મેં આપેલા દાણા ચાવીચાવીને પોચા કરી બાળકને ખવડાવે અને ઓરડીમાં ગેલ કરાવતી કરાવતી ઊડવાની તાલીમ આપીને છેક વેન્ટિલેટર સુધી પહોંચવાનું શીખવે ત્યાં એ શિક્ષણ પૂરું થવાનું હશે. કેમ કે, જાણે બચ્ચાને ત્યાં જ થોભવાનું કહેતી હોય એમ ચાંચ વતી સમજાવી મા ભુર્રં...કરતીક ને ઊડી જતી, ને સાંજે વહેલી આવતી. અંતે એક દિવસે બચ્ચામાં માની પાછળ ખુલ્લા આકાશમાં ઊડવાની હિંમત આવી હશે. પછી તો માને માણસના ઘરમાં આવવાની આવશ્યકતા જણાઈ નહિ હોય, એમ મા ને બચ્ચું એક વાર ઊડી ગયાં, તે પછી ફરી આવ્યાં જ નહિ.

મારી અને એમની દોસ્તી એટલી જામી હતી કે માન્યામાં ન આવે એટલી એમનામાં હિંમત આવી હતી. હું ખાટલા પર બેસી મારા હાથમાં ચોખાના દસ-વીસ દાણા રાખું. થોડા જ વખતમાં મા અને બચ્ચું બંને દાણાની સામસામે મારી હથેળી પર આવીને બેસે. મા દાણા ચાવે અને બાળકને ખવડાવે. પે તે પણ ખાય. કુદરતનાં આ પ્રાણીઓમાં ધન્યવાદ આપવાની ભાષા ન હોય, પણ પોતાનો આનંદ, સંતોષ અને તૃપ્તિ વ્યક્ત કરવાના ધ્વનિ એમની વાણીમાં હોય જ છે એવું મારું નિરીક્ષણ છે. અને એ ચકલીઓની આંખમાં અથવા ચહેરા પર વિશ્વાસની નિઃશંકતા તો સ્પષ્ટ દેખાતી હતી. એ આનંદ મેં મહિનાઓ સુધી મેળવ્યો.

મેં માન્યું કે કૉલેજમાં ચકલીઓનો આવો સહવાસ મળ્યો અને એમનું નિરીક્ષણ કરવાની તક મળી એ જ અહોભાગ્ય. પણ ના; એના કરતાં યે મોટો અનુભવ મારા ભાગ્યમાં લખેલો હતો. ઓરડીમાં સવારના સુંદર સમયે એકાગ્ર થઇને વાંચવા બેઠા હોઇએ એટલામાં કોઈ મળવા આવે તો 'ના' કેમ પડાય? જો કહીએ કે મારો આ વાંચવાનો વખત છે તો જોતજોતાંમાં વિદ્યાર્થીઓમાં ટીકા થાય. ટીકા પાછળનું તત્ત્વજ્ઞાન આવું હતું.

સ્કૉલર બે પ્રકારના હોય છે: એક અંદરખાનેથી મોટો બુદ્ધિમાન. એક વાર વાંચે એટલે બસ. ભણવાની મહેનત કરે જ નહિ. લહેર કરે. વર્ગમાં પ્રોફેસરોનાં વ્યાખ્યાનો ધ્યાનપૂર્વક સાંભળે અને પોતાની ભાષાશક્તિ પર વિશ્વાસ રાખી પરીક્ષામાં બેસી જાય. ભણવા તરફ જરા યે લક્ષ ન આપ્યું હોય તો યે ફર્સ્ટ ક્લાસ નહિ તો સેકન્ડ ક્લાસમાં તો પાસ થાય જ. પણ એની સ્કૉલરશિપ કોઈ કાળે એ ગુમાવે નહિ. એ સ્કૉલર ઉત્તમ.

બીજો સ્કૉલર એ કે જે બુદ્ધિનો સામાન્ય, પણ વિદ્યાર્થીઓ કરતાં વધારે મહેનત કરે. મહત્ત્વનાં વાક્યો દસ-દસ વાર બોલી કંઠે કરે. એને માટે કૉલેજજીવનનો લ્હાવો હરામ. ચોપડી છે અને પોતે છે. પછી મેળવે પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ. સ્કૉલરશિપમાંથી પૈસા બચાવી ઘેર મોકલે અને જિંદગીમાં સફળ થાય. પણ તેથી શું? આવાને કંઈ જીનિયસ (પ્રતિભાવાન) કહેવાય? પરિણામે આવા મહેનતુ સ્કૉલર પણ રાત્રે ઉજાગરા કરી ચોરીને ભણે અને દહાડે લ્હેર કરતા હોય એવો દેખાવ કરે. મારે આ બેમાંથી એકે સ્કૉલર થવું ન હતું. આત્મવિશ્વાસ હતો કે પાસ તો થઈશ જ. આપણને વધારે જોઇએ પણ શું? પણ ભણતરના વિષયોમાં રસ પડે છે, એના પ્રત્યે બેવફા ન થવાય.

આવા સ્વભાવને કારણે કૉલેજના પહેલાં વર્ષને અંતે મેં લગભગ બધા વિષયો ઉત્તમ તૈયાર કરેલા. પણ રોમન ઇતિહાસમાં (અને એ વિષય ભણાવનાર પ્રોફેસરમાં) મને જરા યે રસ ન પડયો. પરિણામે પ્રિલિમિનરી પરીક્ષા સુધી હું એ વિષયને અડ્યો જ ન હતો. એક દિવસે સ્પષ્ટ જોઈ શક્યો કે અન્ય વિષયોમાં ક્લાસ મેળવવા જેટલી પ્રગતિ હોવા છતાં હું તો નાપાસ જ થવાનો. એટલે ચેતીને રોમન ઇતિહાસ વાંચી કાઢયો. પણ છેલ્લી ઘડીએ કરેલી તૈયારી કેટલી કામ આવે? ઇતિહાસમાં જેમતેમ પાસ થયો હોઈશ. પરિણામે માર્કનો સરવાળો મને ફક્ત સેકંડ ક્લાસ આપી શક્યો. સ્કૉલરશિપ મળી અને જરા યે ઇચ્છા ન હોવા છતાં સ્કૉલરોની ન્યાતમાં ગણાયો. આનો ઇલાજ મારા હાથમાં હતો. છ માસિક પરીક્ષામાં બેઠો જ નહિ એટલે સ્કૉલરશિપ બંધ થઈ અને લહેરી વિદ્યાર્થીઓની ન્યાતમાં આવી ભળ્યો. વિદ્યાર્થીઓમાં આ ન્યાતની પ્રતિષ્ઠા વધારે. સંખ્યા તો વધારે હોય જ. છતાં જે વિષયમાં રસ પડે તેમાં પરીક્ષાની દૃષ્ટિએ નહિ પણ રસની દૃષ્ટિએ ઊંડાણમાં ઊતરવાની ટેવ. એના ઉત્કટ વાચનમાં વિઘ્ન આવે તો આપણને પોસાય નહિ.

એટલા માટે એક-બે ચોપડીઓ લઇને ફર્ગ્યુસન કૉલેજની ઇમારતના બે દાદરા ચડી ત્યાંની અગાશીમાં વાંચવા જઈ બેસતો. એટલે ઊંચે આવે કોણ? સરસ હવા; દૂર સુધીનું દૃશ્ય; અને અદેખાઈ કરવા જેવું એકાંત. ત્યાં બેઠાં ખૂબ–અર્થાત્ મરજી પ્રમાણેનું વાચન કર્યું. એટલામાં એક દિવસે ઉપરથી ટપ દઇને એક ખિસકોલીનું બચ્ચું પડ્યું. અસહાય બચ્ચાને જોઈ દયા છૂટી. આસપાસ ખૂબ જોયું, એની મા કે બીજી કોઈ પણ ખિસકોલી ત્યાં દેખાઈ નહિ. ધીરજપૂર્વક ત્યાં થોભ્યો, થોભ્યો અને થોભ્યો. એ આશાએ કે ક્યાંકથી બચ્ચાની મા છતી થશે. પણ મા તો ન જ મળી. હવે આ બચ્ચાનું કરવું શું?

ખિસકોલી મારું માનીતું પ્રાણી. એની લીલાઓ હું હમેશાં જોયા કરું. ખિસકોલી એટલી ચંચળ હોય છે કે એક ઠેકાણે કે એક આસને એક ક્ષણ ટકે નહિ. એના આગળના પગ બહુ ટૂંકા; પણ પાછળના બહુ જ લાંબા અને શક્તિશાળી. જાણે કુદરતે હાથ અને પગનો ભેદ ખિસકોલીથી જ શરૂ કર્યો! એ બેસે છે ત્યારે એની પૂંછડી પીઠ કરતાં પણ ઊંચી થાય છે અને એની શોભામાં અનેરો ઉમેરો કરે છે.

કો'કે કહેલું છે કે ખિસકોલીને જોઈ બ્રહ્મદેવ પણ રાજી થયા અને એણે પોતાનાં ત્રણ આંગળાં એની ડોકથી નીચે સુધી પીઠ ઉપર ફેરવ્યાં એની નિશાની આજે પણ એની પીઠ ઉપર દેખાય છે.

ખિસકોલી ઝગડાળુ પ્રાણી નથી. 'તમે પણ જીવો અને અમે પણ જીવીએ' એમ બધાં પ્રાણીઓ સાથે અભયદાનનું વાતાવરણ જમાવનાર જીવ છે. અને છતાં કોઈ કાગડો એની નિરુપદ્રવિતા ઉપર અથવા શાન્તિનિષ્ઠા ઉપર વિશ્વાસ રાખી એને કનડવા જાય તો ખરો!

કાગડો આકાશમાં ઊડી શકે છે. ખિસકોલીમાં એ શક્તિ નથી. પણ ખિસકોલી ચિડાય ત્યારે એવા તો જોશથી કાગડા પર હુમલો કરે છે કે કાગડાનો જીવ લઇને ભાગ્યે જ આરો! ફરી કાગડોમાત્ર ખિસકોલીનું નામ ન લે. તેથી જ મકાનોનાં છાપરાં બધાં ખિસકોલી માટે સુરક્ષિત. ખિસકોલીને જુએ ત્યાં કાગડો થોભે જ નહિ.

એવી ખિસકોલી પ્રત્યે મારા મનમાં આકર્ષણ હોય જ. પણ હવે આ બચ્ચાનું શું કરવું એ મોટો સવાલ હતો અંતે નક્કી કર્યું કે ભાગ્યમાં આવ્યું જ છે તો આદરપૂર્વક વધાવી લેવું. ખિસકોલીના બચ્ચાને પોલી મુઠ્ઠીમાં લઇને, હાથ ગજવામાં રાખી મારી ઓરડીમાં આવ્યો. જૂના ધોતિયાની એક ચીંદરડી ફાડી લઈ એની નાનકડી વાટ બનાવી. એને દૂધમાં બોળી બચ્ચાને ચૂસવા આપી. આમ બચ્ચાએ ધરાઇને દૂધ પી લીધું.

મને ખબર હતી કે બચ્ચું માની હૂંફથી જ પ્રાણ મેળવે છે અને મોટું થાય છે. માની હૂંફને બદલે મારી મુઠ્ઠીની હૂંફ એને આપવા કેટલો યે વખત એને મુઠ્ઠીમાં રાખી મૂકું. સવારસાંજ જૂની જગ્યાએ લઈ જાઉં—જ્યાં એ ટપ દઇને પડયું હતું, અને મારી બધી શ્રદ્ધા-ભક્તિ એકત્ર કરી ભગવાન દ્વારા એની માને બોલાવું. જો મા મળી હોત તો એને પારાવાર આનંદ થાત કે ચાલો, એક જવાબદારીમાંથી બચી ગયા!! એનો મારો આનંદ મા કરતાં પણ વધી જાત. પણ મારા નસીબમાં એટલો સહેલો આનંદ ન હતો.

હવે જ્યારે જ્યારે ઓરડી બહાર કોઇને મળવા જાઉં, શહેરમાં જાઉં અથવા પ્રોફેસર પાસે ખાસ મુલાકાતે જાઉં ત્યારે પણ ડાબી મુઠ્ઠીમાં ખિસકોલી, અને એ મુઠ્ઠી મારા શૉર્ટ કોટના ડાબા ખિસ્સામાં. એ કાયમી નિયમ થયો. સદ્ભાગ્યે એ બચ્ચું બોલતું ન હતું, કિલકિલાટ કરતું ન હતું, એટલે મારે એ બચ્ચાનો કિસ્સો કોઇને કહેવો ન પડયો.

બચ્ચું ધીમે ધીમે મોટું થયું. મુઠ્ઠીનું આખું પોલાણ એ ભરી કાઢવા લાગ્યું. એને માટે શરૂમાં બજારમાંથી કેળાં આણતો. ને પછી સફરજન. ખોરાકમાં ફેર હોવો જોઇએ એમ ગણીને કો'ક વાર દાડમ પણ લાવું. પણ એનો મુખ્ય આહાર તો દૂધ, માખણ અને પનીર. એને માટે એક બે વાર મેં પેંડા આણ્યા, પણ કોણ જાણે કેમ, મને લાગ્યું કે એ આહાર એને સદે નહિ. શેરડીની ખાંડ સામે મેં ઘણું વાંચ્યું હતું એટલે ખાંડની વસ્તુઓ હવે એને આપતો નહિ. સિવાય કે કોકવાર ગળ્યાં બિસ્કિટ લઈ આવું.

હવે જ્યારે એને મુઠ્ઠીમાં લઈ ચાલવા માંડું ત્યારે હૂંફથી સંતોષ માની એ મારી આંગળીને જરાક કરડે! એની મને મઝા પડતી.

ઓરડીમાં એક ટિનના ખુલ્લા ડબ્બામાં મેં એક કપડાની ગાદી બનાવી. દિવસરાત એ એનું ઘર. ગમે ત્યારે એમાંથી એ બહાર કૂદી પડે. ઓરડીમાં બધે ફરે. પગ ઉપરથી ઘૂંટણ સુધી અને ત્યાંથી હાથ સુધી કૂદી ચડવું એ એની રમત. (એને પ્રેમની ભૂખ હતી.)

બૅંગલોર તરફના મારા એક કર્ણાટકી મિત્રને ખિસકોલીની આ લીલા વિષે મેં કહ્યું. એને થયું ચાલો આપણે પણ આ માવિહોણા બાળકને લાડ કરીએ. એણે ડબ્બામાં હાથ ઘાલ્યો. ખિસકોલી ઓળખી ગઈ કે આ કાંઈ આપણા કલ્યાણકર્તાનો હાથ નથી. એણે આત્મરક્ષણમાં નીચલા જાડા બે દાંતથી પેલા ભાઈની આંગળી એવા જોરથી કરડી કે બે દાંત નખના અંદરના ભાગ સુધી પહોંચી ગયા! બિચારાએ ચીસ પાડીને હાથ પાછો ખેંચી લીધો અને આંગળી ચૂસી ચૂસી એમાંથી નીકળતું લોહી બંધ કર્યું.

પછી તો આખી કૉલેજમાં ખિસકોલીના બચ્ચાની વાત ફેલાઈ. શરૂઆતમાં હું કૉલેજમાંથી કલાકે કલાકે ઓરડીએ આવીને ચીંથરાની વાટથી બચ્ચાને દૂધ ચૂસવા આપતો. ત્યારથી કેટલાક સ્નેહીઓ મશ્કરીમાં મને 'ખિસકોલીના બચ્ચાની મા' કહેતા. હવે તો આવતાં-જતાં રસ્તા પર લોકો મને મારા એ બાળકના ક્ષેમ-સમાચાર પૂછવા લાગ્યા. એનો એક જ ઈલાજ હતો. નફ્ફટ થઇને એ બચ્ચાની લીલાઓ વિષે હું વિસ્તારથી કહું. મેં એ જ નીતિ સ્વીકારી. પેલી આંગળી કરડયાનો કિસ્સો તો બધા જ જાણતા હતા.

એવામાં છ મહિનાની રજા આવી. મારે પૂનાથી સાંગલી જવું હતું. રેલવેમાં જો કોઈ શોખથી પાળેલા પશુપક્ષીને લઈ જાય તો એના ઉપર લગભગ માણસના જેટલી જ ટિકિટ બેસતી. એટલા પૈસા હું ક્યાંથી કાઢું? અને બચ્ચાને તો સાથે રાખ્યે જ છૂટકો. પણ એક વાત સારી હતી. મુસાફરીમાં એ અવાજ કરતું ન હતું. એટલે એને બંધ ડબામાં મૂકીને લઈ જતો અને લઈ આવતો.

વિદ્યાર્થી તરીકે જેમ ભણતર તરફ ધ્યાન આપવું જ પડતું તેમ ભગવાનનું સોંપેલું આ બચ્ચું પણ મારો ઘણો સમય લેતું. ભગવાન માને બાળક આપે છે; સાથેસાથે એ જ ભગવાન માને બાળકઘેલી બનાવે છે. તેથી જ તો દુનિયાનાં બાળકો નાનેથી મોટાં થાય છે. મારી પણ એ જ હાલત થઈ. મિત્રોને ગામ જાઉં ત્યાં આ પ્રાણી હોય જ. ગામના લોકો જોવા આવે. માહિતી પૂછે. મારા જેવો જીવ સમાજને કેળવવાની તક કેમ છોડે?

હવે એ બચ્ચાને જ્યારે ફળ ઓછાં મળે ત્યારે હું બિસ્કિટ વધારે આપતો. દૂધ પૂરતું આપું. પણ દૂધ એ હવે એનો મુખ્ય ખોરાક ન રહ્યો. પરિણામે એ બચ્ચાના (હવે એને બચ્ચું ન કહી શકાય) એ ખિસકોલીના સફેદ દાંત સહેજ લાલાશ પડતા રંગના થયા. હું ચિંતામાં પડયો. થોડા જ દિવસોમાં એના નીચલા બે મોટા દાંતમાંથી એક દાંત અર્ધોઅરધ તૂટી ગયો: અણી વગરનો દાંત કામ ન આપે એક દાંત કેટલી સેવા આપે?

આપણે ત્યાં ખિસકોલીના ડૉકટર તો ક્યાંથી હોય? પ્રાણીશાસ્ત્રના પ્રોફેસરો અને વિદ્વાનો બીજા જાનવરો વિષે માહિતી આપે. પણ કહે ખિસકોલીનો વિચાર કરવાનું પણ અમને કોઈ કાળે સૂઝયું નથી. તમે જ પહેલવહેલા છો કે ખિસકોલી વિષે પૂછવા આવ્યા છો. કુદરતને પૂછું, ભગવાનને પૂછું, કશો જવાબ ન મળે. એન્સાઈક્લોપીડિયામાં પણ ખિસકોલીના રોગો વિષે કશું મળે નહિ. મેં છેલ્લે નક્કી કર્યું કે બચ્ચું જીવે છે ત્યાં સુધી એને ઉત્તમ ફળ આપીશ; પ્રેમ આપીશ. પછી એના ભગવાન છે.

એક દિવસ રાત્રે ખબર નહિ ક્યારે એ ખિસકોલીએ (એ નર હતો) ભગવાનનું ધામ મેળવ્યું. સવારે ઊઠીને મારું રોજનું પહેલું કામ ખિસકોલીની સેવા. તે દિવસે જોયું કે એ સેવા હવે રહી નથી. એટલે અંતિમ સેવાની તૈયારી કરી. છાત્રાલયથી દૂર વગડામાં ક્લબના નોકરો પાસે એક ખાડો ખોદાવ્યો અને ખિસકોલીને લઇને હું ચાલ્યો. મારી ભાવના અને મારા હૃદયનું દર્દ સમજનારા ત્રણ ચાર વિદ્યાર્થીસાથીઓ મારી સાથે આવ્યા. બધાએ મળીને એ પ્રાણીની અંતિમયાત્રા શોભાવી. ખાડો ઊંડો હતો. એના પર માટી નાખી. આસપાસ બે-ત્રણ મોટા પથરા મૂકયા જેથી કોઈ જાનવર ઘોર ખોદે નહિ. બધું ઠીકઠાક કર્યું. હું પ્રાર્થના બોલ્યો અને એ ભગવાને દીધેલા પ્રાણીનું સ્મરણ કરતા અમે પાછા આવ્યા.

જે જે ડૉકટરો પાસે મેં દવાની તપાસ કરી હતી તેઓ જ્યારે મળતા ત્યારે મારી પ્રત્યે સહાનુભૂતિ બતાવતા—જાણે હું બચ્ચાની મા હોઉં એ રીતે આશ્વાસન આપતા. ધીરે ધીરે એ બચ્ચાને હું ભૂલી ગયો: જિંદગીમાં કેટલા યે પલટા આવ્યા. આજે જ્યારે દેવે દીધેલા એ પ્રાણી વિષે લખવા બેઠો ત્યારે જૂની ઘણી બધી વાતો યાદ આવવા લાગી.

મારો એક સિદ્ધાન્ત છે: વ્યવહારુ દુનિયા કહે છે કે પોતાની યાદદાસ્ત ઉપર વિશ્વાસ ન રાખવો. ગમે ત્યારે એ દગો દે, અને મહત્ત્વની વાતો પણ ભૂલી જવાય. સ્મૃતિઓ ઉપર વિશ્વાસ ન જ રખાય એ સિદ્ધાન્ત મને માન્ય છે; પણ મારો અનુભવ મને કહે છે કે વિસ્મૃતિ ઉપર પણ ડાહ્યા માણસે બહુ વિશ્વાસ ન રાખવો: વિસ્મૃતિ પણ માણસને દગો દઈ ગમે ત્યારે સ્મૃતિને સજીવન થવા દે છે, અને જ્યારે તમે કહો છો કે જૂનું બધું ભૂલી ગયો છું ત્યારે અચૂક સાક્ષી પૂરે છે કે જૂનું બધું ગમે ત્યારે તાજું થઈ શકે છે. તમારી વિસ્મૃતિનું રાજ્ય ખસેડીને પણ જૂની યાદદાસ્ત છતી થઈ શકે છે. માટે કહું છું 'સ્મૃતિ ઉપર વધારેપડતો વિશ્વાસ રખાય નહિ એ કબૂલ; પણ વિસ્મૃતિ ઉપર પણ વિશ્વાસ ન રાખી શકો. એ પણ દગો દે એવી વસ્તુ છે.'

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ શુ. વૈદ્ય

૧૨

ડબ્લિન · તા. ૨૯-૪-૭૦

વહાલાં બાળકો,

ગયે ગુરુવારે અહીં ટી. વી. ઉપર સમાચાર-દર્પણ જેવા કાર્યક્રમમાં એક નવીન કાર્યક્રમ જોયો; St. Edna's College રાષ્ટ્રને અર્પણ કરવાનો. ભાષણો આઇરિશમાં હતાં, પણ રાષ્ટ્રપ્રમુખ ડિ વૅલેરા ટી. વી. માં દેખાતા હતા એટલે કશોક ઐતિહાસિક પ્રસંગ હશે એવું લાગ્યું. બીજે દિવસે તપાસ કરતાં કાંઈક આવી હકીકત મળી આવી:

આયર્લૅન્ડ ઈ. ૧૯૨૧માં આઝાદ થયું. દેશપ્રેમી લોકોએ ઢંઢેરો બહાર પાડીને આરઝી હકૂમત (Provisional Government of Irish Republic)ની સ્થાપના તો ૧૯૧૬માં કરેલી. એ ઢંઢેરામાં સહી કરનાર એક વ્યક્તિ પૅડ્રિંગ પીઅર્સ નામે હતો. તે આમ તો શાળાનો શિક્ષક હતો, પણ ગાંધીજીએ જેમ અંગ્રેજી કેળવણીની વિરુદ્ધ ચળવળ ઉપાડી હતી તેમ પૅડ્રિંગ પીઅર્સે પણ અંગ્રેજોએ ચાલુ કરેલી ગુલામીની કેળવણી ન જોઈએ એવી ઘોષણા કરી હતી અને આઇરિશ ભાષા મારફતે રાષ્ટ્રીય કેળવણી આપવા માટે તેણે ડબ્લિનમાં એક રાષ્ટ્રીય શાળા સ્થાપેલી. આ રાષ્ટ્રીય શાળા તે સેંટ એડનાઝ કૉલેજ.

ઈ. ૧૯૧૬ના ઈસ્ટરના તહેવારો દરમિયાન આરઝી હકૂમતે સશસ્ત્ર બળવો કર્યો, જે ઈસ્ટર રાઇઝિંગના નામે ઓળખાયો. ચાર દિવસ સુધી ડબ્લિનનો કિલ્લો રાષ્ટ્રવાદીઓના હાથમાં રહ્યો, પણ આરઝી હકૂમતનાં જુદાંજુદાં ઍકમો વચ્ચે યોગ્ય સંપર્ક જળવાઈ ન રહ્યો અને અંગ્રેજ લશ્કરે બળવાને ભારે હાથે દબાવી દીધો. તેના ૭૦ નેતાઓને ફાંસી દેવાઈ, તેમાં પૅડ્રિંગ પીઅર્સને તથા તેના ભાઈને પણ દેવાઈ.

આઝાદી પછી આપણે ત્યાં થયું છે તેવું અહીં પણ થયું હતું. આઝાદીના શહીદોના નામ સાથે કોઈ રસ્તા કે કોઈ બગીચાનું નામ જોડી દીધું અને આઝાદીની મજા માણતા લોકો શહીદોને ધીરે ધીરે વિસારે પાડવા લાગ્યા. પીઅર્સ ભાઈઓના નામ ઉપરથી ડબ્લિનના એક મોટા ધોરી રસ્તાનું નામ પીઅર્સ સ્ટ્રીટ પાડ્યું છે. (આ રસ્તા ઉપર આવેલી લૉન્ડ્રોમેટમાં દર શનિવારે અમે કપડાં ધોવા જઈએ છીએ). પણ વખત જતાં પીઅર્સે સ્થાપેલી રાષ્ટ્રીય શાળા સેંટ એડના બંધ કરવી પડી, કારણ કે આપણે ત્યાં જેમ આઝાદી પછી અંગ્રેજી ભાષા તરફનો પ્રેમ વધી ગયો અને કેટલાંક મા-બાપ તો બાલમંદિરથી જ બાળકને અંગ્રેજીમાં ભણાવવાનું વિચારે છે તેવું અહીં પણ થએલું. પરિણામે આઈરિશ ભાષામાં જ સઘળું શિક્ષણ આપતી સેંટ એડના શાળા બંધ થઈ ગઈ. પીઅર્સ ભાઈઓ પરણેલા નહોતા, એટલે તેમને ફાંસી દેવાયા પછી તેમની બહેન માર્ગરેટ પાસે શાળાનાં મકાન અને જમીન આવ્યાં. શાળા તો બંધ થઈ ગએલી, પણ જમીનના ઘાસની આવકમાંથી માર્ગરેટનો માંડમાંડ ગુજારો થતો. વખત જતાં શાળાનું મકાન પણ જર્જરિત થવા લાગ્યું હતું. માર્ગરેટનું તાજેતરમાં અવસાન થતાં તેના વિલમાં શાળા, તેનું મકાન અને જમીન રાષ્ટ્રને અર્પણ કર્યાં હતાં. તેથી સરકારે હવે તે મકાન સંભાળી લીધાં છે અને ત્યાં આઝાદીની લડતનો ઇતિહાસ દર્શાવતું પ્રદર્શન ગોઠવવાનો ઇરાદો જાહેર થયો છે. એ રાષ્ટ્રીય શાળા હવે સ્મારક તરીકે સચવાશે.

—લિ. કાકાના આશિષ

૧૩

ડબ્લિન · તા. ૩-૫-૭૦

વહાલાં બાળકો,

આ પત્રમાં અહીંની ત્રણ નવાઈની વાત લખવી છે. ડબ્લિનની કોર્ટમાં હમણાં ૯ જુવાનો ઉપર કેસ ચાલ્યો. મારામારીનો કેસ હતો. ઈસ્ટરના તહેવાર દરમિયાન નદીકાંઠે તંબૂ તાણીને જુવાનોનાં બે જૂથ રજાની મજા માણતાં હતાં. એક જૂથમાં બધાં જ લાંબા વાળવાળાં છોકરાછોકરીઓ હતાં. બીજા જૂથમાં કેટલાકે વાળ કપાવી નાખ્યા હતા: લગભગ મૂંડિયા જેવા. લાંબાં વાળવાળાઓને આ 'મૂંડિયાઓ' પરલાકડી, પથ્થર, લોખંડના સળિયા ને ચપ્પુ વડે હુમલો કર્યો. પરિણામે પાંચ જણને હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા ને નવ પકડાયા. ન્યાયાધીશે કેસ મુલતવી રાખ્યો અને કહ્યું કે 'આરોપીઓની દાક્તરી તપાસ કરી રિપોર્ટ મેળવ્યા પછી કેસ ચલાવીશું. આવી વર્તણૂક માટે તેઓ કોઈક ઘેન કે દવાની અસર નીચે હોવા જોઈએ; કારણ કે રિપોર્ટ તો એવા મળ્યા છે કે હુમલો કરતી વખતે હુમલાખોરોને મોઢે ફીણ વળતાં હતાં. સંસ્કારી કુટુંબના યુવાનો આવો વર્તાવ કેમ કરે છે તેનું મૂળ મારે શોધી કાઢવું છે.' જીવનસંઘર્ષ હળવો થતાં યુવાનો આવે રસ્તે જતા હોય તો તેના કરતાં તો આપણા દેશનું સંઘર્ષમય જીવન વધુ સારું નહિ?

લંડનના બી.બી.સી.ના ટી.વી. ઉપર Fact and Fantasy (વાસ્તવ અને કલ્પના) નામનો કાર્યક્રમ આવે છે. એમાં અત્યારે Meditation–ધ્યાન, સાધના, યોગ—પર ચર્ચા આવે છે. બંધ ઓરડીમાં બેસી શાંત ચિત્તે ધ્યાનમાં બેસવાનો હમણાં અહીં પવન વાયો છે. આપણે ત્યાં તો આ બહુ પ્રચલિત છે. મહર્ષિ અરવિંદના અનુયાયીઓ દર શનિવારે એક જગ્યાએ ભેગા થઈ ધ્યાન ધરે છે. ઘણાના ઘરમાં ધ્યાન ધરવા માટેનો અલગ ઓરડો હોય છે અને રોજ અરધો કલાક ધ્યાનમાં બેસવાનો ઘણાનો નિયમ હોય છે. નડિયાદ પાસે શ્રી 'મોટા'નો હરિ: ૐ આશ્રમ છે ત્યાં ધ્યાનમાં બેસવાની ખાસ વ્યવસ્થા છે. બે, ત્રણ કે વધુ દિવસ, સંસારને વીસરી જઈ. 'હરિ: ૐ હરિ: ૐ' કરતાં ધ્યાન ધરી ચિત્તશાંતિ મેળવવા ત્યાં ઘણા જાય છે. ધર્મ, મુક્તિ, મોક્ષ, યોગ વગેરે ખાતર જ નહિ પણ જ્યારે જ્યારે મન ઉપર બોજ હોય ત્યારે ધ્યાનમાં બેસી શાંતિ મેળવવાની ઘણાને ટેવ જ પડી જાય છે. આમ, આપણને જે સંસ્કારમાં ઊતરી આવ્યું છે તે વિષે અહીં હવે સારા પ્રમાણમાં રસ ઉત્પન્ન થયો છે એ જાણી મને તો ઘણો આનંદ થયો.

અમેરિકામાં તો ધ્યાન ધરનાર ઉપર માનસશાસ્ત્રીય પ્રયોગો કરી કેટલાંક પરિણામો મેળવાયાં છે. માણસના મગજની ત્રણ સ્થિતિ છે: કામકાજ દરમિયાનની ચેતનામય સ્થિતિ, બીજી સ્વપ્ન દરમિયાનની અર્ધશાન્ત સ્થિતિ અને ત્રીજી નિદ્રા દરમિયાનની શાન્ત સ્થિતિ. દારૂનો કે અન્ય નશો કરવાથી ચેતનામન કરતાં પણ વધુ અશાન્ત સ્થિતિ થાય છે અને ધ્યાન ધરવા (meditation)થી નિદ્રા દરમિયાનની શાન્ત સ્થિતિ કરતાં વધુ શાન્ત મન થઈ જાય છે, આમ, ધ્યાન ધરવાથી ચિત્તશાન્તિ મળે છે એ પ્રયોગથી પણ સિદ્ધ થઈ ચૂક્યું છે એમ ગણી શકાય.

ટી. વી. કાર્યક્રમ પૂરો થાય ત્યારે વિશિષ્ટ સંગીતના સૂર વગાડાય છે. (આ સૂરને અંગ્રેજીમાં સિગ્નેચર ટ્યુન-Signature tune કહે છે. રેડિયો ઉપર આવતા મહિલામંડળ, મજૂરભાઈઓના કાર્યક્રમ વગેરેના ખાસ સિગ્નેચર ટ્યૂનથી આપણે પરિચિત છીએ.) આ કાર્યક્રમને અંતે સિગ્નેચર ટ્યુનમાં અહીંના રાધાકૃષ્ણ મંદિરના ગોરા ભક્તોએ ગાએલું ગીત 'ગોવિન્દં આદિપુરુષં, અહમ્ ભજામિ...' એ પૉપ-મ્યૂઝિકની તરજે વગાડે છે!

ત્રીજી વાત અહીંના છાપામાં આવેલી એક વાતની છે. ડબ્લિન નજીકના ડુંગરામાં એક મોટું પંદર ઓરડાવાળું મકાન છે. તે મકાનમાં ભૂત થાય છે એટલે ઘરની માલિક બાઈ મકાન છોડી તેના દીકરાને ઘેર રહેવા ગઈ છે! શું પૂર્વ કે શું પશ્ચિમ, માણસ બધે જ સરખા સ્વભાવનો, સરખો ડરપોક અને વહેમી છે. તે સ્વભાવને, અમીરી-ગરીબી સાથે જરા યે સંબંધ લાગતો નથી.

લિ. કાકાના આશિષ

શબ્દકથા : 'ડેબું' · 'બીબું'

પેટને માટે, અને વિશેષ તો ઊપસેલા કે ચડેલા પેટને માટે, તિરસ્કારમાં કે ઉપશિષ્ટ પ્રયોગમાં 'ડેબું' શબ્દ વપરાય છે. જોડણીકોશે 'કમરથી નીચેનો પીઠનો ભાગ' એવો અર્થ આપ્યો છે તેનો આધાર મારી જાણમાં નથી.

કોશમાં 'ડીબું' શબ્દ ગાંઠના અર્થમાં, અને 'ડીબો' એવા પણ રૂપે ઢૂમાના અર્થમાં નોંધાયો છે.

સંસ્કૃતમાં માત્ર પાછળના સમયમાં જ 'ડિંબ' શબ્દ 'કાચો ગર્ભ', 'ગોળો' એવા અર્થમાં કોશોમાં નોંધાયો છે. જૂની ગુજરાતીમાં પંદરમી શતાબ્દીમાં રચાએલા 'પૃથ્વીચંદ્રચરિત્ર'માં તોફાનમાં સપડાએલા વહાણના યાત્રીઓનું વર્ણન કરતાં કહ્યું છે, 'બીહતાં લોકરહઈ ડાંબા ચડઈ' એટલે કે ડરતા લોકોને પેટમાં ડાંબાં ચડે છે—ગોળા ચડે છે. આ 'ડિંબ' ઉપરથી એક તરફ ગોળો, ઢૂમો કે ગાંઠના અર્થમાં 'ડીબું', તો બીજી તરફ ઊપસેલા પેટના અર્થમાં 'ડેબું' શબ્દ બન્યા છે. દરદ સમૂહની ખોવાર ભાષામાં 'ડિમ' અને કાશ્મીરીમાં 'ડિબુરુ' શબ્દ પેટના અર્થમાં છે.

નિયમ પ્રમાણે તો 'ડિંબ' ઉપરથી 'ડીંબું' એવું રૂપ મળવું જોઈએ. જેમ 'નિમ્બૂક' ઉપરથી 'લીંબું'. પણ અનિયમિતરીતે અનુનાસિકતા લુપ્ત થઈ છે, અને 'ડીબું' કે 'ડેબું' એવાં રૂપ મળ્યાં છે.

આવું જ બીજા એક શબ્દમાં પણ બન્યું છે. સંસ્કૃત 'બિંબ' ઉપરથી નિયમ પ્રમાણે થવું જોઇએ 'બીંબું', પણ ખરેખર મળ્યું છે 'બીબું'. આથી બકારની પહેલાં અનુનાસિકતા ઉચ્ચારણમાંથી નષ્ટ થવાનું વલણ કળાય છે. અહીં ગુજરાતી 'ટાંબો' અને હિંદી 'ટીબા' પણ સરખાવી શકાય.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

થોડા નવા કાવ્યસંગ્રહો

ભીષ્મ : એ પૌરાણિક પાત્રને કેન્દ્રમાં રાખી એના ત્યાગને નિરૂપતું પ્રા. ગોવિન્દભાઈ પટેલનું આ ત્રિઅંકી પદ્યનાટક, ભીષ્મના સંવાદપ્રેમે ને સૌન્દર્યભક્તિએ એમને ત્યાગ તરફ વાળ્યા છે એ નવા દૃષ્ટિકોણને કેન્દ્રમાં રાખી રચાયું છે. પ્રથમ અંકમાં શાંતનુ અને સત્યવતીનું મિલન અને આકર્ષણ તેમજ ધીવરનો વ્યાવહારિક હસ્તક્ષેપ નિરૂપાયો છે, બીજા અંકમાં શાંતનુની સંઘર્ષાત્મક મનઃસ્થિતિ તથા ભીષ્મનો ઉકેલ નિરૂપાયો છે, ને ત્રીજા અંકમાં સત્યવતી અને ધીવર સાથેનું મિલન અને પિતા માટે બધું ઉપર્યુક્ત દૃષ્ટિથી, ત્યાગી સત્યવતીનું માગું તેમજ એના સ્વીકારને નિરૂપતી કથા આવે છે. વાર્તાનો તંતુ સુગ્રથિત હોવા છતાં આરંભમાં કાવ્યત્વની અપેક્ષા જાગે છે તે અંત સુધી ફળતી જતી નથી. સંવાદો સુદીર્ઘ અને કાવ્યાભાસી લાગે છે. શાંતનુ અને સત્યવતીની સંવાદભાષા લગભગ એક જ સ્તરની લાગ્યા કરે છે એટલે પાત્રભેદ કે પાત્રવિકાસ જળવાતો નથી. ભીષ્મના પાત્રને પણ અપાવો જોઈએ તેટલો વળ નથી અપાયો. 'આતિથ્યનાં મૂલ્ય ન હોય અર્થમાં' કે 'વે'વાર કેરુ બીજું નામ સાટું...' જેવી સારી અર્થાન્તરન્યાસી સૂત્રાત્મક પંક્તિઓ તેમજ પ્રથમ અંકમાં આવતાં વર્ણનો નોંધપાત્ર છે. અલંકારોનો અલ્પ પણ સમુચિત ઉપયોગ થયો છે તે કાવ્યવિવેક આનંદદાયક છે. ભવિષ્યના આવા અન્ય પ્રયોગોમાં વધારે સારી કૃતિઓની આ પદ્યનાટક અપેક્ષા જન્માવી જાય છે. (પ્ર૦ પોતે જ, ખાલસા કૉલેજ, મુંબઈ-૧૯. રૂ. ૨ા).

કંઠ ચાતકનો : જાણીતા કવિ મુકુન્દરાય પારાશર્યનો આ કાવ્યસંગ્રહ ઉત્કંઠ ભક્તહૃદયનો સહજોદ્ગાર છે. આ કેવળ વાગ્વિલાસની કવિતા નથી પરંતુ સાચા ધબકારા ઝીલતી કવિવાણી છે, જેમાં ઉરેઉર હૈયાનાં આરત અને આનંદ અભિવ્યક્ત થયાં છે. ઈશ્વરનો નેહ સચરાચરમાં નીતરી રહ્યો છે એમાં ભક્તનું ચાતકકંઠેયું તૃષા છીપાવે છે :

> 'સચરાચરમાંહે નીતરતા નેહમાં
> ચાતકની ચાંચ છલકાણી.'

કવિનો અદ્વૈતભાવ આ કૃતિમાં અનેક વાર જોવા મળે છે એટલું જ નહિ પણ એ કાવ્યાત્મક અભિવ્યક્તિ પણ પામ્યો છે. કલ્પનાવૈભવ કરતાં ભાવ સઘનતા આ કૃતિઓનું આકર્ષક લક્ષણ છે. એમની ૧૪મી કવિતામાં આવતી પંક્તિ 'છે અનુભવવાનો ઉદ્ગાર' એમના આ કાવ્યસંગ્રહને લાગુ પડે છે. સંસારની અસારતા અને પ્રભુમહિમાનું ગાન ગાતી આ કવિતા એની ભાવસચ્ચાઇને લઇને સ્પર્શી જાય તેવી છે. અને માટે જ કવિએ કાવ્યત્વ કરતાં પ્રભુકૃપાના ગાનને જ લક્ષમાં રાખ્યું છે ને! (પ્રકાશક : શ્રેયાર્થ સિદ્ધિ ટ્રસ્ટ, ૧૨૧૪, ચંપાકુંજ, કૃષ્ણનગર, ભાવનગર; રૂ. ૨)

ગાંધીગૌરવ : 'પૃથ્વી મહાન કવિતા પરમાત્મ કેરી' જેવી સરસ પંક્તિથી ઊઘડતું 'ગાંધીગૌરવ' યોગેશ્વરજીનો મહાત્માજીને એમની જન્મશતાબ્દી ટાણે કાવ્યાંજલિ અર્પવાનો સુભગ અને સન્નિષ્ઠ પ્રયાસ છે. મહાત્માજીનું જીવન જે એક મહાકાવ્ય જેવું છે. એમાંથી માનવજીવનને પ્રેરક પ્રસંગો સવિવેક સુગ્રથિત રીતે સૉનેટ, ગીતલય અને પરંપરિત છંદમાં સરળ પ્રવાહી અને પ્રાસાદિક પદ્યમાં મૂકવાનો આ પ્રશસ્ય પ્રયત્ન છે. છંદ ને બાની પર કવિનો કાબૂ નોંધપાત્ર છે. કાવ્યત્વની ઉચ્ચ અપેક્ષા બાજુ પર રાખીએ તો પણ આ કૃતિનું મૂલ્ય, આજે જ્યારે નીતિનિયમોનો હ્રાસ થતો અનુભવાય છે એ કાળે, ઓછું નથી. જોકે દરેક પ્રસંગનું પદ્ય એકધારી કક્ષા જાળવી શક્યું નથી છતાં એકંદરે કવિકલ્પનાના સ્પર્શથી ઘણીખરી રચનાઓ આસ્વાદ્ય બની શકી છે. (પ્ર૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪; રૂ. ૧૦)

મીનાકારી : છેલ્લાં કેટલાંક વર્ષથી પોતાની રચનાઓ જૂનાં-નવાં સામયિકોમાં પ્રગટ કરતા રહેલા 'ઝાહિદ' શિનોરવાલાના આ પ્રથમ કાવ્યસંગ્રહમાંની નઝમો, ગઝલો, મુક્તકો ને કવિતા પૈકી ગઝલો અને કવિતામાં એમની શક્તિ અને શક્યતા ઠીક બહાર આવી છે વિષયનું વૈવિધ્ય અને ક્યાંક ક્યાંક કલ્પનાઓ આ રચનાઓને આસ્વાદ્ય બનાવે છે.

> 'તમોને જ હું શોધું જન્મોજનમ આ;
> હવે કેટલા લઉં જનમ હું જગતમાં?
> હવે હાથ આવો, અગર તો ન આવો,
> હવે તો અમારા જનમ થઈ રહ્યા છે!'

નિરર્થક લંબાણ, કલ્પનાચિત્રોની પુનરુક્તિ અને બાનીની અસફાઈથી ઊગરવા જેવું ખરું. ઊર્મિની વર્ષાનાં પદ્યની છીપમાં ઝિલાએલાં બિંદુઓમાંથી જે થોડાંઘણાં કાવ્યમૌક્તિક બની શક્યાં છે તે ભાવકને જરૂર રુચશે. (પ્રકાશક : કમલેશ પુસ્તક ભંડાર, રાયખડ, અમદાવાદ-૧; રૂા. ૪-૨૫)

નિનાદ : બેતાલીસની આઝાદીની લડતમાં ઘૂમનાર, ખેડા જિલ્લાના પણ હાલ પાકિસ્તાન નિવાસી ગુજરાતી કવિ મહંમદ બેગનાં ૮૬ ગદ્યકાવ્યો લઈને આવતા આ સંગ્રહમાં વિષય તરીકે માનવશ્રદ્ધા મુખ્ય છે. આજના સંઘર્ષો કવિની સંવેદનપટુતાને જે તીવ્રતાથી સ્પર્શી ગયા છે એનાં ઉત્કટ સ્પંદનોને એમણે નિર્બંધ વાણીમાં અભિવ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. અરબી-ફારસી શબ્દોની છૂટવાળી ભાષા પર કવિનો ઠીક કાબૂ છે. એક-બે કાવ્યાત્મક વિચારો આસ્વાદીએ : 'કૃષ્ણસારની છલાંગ ભરીને આ કાલિમા ત્યજવા મથતું જીવન નિશદિન કો'ક પારધીથી ઘવાય છે.' (પૃ. ૧), 'ઊર્વશી પાછળ ભટકતા પુરુરવા સમી ઝંખના મારા દિલમાં પ્રગટાવી દે.' મુખ્યત્વે આ બધી રચનાઓ ટૂંકી છે એટલે પાંખી પડતી નથી અને તેથી ગદ્યાળુતામાંથી ઊગરી શકી છે. આશા,

શ્રદ્ધા, પ્રેમ ને ભક્તિના મહિમાની આ કૃતિઓ કવિની ભાવસચ્ચાઈ દાખવી રહે છે. થોડીક હિંદી કૃતિઓ પણ આમાં આમેજ કરાઈ છે. એકંદરે આ સંગ્રહની રચનાઓ કવિની કવિત્વ-શક્તિ કરતાં ભાવોત્કટતાનો વધુ સારો પરિચય કરાવી જાય છે: (પ્ર૦ કિતાબઘર લિમિ૦ ૪/૧૬, અલ યુસુફ ચેમ્બર્સ, ફ્રિયર રોડ, કરાચી; રૂ. ૫)

ઑરબીટ: મધુ કોઠારીનો આ પ્રથમ કાવ્યસંગ્રહ કાવ્યસિદ્ધિ કરતાં પ્રયોગશીલતા તરફ વધુ વલણ ધરાવે છે. નાનીમોટી થોડીક રચનાઓમાં આકાર અને અભિવ્યક્તિના વૈવિધ્ય સિવાય કોઈ કવિતા ખાસ સિદ્ધ થઈ શકી નથી. કાવ્યત્વના ઑરબીટની બહાર ઘૂમતા આ કાવ્યગ્રહો છે! ક્યાંક ક્યાંક કાવ્યત્વનો સ્પર્શ પામેલી પંક્તિઓ આસ્વાદ્ય બની શકી છે એટલું આશ્વાસન! જેમ કે, 'ચૉકલેટ જેવા બાળપણનું રંગીન રૅપર/કોણ ક્યારે/ગયું ઉકેલી?'('બાળપણ'); 'રેગ્ઝીનના કાપડના તારા/સુક્કા ચહેરા/પાછળ / પંખીના શબ્દની કુમાશ.'('શવજી, તું').

મુખ્યત્વે ઉપમાઓના અરણ્યમાં અટવાતી અસ્પષ્ટ અભિવ્યક્તિની જ આ રચનાઓ પૈકી 'બાળપણ', 'વિનંતી', 'શવજી, તું' અને 'મૅટાબૉલીઝમ' જેવી રચનાઓ કંઈક સારી છે. કેવળ નાવીન્ય ખાતર નાવીન્ય કાવ્યની રસાનુભૂતિમાં અંતરાય સિવાય કશું જ સિદ્ધ કરી શકતું નથી અને સમગ્ર રચનાઓ જોતાં વર્ણસંકર બાનીની પ્રતીતિ આપોઆપ થઈ જાય છે. આમ 'ઑરબીટ' પ્રયોગલક્ષી પદ્યનો સંગ્રહ બની રહે છે. આશા રાખીએ કે કવિ કાવ્યસિદ્ધિનો પ્રયોગ કરી બતાવે. (પ્ર૦ પોતે, શક્તિનિવાસ, ૧૭, ભક્તિનગર, સ્ટેશન પ્લૉટ, રાજકોટ-૨; રૂ. ૩)

આવેગ: કવિ આશિત હૈદરાબાદીની કેટલીક લાંબી અને કેટલીક છૂટક એવી લગભગ ૩૯ ગઝલોનો આ સંગ્રહ નામ પ્રમાણે કવિચિત્તનો આવેગ રજૂ કરી જાય છે. લાંબી રચનાઓ કરતાં છૂટક શેરો વધારે ચોટદાર બન્યા છે:

'એવાં નસીબ ક્યાં છે સપનું ય સુખનું આવે,
આંખો હજુ મળી ત્યાં પાછી સવાર આવી.'

લાંબી ગઝલોમાં પણ આવા છૂટક છૂટક સારા શેરો મળી આવે છે, પરંતુ આખી ય રચના અંતપર્યંત થઈ હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે. કવિની બાનીમાં અને ગઝલના સ્થાપત્યમાં કચાશ જણાયા વગર રહેતી નથી. અભિવ્યક્તિ વધુ સૂક્ષ્મ અને કાવ્યમય બને તો આ કવિ પાસેથી વધારે સારી ગઝલોની આશા રાખી શકાય. (પ્ર. ચંદ્રિકા કોટક, ૩૩ પ્રહલાદ પ્લૉટ, યશવંત વિલા, રાજકોટ; રૂ. ૧-૫૦)

માનસી: બાબુરાવ જોશીનો આ સંગ્રહ મુખ્યત્વે ગૂઢાનુભૂતિનું ગાન છે. જીવનનું મિથ્યાત્વ, વિરતિ, અદ્વૈત વગેરે ભાવો અહીં સુપેરે વ્યક્ત થયા છે. આમ છતાંય આ ભાવાભિવ્યક્તિ કવિતાની કક્ષા સુધી પહોંચી શકી નથી. છંદોલય પર કવિનો કાબૂ સારો છે, પણ બાની એકધારી રહી શકી નથી અને કાવ્યમાં બોધાત્મકતા પ્રગટપણે આવી ગઈ હોવાથી કાવ્યાસ્વાદ મળી શકતો નથી. ખાસ નવી કલ્પનાઓ કે અલંકારોની ખેવના કર્યા વગર કવિએ અનુભૂતિના સીધાસાદા વક્તવ્ય પર જ ભાર મૂક્યો છે તેને પરિણામે કૃતિ નિબંધાત્મક બની રહે છે. (પ્ર. અરુણકુમાર જોશી, ઊંડી શેરી, પંડ્યા પોળ, કવિકુટિર, આણંદ; રૂ. ત્રણ)

નંદનવન: સ્વ. નંદનબાળા અંધારિયાની ગઝલોનો પ્રા. મહેશ એમ. ત્રિવેદી સંપાદિત આ સંગ્રહ કવયિત્રીના નિર્ભેળ ઊર્મિઆવેગને વ્યક્ત કરી જાય છે. પીડિત પ્રજા પ્રત્યેની એમની હમદર્દી જોસ્સાભરી વાણીમાં વહી છે. કેટલીક તો શુદ્ધ પ્રચારિયા ગઝલો જ બની ગઈ છે. ભાવની ઉત્કટતા હોવા છતાં ય અભિવ્યક્તિ અને બાનીની અસફાઈને કારણે ઘણીખરી ગઝલો ઊંચા સ્તરની બની શકી નથી. (પ્ર૦ શ્રી જાગૃતિ યુવક મંડળ, જસદણ; રૂ. ૧-૨૫)

લજ્જા: મલિક મોહમદની આ ગઝલના સ્વરૂપમાં લખાએલી નવલિકા છે. ભગ્ન પ્રણયીના પાગલપણાથી ઝણઝણી ઊઠેલા લેખકના સંવેદન તંત્રમાંથી આ કૃતિનું સર્જન થયું છે. ભાવ સાચો અને ઉત્કટ છે, પણ આ કૃતિ, નથી બની શકી કવિતા કે નથી બની શકી નવલિકા. ભાષા અને ગઝલના બંધારણમાં પણ ઘણી કચાશ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. બી. બી. યોધ

જન્મ: અમદાવાદમાં, તા. ૧૫-૧૨-૧૮૯૮. છતાં આજે પણ યુવાનો જેવું શારીરિક સ્વાસ્થ્ય ધરાવતા તેઓ ડૉક્ટર તરીકે પ્રથમ કક્ષાના એક અગ્રગણ્ય વિદ્વાન ગણાય છે અને દેશ બહાર પરદેશો સુધી એમની ખ્યાતિ વિસ્તરેલી છે. 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં અવારનવાર લખતા રહે છે. તદ્દન નિરભિમાની હોઈ પોતાને વિષે ભાગ્યે જ કશું કહે છે. અનેક સંસ્થાઓને એમણે અનેક રીતે સહાય કરી છે.

૧ આપ જ્ઞાન અને વિજ્ઞાન બંનેમાં પારંગત છો. આ બંનેમાં કોનું મહત્ત્વ વધારે?

■ જીવનમાં એ બંનેની પ્રમાણસર આવશ્યકતા છે. બંનેનાં અધ્યયન અને પ્રગતિ સાથે જ હોઈ શકે. એકથી બીજું ચડિયાતું થવા જાય તો બંનેની શક્તિ રૂંધાય.

૨ ધારો કે આપ કુમાર છો, તો આપની જીવનરચના કયા પ્રકારની કરો?

■ કુમાર હો કે વૃદ્ધ, વયના બંધનની પરવા કર્યા વિના પ્રત્યેક માણસે આંતરપ્રેરણા પ્રમાણે જ જીવવું જોઈએ. પહેલેથી રચના કરવી અને પછી એને 'ગમે તે રીતે' પાર પાડવી એના જેવું ખોટું બીજું કંઈ નથી.

૩ જીવન-ઘડતરમાં વ્યક્તિગત ફાળો વિશેષ ભાગ ભજવે છે કે કેવળ પુરુષાર્થ?

■ જીવનઘડતરમાં અનેક બાબતો સહાયક બની રહે, જેમાં કેટલીક વ્યક્તિઓનો ફાળો વધારે હોય છે. પોતાના પુરુષાર્થથી જ જીવન ઘડાયું છે એમ કહેવું એ તો અહંકાર કહેવાય.

૪ જીવનનો ખરો આનંદ શામાં છે?


■ જીવન જીવવામાં—જીવી જાણવામાં જ જીવનનો ખરો આનંદ છે.

૫ ડૉક્ટરી અનુભવ પ્રમાણે કહેશો કે લાંબા આયુષ્યનો આધાર શાના પર છે?

■ આયુષ્યના લાંબાટૂંકાપણાનો આધાર પૂર્વજોના આયુષ્ય પર સૌથી વધારે છે. અને બીજો આધાર દર્દો સામેની શરીરની પ્રતિકારશક્તિ પર પણ છે.

૬ રોગ અને માનસિક અવસ્થા વચ્ચે કેટલો સંબંધ?

■ બંને વચ્ચે ગાઢ સંબંધ છે. કેટલાક રોગોમાં માનસિક અવસ્થા વધારે પ્રમાણમાં ભાગ ભજવે છે અને ત્યારે તેની પણ સારવાર કરવી પડે છે.



લેવા મળે છે ને લાગણી નહિ પણ લાગણીવેડા જ આ ગઝલ નવલિકામાં કૃત્રિમતા સર્જે છે. સંયમિત રીતે લાઘવયુક્ત નિરૂપણ થયું હોત તો ઠીક કહી શકાય તેવી એક પદ્યવાર્તા રચાઈ હોત. જોડણીદોષ પણ છપાતાં પહેલાં સુધારી લેવા જોઈતા હતા. (પ્ર૦ એમ. એમ. ડેરી ફાર્મ, રૂવાપરી રોડ, ભાવનગર; રૂ. ૨-૫૦)

સત કેરી વાણી: આપણે ત્યાં અનેક ભજનો કંઠોપકંઠ જીવતાં રહ્યાં છે તો અનેક કાળના પ્રવાહમાં વિલુપ્ત પણ થયાં હશે. આવાં ભજનોનું સંપાદન એમને ચિરાયુ બક્ષવામાં ઘણું મહત્ત્વનું બની રહે છે. એ દૃષ્ટિએ શ્રી મકરન્દ દવેનું આ સંપાદન આવકાર્ય અને આનંદપ્રદ છે. શબ્દ દ્વારા શબ્દાતીતની પ્રતીતિથી દિવ્ય રસાનંદનો આસ્વાદ કરાવતી, ભક્ત કવિઓના અનુભૂતિકરણની ભાવોદ્રેકભરી તાત્ત્વિક વાણીની આ સહજ સરલ કવિતા છે. સંસારની અસારતા, જીવનની નશ્વરતા, અને એથી જ એ પરમાત્મામાં આત્માને રમમાણ રાખવાની વાત આ સંત કવિઓએ અહીં અનેક ભજનોમાં ગાઈ છે. જ્ઞાન, ભક્તિ કે કર્મ એમાંથી કોઈ પણ માર્ગે આ ઉપલબ્ધિ થઈ શકે છે એનું પણ અહીં ગાન છે. તો એ ઉપલબ્ધિ પછીની આનંદમય સ્થિતિનું ય એમણે ઉત્સાહપૂર્ણ અનુભવવાણીમાં ગાન ગાયું છે. આ ઉપરાંત શ્રી મકરન્દ દવેએ આ પુસ્તકમાં મૂકેલો ૭૩ પૃષ્ઠનો 'તરવેણીને તીરે' નામક લેખ પણ એટલો જ મહત્ત્વનો છે. ભક્તિની વિકાસરેખાનો એમણે અહીં લાઘવથી સમ્યક ખયાલ આપ્યો છે. ભજનનું મૂળ ઋગ્વેદમાંથી બતાવીને ભક્તિનો વિકાસ આલેખતો એમણે ૧) મહામાર્ગ ૨) નાથયોગ અને ૩) સગુણ-નિર્ગુણ સંતપરંપરા એમ ત્રણ પ્રવાહોનો ટૂંક પરિચય કરાવ્યો છે. આપણા ભજન સાહિત્યના લેખોમાં આ લેખ એક સારો ઉમેરો કરી જાય છે. એમાં સંપાદકનાં મેધા અને વિવેક સારી રીતે પ્રકટ થયાં છે. (પ્ર૦ વોરા ઍન્ડ કંપની, કાલબાદેવી રોડ, મુંબાઈ ૨; રૂ. ૧૨)

હરિજન લોકકવિઓ સંપાદનો બે પ્રકારનાં હોય છે: પ્રગટ કૃતિઓમાંથી પસંદ કરાયેલી કૃતિઓનું અને અપ્રકટ કૃતિઓનું. બીજા પ્રકારના સંપાદનનું મૂલ્ય સંશોધનની દૃષ્ટિએ મહત્ત્વનું છે. એ પ્રકારના શ્રી દલપત શ્રીમાળીના આ સંપાદનમાં અપ્રકટ ભજનિકો ને લોકકવિઓના કંઠમાં જ માત્ર ગુંજી રહેલાં ભજનોને અ-ક્ષરદેહ અપાયો છે. અત્યાર સુધી સમાજમાં ઉપેક્ષિત રહેલા હરિજન વર્ગમાં પણ કેવી હૈયાઉકલતના ભક્તકવિઓ થઈ ગયા છે એનો આ સંપાદનથી ખયાલ આવે છે. સરસ્વતીએ ક્યારે ય કોઈને અછૂત ગણ્યા નથી, એની કૃપા તો ગમે તેવા અધિકારી પર ઊતર્યા વગર

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૧૬]

કરાવનાર · જલન માતરી



સ્વ. નઝીર ભાતરી

સાથ ક્યા છોડા કે જબ સારે બુરે દિન કટ ગએ,
ઝિંદગી તૂને કહાઁ જા કર દિયા ધોકા મુઝે!

ઉર્દૂના કવિ સ્વ. 'નાતિક'નો ઉપરનો શે'ર સ્વ. નઝીર ભાતરીની જિંદગીને બંધબેસતો છે. સ્વ. નઝીર ગુજરાતી ગઝલ સાહિત્યમાં વીજળીની માફક આવ્યો અને ગયો.

જિંદગીની અનેક યાતનાઓમાંથી પસાર થતાં જ્યારે એને રીઝર્વ બૅંકની નોકરી મળી અને નિરાંતનો શ્વાસ ખાવા જાય છે ત્યાં જ કૅન્સરના રોગે એને ઘેરી લીધો અને ૨૫ વર્ષની યુવાન વયે ગુજરાતી ગઝલ સાહિત્યમાંથી એક આશાસ્પદ કવિએ ૭૦ જેટલી ગઝલોનું સર્જન કરીને વિદાય લીધી.

જન્મ ઈ. ૧૯૩૦ના એપ્રિલમાં સૂરતમાં. મુંબાઇની ભરડા હાઇસ્કૂલમાં મૅટ્રિક સુધીના અભ્યાસ બાદ પત્રકારત્વની શરૂઆત કરીને અનેક લીલીસૂકીને અંતે રીઝર્વ બૅંકના રીસર્ચ ઍન્ડ સ્ટૅટિસ્ટિક ખાતામાં જોડાએલા. અંગ્રેજી ભાષા ઉપર અચ્છો કાબૂ ધરાવતા એ યુવાને ચાર્લ્સ ડિકન્સ, ઑસ્કર વાઈલ્ડ, સમરસેટ મૉમ વગેરે એની તરુણાઈમાં જ વાંચી નાખેલા. કંઠ પણ સુંદર હતો અને પિકનિકો ઉપર ખાસ આકર્ષણ બની રહેતા. પ્રેમાળ સ્વભાવ અને મીઠી સમજદારીભરી વાણીને લીધે ઘણા મિત્રોના પ્યારા હતા.

બાળકને એક-બેની રજૂઆત ન ગમે તો એને પોતાના દુઃખના પ્રસંગો ગણાવવાની ભલામણ કરતા, સત્ય પણ પ્રચારમાં ગુમ થઈ જાય છે એ માટે ઇશ્વરનો દાખલો આપી ગએલા આ સ્વર્ગસ્થ શાયરના શે'રોને વાંચીને એની યાદને તાજી કરીએ:

એક ઈશ્વરનો દાખલો લઈ લો,
સત્ય થઈ જાય છે પ્રચારમાં ગુમ.

જો મારા માટે હોય તો કહેવાય એ ઘમંડ,
જે માન વ્યક્ત કરતો રહું છુ બધા તરફ.

પોતાના જ્ઞાન માટે નજુમીને શક ગયો;
આકાશ પરના ખુદના સિતારાને જોઇને.
જીરવી શક્યો નહીં શું હરીફાઈ આફતાબ?
ડૂબી ગયો નીકળતા સિતારાને જોઇને!
છે રોશનીમાં કંઈક અદેખાઇનો યે અંશ,
બળતા રહ્યા સિતારા સિતારાને જોઇને.

'ના' નો જવાબ હોત ખુલાસો ન માગતે,
કિંતુ જવાબ 'હા' નો છે સમજાવવા સમો.

આંસુ ભરેલી કોઇને જોવા મળી નહીં,
આ મારી આંખ કંઈકને તરસાવતી રહી.

મારી ઢળેલી આંખ એ મારી શરમ નથી;
મારી મહાનતાને નમન હોવું જોઇએ.

જેને નઝીર પોતે મનાવી શકે નહીં,
એ તો ફક્ત નઝીરનું મન હોવું જોઇએ.

બિચારી પ્રકૃતિ પાસે રહી ન મૌલિકતા,
વસંતમાં ય તમારી સુવાસ લાગે છે.

ફરેબ દઈશ કદી ઝાંઝવાંના જળને નઝીર,
કરીશ એવો હું દેખાવ પ્યાસ લાગે છે.

શું રોશનીને હતો રોશનીથી આ સંબંધ,
તમે ન આવ્યા, જીવનદીપ પણ બુઝાઈ ગયો.

નજીક આવ્યા વિના શું માપશો
મારી પ્રતિભાને?
ચમક દરિયાના મોતીમાં છે
દરિયામાં નથી હોતી!

તારી ઇચ્છા છે કે તુજ પર ન કંઈ બોજ રહે,
ત્યારે મારે શું ભરોસો ય ઉઠાવી લેવો?

બાળકને એક-બેની રજૂઆત ના ગમે,
તો એને મારા દુઃખના પ્રસંગો ગણાવજો.

મૃત્યુ પછીની વાટ વિકટ ના બનાવજો,
મારા સ્મરણમાં કોઈ ન આંસુ વહાવજો.

રહેતી નથી, એની આ સંપાદન પ્રતીતિ છે. લગભગ ૧૬ જેટલા કવિઓના આ સંગ્રહના આરંભમાં સંપાદકે થોડો પરિચય આપ્યો છે એ પણ સાથે છે. આમાં નાકરના 'આરજા' મોટો ભાગ રોકે છે. પરિશિષ્ટમાં રજૂ થએલાં

(અનુસંધાન પૃષ્ઠ ૮૪)

ટપાલટિકિટની કથા—૨

ટપાલટિકિટની અંગ્રેજીમાં હૅમિલ્ટનના જેવા પ્રયોગ કેટલાંક અમેરિકન રાજ્યોમાં પણ થએલા.

ઈ. ૧૮૬૧માં અમેરિકાનાં સંયુક્ત રાજ્યો વચ્ચે આંતર વિગ્રહ ફાટી નીકળ્યો ત્યારે દક્ષિણનાં રાજ્યોમાં ટપાલટિકિટોની ખેંચ પડી અને કેટલાંક રાજ્યોએ તો ઉત્તરની કેન્દ્ર સરકારની ટિકિટો મંગાવવી જ બંધ કરી એટલે દક્ષિણ સંઘે પોતાની ટિકિટો છાપી તે દરમિયાન ઘણા પોસ્ટમાસ્તરોએ અવનવા નુસખા અજમાવ્યા એમની એ ટિકિટો અણઘડ હતી ને કેટલીકમાં તો અક્ષરો પણ ઊંધા છપાયા હતા. એ ટિકિટોમાંથી આજે માત્ર એક જ ટિકિટ બચી છે. અલાબામા રાજ્યના ગ્રૂવ હિલના પોસ્ટમાસ્તરે એ છપાવી હતી. લાકડાના બીબાંની એની છાપ પહેલી નજરે તો રદ્દીકરણની છાપ જેવી લાગે છે (જુઓ ચિત્રો), પણ પાંચ સેન્ટની એ ટિકિટના થોડા સમય પહેલાં ૪૪૦૦૦ રૂપિયા ઊપજ્યા હતા. નીચે ડાબી બાજુ એ ટિકિટ આપી છે. જમણી બાજુ: મોરીશ્યસન 'પોસ્ટઑફિસ' ટિકિટ છે.





મોરિશ્યસની 'પૉસ્ટઑફિસ ટિકિટ' પણ સંગ્રાહકોમાં બહુ માનીતી છે. ઈ. ૧૮૪૬માં બ્રિટનને પગલેપગલે મોરિશ્યસના ગવર્નરે પણ ટપાલટિકિટો બહાર પાડી. આ કામ જે. બર્નાર્ડ નામના એક સ્થાનિક ઝવેરીને સોંપાયું. બર્નાર્ડે ૧૮૪૭ના મેમાં ત્રાંબાનું એક બીબું તૈયાર કર્યું. એક પેની અને બે પેનીની, એમ બંને ટિકિટો માટે વાપરી શકાય એવું એ હતું, પણ એના વડે એકએક ટિકિટ જ છાપી શકાતી. આમ કુલ એક હજાર ટિકિટો છપાઈ અને ૧૮૪૭ની ૨૧મી સપ્ટેમ્બરે એ બહાર પડી. એમાંથી ઘણીખરી તો ગવર્નરની પત્નીએ પોતાને ત્યાંની પાર્ટીનાં નિમંત્રણો માટે વાપરી અને બાકીની પણ થોડા દિવસોમાં વેચાઈ ગઈ. આજે તેમાંથી માત્ર એક પેનીની ચૌદ અને ૨ પેનીની બાર ટિકિટો બચી છે, જે દરેકની કિંમત સહેજે લાખેક રૂપિયા અંકાય છે.

થોડાં વર્ષ પહેલાં બર્નાર્ડનું મૂળ બીબું મળી આવતાં મોરિશ્યસની સરકારે રસને ખાતર એની નવી આવૃત્તિ છાપેલી તે પણ એના ઐતિહાસિક મૂલ્યને કારણે સંગ્રાહકો સંઘરે છે.

—યશવંત મહેતા



અમીઝરણાં

બળતાં બળતાં ધૂપસળી સમ ચોગમ ગંધ પ્રસરીએ,
જલતાં જલતાં દીપક પેઠે દીપ જલાવી મરીએ;
હસતાં હસતાં દધીચિસમ પરહિતમાં હાડ ખપાવીએ,
ચડતાં ચડતાં શૂળી પર, પર-પાપો ઈસુ સમ હરીએ.
(સ્વ. પ્ર.) ત્યારે મર્યા છતાં ના મરીએ.

મહાવ્યક્તિ મુનશી

ભારતના પુનરુત્થાનના આ યુગમાં રાજા રામમોહનરાયથી માંડીને આજ સુધીમાં ભારતની અસ્મિતા અને સાંસ્કૃતિક ગૌરવના ઉદ્‌ગાતા, પ્રેરક અને સમર્થક મહામાનવોની જે રત્નમાળા પ્રકટ થઈ છે તેમાં ગુજરાતમાં મહર્ષિ દયાનંદ અને મહાત્મા ગાંધી પછી મહાવ્યક્તિ મુનશીનું સ્થાન સહજભાવે સ્થાપી શકાય. સાહિત્યથી શરૂ કરીને સંસ્કાર, શિક્ષણ, કલા, ધર્મ, ફિલસૂફી, પ્રશાસન, રાજકારણ, સમાજકારણ એવા એકેએક ક્ષેત્રે યશસ્વી અર્પણ કરનાર મેધાવિન્ કનૈયાલાલ માણેકલાલ મુનશીના ગઈ તા. ૮મી ફેબ્રુઆરીએ, ૮૫મા વર્ષપ્રવેશે થએલા નિધનથી ગુજરાતે તેમજ ભારતે એક સ્વપ્નદ્રષ્ટા, સંપન્ન અને સમર્થ મહાપુરુષ ગુમાવ્યો છે.

ગુજરાતી સાહિત્યના સમર્થ ગદ્યસ્વામી અને કલ્પનાશીલ રંગદર્શી સાહિત્યશિલ્પી તરીકે વાર્તા, નવલકથા, નાટક આદિ ક્ષેત્રે એમનું અર્પણ એટલું ઉજ્જ્વલ અને વ્યાપક છે કે અંગ્રેજી-ગુજરાતી મળીને એમની ૬૦ ઉપરાંત કૃતિઓમાં સાહિત્યના એવા કોઈક જ પ્રદેશ હશે જે એમણે ખેડયો ન હોય. ગોવર્ધનરામ પછી નવલકથાના ક્ષેત્રે એ યુગપ્રવર્તક રહ્યા. 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' ને 'રાજાધિરાજ'ની કાદમ્બરી-ત્રિપુટી દ્વારા એમણે આ યુગની પ્રજામાં ગુજરાતની ગૌરવજ્યોત પુનઃ પ્રજ્વલિત કરી. ગુજરાતી સાહિત્યનો દળદાર ઇતિહાસગ્રંથ એમણે જ સૌપ્રથમ આપ્યો. 'ગુજરાતીના' શબ્દ એમણે નવો પ્રકટાવ્યો ને પ્રચાર્યો.

પણ ગુજરાતની અસ્મિતા પ્રકટાવનાર એ ગુજરાતની મઢૂલીમાં પુરાઈ ન રહેતાં ભારતીયતાનો મહેલ ચણવામાં પોતાનો હાથ દઈ રહ્યા, અને અખંડ ભારતનું સ્વપ્ન જોતાં જોતાં એ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિના પુનર્જાગરણના જ્યોતિર્ધર બની રહ્યા. વિદ્યાર્થીકાળમાં શ્રી અરવિંદના પ્રેરણાત્મક પ્રભાવ નીચે આવેલા શ્રી મુનશી ધુરંધર ધારાશાસ્ત્રી તરીકેની ટોચે ચડતાં ચડતાં ટિળક, બેસન્ટ, ગાંધીજી અને સરદાર પટેલના નિકટ સહયોગમાં જુદે જુદે તબક્કે કામ કરતા, ભારતના મુક્તિસંગ્રામના ઉત્સાહી લડવૈયા, કાયદક્ષ રાજપુરુષ બની રહ્યા અને મુંબાઈ ઈલાકાના ગૃહપ્રધાન તરીકેની, ભારતના કૃષિપ્રધાન તરીકેની તેમજ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકેની એમની સિદ્ધિઓ વિરલ હિંમત અને નિર્ણાયક શક્તિથી લક્ષણાંકિત થએલી છે.

પણ અનન્ય લેખી શકાય એવી એમની સાધના અને સિદ્ધિ તો સંસ્કૃતિના ક્ષેત્રે છે. શાશ્વત આધ્યાત્મિક મૂલ્યો પર આધારિત આ દેશની પ્રાચીન સંસ્કૃતિને તેના શુદ્ધ સ્વરૂપે પુનરુજ્જીવિત કરવાના ભગીરથ પ્રયાસ રૂપ ભારતીય વિદ્યાભવન એ એમનું આગવું અર્પણ છે. એમણે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો ત્યારે શબ્દના ક્ષેત્રે શ્રેષ્ઠ સર્જક અને વાણીના ક્ષેત્રે શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી તરીકે એમની પ્રતિષ્ઠા બહુ ઝડપથી સ્થપાઈ હતી. આ બે જ પ્રતિષ્ઠા ઉપર તેઓ વૈયક્તિક કીર્તિ તથા ગૌરવ કદાચ આજે છે તે કરતાં વધુ બનાવી શક્યા હોત. પરંતુ સિદ્ધિનો તેમનો આદર્શ સંકુચિત ન હતો. એમણે જીવનને પરાર્થે જીવવા, પ્રભુનું કરણ બની પ્રભુના કાર્યને વિસ્તારવા, પોતે જે મૂલ્યોમાં શ્રદ્ધા ધરાવતા હતા તે મૂલ્યોની સાંપ્રત જીવનમાં પુનઃ પ્રતિષ્ઠા કરવા પ્રયત્ન કર્યો. એ પ્રયત્નના પરિણામ રૂપે, દેશભરમાં અને અન્ય દેશોમાં પણ વિસ્તરેલું 'ભારતીય વિદ્યાભવન' જેવું અર્વાચીન ઋષિકુળ અસ્તિત્વમાં આવ્યું. ભારતીય સંસ્કૃતિનાં તમામ પાસાંઓના અભ્યાસને ઉત્તેજના આપી આપણા પ્રાચીન વારસાની અર્વાચીનતા સાથે સંવાદિતા સાધતું શિક્ષણ આપતી એ સંસ્થાની સ્થાપના એમણે છેક ૧૯૩૮માં કરી હતી; અને ત્યારથી ત્રીસ વર્ષ લગી તેના પ્રમુખ અને કુલપતિ રહ્યા હતા. ઈ.સ. ૧૯૬૮માં એ સંસ્થાનો

સ્વ. કનૈયાલાલ મુનશી વિવિધ વયે








ઉપલી હાર–ડાબી બાજુથી: ઈ. ૧૮૯૭માં દસ વર્ષની વયે; ઈ. ૧૯૦૪માં વડોદરા કૉલેજમાં હતા ત્યારે; ઈ. ૧૯૧૩ની ૧૫મી માર્ચ મુંબાઈ હાઇકોર્ટમાં ઍડવોકેટ તરીકે દાખલ થયા ત્યારે; નીચલી હાર: કારકિર્દીને મધ્યાહ્‌ને તેજસ્વી સાહિત્યકાર; સપ્તતિપૂર્તિ પ્રસંગે; છેલ્લા દિવસોમાં.

ત્રિદશાબ્દી ઉત્સવ ઊજવાયો ત્યારે ભારતભરમાં શાખાઓ ધરાવતી એ રાષ્ટ્રીય સંસ્થામાં ૫૦૦ ઉપરાંત અધ્યાપકો, ૧૧૦૦ કાર્યકરો, ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ, ૩૭૫ સભ્યો અને ૨૨૮૦ એસોસીએટ્‌ સભ્યો હતા.

સત્તા, સંપત્તિ અને સંસ્કૃતિ—સાંસારિક પુરુષાર્થનાં એ ત્રણે ક્ષેત્રે સેવેલાં સ્વપ્નોને પોતાના જીવનકાળ દરમ્યાન સિદ્ધ થએલાં જોવાનું સદ્‌ભાગ્ય વિરલ વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય છે. શ્રી મુનશી એવી વિરલ વ્યક્તિઓમાંના એક હતા. સર્વતોમુખી પ્રતિભા અને વ્યુત્પન્ન વ્યક્તિત્વ ધરાવનાર શ્રી મુનશી પોતાના દીર્ઘ આયુષ્ય દરમિયાન રંગીન અને સમૃદ્ધ જીવન જીવી ગયા છે અને ભારતીય સંસ્કૃતિના અખંડ પરંપરાના દોર પર પાંગરતા સમૃદ્ધ અને શક્તિશાળી ગુજરાતનું સર્જન કરવાનું સ્વપ્ન આપણે માટે મૂકતા ગયા છે. (સંકલિત)

સ્વ. ફિરોઝશાહ રુસ્તમજી મહેતા

ગુજરાતી ભાષામાં કલાવિષયક લેખન અને આલોચના સમજપૂર્વક અને અભ્યાસપૂર્ણ દૃષ્ટિથી કરનાર ગણ્યાગાંઠ્યા લેખકો પૈકીના એક શ્રી ફિરોઝશાહ રુસ્તમજી મહેતાના ગયા માસ (જાન્યુઆરી)ની ૧૯મી તારીખે કરાચીમાં તેમના નિવાસસ્થાને ૯૩ વર્ષની પાકટ વયે થએલા અવસાનની અમે ભારે હૈયે નોંધ લઈએ છીએ.

પારસી કોમમાં સાહિત્ય, સંસ્કાર, સાહસ અને સફળતા સર્જનાર અનેક મહાપુરુષો પાક્યા છે, તેમ જ કલાની ભક્તિપૂર્વક તેના સંગ્રહો તેમજ લેખન-પ્રકાશનકાર્ય કરનાર પણ અગ્રભાગે રહ્યા છે. તે પૈકીના સ્વ. ફિરોઝશાહ જીવનભર કલાની સંગતિમાં રાચનારા ને તેની પ્રશસ્તિ કરનારા એક સંસ્કારી સજ્જન હતા. કલા-ચિત્ર, શિલ્પ કે સ્થાપત્ય-નું નિશ્ચયપૂર્વક નિરૂપણ કરતો ચક્ષુનો અનુભવ વાણીમાં ઉતારવો એ કેટલું વિકટ કાર્ય છે તે સર્વ લેખકો જાણે છે. આ પારસી સજ્જને પૂર્વ તેમજ



સ્વ. કનૈયાલાલ માણેકલાલ મુનશી • જીવનરેખા

એમણે લખેલાં આત્મકથા રૂપ પુસ્તકોમાંથી એમના જ શબ્દોમાં તારવેલી એમની ચરિત્રરેખા 'કુમાર'ના ૪૮૦મા અંકમાં તથા ૪૨મા વર્ષમાં પાંચ હપતે આવી ગઈ. અહીં એમના જીવનની ઘટના-રેખા આપી છે.

ભરૂચમાં, મધ્યમ સ્થિતિના ઉચ્ચ ભાર્ગવ બ્રાહ્મણ કુળના કુટુંબમાં, સરકારી અમલદાર પિતા માણેકલાલ મુનશી અને માતા તાપીબાઈ-ને ત્યાં ઈ. ૧૮૮૭ની ૩૦મી ડિસેમ્બરે જન્મ. શરૂનું શિક્ષણ ત્યાં લઈ ઈ. ૧૯૦૧માં મૅટ્રિક થઈ-ને કૉલેજશિક્ષણ વડોદરામાં, જ્યાં પ્રો. અરવિંદ ઘોષની પ્રગટ અસર નીચે જીવનનાં મૂલ્યો ઘડાયાં. બી. એ., એલએલ. બી. અને ઍડ-વોકેટ થઈ ઈ. ૧૯૧૩માં મુંબાઇ હાઇકોર્ટમાં વકાલત શરૂ કરી, જેમાં બાહોશ ધારાશાસ્ત્રી અને કાબેલ ઊલટતપાસ કરનાર તરીકે નામ કાઢી આગલી હરોળમાં ચમકયા. સાથોસાથ મુંબાઈ યુનિવર્સિટી સૅનેટમાં ચૂંટાઇ શિક્ષણના ક્ષેત્રમાં ત્યાં તેમજ પાછળથી વડોદરાની મહા-રાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા અમદાવાદ-માં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનામાં પણ મોટો ફાળો આપ્યો; અને આણંદમાં સ્થાપેલી કૃષિનો વિદ્યાભવનની કૉલેજ તો એ દિશામાં મોખરાની ગણાય છે.

ઈ. ૧૯૧૫માં ઊપડેલી ભારતવ્યાપી હોમરૂલ ચળવળથી રાજકારણમાં પ્રવેશી, ૧૯૨૭માં મુંબાઈની લેજિસ્લેટિવ કાઉન્સિલ (ઉપલી ધારાસભા)માં ઉજ્જ્વલ કામગીરી બજાવી, ૧૯૨૯માં બારડોલી સત્યાગ્રહ વખતે ત્યાંથી રાજીનામું આપીને કૉંગ્રેસમાં જોડાયા, અને તે વખતે તથા ૧૯૩૨માં બે વાર કારાવાસ ભોગ-વ્યો; અને ૧૯૩૭માં રચાએલા કૉંગ્રેસી પ્રધાન-મંડળમાં મુંબાઈ ઈલાકાનું કપરું મનાતું ગૃહ-પ્રધાનપદ યશસ્વી કામગીરીથી ઉજાળ્યું. ત્યાંથી રાજીનામું આપી ૧૯૪૦માં વ્યક્તિગત સત્યા-ગ્રહમાં ઝંપલાવ્યું અને ધરપકડ વહોરી. તે પછી કૉંગ્રેસ છોડી અખંડ હિંદુસ્તાનની ચળવળ અને શૈક્ષણિક તેમજ સાંસ્કારિક કાર્ય કર્યું.

ઈ. ૧૯૪૭માં સ્વરાજ્યપ્રાપ્તિ ટાણે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનારી બંધારણ સભામાં પોતાના કાયદાના જ્ઞાન અને વિચક્ષણ બુદ્ધિથી આગલી હરોળમાં રહી કીમતી ફાળો આપ્યો. હૈદરાબાદના એજન્ટ જનરલ તરીકે ખતરનાક પરિસ્થિતિમાં હિંમત અને દક્ષતા દાખવી એ રાજ્યને ભારતમાં જોડવાની સરદાર પટેલની યોજના સફળતાથી પાર ઉતારી. ઈ. ૧૯૫૦ થી '૫૨ સુધી કેન્દ્ર સરકારમાં ભારતના કૃષિ અને અન્ન ખાતાના પ્રધાન તરીકે 'વનમહોત્સવ'નો આગવો પ્રારંભ કર્યો અને ૧૯૫૨ થી '૫૭ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકેની રાજકીય કારકિર્દી-માં શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે પણ ત્યાં લોકચાહના મેળવી. એમની સાહિત્યસેવાની કદરમાં દેશની પાંચ યુનિવર્સિટીઓએ એમને ડૉક્ટર ઑવ લિટરેચરની માનાર્હ પદવી આપી નવાજેલા. ૧૯૫૯માં કૉંગ્રેસથી છૂટા પડી સ્વતંત્ર પક્ષની સ્થાપનામાં આગળપડતો ભાગ લીધો અને ઈ. ૧૯૬૮ સુધી તેના ઉપપ્રમુખ રહ્યા. તે પછી વધતી વય ને અસ્વસ્થ તબિયતને કારણે જાહેર જીવનમાંથી નિવૃત્તિ લીધી.

ગયા ડિસેમ્બરની ૩૦મીએ ૮૪ વર્ષ પૂરાં કરી ૮૫માં પ્રવેશ કર્યા બાદ સવા મહિને તેમની તબિયત એકાએક લથડી ત્યાં સુધી તેમની માનસિક ચેતના એવી ને એવી તીવ્ર ને સજાગ રહેલી અને ભારતીય વિદ્યાભવનના સંચાલનમાં માર્ગદર્શન ઉપરાંત લેખનકાર્ય પણ કરાવતા. ૮મી ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ સોમવારે સાંજે તેમણે દેહ છોડયો. એ મહાન આત્માને આ-પણી નિવાપાંજલિ હો.

પશ્ચિમની શ્રેષ્ઠ કલાની કૃતિઓનું અવગાહન કરી તેનો રસાસ્વાદ આપવા વિપુલ લેખનકાર્ય કર્યું હતું, અને પોતાની લાડકી ભાષામાં મોઘામૂલા ગ્રંથ 'ચિત્રરસિકા' દ્વારા રસ ને આનંદની સૃષ્ટિમાં પ્રવેશ કરાવવા ભગીરથ પ્ર-યાસ કર્યો હતો. વિશ્વનાં શ્રેષ્ઠ ચિત્રોથી ભરપૂર અને મધુરી વિવેચનાવાળા એ ગ્રંથની પ્રશંસા ગુજરાતના પ્રમુખ વિદ્વાનોએ કરી છે.

એમની સાહિત્યસેવા પણ ઘણી વ્યાપક હતી. 'ચબરાકિયાં', 'ચબ-રાકિયાંનું તત્ત્વદર્શન', 'વાર્તાશૈલી,' 'ડૉ. મીનોચેરનો દર્દી', 'એકૂટિંગનું વ્યવહારુ જ્ઞાન', 'પારસી વાર્તાસાહિત્ય' 'અશોઈ નો વાસ્તવિક ખયાલ' ઉપરાંત પોતાના લાંબા લેખનકાળ દરમિયાન થએલાં લખાણોનો સંગ્રહ 'મારુ લેખનનૃત્ય' એ એમની કલમની વિપુલ પ્રસાદી છે. કરાચીના સાપ્તાહિક 'પારસી સંસાર'ના તેઓ સ્થાપક અને તંત્રી પણ હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદના ઈ. ૧૯૩૮ના કરાચી અધિવેશન વેળા ત્યાં એમનો પ્રત્યક્ષ પરિચય થયો તે વખતના એમના આદર અને અહો-ભાવ તથા સ્નેહ અને સત્કારની યાદ સાથે આજ સુધીનો તેમનો અખંડ પત્રવ્યવહાર તેમને અમારા હૃદયમાં સ્વજનનું સ્થાન આપી ચૂક્યાં છે. એમને અંતરની નિવાપાંજલિ આપીએ છીએ. —ર. મ. રા.; બ. રા.

સીતા, રામ, લક્ષ્મણ અને હનુમાનનાં નામનાં ફળો

ગુજરાતની સરખામણીમાં આસામ અને દક્ષિણ ભારત તરફ સીતા-ફળની પેદાશ વધુ છે, છતાં આપણી તરફ પણ એ ફળ સારી પેઠે જાણીતું છે. સીતાફળ પછી એની જ જાતનાં રામફળ, લક્ષ્મણફળ, હનુમાનફળ ને મામફળ નામનાં ફળો પણ થાય છે, જેમાં રામફળ સિવાયનાં બીજાં ત્રણ હજી ઓછાં જાણીતાં છે, નામ પરથી રામાયણ સાથે એમનો સંબંધ હશે તેવું લાગે, પણ હકીકતે આ ફળો અસલ ભારતનાં નથી. દક્ષિણ અમેરિકા-થી એ અન્ય દેશોમાં ફેલાયાં હોવાનું મનાય છે. છતાં મથુરાનાં શિલ્પો અને અજંટાનાં ભીંતચિત્રોમાં એનું નિરૂપણ જોવા મળે છે તે પરથી અને અકબરના સમયમાં તો એના અનેક ઉલ્લેખો મળતા હોઈ માની શકાય કે બહુ જૂના કાળથી—કદાચ ઈસ્વી સનના આરંભથી આપણે સીતાફળથી તો પરિચિત છીએ જ. ઓછાવત્તા તફાવત સાથે આ પાંચે ફળોનો સ્વાદ લગભગ સરખો છે.



પાંચેમાં સીતાફળ વિશેષ જાણીતું છે. સૂકા હવામાનવાળી કોઈ પણ જાતની—ચૂના ને કાંકરાવાળી જમીનમાં પણ—એ ઊગે છે. થોડું ધુમ્મસ પણ સહી શકે, પણ ઠંડી એને માફક ન આવે. એમાં એનાં ફળ કઠણ બનીને કાળાં પડી જાય છે. ઠંડીમાં એનાં પાન પણ ખરી જાય. આ પાન ઓછી પહોળાઈવાળાં ને બે-ત્રણ ઇંચ લાંબાં અને ઉપસેલી નસોવાળાં હોય છે. મસળતાં તેમાંથી ઉગ્ર વાસ આવે. ચોમાસાના આરંભમાં એને ફૂલ બેસે. એકથી માંડી નાના ઝૂમખામાં એ ખીલે, ને ત્યારે લીલા ચંપા-નાં ફૂલ જેવાં દેખાય એનાં દીંટ નાનાં પણ મજબૂત, પાંખડી પોપટી રંગની ને જાડી, વાસ ઉગ્ર. થોડા સમયે ફળ બેસે તે ઝડપથી વધવા લાગે

ને આરંભમાં લીલાં દેખાતાં એ ફળ પાક પર ચડતાં એનાં ભીંગડાં મોટાં થતાં જઈ તેના ઉપર આછી છાલ ને ધોળી છાંટ દેખાય છે. ભાદરવાથી કારતક દરમિયાન એનો ફાલ જોવા મળે છે.

સીતાફળ નાજુક ફળ હોઈ ઝાડેથી ઉતારી લીધા પછી પકવાય છે. એની અંદરનાં બી અને તેની આસપાસનો સફેદ મીઠો ગર તો સૌનો પરિચિત છે. ફળ જેમ સારાં તેમ તેમાં મીઠાશ વધુ. આપણે ત્યાં આ ફળ કાંઈક ઊતરતા દરજ્જાનું ગણાતું હોઈ એના વાવેતર પ્રત્યે હજી બહુ લક્ષ અપાતું નથી, પણ દક્ષિણ અમેરિકામાં એની ઘણી સારી જાતો વિકસાવાઈ છે, જેનાં ફળ મોટાં ને માવાદાર વધુ હોય છે. રામફળના વૃક્ષ પર આની કલમ લગાડી એને વધુ માવાદાર બનાવવાના પ્રયોગ કરવા જેવા છે.

સીતાફળના માવાનું સારું પીણું પણ બને છે. કાચાં ને સૂકવેલાં ફળ કૃમિનાશક મનાય છે. કાચાં ફળ અતિસાર અને મરડા ઉપર વપરાય છે. સીતાફળીનાં પાનની લૂગદી ગૂમડાં, ચાંદાં, કીટકદંશ ને ગાંઠ ઉપર બાંધવાથી આરામ મળે છે. આ પાનની વાસ ઉગ્ર હોઈ બેભાન માણસને સુંઘાડવાથી એ ભાનમાં આવે છે. એનાં મૂળિયાં રેચક છે, જ્યારે એના ઝાડની છાલ ઝાડા પર અપાય છે ને તે બળવર્ધક મનાય છે. આ છાલના રેસામાંથી હલકા પ્રકારનાં દોરડાં પણ બને છે, માત્ર સીતાફળીના લાકડાનો કોઈ ખાસ ઉપયોગ નથી.

રામફળ સીતાફળની જાતનું છતાં કદમાં મોટું, પહોળું, અંડાકાર ને લીસી છાલવાળું હોય છે. પાકે ત્યારે લાલ દેખાય છે. સીતાફળના જ વર્ગનું હોવા છતાં એમાં બી ઓછાં હોઈ ઘણું માવાદાર હોય છે. સ્વાદ સીતાફળ જેવો પણ મીઠાશ જરા ઓછી. એનું ઝાડ ૨૫-૩૦ ફૂટ ઊંચું વધે છે. પાન સીતાફળીના જેવાં પણ ઘેરા લીલા રંગનાં ને ચાર-છ ઇંચ લાંબાં. ઓછી ઠંડીવાળા હવામાનમાં ને માફકસર વરસાદવાળા પ્રદેશમાં એ ઊગે છે ને માર્ચથી મે દરમિયાન ફળે છે. આનું વાવેતર પણ ઉત્તેજનાપાત્ર છે.

લક્ષ્મણફળ આપણે ત્યાં હજી નવુંનવું જ છે. વધુપડતી ભીનાશ કે વધુપડતી ગરમી તેનાથી વેઠાતી નથી. પણ થોડી ઝાકળ સહી શકે ખરું. દેખાવે આ ફળ સીતાફળ જેવું. પદ મોટું, ગર પોચો માખણ જેવો ને સ્વાદે સહેજ ખટાશવાળો મીઠો. શિયાળાના આરંભમાં એ ફળો પાકે છે.

હનુમાનફળ એ લક્ષ્મણફળ ને સીતાફળની સંકર જાત છે. એમાં ખટાશ જરા વધુ ગમે તે જગ્યાએ ઊગી શકે ને થોડી ઠંડી પણ સહી શકે.

મામફળ વરસાદવાળા પ્રદેશમાં પણ ઊગી શકે છે. ને સીતાફળી જેટલું એનું ઝાડ વધે છે. પાન રામફળ જેવાં. ફૂલ સુગંધી, જાડી પાંખડીવાળાં, મોટાં ને ફિક્કાં પોપડી રંગનાં. બારે માસ ખીલે. ફળ રામફળ કરતાં યે મોટું—ત્રણચાર ઇંચ પહોળું ને પાંચથી આઠ ઇંચ લાંબું હોઈ ક્યારેક ત્રણેક શેર જેટલું વજનદાર હોય છે. એની છાલ પર તીણા કાંટા હોય છે. અંદરનો ગર ખટમીઠો. ધીરેધીરે એની લોકપ્રિયતા વધતી જાય છે.

આ પાંચે ફળોની જાતને હજી વધુ સુધારવાની તેમજ એમની સંકર જાતો પેદા કરવાની ઘણી શક્યતા છે. જૅમ, જેલી, પીણાં વગેરેમાં એનો ગર ઘણો ઉપયોગી બની શકે. એની સામાન્ય વપરાશ વધારવાની અને એની નિકાસ કરવાની જરૂર છે. ('મુંબઈ સમાચાર'માંથી તારવીને)

ꩰ

પ. જર્મનીના ઉત્તર તરફના એક નાના ગામના ૨૮ વર્ષના યુવાન વિલ-ફ્રાઈડ અર્ડમૅનનું રિપોસ્ટો (સિસિલી) ખાતે વર્ષના ખૂબ હિમતવાન ખલાસી તરીકે બહુમાન કરવામાં આવ્યું. એર્ડમૅને ૨૧ ફુટ લાંબી હોડી લઈ એકલે પંડે ૬૦૫ દિવસમાં ૩૦,૨૩૩ દરિયાઈ માઈલનો પ્રવાસ ખેડવાનું સાહસ કર્યું હતું. સ્પેઇનના બંદરેથી ઊપડી કૅનેરી દ્વિપો થઇને પનામાની નહેરને માર્ગે ટાહિટી ટાપુઓ અને ઉત્તર સમુદ્રના દ્વિપોની ખેપ એણે કરેલી. —'ડાક'



ગોળમાટલું
રસિકલાલ પરીખ



ઝરણું

રસિકલાલ પરીખ

કલાકાર રસિકલાલ પરીખની
ચિત્રસાધના

કલાકાર રસિકલાલ પરીખના જીવન અને કલાનો પરિચય આપતું પ્રકાશન 'ચિત્રસાધના' આજથી ૩૦ વર્ષ પહેલાં ઈ. ૧૯૪૧માં બહાર પડેલું. એ એટલું સમૃદ્ધ હતું કે આજ સુધી કલાચાહકો ને વિદ્યાર્થીઓ તરફથી તેની માગ રહ્યા કરી છે; પણ સંજોગવશાત્ તેનું પુનઃ પ્રકાશન શક્ય ન હતું.

હવે નવો ચિત્રસંપુટ

આ અંકમાં આવેલાં એમનાં બધાં જ ચિત્રો તેમજ ચરિત્ર-રેખા ઉપરાંત થોડાં નવાં પૂર્ણરંગી તથા સાદાં ચિત્રો મળીને કુલ ૧૭ ચિત્રપ્લેટોવાળો ચિત્રસંપુટ આવતા માસમાં પ્રકટ થશે. મુદ્રણસામગ્રીની મોઘવારીને લીધે તેની ગણતરીની જ નકલો છપાશે. ઇચ્છુકોએ અગાઉથી અમને લખવું.

વર્ષભરના અંકોમાંના શ્રેષ્ઠ સર્જન માટેનો



ઈ. ૧૯૭૦નો

કુમાર ચન્દ્રક
શ્રી રમેશ પારેખને
તેમનાં કાવ્યો માટે

આપવાનું નિર્ણાયકો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લે ઠરાવ્યું છે. શ્રી રમેશ પારેખને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

ઈ. ૧૯૭૦ના અંકોમાં આવેલી
શ્રેષ્ઠ વાર્તા માટેનું રૂ. ૩૦નું પારિતોષિક
શ્રી અશ્વિન દેસાઈને
તેમની બે વાર્તાઓ માટે મળે છે.

મારા દાંત હું કેમ જાળવું છું

દાંત આપણા શરીર રૂપી મહાન મંદિરના ચોકીદારો છે. ઘણાખરા રોગોનું મૂળ પેટ છે, અને દાંત સ્વચ્છ રહે તો પેટના રોગ ન થાય. મને ૬૪મું વરસ બેઠું છે છતાં માત્ર બે સિવાયના મારા ત્રીસે દાંત સારી હાલતમાં કામ આપે છે. શરૂઆતથી જ દાંતની રોજ બરોબર સંભાળ રાખેલી હોવાથી દાઢોનો દુખાવો, પેઢાંની પીડા, દાંતમાં રસી ને દાંતો ઢીલા પડી જવાની તથા હાલવાની ફરિયાદો આટલી ઉંમરે પણ નથી. હું દાંતની નીચે મુજબ સંભાળ લઉં છું:

(૧) સવારમાં વહેલા ઊઠીને પાણીમાં પલાળી રાખેલા બાવળના, ટચલી આંગળીથી સહેજ પાતળા અને લાંબા દાતણને ધીમેથી ચાવી એકદમ કોમળ કૂચો બનાવું છું. પછી દંતમંજન લઈને ધીમે હાથે પેઢાં, દાંતનો બહારનો ભાગ, અંદરનો ભાગ, ખૂણા, સર્વે દસ મિનિટ સુધી ઘસીને દાતણની ચીરો કરી ઊળ ઉતારી આંગળાં ગળામાં નાખી ચીકણો પદાર્થ કાઢી નાખું છું.

(૨) દંતમંજન હું ઘેર બનાવું છું. ૧ તોલો માયાં, ૨૦ તોલા બદામનાં બાળેલાં છોડાં, ૦।। તોલો કપૂર, ૧ તોલો શંખજીરું અને ૫ તોલા સિંધવ મીઠું, એ સર્વેનું ચૂર્ણ કરી હું દાંતે ઘસું છું. બદામનાં બાળેલાં છોતરાં કરતાં ડાંગરનાં ફોતરાં બાળીને બનાવેલું મંજન વધુ સારું છે.

(૩) આંગળીઓ પેઢાંને થોડી વાર ધીમેથી ઘસું છું. પછી સાદા પાણીના થોડા કોગળા કરીને મીઠાના ગરમ પાણીના કોગળા ડેઠ ગળા લગી ગટગટાવીને કરું છું. આથી મોઢું બરાબર સાફ રહે છે. ગળાના કાકડા સૂઝવા, ગળામાં પાક થવો વગેરે રોગો આ કોગળાથી થતા નથી.

(૪) દાંતને કસરત આપવા બાજરીનો રોટલો સકરજન, શેરડી વગેરે ધીમેધીમે ચાવીને ખાઉં છું. દાંતને બહુ તસ્દી આપે એવાં સોપારી કે પથરી જેવા કઠણ પદાર્થો દાંતથી ભાંગતો નથી. જમવામાં દરેક કોળિયો ધીમેધીમે ચાવું છું. આ ઝીણું ચર્વણ પાચનક્રિયામાં મદદરૂપ છે.

(૫) જેટલી વખત ખોરાક અથવા દૂધ વગેરે મોઢામાં નાખું છું તેટલી વખત પુષ્કળ પાણીના કોગળા કરી મોઢું અને દાંત ખૂબ સાફ રાખું છું. આથી દાંત ઉપર છારી ન જામતાં સફેદ રહે છે.

(૬) સૂતાં પહેલાં મીઠાવાળા ગરમ પાણીના કોગળા કરું છું. જેટલી વખત જમું છું તેટલી વખત જમ્યા પછી પેઢાંને આંગળીથી ઘસું છું. આથી ઘણાંખરાં આધેડો અને વૃદ્ધોને થતી દાંતની કળતર મને થતી નથી.

(૭) મહિનામાં પાંચેક દિવસ લીમડાનું દાતણ કરું છું. દાંત માટે તે જંતુનાશક છે. ક્યારેક વડની વડવાઈનું દાતણ પણ કરું છું. તેમાં હાલતા દાંતને મજબૂત કરવાનો ગુણ છે.

(૮) મારા દાંત વચ્ચે ત્રણ ઠેકાણે ખોરાકના કણો ભરાઈ રહેવાની જગ્યાઓ છે. એ રેખાના સ્થળે જમા થએલી અનાજની ઝીણી કરચો કોગળાઓથી નીકળતી નથી. તેથી પાતળા કાગળની ઘડી કરી તેના અણિયાળા ભાગથી એ કણો કાઢી નાખું છું; નહિ તો અંદર સડો થાય જ. એ પોલાણ અગાઉ દંતવૈદ્ય પાસે રૂપાના મિશ્રણથી પુરાવ્યું હતું. પરંતુ બેત્રણ વરસ પછી એ નીકળી જાય છે. એથી હવે એવી નરમ વસ્તુથી એ સાફ કરું છું.

(૯) ત્રણ ત્રણ વરસે દંતવૈદ્ય પાસે બે વખત દાંત સાફ કરાવ્યા પરંતુ એ અનુકૂળ ન થયું. દાંતોને ઠોકઠોક કરવાથી તે નબળા પડે છે.

(૧૦) ખરાબ દાંત હમેશાં અપચો કરે છે. ગરમ પાણી અને મીઠાના કોગળા દાંતને સાફ રાખે છે. તાજાં શાકભાજી અને ફળનો ખોરાક વધારે પ્રમાણમાં લેવાથી અને ભોજન વચ્ચે વારંવાર બીજું કશું નહિ ખાવાના દૃઢ નિશ્ચયથી દાંત મજબૂત રહે છે.

આ ઉપરાંત નીચેના નિષેધો પણ પાળું છું.

(૧) અતિશય ઠંડાં એટલે કે બરફ, કુલ્ફી, આઈસક્રીમ વગેરે-તથા અતિ ગરમ પીણાં કે ખોરાકનો ઉપયોગ કરતો નથી. (૨) ઈંટનો ભૂકો, રેતી કે માટીથી કદી દાંત સાફ કરતો નથી. એમાંની ઝીણી સખત બારીક કાંકરીઓથી દાંતના ઉપરના સફેદ મીનાને નુકસાન થાય છે. એ મીનાનું પડ ઘસાય એટલે દાંતને ભાંગતાં વખત લાગતો નથી. (૩) મોઢેથી શ્વાસ ન લેતાં નાકથી જ શ્વાસ લઉં છું. દાંતના રક્ષણ માટે એ જરૂરી ક્રિયા છે. (૪) લાકડાની સખ્ત સળી, ટાંકણી કે ધાતુની અણીવાળી કોઈ વસ્તુ વડે દાંત ખોતરતો નથી. (૫) પાનસોપારી કે ચૂનોતમાકુ બિલકુલ વાપરતો નથી. બીડી સિગારેટ પીતો નથી. (૬) ગળપણ દાંતનું દુશ્મન છે. એનો જેમ બને તેમ ઓછો ઉપયોગ કરું છું. ને તે ખાધા પછી ખૂબ કાળજીથી દાંતને સાફ કરું છું (૭) અસ્વચ્છ આંગળી, પેન્સિલ કે બીજી કોઈ ચીજ મોંમાં નાખી કે નખ કાતરીને દાંત અભડાવતો નથી.

—ડુંગરશી સંપટ (હાલ સ્વ.)

(ફેબ્રુઆરી ૧૯૭૧) ૮૨



વી. સી. ભારતના વીરો

ખુશ્કી, તરી કે હવાઈ દળમાં સ્વદેશ માટે કે શત્રુઓનો સામે મોંએ સામનો કરવામાં દર્શાવાતાં અપૂર્વ સાહસ અને બલિદાન બદલ અપાતા બ્રિટિશ બહુમાનમાં 'વિકટોરિયા ક્રૉસ' (વી. સી.)નું સ્થાન સર્વોચ્ચ ગણાય છે. ઈ. ૧૮૫૬માં રાણી વિક્ટોરિયાએ એની જાહેરાત કરી ત્યારથી અત્યાર સુધીમાં બ્રિટન અનેક યુદ્ધોમાં ઊતર્યું અને એમાં લાખો સૈનિકોએ બ્રિટનની લશ્કરી સેવા કરી, પણ એમાંથી હજી સુધીમાં માત્ર ૧૩૪૪ જણને જ આ ક્રૉસ મેળવવાનું બહુમાન મળ્યું છે તે આ દુષ્પ્રાપ્ય ચંદ્રકને યોગ્ય બહાદુરીનો આંક કેટલો ઊંચો મુકાતો હશે એનો ખયાલ આપે છે. ઈ. ૧૯૧૧થી બ્રિટિશ હકૂમતના હિંદી લશ્કરને પણ આ ચંદ્રકનો અધિકાર મળ્યો તે પછી પહેલા મહાયુદ્ધ વેળા સિપાહી ખુદાદાદખાન એ ક્રૉસ મેળવનાર પ્રથમ હિંદી સૈનિક હતા. બીજા વિશ્વયુદ્ધમાં આ માનના પ્રથમ વિજેતા સેકન્ડ લેફ્. પ્રેમેન્દ્રસિંગ ભગત અને એ જ મહાયુદ્ધમાં હિંદી લશ્કરમાં સૌથી નાના વી. સી. વિજેતા (ત્યારના) સિપાહી કમલરામ હતા. છેલ્લા વી. સી. વિજેતા હિંદી હતા રાઈફલમૅન લખમ ગુરુંગ. હિંદીઓમાં પહેલા વિશ્વયુદ્ધમાં કુલ ૧૧ અને બીજા મહાયુદ્ધમાં કુલ ૩૧ વીરો આ બહુમાન પામ્યા હતા. આમ, યુનાઇટેડ, કિંગડમને બાદ કરતાં બ્રિટિશ સામ્રાજ્યના અન્ય કોઈ પણ દળ કરતાં હિંદી લશ્કરે વધુ વિક્ટોરિયા ક્રૉસ મેળવ્યા છે. સ્વાતંત્ર્ય પછી આવા અપૂર્વ સાહસ બદ્દલનું ભાંરતીય બહુમાન 'પરમવીર ચક્ર'નું છે. આ વર્ષે પ્રજાસત્તાક દિનની કૂચમાં પહેલા ૯ ભારતીય વી.સી. વિજેતા તથા પરમવીર ચક્રધારકોએ પણ ભાગ લીધો હતો. આ ઉપર દેશના એ ૯ વીરપુત્રોની છબિ આપી છે. તેમાં ડાબી બાજુથી અનુક્રમે મેજર પ્રકાશસિંઘ વી.સી., સબ મેજર અગનસિંઘરાયવી.સી., ઑાન કૅપ્ટન ગજે ઘાલે વી.સી., ઑાન. કૅપ્ટન જ્ઞાનસિંગ વી.સી., લેફ્. કર્નલ ધનસિંગ થાપર બી.વી.સી., નાયબ સુબેદાર નામદેવ જાધવ વી.સી., મેજર આર. રાણે પી.વી.સી., સુબેદાર મેજર કમલરામ વી.સી. અને ઑાન. કૅપ્ટન ભંડારીરામ. વી.સી.

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃષ્ઠ ૭૭થી

'મરશિયાં' એ પ્રકારમાં સારો ઉમેરો કરી જાય છે. આ લોકકવિઓમાંથી કોઈએ સમાજ સુધારણાની, કોઈએ ભક્તિની, કોઈએ વૈરાગ્યની તો કોઈએ પ્રભુશૃંગારની વાતો ગાઈ છે. લોકકવિઓની આ સહજ રચનાઓમાં ઊંચા કાવ્યતત્ત્વની વાત જવા દઈએ તો પણ એમના હૈયાના સાચા નિરાડંબરી ઉદ્‌ગારોનું સંશોધનાત્મક મૂલ્ય ઓછું નથી. (પ્ર૦ ગુજરાત સરકારનું માહિતી ખાતું, ગાંધીનગર).

મેના-પોપટ: બાલગીતોના આ સંગ્રહમાં અનિરુદ્ધ તન્નાએ પોતાને ઊભી થએલી જરૂરિયાતમાંથી રચાએલાં ગીતો સંગ્રહીત કર્યા છે. કુલ ૫૧ રચનાઓમાંથી ૧, ૫, ૧૨, ૧૯, ૨૫, ૨૭, ૨૮, ૩૧, ૩૩, ૪૦, ૪૧ આદિ રચનાઓ વધુ સારી બની શકી છે. ભાષા અને લયની દૃષ્ટિએ બાળકોને ગાવાં ગમે તેવાં આ ગીતોમાં કવિએ વિષયનું પણ વૈવિધ્ય જાળવ્યું છે: ગ્રામજીવનનાં, શ્રમજીવીનાં, બાલકૃષ્ણકેલિનાં, પ્રકૃતિ ને પશુપંખીનાં તેમજ પ્રસંગચિત્રો અને છેવટે રાષ્ટ્રભાવનાનાં ગીતો પણ એમાં છે. બાળકોની કલ્પનાશક્તિને ઉત્તેજે અને થનગનતા મનોભાવોને ચગાવે તેવાં આ ગીતો પરથી કવિ ભવિષ્યમાં હજુ પણ વધારે સારાં બાલગીતો આપી શકશે એવી આશા પડે છે. વળી, મોટા અક્ષર અને દરેક બાલગીતના મથાળે મુકાએલ વિષયાનુકૂલ ચિત્રો સંગ્રહને વધારે આકર્ષક બનાવે છે. (પ્ર૦ બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. રૂ. ૨)

છબછબિયાં: ગીતો લખવા કરતાં બાલગીતો લખવાં વધુ અઘરાં છે. ઉપેન્દ્ર રાવલનાં ૩૦ જેટલાં લઘુગીતોના આ બાલગીત-સંગ્રહમાંથી ૩, ૭, ૮, ૯, ૧૭, ૨૩, ૨૫, ૨૬ ને ૨૯મી રચનાઓ ઠીક કહી શકાય. બાળકોને ગાવાં ગમે તેવાં, વિવિધ સરળ લય, મધુર કલ્પનાઓ, વિષયવૈવિધ્ય તથા ભાવવૈવિધ્યની અહીં ખોટ વરતાય છે. દેશદાઝની લાગણીને કેન્દ્રમાં રાખીને લખાએલાં બાલગીતો (!) પ્રચારિયા રચનાઓથી આગળ વધી શક્યાં નથી. ભવિષ્યમાં વધુ સફળ રચનાઓ મળે એવી અપેક્ષા. (પ્ર૦ પોતે, ૨૧૫ પાંજરાપોળ રોડ, ૫૨, કંદોરી બિલ્ડિંગ, મુંબઈ-૪, રૂા. ૧)

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૧૦, ૧૯૨૩ એક્સ-રેના શોધક જર્મન પ્રો. વિલ્હેમ કૉનાર્ડ રૉંજનનું અવસાન. એમના નામ પરથી એક્સ-રે અને ગામા-રેના માપના એક આંતરરાષ્ટ્રીય એકમ (R)ની સંજ્ઞા યોજવામાં આવી છે. એક્સ-રેની શોધથી વૈદક વિજ્ઞાનમાં ભૌતિકશાસ્ત્રનો નિશ્ચિત પ્રવેશ થયો ને અનેક વૈજ્ઞાનિક સંશોધનોમાં નવી જ પદ્ધતિઓનો આરંભ થઈ ને આજે તો રેડિયોઍક્ટિવિટી અને ન્યૂક્લીઅર ફિઝિક્સ જેવાં આગવાં ક્ષેત્રો વિકસ્યાં છે. બીમાર કોષોનો નાશ કરવામાં, શરીરનાં આંતરિક અંગોની રોગાવસ્થા તપાસવામાં, અનેક પદાર્થના બંધારણના અભ્યાસમાં ઉદ્યોગોમાં સંખ્યાબંધ પદાર્થોનાં પરીક્ષણોમાં, મહામૂલી પ્રાચીન કલાકૃતિઓની અસલિયત નક્કી કરવામાં, એમ અનેક ક્ષેત્રોમાં એક્સ-રેનો ઉપયોગ થાય છે. પણ જે રોગાવસ્થા આજે એક્સ-રેથી મટાડી શકાય છે એ જ એક અવસ્થા–આંતરડાના કૅન્સરથી આ એક્સ-રેના શોધકનું ૭૮ વર્ષની વયે અવસાન થયું. ધાર્યું હોત તો પ્રો. રૉંજન આ શોધથી લાખોપતિ બની શક્ત, પરંતુ એમણે એમની શોધ લોકહિતાર્થે જાહેરમાં મૂકી દીધી. આ શોધ માટે એમને અનેક બહુમાન મળ્યાં જેમાં ઈ. ૧૯૦૧નું ભૌતિકશાસ્ત્ર માટેનું પહેલું નૉબેલ પારિતોષિક મુખ્ય છે.



તા. ૧૪, ૧૫૫૬ અકબર તખ્તનશીન થયો. ઈ. ૧૫૫૬માં હુમાયુંનું મૃત્યુ થયું ત્યારે તેર વર્ષનો શાહજાદો જલાલુદ્દીન મુહમ્મદ પોતાના વાલી બહેરામખાન પાસે હતો. હુમાયુંનું રાજ્ય હજી પૂરતું સ્થિર થયું નહોતું અને શેરશાહ, અહમદશાહ આદિલ વતી તેનો હિંદુ વજીર હેમુ, સિકંદર સૂર અને મહમદશાહ આદિલ દિલ્હીની વિકસતી સલ્તનતના દાવાદાર હતા. શાહજાદાનું રાજ્યારોહણ શાંતિથી પતે એ સારુ હુમાયુંના મરણના ખબર થોડો સમય ગુપ્ત રાખી. અંતે ગુરુદાસપુર જિલ્લામાં કલનોર મુકામે અકબર નામ સાથે જલાલુદ્દીનનું વિધિવત રાજ્યારોહણ થયું અને દિલ્હીની રાજગાદી પર એનો અધિકાર જાહેર થયો. પણ એ સિદ્ધ કરવા બહેરામખાનના વાલીપણામાં પોતાના બધા હરીફોને અકબરે દૂર કરવાની જરૂર હતી. એમાં તો સફળતા મળી પણ અકબરની સગીર વયનો લાભ લઈ જે રાજખટપટો ચાલી તેમાં બહેરામખાનને પણ જવું પડ્યું. અંતે એ ખટપટોના અતિરેકથી અકબરની આંખ ખૂલી અને ૨૨ વર્ષની વયે એણે રાજ્યની ધુરા પૂર્ણતઃ પોતાના હાથમાં લઈને સ્વાર્થસાધુઓને દૂર કર્યા. ત્યાર પછી પોતે નિરક્ષર છતાં જે કૌશલથી રાજ્ય ચલાવ્યું તેનાથી મુઘલાઈનું નામ દુનિયાભરમાં રોશન થઈ લગભગ એક સદી સુધી એ મુઘલ વંશની જાહોજલાલી ટકી રહી.



તા. ૧૬, ૧૬૦૦ ધર્માંધ વેનિસવાસીઓએ જ્યૉર્ડાનો બ્રુનોને જીવતો બાળી મૂક્યો. વિજ્ઞાનની નવીનવી શોધોથી ધર્મશાસ્ત્રોની ભ્રામક માન્યતાઓ પ્રત્યે લોકો શંકાશીલ બનવા લાગતાં એમાં પોતાની ધર્મસત્તાનો પરાભવ જોઈને એ કાળમાં સર્વસત્તાધીશ મનાતા પોપે આ 'નવી નાસ્તિકતા'ને દાબી દેવા જે અત્યાચારો કર્યા તેમાં બ્રુનોનું બલિદાન ક્રૂરતમ હતું. એક ઈટાલીઅન સિપાહીના એ પુત્રે સ્વપ્રતિભાથી વિજ્ઞાન, ગણિત, કાવ્ય, સંગીત, લૅટિન અને સ્પેનિશ ભાષા પર પ્રભુત્વ મેળવેલું. વૈજ્ઞાનિક સત્યોના પ્રતિપાદન દ્વારા એ સ્વતંત્ર વિચારકે દંભ ને અજ્ઞાન પર રચાએલા ધર્મને હચમચાવી દીધો. પરિણામે આત્મરક્ષાર્થે સ્વિટ્ઝર્લૅન્ડ, પારી(સ), ઇંગ્લંડ વગેરેમાં રખડી અંતે એને જર્મનીમાં જઈ રહેવું પડ્યું, પણ કૉપરનિકસ પછી ખગોળના સત્ય જ્ઞાનને પ્રસારનાર એને એક મિત્રે છળથી વેનિસ બોલાવ્યો ને ત્યાં ધર્મધુરંધરોએ એને આઠ વર્ષ સુધી કેદમાં ગોંધી રાખ્યા પછીયે તેના વિચારોની દૃઢતા ન ડગતાં તેઓએ બ્રુનોને મોતની સજા કરી જાહેરમાં જીવતો બાળી મૂક્યો.

તા. ૧૭, ૧૯૨૦ હિંદુસ્તાનની પ્રજાએ પાંચ લાખની કિંમત આપી જલિયાંવાલા બાગ ખરીદી લીધો.

તા. ૨૨, ૧૮૪૯ અંગ્રેજોએ છેલ્લા શીખ વિગ્રહમાં જીત મેળવી કોહીનૂર હીરો હાથ કર્યો. આ કોહીનૂરનો ઇતિહાસ એક મત મુજબ પાંચ હજાર વર્ષ જૂનો મનાય છે; જ્યારે બીજા મતે ૧૭મી સદીમાં એ દક્ષિણની કૃષ્ણા નદી પાસેની ખાણમાંથી મળ્યા પછી ગોળકોંડાના એક ઉમરાવ મીર જુમલાએ તે હાથ કરી શાહજહાંને ભેટ આપ્યાનું કહેવાય છે. એ વખતે તેનું વજન ૭૮૭·૧૨ કૅરેટ હતું. તે પછી ઔરંગઝેબ પાસે એ હતો. ૧૭૩૯માં નાદિરશાહે તે હાથ કર્યો ને તેને 'કોહ ઈ નૂર' નામ આપ્યું. તેની પાસેથી શાહ રૂખ, પછી અહમદશાહ દુર્રાની, તેના પુત્ર તૈમુર ને તેના પુત્ર શાહ ઝમાન ને પછી તેના ભાઈ શાહ શુજાને હાથ ગયો. વખાનો માર્યો શુજા પંજાબના રણજિતસિંહને આશ્રયે આવ્યો ત્યારે રણજિતસિંહના હઠાગ્રહથી ત્રાસી શુજાની બેગમ વફાબેગમે તેને એ સોંપી દીધો. એ વખતે–૧૮૩૮માં લૉર્ડ ઑકલૅન્ડે કોહીનૂરની કિંમત ત્રીસ લાખ સ્ટર્લિંગની આંકેલી. રણજિતસિંહના અવસાન પછી આખું પંજાબ ખાલસા કરી, એના પુત્ર દુલિપસિંહના બધા રાજહક્ક ડુબાવી અંગ્રેજોએ એની પાસેથી કોહીનૂર પણ પડાવી લીધો ને રાણી વિક્ટોરીઆને ભેટ આપ્યો. ત્યારથી તે અંગ્રેજોના શાહી ખજાનામાં છે. પણ વહેમને કારણે એ માત્ર રાણીઓના જ મુકુટમાં જડાય છે. રાજાઓ માટે એ અપશુકનિયાળ લેખાયો છે.





તા. ૨૩, ૧૫૬૮ પાંચ કોસમાં પથરાય એટલી વિશાળ સેના સાથે લઈ જઈને અકબરે ચિતોડને છ છ મહિના સુધી ઘેરો ઘાલ્યા પછી આખરે રજપૂત સેનાનાયકને અકસ્માત ગોળી વાગી એ ઘાયલ થતાં ને પૂરવઠાના અભાવે રજપૂતોએ કેસરિયાં કર્યાં ને ગઢમાં સ્ત્રીઓએ જૌહર. ચિતોડગઢની જીત અકબરની એક મહાન જીત ગણાઈ ને તેની યાદમાં અકબર ગઢના તોતિંગ દરવાજા તથા માઈલો દૂર સુધી સંભળાય તેવી જંગી નોબતો પોતાની સાથે લેતો ગયો હતો.

અહિમુખ બિંદુ વિષ થયું, કેળે થયું કપૂર,
છીપે જળ મોતી થયું, સંગતનાં ફળ શૂર.

મહારાષ્ટ્રના નેતા ખાપર્ડે પાસે એક પ્રવાસી બ્રાહ્મણે પોતા પાસે પાણી પીવાનો તાંબાનો લોટો ન હોવાથી તેની ટેલ નાખી. ખાપર્ડેએ તરત બૂમ મારીને પત્નીને પાણીનોલોટો લાવવા કહ્યું, તે પરથી, પતિને પાણી પીવું હશે એમ સમજીને, તે તેમનો ચાંદીનો લોટો પાણી ભરીને મૂકી ગયાં. પણ આ ગેરસમજણ પામી ગએલા ખાપર્ડે તો લોટો ત્યાં રહેવા દઈ શાંતિથી અંદર સ્નાન માટે ચાલ્યા ગયા. તે બહાર આવતાં તાંબાના લોટાની આશાએ ઊભેલા બ્રાહ્મણે દીનતાથી ફરી પોતાની વિનંતી મૂકી. ખાપર્ડેએ હસીને કહ્યું: 'ત્યારે આ શું છે, ભાઈ? આ લોટો તમારે માટે જ આવ્યો છે. એ ખુશીથી લઈ જાઓ.'

કહેવતોના અર્થ: 'સસરાને ઘેર ઘોડા, ને જમાઇને ઘેરહણહણાટ.'–શ્રીમંત કે શક્તિમંત સસરા, કે માલિક, કે પાલકના જોર પર જમાઈ કે આશ્રિત ગર્વ કરે, રૂઆબ છાંટે, ફિશિયારી મારે કે ફૂલ્યા ફરે તે દર્શાવતી આ કહેવત જેવી બીજી કહેવતો શોધજો.

૧, ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, વગેરે એકી ક્રમિક સંખ્યાઓનો પરંપરિત સરવાળો હમેશાં વર્ગસંખ્યા જ આવે છે. જેમ કે-

૧+૩= ૨)^2
૧+૩+૫= ૩)^2
૧+૩+૫+૭=(૪)^2
૧+૩+૫+૭+૯=(૫)^2
૧+૩+૫+૭+૯+૧૧=(૬)^2
૧+૩+૫+૭+૯+૧૧+૧૩=(૭)^2

અને એમ આગળ. –શૌખીન હ. વીરાણી

જાણીતા લોકોનાં અજાણ્યાં નામ

જાણીતાં અજાણ્યાં
રાણા સંગ = સંગ્રામસિંહ
સ્વામી વિવેકાનંદ = નરેન્દ્રનાથ દત્ત
યશોધરા (રાહુલની માતા) = ગોપા
તાનસેન = રામતનુ
પ્રેમચંદ = ધનપતરાય
બાળ ગંગાધર ટિળક = કેશવ
સ્વામી દયાનંદ સરસ્વતી = મૂળશંકર
ટીપુ સુલતાન = ફતેહઅલી
સમર્થ રામદાસ = નારાયણ
અમીર ખુસરો = અબુહસન યમીનુદ્દીન
મહારાણી લક્ષ્મીબાઈ = મનુબાઈ
તુલસીદાસ = રામબોલા
દાનવીર કર્ણ = વસુષેણ



લાંબો સમય પાણીની અંદર રહીને કામ કરનારા 'ફ્રૉગમેન' જેવી સામગ્રી વાપરે છે તે પ્રકારની સામગ્રીનો વિચાર છેક ૧૭મી સદીમાં ઇટાલીના એક ગણિતશાસ્ત્રી જીઓવાની બૅરિલીને આવેલો. પણ એણે વાપરેલી હવાની ટાંકી, ઊંડાઇ માટેનું યંત્ર તથા પાણીમાં સમતુલા જાળવવા પહેરેલી પાવડી અવ્યવહારુ પુરવાર થએલાં.

અનેકાર્થી શબ્દ

પાટ: પાટલો, બાજઠ, આખો તાકો, તામ્રપત્ર, વિસ્તાર, પાટિયાંની ઊંચી બેઠક, ઘોણને પહેરવાનો ફાળ, જમીનનો લાંબો પટ, કિનારો, ગામનો ભાગ, પગ મૂકી ચાલવા માનાર્થે પથરાતું કપડું, ઢોરો માટે નાની તલાવડી, લંબચોરસ લાટો, રાજગાદી, બેથી વધુ નંગનો સામટો વણાટ, વામમાર્ગની એક ધર્મક્રિયા.



કલાકણિકા: ઈસ્વી સનની ૧૨-૧૩મી સદીનું એક જર્મન પાત્ર, જેમાં પક્ષી-રાક્ષસને સંતને ગળતો દર્શાવ્યો છે.